છેલ્લા ૩૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ (૦૭૯ - ૨૬૭૬૦૨૬૬)

### લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

- તંત્રી લેખ : શહેર મોટું – મન મોટાં પરંતુ સામાજિક રીતે મન મોટાં થવાનાં બાકી ........ અશોક મહેતા ........ ૭

## સંસ્થા

- સિનિયર સિટીઝન્સ (વયોવૃદ્ધ) માટે સેનેટોરિયમ ........ પ્રતાપ નારાણજી દંડ ........ ૯
- લોગો અને સ્લોગન ........ પ્રતાપ નારાણજી દંડ ........ ૯
- કચ્છ મ્યુઝિયમ ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૧૦
- ખબર પત્રિકા ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૧૦
- પ્રોમિનન્ટ કચ્છી વ્યક્તિ ........ પ્રતાપ નારાણજી દંડ ...... ૧૧
- ઊડતી નજરે ........ ૧૨

*લેખ વિભાગ :*

## વિચાર મંથન

- નર્તક રુદ્ર-રમ્ય ........ ડૉ. કેશુભાઈ દેસાઈ ...... ૧૩
- વળાંકે ઊભેલું વૃક્ષ ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૧૫
- આસ્તિક નાસ્તિક કરતાં માસ્તિક બનવું જરૂરી છે. ........ દિનેશ પાંચાલ ...... ૧૭
- સન્માન.... આપો તો પામો ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૧૯

## વિચાર-વિમર્શ

- મોતની હાર! ........ ડૉ. આઈ.કે. વીજળીવાલા ...... ૨૦
- સુખની શોધ ........ મુરજી ગડા ...... ૨૪
- 'વીજળી બચાવો - પાણી બચાવો' ........ ચૌલા કુરુવા ...... ૨૬

## પર્યાવરણ

- વાંગારી મથાઈ અને શ્રી એલ. ડી. શાહ ........ હેમચંદ્ર કે. ગડા ...... ૨૭

## તંદુરસ્તી

- કમરનો દુખાવો અને પેઈન મેનેજમેન્ટ ........ ડૉ. હેમાક્ષી અંબાણી ...... ૨૯

## ઇતિહાસ

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ
  પ્રકરણ-૨ : સેવા ભવન,
  એસ.ટી. સ્ટેન્ડ પાસે (ગીતા મંદિર)નું સર્જન ........ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ...... ૩૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## સાહિત્ય આચમન

● ભાષા વિજ્ઞાન ...... મહેન્દ્ર સાકરચંદ દોશી ...... ૩૫

## માહિતી

● આપણો સમાજ કેટલો ડિસેબલ્ડ ફ્રેન્ડલી છે? ...... ડૉ. માણેક એમ. સંગોઈ ...... ૩૭
● ગુલામીનો વ્યાપાર : ૧૮૦૦ - ૧૯૦૦ ...... શાંતિલાલ સંઘવી ...... ૩૯

## વાર્તા

● મુનિરા ...... પૃથ્વી શાહ ...... ૪૧
પળનાં પલાખાં ...... ડૉ. ચંદ્રહાસ ત્રિવેદી ...... ૪૩

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ...... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૪૭

## નિયમિત વિભાગો

● આંજો કાગર ...... ૪૯
● અન્ય સંસ્થાઓના સમાચાર ...... ૫૧
● મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ...... સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૫૨
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ...... ૫૩
● ડિસેમ્બર-૨૦૧૧ તથા જાન્યુઆરી-૨૦૧૨માં પૂરા થઈ ગયેલ તથા ફેબ્રુઆરી-૨૦૧૨ દરમ્યાન પૂરા થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી ...... ૫૩
● સાર સમાચાર ...... સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૫૫
● જાણવા જેવું ...... સંકલન : સૂરજલાલ મહેતા ...... ૫૬
● શબ્દ રમત-૬૭ ...... સંકલન : સૂરજલાલ મહેતા ...... ૫૭
● સુડોકુ – ૧૦૨૪ ...... રજનીકાંત ધરમશી પારેખ ...... ૫૯
● વલોવતન ...... સંકલન : રજનીકાંત ધરમશી પારેખ, દિનેશ આર. મહેતા ...... ૬૧
● લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી ...... ૬૬
● સમાજ દર્પણ ...... ૭૩
● સંસ્થા સમાચાર ...... ૭૩
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો સાભાર સ્વીકાર ...... ૭૭
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ...... ૭૮
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ – સુવર્ણજયંતી વર્ષ અમલીકરણ ચાર્ટ ...... ૭૯
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ – વસતિપત્રક-૨૦૧૨ ...... ૮૦

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## શહેર મોટું – કારોબાર મોટા
## પરંતુ સામાજિક રીતે મન મોટાં થવાનાં બાકી

***– અશોક મહેતા***

એક સમય હતો કે જ્યારે આપણે આપણા દીકરા-દીકરીના લગ્ન આપણી જ્ઞાતિમાં જ કરતા હતા. આજે આપણા દીકરા-દીકરી જ્ઞાતિ બહાર પ્રેમલગ્ન કરી આવે તો આપણે તેમને હડધૂત કરતા નથી. સામેનું પાત્ર યોગ્ય હોય તો આપણે તે સ્વીકારી લઇએ છીએ. અરે! આપણે આપણા દીકરા-દીકરીના લગ્ન જ્ઞાતિ બહાર, યોગ્ય જણાય તો સામેથી એરેંજ કરીને કરાવીએ છીએ. આ બાબતે હવે આપણું મન પહેલાં જેટલું નાનું રહ્યું નથી.

પુરાણકાળથી ભારતમાં જ્ઞાતિપ્રથા જડ ઘાલી ગયેલ છે. એક જ્ઞાતિ બીજી જ્ઞાતિથી ઊંચી. પરંતુ દરેક વ્યક્તિ પોતાની જ્ઞાતિ માટે અભિમાન લે. આથી અંદરોઅંદર વિખવાદ ખૂબ થતા. આપણે એક મોટા સમાજ સ્વરૂપે ક્યારેય ઊભરી આવેલ નથી. આપણી શક્તિ નાના-નાના અનેક સમાજોમાં વેડફાઇ જતી અને હાલે પણ વેડફાઇ જાય છે. આ પ્રથાના કારણે ભારત રાષ્ટ્રે ઘણુંજ સહન કરેલ છે.

આ પ્રથા આપણા સમાજમાં એટલી ઊંડી ઉતરી ગયેલ છે કે અનેક પ્રયાસો છતાં, આઝાદીના ૬૫ વર્ષ પછી પણ આપણે તેને તિલાંજલિ આપી શક્યા નથી. પરિણામે એક યા અન્ય સ્વરૂપે સારાયે સમાજને ખૂબજ નુકસાની પહોંચી રહેલ છે. અનામત પ્રથા, લઘુમતી-બહુમતી, વગેરે આ પ્રથાના જ પરિણામો છે. ભારતીય સમાજ આજે પણ ભાવાત્મક સ્વરૂપે એકત્રિત થઇ શકેલ નથી અને તેથી જ સરકારશ્રીએ દરેક નાગરિકને નંબર આપવાની પ્રથા વિચારેલ છે.

કચ્છી સમાજની વાત કરીએ તો આપણે જૈન, લોહાણા, પટેલ, ભાનુશાળી, રાજપૂત, બારોટ, સોની, કોળી, હરિજન જેવી અનેક જ્ઞાતિઓમાં વહેંચાયેલા છીએ. દરેક જ્ઞાતિમાં પાછી પેટા જ્ઞાતિઓ હોય. પટેલ સમાજમાં કડવા પાટીદાર અને લેઉવા પટેલ. તેના દરેકના પાછા પુષ્કળ ફાંટાઓ હોય. જૈન સમાજની વાત કરીએ તો શ્વેતાંબર જૈન કે દિગંબર જૈન વગેરે. શ્વેતાંબર જૈનના ફાંટાઓની વાત કરીએ તો દેરાવાસી, સ્થાનકવાસી, તેરાપંથી વગેરે. એ ફાંટાના પણ પાછા પેટા ફાંટા હોય. દેરાવાસીમાં અચલગચ્છ, તપાગચ્છ, ખરતર ગચ્છ, વગેરે. સ્થાનકવાસીના પેટા ફાંટાઓ એટલે આઠ કોટી મોટી પક્ષ, આઠ કોટી નાની પક્ષ, છ કોટી, વગેરે વગેરે. આ ઓછું હોય તેમ પાછા આપણે જ્ઞાતિની રીતે પણ વહેંચાયેલા. વીસા ઓસવાળ, દસા ઓસવાળ, પંજા ઓસવાળ, વીસા ગુર્જર, દશા ગુર્જર, વાગડ સાત ચોવીસી, વાગડ બે ચોવીસી, વાગડ વીસા ઓસવાળ વગેરે વગેરે. હજુ પણ આગળ વધીએ તો દરેક જ્ઞાતિમાં પાછા નુખ - અટક પ્રમાણે સંગઠન. ગોત્રજ પ્રમાણે પણ સંગઠનો અલગ અલગ. તેઓના દરેક વર્ષે મિલન સમારંભો પણ યોજાય. આજે ફલાણા ફલાણા દેવને માનતા મહેતા કુટુંબનો મિલન સમારંભ. આજે શેઠિયા કુટુંબની પહેડી. આવતી કાલે લોડાયા પરિવારનો મિલન સમારંભ. કોઇ મામલ માતાને માનતું હોય તો કોઇ વળી અંબે માતાને. પરિણામે સારાયે સમાજ વેરણ-છેરણ થઇને નાના નાના સંગઠનોમાં વહેંચાઇ જાય. **સમૂહ સ્વરૂપે જે બળ ઉત્પન્ન થવું જોઇએ તે ઉપજાવી શકતા નથી. સંગઠિત રીતે થવા જોઇતા મોટાં કાર્યો થઇ શકતા નથી. મોટું વિચારી શકતા નથી તો પછી મોટા કાર્યો હાથ પર લેવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થઇ શકતો નથી.**

આપણે ક્યારેય એવું વિચાર્યું કે યુનોનું સંચાલન આપણે કેમ કરતા નથી? વિશ્વ બેંકનું સંચાલન આપણા દ્વારા કેમ થતું નથી? આપણા સમાજના વૈજ્ઞાનિક દ્વારા અન્ય ગ્રહ પર અવકાશ યાન કેમ મોકલાતા નથી? બ્રહ્માંડની ઉત્પત્તિનો તાગ આપણા યુવાઓ દ્વારા કેમ ના મેળવી શકાય? કેન્સર જેવા જટિલ રોગની દવા આપણા સમાજના નિષ્ણાતો દ્વારા કેમ શોધાતી નથી? કોમ્પ્યુટર, સીસી ટીવી કેમેરા, એલસીડી ટીવી, સેલફોન, આઇપોડ વગેરેની શોધ આપણે ત્યાં કેમ ના થઇ શકી? ભારત દેશના વડાપ્રધાન કે રિઝર્વ બેંકના ગવર્નર પદ પર આપણામાંથી કોઇ હજુ સુધી કેમ પહોંચી શકેલ નથી? આઇ.એ.એસ. કક્ષાના ઓફિસરો તથા સમગ્ર ભારત દેશનું રાજ્યતંત્ર ચલાવે છે તે ઉચ્ચ કક્ષાના અધિકારીશ્રીઓમાં આપણે ત્યાંથી કેટલા ગયેલા છે?

*શ્રેષ્ઠ પુરુષ તે છે જે બીજાઓનાં હિતમાં લાગેલો છે.*

ખેડૂતોનો પાક તૈયાર થઇ ગયા પછી તેને જે ભાવ મળે છે અને આપણે બજારમાંથી એજ માલ જે ભાવે ખરીદીએ છીએ તે વચ્ચેનો મોટો તફાવત દૂર કરવા આર્થિક રીતે શું પગલા ભરવા જોઇએ? તવંગર અને ગરીબ વચ્ચેનો તફાવત શક્ય ઓછો કરવા કયા પ્રકારની આર્થિક પોલિસી અપનાવવી પડે?

આ બધું કોણ વિચારશે? તેના અમલીકરણમાં આપણે શું કરી શકીએ? વિવિધ ફાંટાઓમાં વહેંચાયેલી આપણી શક્તિ એકત્રિત થાય તો જ મોટા ફલક પરની પરિસ્થિતિ વિચારી શકીએ ને? અને ત્યારબાદ જ તેના અમલીકરણની વાત આવેને?

**સહુ પ્રથમ આપણે સંગઠિત થઇ મોટા સમાજમાં પરિવર્તિત થવું પડે.** પટેલ હોય તો કચ્છી પટેલ સમાજ અને જૈન હોય તો કચ્છી જૈન સમાજ. સમયાંતરે કચ્છી સમાજ, ગુજરાતી સમાજ, ભારતીય સમાજ અને છેલ્લે વિશ્વ સમાજના નાતે વિચારી શકાય. જેટલી મોટી સંસ્થા, તેટલું મોટું વિચારી શકાય. મોટા આયોજનોના અમલીકરણ કરી શકાય.

આ પ્રકારની વિચારસરણીના બીજ અમદાવાદમાં કચ્છી જૈનોએ છેક ૧૯૭૦માં વાવ્યા. તેઓમાંના કેટલાક ડાહ્યા લોકોએ કચ્છી વીસા ઓસવાળ મિત્ર મંડળમાંથી કચ્છી જૈન સમાજની રચના કરી. આજે ૪૦ વર્ષ બાદ આ સંસ્થા સંગઠિત થઈ, તેનાં કાર્યો ખૂબ જ સારી રીતે આગળ ધપાવી રહેલ છે. આ પછીની પરિસ્થિતિએ પહોંચતા હજુ થોડો સમય લાગે તેવી શક્યતા રહેલ છે.

**અમદાવાદની જેમ ભારતના કેટલાક અન્ય શહેરોમાં (કદાચ આ પ્રકારની સંખ્યા ઓછી હશે) પણ આ પ્રકારની વિચારસરણીથી ભાતૃભાવના કેળવી, લોકો પોતાથી શક્ય બને તેટલા સુંદર કાર્યો કરી રહેલ છે.**

પરંતુ જે સ્થળ આપણા સહુનું ગઢ ગણાય, જ્યાં આપણી વસતિ ખૂબજ મોટા પ્રમાણમાં એકત્રિત થયેલ છે, જ્યાં આપણે વિશાળ કારોબાર ચલાવીએ છીએ, તે મુંબઇમાં આપણી પરિસ્થિતિ શું છે? અહીં દરેક ફિરકાના ઘરો મોટી સંખ્યામાં હોવાથી આપણે પોતાના ફિરકાની બહાર નીકળી શકેલ નથી. અહીં વીસા ઓસવાળ સમાજ, દસા ઓસવાળ સમાજ, વાગડ વીસા ઓસવાળ સમાજ, ગુર્જર સમાજ (મોટો સમાજ), ગુર્જર સમાજ (પાખાડી), વાગડ સાત ચોવીસી સમાજ, વાગડ બે ચોવીસી સમાજ જેવા અનેક ફાંટામાં આપણે વહેંચાયેલા છીએ. પાછા દરેક સમાજમાં એકથી વધુ ગ્રૂપોનું અસ્તિત્વ હોય છે. આજે એક ગ્રૂપ સત્તા પર હોય તો કાલે બીજો ગ્રૂપ. આજે એક ગ્રૂપનું ધાર્યું થાય તો કાલે બીજા ગ્રૂપનું. આ ઓછું હોય તેમ સાંપ્રદાયિક વિભાજનો પણ ખરા. વીસા ઓસવાળ સમાજનો દાખલો લઇએ તો તેમાં પાછા દેરાવાસી, સ્થાનકવાસી, અજરામર પક્ષ, વગેરે વગેરે. દેરાવાસી સમાજમાં પણ પાછા પેટા ફાંટા - તપગચ્છ અને અચલગચ્છ. સ્થાનકવાસી સમાજનાયે પેટા ફાંટા-આઠ કોટી મોટી પક્ષ, આઠ કોટી નાની પક્ષ, છ કોટી, વગેરે વગેરે. આ પ્રમાણે સારોયે સમાજ વિભાજિત થઇને આજે પોતાનાં કાર્યો કરી રહેલ છે. આપશ્રી વિચારો કે આ સમાજનો નાગરિક મોટું વિચારી શકશે ક્યારે?

એક તરફ વ્યાપારમાં તેમજ સંસ્કારમાં ખૂબજ પ્રગતિ સાધેલ છે આ સમાજે. અભ્યાસમાં પણ ખૂબજ સારી રીતે આગળ વધી રહેલ છે. તે દાન આપવામાં કદીયે પાછું વાળીને જોતા નથી. **પરંતુ સામાજિક રીતે સંકુચિત વિચારસરણીમાંથી બહાર આવી શકેલ નથી.** પરિણામે આપણે સક્ષમ હોવા છતાં મોટું વિચારી શકતા નથી. મોટાં કાર્યો હાથ પર લઇ શકતા નથી.

જે-તે સમાજના મોવડી વર્ગે જ આ બાબતે પહેલ કરવી રહી.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## મનની તાકાત!

*એ ધારે તો તમને હિમાલયની ટોચે ચડાવી દે અને તમારામાં તાકાત હોય છતાં પણ જો મન ધારે તો તમને તણખલું પણ ન ઉપાડવા દે! એ ધારે તો સર્પમાં તમને દોરડું દેખાય અને તમે એને પકડીને ઉપર ચઢી જાઓ અને દોરડામાં સર્પ બતાવીને તમને તે ભયથી ધ્રૂજતા કરી શકે. મન જ્યારે માયા પાથરે છે ત્યારે બગીચાની જગ્યાએ ઉકરડો દેખાડી શકે છે અને સાક્ષાત્ પ્રભુ પાસે આવીને ઊભા હોય તો તેમાં પથ્થરનું ભાન કરાવી શકે છે.*

*જ્યારે પણ ભગવાન પાસે કંઇ માગો તો દિમાગથી નહીં પણ નસીબથી માગજો.*

# સિનિયર સિટીઝન્સ (વયોવૃદ્ધ) માટે સેનેટોરિયમ

ગુજરાતના પાટનગર ગાંધીનગરના રમણીય વિસ્તારમાં અને મંત્રીઓના બંગલાથી એકાદ કિ.મી.ના અંતરે **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એક એવું વસવાટ કેન્દ્ર સ્થાપવા માંગે છે કે જ્યાં શ્રી કચ્છી જૈન સમાજની કોઇ પણ વયોવૃદ્ધ વ્યક્તિ આવીને પોતાનો વસવાટ હંગામી ધોરણે (૧ થી ૬ મહિના માટે) અથવા તો કાયમી ધોરણે કરી શકે.** આ વસવાટ કેન્દ્ર સ્થાપવા અર્થેની કામગીરી ચાલુ છે અને તે કેન્દ્રને ટૂંક સમયમાં શરૂ કરવા માટેનું આયોજન થઈ રહ્યું છે.

આ વસવાટ કેન્દ્રમાં નીચેની કેટેગરીમાંની કોઇ પણ વ્યક્તિ આવીને પોતાની જરૂરિયાત મુજબના સમય સુધી રહી શકે છે.

(૧) જેઓના દીકરાઓ અને અન્ય કુટુંબીજનો વિદેશમાં રહેતા હોય અને અહીંના ઘરમાં તેઓ પોતે એકલા અથવા તો તેઓ બંને (પતિ-પત્ની) એકલતા અનુભવતા હોય અને પોતાનું ગુજરાન ચલાવવા અને વ્યવહાર જાળવવા સ્વસ્થ ન રહી શકતા હોય.

(૨) પોતાના કુટુંબીઓ અન્યત્ર હોય અને પોતે ઘરમાં એકલતા અનુભવતા હોય.

(૩) વયસ્ક વ્યક્તિની દેખભાળ કરનાર કોઇ ના હોય.

(૪) દીકરા-દીકરી તેમને ઘરમાં રાખવા સંતુષ્ટ ના હોય.

(૫) જેઓને સમૂહ વચ્ચે રહેવાની ઈચ્છા હોય.

ઉપરોક્ત અથવા તો તે સિવાયની કેટેગરીની કોઇ પણ કચ્છી જૈન વ્યક્તિને આ કેન્દ્રમાં વસવાટ કરવા પરમિશન આપવામાં આવશે. તેઓએ આ કેન્દ્રના નીતિ-નિયમો પ્રમાણે રહેવું જરૂરી બની રહેશે. દરેક પાસેથી નક્કી થયા મુજબનો માસિક ચાર્જ લેવામાં આવશે.

સેવાકીય ભાવનાથી પ્રેરાઈને સમાજ આ કેન્દ્ર શરૂ કરવાનું આયોજન વિચારી રહેલ છે.

**આ કેન્દ્રમાં વધુમાં વધુ ૨૫ વ્યક્તિ (પુરુષ કે સ્ત્રી)ઓનો સમાવેશ કરવામાં આવશે.**

અહીં દાખલ થનારની સંપૂર્ણ કાળજી રાખવામાં આવશે.

જેઓ આ કેન્દ્રમાં દાખલ થવાની ઈચ્છા ધરાવતા હોય તેઓને અથવા તો તેમના સગાં-સંબંધીઓને નીચે મુજબનાં સરનામે જાણ કરવા અપીલ કરવામાં આવે છે.

માનદ્ મંત્રીશ્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ,
શ્રી કચ્છી જૈન ભવન ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

અન્ય જરૂરી વિગતો જાણવા પણ ઉપરોક્ત સરનામે પત્રવ્યવહાર થઇ શકશે. ભારતભરનાં કચ્છી જૈનોમાંથી કોઇ પણ વયસ્ક વ્યક્તિ અહીં વસવાટ કરી શકશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

## લોગો અને સ્લોગન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું સુવર્ણ જયંતી વર્ષ નજદીકના ભવિષ્યમાં આવી રહેલ છે અને તેની ઉજવણીના અનુસંધાને (તા. ૧૪-૪-૨૦૧૨થી તા. ૧૩-૪-૨૦૧૩) અનેકવિધ કાર્યક્રમોનું આયોજન થઇ રહેલ છે.

**સમાજ તેનાં સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે એક લોગો અને સ્લોગન નક્કી કરવા માંગે છે.**

સમાજના સભ્યો તથા મંગલ મંદિરના અન્ય વાચક વર્ગને અપીલ કરવામાં આવે છે કે સમાજના સુવર્ણ જયંતી વર્ષના મહોત્સવને અનુરૂપ બંને વસ્તુની ડિઝાઇન કરીને શ્રી કચ્છી જૈન ભવનના સરનામે, વહેલાસર મોકલાવી આપે, જેથી સમાજ તેની મૂલવણી કરી યોગ્ય નિર્ણય કરી શકે.

પસંદગી પામનાર લોગો તથા સ્લોગનના ડિઝાઇનરને યોગ્ય પુરસ્કારથી નવાજવામાં આવશે.

આશા છે કે આ બાબતે રસ દાખવનાર વ્યક્તિઓનો અમને સહકાર મળી રહેશે.

***પ્રતાપ નારાણજી દંડ***
***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*ઝીણા ઝીણા દોષ માનવીને ડૂબાડવા માટે પૂરતા હોય છે.*

# કચ્છ મ્યુઝિયમ

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે "કચ્છ મ્યુઝિયમ"ના વિવિધ વિભાગોનું કામકાજ લગભગ પૂર્ણ થઈ ગયેલ છે અને તેને પ્રજા સમક્ષ ટૂંક સમયમાં ખૂલ્લું મૂકવાનું આયોજન થઈ રહ્યું છે.

આ મ્યુઝિયમમાં કચ્છના પાષાણયુગથી રાજાશાહી યુગ અને રાજાશાહી યુગથી અત્યાર સુધીના અનેક પ્રકારના કલેક્શન દ્વારા વિવિધ પ્રકારની ઝલક દાખવવામાં આવનાર છે.

આ મ્યુઝિયમમાં કચ્છની સંસ્કૃતિ સમાન ભરતકામ, રોગાન કામ, છાપકામ, હુન્નર ઉદ્યોગ, નકશીકામ વગેરેની માહિતી મળી શકશે.

કચ્છી કલા, સંસ્કૃતિ, પહેરવેશ, વગેરે વિષયે પણ માહિતી મળી શકશે.

કચ્છની વિવિધ જ્ઞાતિઓના રહેઠાણ, પહેરવેશ વગેરે પ્રકારના દશ્યોની માહિતી પણ આ મ્યુઝિયમમાં જોવા મળશે.

કચ્છ પ્રદેશની સ્થાનિકે મુલાકાત લેવા આ મ્યુઝિયમ ખૂબજ માહિતીપ્રદ બની રહેશે.

આ પ્રકારના ભાતીગળ કચ્છ મ્યુઝિયમમાં વિવિધ વિભાગોમાં પોતાના નામની તકતી મૂકાવવા, એક નકરાની યોજના વિચારવામાં આવેલ છે. **દીર્ઘદૃષ્ટિ ધરાવનાર તેમજ આ પ્રકારના કાર્યક્ષેત્રમાં રસ દાખવનાર કોઇપણ વ્યક્તિને આ યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.** નકરાની વિગત નીચે મુજબ રહેશે.

- ★ **મુખ્ય નામની તકતી સામે ................ રૂા. ૨૧.૦૦ લાખ**
- ★ **ડોરેમો પર નામની તકતી લગાવવા સામે (૬ નંગ) દરેકના ................ રૂા. ૨.૫૧ લાખ**
- ★ **વહાણવટા કોર્નર પર નામની તક્તી લગાવવા સામે ................ રૂા. ૨.૫૧ લાખ**
- ★ **વાઇલ્ડ લાઇફ કોર્નર પર નામની તક્તી લગાવવા સામે ................ રૂા. ૨.૫૧ લાખ**
- ★ **વિંગ (ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ) દરેકના ................ રૂા. ૨.૫૧ લાખ**

વહેલા તે પહેલાના ધોરણે ઑફરો સ્વીકારવામાં આવશે અને નિયમાનુસાર જ તકતી મૂકી શકાશે.

વિકાસોન્મુખ દરેકને ઉપરની યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્‌મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

# ખબર પત્રિકા

મુંબઈના કચ્છી વીસા ઓસવાળ સમાજમાં વર્ષોથી દૈનિક ધોરણે એક "ખબર પત્રિકા" બહાર પાડવામાં આવે છે કે જે સારાયે સમાજમાં ખૂબજ લોકપ્રિય બની રહેલ છે. અને એક અનિવાર્ય જરૂરિયાતરૂપ સાબિત થયેલ છે. દૈનિક વર્તમાનપત્રની જેમ આ ખબર પત્રિકા દરરોજ જે-તે સભ્યને ત્યાં સવારમાં જ પહોંચતી કરવામાં આવે છે. વેબસાઇટ પર મૂકાયા પછી તે ભારતભરના કચ્છી ઓસવાળ સમાજના અનેક ઘરોમાં નિયમિતપણે વંચાય છે.

એક વિચારસરણી એવી ચાલે છે કે અમદાવાદ-ગાંધીનગર વિસ્તારના સમગ્ર કચ્છી સમાજના ૫૦૦૦ ઘરની ગણના કરવામાં આવે અને તેઓને અનુલક્ષીને દૈનિક ધોરણે આ પ્રકારની "ખબર પત્રિકા" બહાર પાડવામાં આવે તો સમગ્ર કચ્છી સમાજને ખૂબ જ ઉપયોગી સાબિત થઇ શકે. **તેટલું જ નહીં પરંતુ તે અમદાવાદ-ગાંધીનગર સ્થિત દરેક કચ્છીના ઘરને એક તાંતણે બાંધી શકે.**

આ બાબતે આપશ્રીના મંતવ્ય મંગાવવામાં આવે છે. આપશ્રી આપના મંતવ્ય નીચેના સરનામે મોકલી શકો છો.

માનદ્‌ મંત્રી – શ્રી કચ્છી જૈન સેવા સમાજ
શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્‌મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

# પ્રોમિનન્ટ કચ્છી વ્યક્તિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ, છેલ્લા ૫૦ વર્ષથી સામાજિક ક્ષેત્રે અમદાવાદની આજુબાજુના વિસ્તારમાં તથા અન્યત્ર કાર્યરત છે. હાલે આ સમાજ હયાત નામાંકિત કચ્છી વ્યક્તિઓનું એક લિસ્ટ તૈયાર કરવાની મહેચ્છા ધરાવે છે. તેઓ ભારતમાં અથવા ભારત બહાર પણ વસવાટ કરતા હોઈ શકે છે.

જે કચ્છીઓએ ભારતભરમાં અથવા તો સારાએ વિશ્વમાં વિવિધ ક્ષેત્રે રહી અગ્રીમ હરોળમાં કહી શકાય તેવા લેવલે પહોંચેલ હોય તે પ્રકારનાં કચ્છીઓની નામાવલિ તૈયાર કરવાની નેમ રાખવામાં આવેલ છે.

**ઉદ્યોગક્ષેત્રે, વ્યાપાર ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, સેવાકીય ક્ષેત્રે, વિવિધ કલા ક્ષેત્રે કે અન્ય કોઇ ક્ષેત્રે, સામાન્ય જનસંખ્યામાં તેમની વિશિષ્ટ વ્યક્તિ તરીકે ગણના થતી હોવી જોઇએ.**

ઉપરોક્ત પ્રકારના નામોની વિગત જેઓ પાસે હોય તેઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ ઉપરોક્ત નામો- શક્ય હોય તો તે પ્રકારની વ્યક્તિની સંપૂર્ણ ઓળખ સાથે, વહેલામાં વહેલી તકે નીચેનાં સરનામે મોકલી આપે. શક્ય હોય તો તે વિશિષ્ટ વ્યક્તિના સરનામા અને ફોન નંબર પણ મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

મેનેજરશ્રી,
શ્રી કચ્છી જૈન સેવા સમાજ
શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

***આ પ્રકારની નામાવલિ મોકલાવી આપવા અને દરેક જાણકાર વ્યક્તિને આ બાબતમાં સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.***

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્‌મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ**

## ઊડતી નજરે....

### ડિસેમ્બર-૨૦૧૧ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>કે જેમાંથી – | ૫,૫૫૫ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ ૩૩૯ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૭૩ | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ........ ૨૩ | |
| | (ગ) | સોનોગ્રાફી ........ ૬૯૪ | |
| | (ઘ) | ટી.એમ.ટી. ........ ૧૧ | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ ૨૮૧ | |
| | (છ) | અન્ય ........ ૪,૧૩૪ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર અન્ય વ્યક્તિઓ ... ૪,૯૫૦<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ........ ૨,૮૪૩ | ૭,૭૯૩ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ ૧,૧૪૧<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......... ૩,૦૯૮ | ૪,૨૩૯ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૭૦૭ |
| | | ડિસેમ્બર - ૨૦૧૧ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ............... | ૧૮,૨૯૪ |

## આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | ગુરુવાર, તા. ૧૬-૨-૨૦૧૨<br>બપોરે ૩ થી ૪. | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | વયસ્ક સમિતિ આયોજિત શ્રી બલસાણા તીર્થ યાત્રા પ્રવાસમાં જોડાનાર યાત્રાળુઓ માટે. |
| • | રવિવાર, તા. ૧૯-૨-૨૦૧૨<br>બપોરે ૨.૩૦થી ૫.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા આયોજિત 'આવો! આપણી જિંદગીમાં નવો પ્રાણ પૂરીએ' – અદ્ભુત વર્કશોપ. સમાજ પરિવારના ૧૫થી ઉપરની વયના સભ્યો માટે. |
| • | બુધવાર, તા. ૨૨-૨-૨૦૧૨થી<br>શનિવાર, તા. ૨૬-૨-૨૦૧૨<br>રાત્રિના ૧૦.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | વયસ્ક સમિતિ આયોજિત શ્રી બલસાણા તીર્થ યાત્રા પ્રવાસ. |

વિચાર મંથન

# નર્તક રુદ્ર-રમ્ય!

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

ગુજરાત માટે નવી શતાબ્દીનાં મંગલાચરણ પ્રલયંકર ભૂકંપથી થયાં છે. એક રીતે આ ખૂબ જ મોટી હરણફાળનો સંકેત છે. ગુજરાત આખું પાંદડાની જેમ ધ્રૂજતું હતું અને દેશ પ્રજાસત્તાક પર્વની અર્ધશતી ઊજવી રહ્યો હતો. ધ્વજની ગાંઠ છોડવાની પણ જરૂર નહોતી પડી. એ આપોઆપ લહેરાવા લાગ્યો હતો. પાટનગર-ગાંધીનગરના મુખ્ય ઉત્સવમાં હેલીપેડ પર ધ્વજવંદન પૂર્વે ધરા ધ્રૂજવા માંડી ત્યારે ત્યાં બેઠેલા વીઆઈપીઓને પહેલાં તો એમ લાગ્યું કે મંચ હાલી રહ્યો છે. કદાચ એરફોર્સવાળાઓની કોઈ કરામત હશે! પણ ખુરશીઓ તો સીધી જમીન પર ગોઠવાયેલી હતી. જ્યારે એ ધરતીકંપ જ હોવાની ખાતરી થઈ ત્યારે ચહેરા પરનો રોમાંચ હવાઈ ગયો! સૌથી પહેલું તો મુખ્યમંત્રીનું જ મોઢું વિલાઈ ગયું. રાષ્ટ્રગીત પૂરું થતાં જ તેઓ રાજ્યપાલશ્રીની રજા લઈને નીકળી ગયા. ધીરે ધીરે પ્રકૃતિના એ તાંડવ નૃત્યના પડઘા બુલંદ થઈ દેશ અને દુનિયાભરમાં ફેલાઈ ગયા. કુદરત ધારે ત્યારે પળમાં પ્રલય કરી શકે છે, એની પ્રતીતિ થઈ ગઈ. માણસ ગમે તેટલા ઉધામા કરે છતાં એ કુદરતની મરજી વિરુદ્ધ ટકી શકશે નહીં, એ ફરી એક વાર ગાઈ-વગાડીને નહીં, બલકે સાનમાં સમજાવી દેવાયું!

પરંતુ માણસ સમજશે ખરો? બહુ જ વિકટ પ્રશ્ન છે. અત્યારે તો એ ડઘાઈ ગયો છે. **પણ એમ કુદરત સામે હાર કબૂલે તો એ માણસ નહીં! એણે આવા તો અનેક આંચકા જીરવી જાણ્યા છે.** લાખો-કરોડો વર્ષોની એની કૂચ દરમિયાન કુદરત આઠે પહોર ને બારેમાસ અનુકૂળ જ રહેશે, એવી તો એને અપેક્ષાયે ન જ હોય. એણે વારંવાર ઠોકરો ખાધી છે અને એ વળતી જ પળે લૂગડાં ખંખેરીને બેઠો પણ થઈ ગયો છે. બેઠો થયો છે, એટલું જ નહીં, ઊઠીને બમણા વેગ સાથે દોડતો રહ્યો છે. આ કચ્છનો જ દાખલો જુઓ ને! હડપ્પન સંસ્કૃતિના અવશેષ તરીકે જે આખા ને આખા નગર ભૂમિમાં દટાયેલાં મળી આવે છે, એમને શું કહેશો? ધોળાવીરા કે મોએં-જો-ડેરો આપણે માટે ભવ્ય ઈતિહાસનાં મ્યુઝિયમ બની રહ્યાં છે, પરંતુ ક્યારેક તો આવા જ કોઈ સાત કે આઠ રિક્ટર માપના ભૂકંપના આંચકા ખમીને એ ધ્વસ્ત થયાં હશે. એમને એ જમાનામાં આટલા મોટા પાયે મદદ કરનાર પણ કોણ હતું? બસ, સીધેસીધી સમાધિ જ લઈ લીધી હશે. સંસ્કૃતિના છોડની જિજીવિષા તો જુઓ! ઊખડી ઊખડીને પણ એ મૂળ નાંખતો જ રહ્યો છે. એમાં પણ પાછી કુદરત જ એની વહારે ધાતી હશે. એનેય માનવીનું અસ્તિત્વ સમૂળગું નામશેષ કરવાનું તો ન જ ગમે. એનેય આખી સૃષ્ટિમાં એક માત્ર લડનાર-ઝઘડનાર કે લાડ લડાવનાર કોઈ હોય તો આ માણસ જ ને વળી? બાકી કુદરતને સમજવાનું - એને પડકારવાનું કે પુરસ્કારવાનું અન્ય કોઈનું તે ગજું ખરું? એવા ભેંકાર ભૂકંપની રાત્રી આખી પ્રવાસમાં જ પસાર થઈ ગઈ. બીજા દિવસની ધુમ્મસમય સવારે સૂર્ય જાગ્યો, ત્યારે અમારી બસ દ્વારિકાધીશની નગરીમાં પ્રવેશી ચૂકી હતી. ભાષા નિયામકની કચેરી દ્વારા આયોજિત રાજભાષા - પરિસંવાદની અધ્યક્ષતા કરવાની હતી. પરિસંવાદ તો બંધ રહ્યો, પણ દ્વારિકાધીશ સાથે મુલાકાત જરૂર થઈ. એમને પણ થોડી ખલેલ તો પહોંચી હતી. મુખ્ય પ્રવેશદ્વાર બંધ કરી દેવાયું હતું. જગતમંદિરના શિખર પરથી બે શિલાઓ ગબડવા લાગેલી, જે અધવચ્ચે અટકી ગઈ હતી. ભાવિકોએ તો એને પણ ચમત્કાર જ ગણી લીધો! પ્રકૃતિ કોપે છે ત્યારે પરમાત્માને પણ છોડતી નથી. દ્વારિકા એક વાર નહીં, સાત સાત વાર ડૂબી છે. ડૂબી ડૂબીને એ ફરી ફરીને ફણગતી રહી છે. કૃષ્ણની દ્વારિકા સાથે પુષ્કર ગોકાણીની આજની દ્વારિકાને સરખાવી તો જુઓ! મીરાંબાઈને જાગ્યો હશે એવો જ નિર્વેદ મોટે ઉપાડે હડદોલા ખાઈને દ્વારિકા પહોંચેલાં શ્રીમતીજીને પણ થયો : દ્વારિકા આવી હોય? સાવ રાંકડી?

એ પ્રશ્ન ખુદ રુક્મિણીજી કે સત્યભામાને પણ સતાવતો હશે. પણ ભાઈ, વેળા વેળાની છાંયડી! સમય કોને કહ્યો છે! કાબે અર્જુન લૂંટિયો - વહી ધનુષ, વહી બાણ! શ્રીકૃષ્ણ પોતે પોતાનું ઘર ન સાચવી શકતા હોય ત્યાં આપણો એકાદ ફ્લેટ કાટમાળમાં ફેરવાઈ જાય એનો અફસોસ કરવો જ નિરર્થક. કૃષ્ણનું કૃષ્ણત્વ એમની શાશ્વત સમયોચિતતા (રેલેવંસ)માં સમાયેલું છે. **ગાંધીવાદ કે માર્ક્સવાદનું ભાવિ કેટલું લાંબું ચાલશે, તે ભલે નક્કી ન હોય, પણ કૃષ્ણવાદ તો અનંતકાળ પર્યંત ટકવાનો જ છે.** એને કોઈ ભૂકંપ કે વાવાઝોડું હંફાવી શકે એ વાતમાં માલ નથી. વાંસળી અને સુદર્શન ચક્ર બેઉ શાશ્વત છે. સંગીત જીવનનું પ્રતીક છે. વૃક્ષોના મર્મર ધ્વનિમાં છૂપાયેલું સંગીત પ્રકૃતિનું અમિયલ નજરાણું છે. એ પ્રકૃતિ અને પરમાત્મા વચ્ચેની ગુફતેગુ છે. વાંસળીમાં રેલાતા પ્રેમરસ થકી સમસ્ત બ્રહ્માંડ રળિયાત છે. એ સંવાદિતા અને સમન્વયનો સંદેશ છે, એ નવસર્જનની આલબેલ છે. વાંસળી મૂકીને કૃષ્ણ સુદર્શન ચક્ર ધારણ કરે છે. કૃષ્ણનું આ સ્વરૂપ વિશ્વનિયંતાનું સ્વરૂપ છે. એ ચક્ર

*નાની સરખી વ્યવસ્થા લાંબા ગાળે ફાયદારૂપ બની શકે છે.*

અનંતતાનું પ્રતીક છે. વર્તુળનો કોઇ આરંભ ખરો? એને નથી અંત કે નથી શરૂઆત. વળી ચક્ર ગતિનું દ્યોતક છે, પરંતુ એ ગતિની પણ નિયતિ તો જુઓ! હતું ત્યાં ને ત્યાં! પૃથ્વી સૂર્યની અનંતકાળથી પ્રદક્ષિણા કરે છે અને કરતી રહેશે, પણ છેવટે તો એ છે ત્યાં ને ત્યાં જ રહેવાની છે. સ્થિતિ, ગતિ અને વિલયના ત્રિવિધ સંકેત ધરાવતું શ્રીકૃષ્ણનું ચક્ર અસ્ત્ર ગણાય કે શસ્ત્ર? કદાચ એને બેઉમાં ખપાવી શકીએ. એનો ઉપયોગ કોઇ શિશુપાલના સંહાર માટે પણ થઇ શકે છે અને ક્યારેક એ જયદ્રથને ભૂગર્ભમાંથી બહાર આણવા માટે સૂરજ જેવા સૂરજના ઢાંકણ લેખે પણ ખપ લાગે છે. હિંસા વર્જ્ય હોઇ શકે, પરંતુ અનિવાર્ય જ હોય ત્યારે એનો છોછ ન ચાલે. કૃષ્ણ અને ગાંધી - બેઉનું એક નામ મોહન છે. પરંતુ મીરાં કે રાધાનો મોહન તો જરૂર પડ્યે ભીષ્મ જેવા પિતામહને પણ રથનું પૈડું કાઢીને મારવા ધસી શકે છે. એ સત્યાગ્રહ કે અસહકારની અહિંસક ચળવળો નથી ચલાવતો. એ સક્રિય યુદ્ધનો પુરસ્કર્તા છે. પોતે જેના પક્ષે બેસે છે એને જિતાડીને જંપે છે. હતોત્સાહ થઇ ગયેલા અર્જુનને એ માટી થવા પ્રેરે છે : क्लैब्यं मा स्म गमः पार्थ । દોસ્ત, તને આમ બાયલા થવાનું ન પોસાય! અર્જુન જ્યારે સ્વજનોને હણવાની ના પાડે છે ત્યારે કૃષ્ણ એને પોતાનું સાચું સ્વરૂપ બતાવી દે છે – 'अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा।' – હું આ સંપૂર્ણ ભૌતિક જગતની ઉત્પત્તિ તથા પ્રલયનું કારણ છું. ભગવાને નવમા અધ્યાયમાં કહ્યું છે તેમ, પોતે સર્વવ્યાપી હોવા છતાં તેઓ સ્વયં સર્વત્ર વિદ્યમાન હોતા નથી. અર્જુન જાણે છે કે કૃષ્ણનું એ જ અચિંત્ય ઐશ્વર્ય છે, તેથી એને યુદ્ધભૂમિમાં જ એમના વિશ્વરૂપના દર્શનની તાલાવેલી જાગી છે. પણ દિવ્યચક્ષુ વિના એ શક્ય જ ક્યાં હતું? अनेक वक्त्रनयनम् – अनेकाद्भुत दर्शनम्.... એકી સાથે હજારો સૂર્ય ઊગ્યા હોય એવું ચકાચૌંધ અજવાળું. न अन्तं न मध्यं न पुनस्तवादिं – पश्यामि विश्वेश्वर विश्वरूप..... (હે જગન્નાથ, હે વિશ્વરૂપ, હું આપના દેહમાં અનેકાનેક હસ્ત, ઉદર, મુખ અને ચક્ષુઓ નિહાળી રહ્યો છું - જે સર્વત્ર વ્યાપ્ત છે અને અંતવિહીન છે. એને કોઇ આદિ, મધ્ય કે અંત નથી.....)

અર્જુન શ્રીકૃષ્ણના વિકરાળ સ્વરૂપને ઝાઝું ઝીરવી શક્યો નહીં. એથી બે હાથ જોડીને વિનવણી કરવા લાગ્યો : દેવાધિદેવ! વિશ્વના આધાર! આપ મારા પર કૃપા કરો. આપનાં પ્રલયાગ્નિ સમાં મુખોને તથા વિકરાળ દાઢોને જોઇ હું હચમચી ઊઠ્યો છું - પરસેવે રેબઝેબ થઇ ગયો છું!

શ્રીકૃષ્ણે છેવટે એક જ લીટીમાં કહેવાજોગ બધું જ કહી દીધું : 'कालोऽस्मि लोकक्षयकृत्प्रबृद्धः लोकान् समाहर्तुमीह प्रवृत्तः। હું સર્વલોકનો સર્વનાશ કરનારો 'કાળ' છું! અત્યારે અહીં આ બધાંનો વિનાશ કરવા જ આવ્યો છું.'

ભારતીય પ્રજા તરીકે આપણે કેટલા નસીબદાર છીએ! ગીતા પચાવી હોય એને આવા હજાર ભૂકંપ આવે તો પણ હલાવી શકે ખરા? આખરે એ એમની નિયતિ હતી. વિજ્ઞાન ગમે તેટલાં વલખાં મારશે તોય પૃથ્વીનાં પડળ થોડાં બદલી શકશે? **એટલે માણસે વિકાસની લારોલાર મહાવિનાશનું સ્વાગત કરવા પણ તૈયાર રહે જ છૂટકો છે. એમાંથી જ કંઇક નવું સમજાશે.** આપણા પૂર્વજોની રાખ પર ઊભેલા આપણે સૌએ આવનારી પેઢીઓ માટે રાખ થવાની તૈયારી રાખવી જ પડશે. કૃષ્ણની દ્વારિકા ડૂબી શકતી હોય તો કેશુબાપાની ગુજરાત તે શા હિસાબમાં? આ તો અનંતકાળથી ચાલતું ચક્ર છે અને અનંતકાળ પર્યંત ચાલ્યા કરશે, પણ વિનાશના એ ભયાવહ રુદ્રરમ્ય તાંડવ વચ્ચે પણ શ્રીકૃષ્ણની વાંસળીના સૂર જેવું કોઇ નવજાત શિશુનું રૂદન ધ્વસ્ત ઇમારતના કાટમાળ હેઠળ પણ રેલાતું વરતાય ત્યારે કૃષ્ણની આ કરામતનો મર્મ સમજાય છે. પેલા લશ્કરી જવાનોએ એ ઐતિહાસિક શિશુનું નામ પાડ્યું - 'ભૂકંપ!' ભૂકંપના માથે પગ મૂકીને જીવનની અહાલેક ગાતા એ કાળીનાગના નાથનારાને આપણે આંસુભીનો આવકાર આપીએ!

*૧૩, ઐશ્વર્યા-૧, પ્લોટ ૧૩૨*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૨૧*

## સ્વપ્નાં સાકાર કરવાનો દરેકને અધિકાર

પ્રત્યેક માનવીને સપનું જોવાનો જન્મસિદ્ધ અધિકાર છે. આવું સપનું સાકાર કરવા માટે જરૂર પડે છે સંઘર્ષ કરવાની તૈયારી અને પોતાના સપના પર અતૂટ વિશ્વાસ. આવી રીતે સપનાને સિદ્ધ કરનારા કેટલાક મહાનુભાવો વિશે હવે વાંચો.

સાવ ટાંચા સાધન ધરાવતા અંતરિયાળ ગામમાં વસવાટ. પરિવારની પૂરક આવક માટે ભણતાં ભણતાં છાપા વેચનારે સપનું જોયું. મહેનત કરીને બની ગયા ભારતીય મિસાઈલ યોજનાના પિતામહ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ.

વીજળીના ગોળા સહિત બીજી ઘણી માનવોપયોગી શોધ કરનારા થોમસ આલ્વા એડિસને ટ્રેનમાં છાપા વેચવા સાથે પોતાના સપનાંને પોસ્યા હતા.

વિશ્વવિખ્યાત પ્રખર વક્તા ડેમોસ્થનિસની જીભ બોલતી વખતે તોતડાતી હતી. એમણે પ્રથમવાર જાહેર વ્યાખ્યાન આપ્યું ત્યારે લોકોએ એમની હાંસી ઉડાવી મંચ પરથી ભગાડી મૂક્યા હતા. એનાથી નાસીપાસ થયા વિના સતત પ્રેક્ટિસ થકી મહાન વક્તા બનવાનું સપનું એમણે સાકાર કર્યું.

અતિ ધનાઢ્ય એવા ડી. રૉકફેલરે પોતાની કારકિર્દીની શરૂઆત સપ્તાહના છ ડોલરથી કામ કરવા સાથે કરી હતી.

ગરીબ મા-બાપનો પુત્ર નેપોલિયન જન્મજાત બુદ્ધિમંત નહોતો. મિલિટરી સ્કૂલમાં પાંસઠ તાલીમાર્થીઓના વર્ગમાં એનો નંબર છેંતાલીસમો આવતો હતો. એને સિદ્ધિ મળી સપનાને સાકાર કરવાની દૃઢ ઈચ્છા શક્તિથી.

શારીરિક અસહાયતા સપનાંની સિદ્ધિ આડેનો અવરોધ બની શકે ખરી? ના. જુલિયસ સીઝરને વાઈનું દર્દ હતું. મહાન સંગીતજ્ઞ બીથોવન બહેરા હતા તો ચાર્લ્સ ડિકન્સ લંગડા હતા. મહાકવિ હોમરને આંખે અંધાપો હતો તો સર વોલ્ટર સ્કોટ લકવાગ્રસ્ત હતા.

સપનાંનો સંયોગ "આઈ કેન" (I can)ની ભાવના સાથે થાય ત્યારે કામિયાબી કદમ ચૂમતી આવે છે.

*સાભાર : "પરિત્રાણ"*
*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ*
*(કે.ડી. શાહ) - અમદાવાદ*

*આપણું જીવન આપણા માટે નહીં, પણ બીજાઓના હિતને માટે છે.*

# વળાંકે ઊભેલું વૃક્ષ

• ડૉ. ગિરીશ વીછીવોરા •

ઘરની નીચે ફૂટપાથ પર બરાબર વળાંકે એક ઝાડે અડ્ડો જમાવ્યો છે. હશે વીસેક વર્ષ જૂનું. મહાકાય તો ન કહી શકાય પણ એના પછીની પંગતમાં બેસવાની પાત્રતા ખરી. ત્રણેક માળ જેટલું ઊંચું ગેલેરીના વળોટ પર ઊભા રહેતાં આખેઆખું નજરમાં સમાય. શિરીષ વૃક્ષ નહિ, એનું સગું પિતરાઇ ખરું. શિરીષના બધા ગુણો એમાં વર્તાય. એનો સગો ભાઇ એનાથી વીસેક ફૂટ દૂર એજ ફૂટપાથ પર એવીજ અદાથી વરણાગિયો થઇ ઊભો છે. જોડિયા ભાઇઓ ખરા. એક જ દિવસે રોપાયા. બેલડામાં એક જરા હૃષ્ટપુષ્ટ હોય ને બીજું જરા નબળું ને એકવડિયું હોય, એવું જ આ બન્નેનું ખરું. વળાંકે ઊભેલ, મારું, જબરું, જંગી, ને વિશાળકાયી. જરાક દૂર ઊભેલું નબળું, એકવડિયું, કોમલાંગી ને શરમાળ. નાનું મારા સાખપડોશી પ્રોફેસર રાજારામનૂના ઘરની ગેલેરીની સામે. વળાંકે ઘરનું પ્રાંગણ જરા પહોળું એટલે મારું મને જરાક દૂર ભાસે. પ્રોફેસર સાહેબ તો એમની ગેલેરીમાં ઊભા ઊભા ઝાડની પ્રશાખા પર હાથ પસરાવી છાનગપતિયાં કરી શકે. મારું એ સૌભાગ્ય નહિ. હેઠો ઊતરું ત્યારે લચી પડતી પ્રશાખાઓ મને ઘેરી વળે ને અંગ સાથે અડપલાં કરી બેસે.

વસંતની શરૂઆતે સાવ બોખાં થઇ ગયેલાં ઝાડની ડાળીઓને ડાળખીઓમાં ચૈતન્ય ઊભરાતું ભાસે. એમની ચામડી જરાક લીલાશ પડતો ભૂરો રંગ પકડે. ઝાડ ચેતનવંતુ ભાસે. સવાર-સાંજ જોતાં ફરક વર્તાય. સાવ કળી જેવાં લાલાશ પકડેલાં સૂક્ષ્મ પણ દેખા દે. સાંજે જરાં મોટાં વર્તાય. ક્યારેક રંગ પણ બદલાય. ઝાડને જુવાની ફૂટે. પર્ણનો રંગ રસ માણવો હોય તો સવાર સાંજ એના ફોટા લેવા પડે. જે કરતો ને માણતો. અઠવાડિયામાં તો ઝાડભાઇ બનીઠની સોળે શણગાર સજી વરણાગિયા વરતાય.

ખરી મજા બે ભાઇઓને સાથે જોવામાં આવે. નાનું જરા નખરાળું. નિઃસંતાન પ્રોફેસર યુગલનું ગોદ લીધેલું. લાડકોડ સહેજે સીમા વટાવી જાય. એનાં નખરાની આતશબાજી વહેલી શરૂ થઇ જાય. મારું માંડ ડાળીઓમાં પ્રાણ પૂરતું હોય ત્યાં તો પ્રોફેસર સાહેબનું બાલપર્ણો ઓઢી સોહામણું થઇ ઉઠ્યું હોય. ઘરે પહોંચતાં દૂરથી બન્નેને જોઉં ને જરા ખમચાઉં. મોટું ધરપત આપે. કહે, એ તો ભાદરવાનો ભીંડો છે. ઉછાંછળાપણું આપણને ન પાલવે. ધરપત ધરો. થોડાક દિવસમાં મારી કરામત જોઇ દંગ થઇ જશો. અઠવાડિયું પાછળ રહેલું મોટું જે રંગ જમાવે, જે ઢોલનગારાં વગાડે તે સુણી ઓવારી જવાય. પંદરેક દિવસમાં ગજગજ છાતી ફુલાવતું એવું તો પર્ણાચ્છાદિત બની રહે, નાનું ખસિયાણું પડતું ભાસે. એમને આવી નાહકની હરીફાઇમાં ન ઊતરવાનું કહેતા રહીએ. સાંભળે એ બીજા. છેવટે બન્ને ભરજુવાનીમાં આવી જાય. નીચે ઊતરું ત્યારે એના આનંદનો કોલાહલ કાન ફાડી નાખે. પ્રશાખાઓ નમણી નાજુક લહેરાતી, પવનસંગ ડોલતી, કોમલાંગી, એવી તો બનીઠની બેઠી હોય ઘડીભર ઊભા રહી સાનિધ્ય માણ્યા વગર આગળ ન જ વધાય. મિલાપનો રોમાંચ હૈયું માણે. સમય થંભી જાય.

રવિવાર હોય, ઝરમર વરસાદ વરસતો હોય, પ્રોફેસર સાહેબ ગેલેરીમાં ઊભા રહી વરસાદનો ફરફરાટ ને નવજાત પર્ણપલ્લવોનું સાનિધ્ય માણતા હોય ને એવા રોમાંચિત વાતાવરણમાં કાવ્ય સ્ફૂરે તો માર્યા ઠાર. કાવ્ય કંડારાઇ જાય. ફોન કરે. અવતરેલું એકલા ન માણે. સાવ અતડા રહેતા એમને મારી કંપની ગમે. મને શું વાંધો હોય? છાત્ર થઇ એમનું સંભાષણ સાંભળું. ક્યારેક મમરા મૂકું. એમના પ્રિન્સિપાલ પત્ની મારો પક્ષ લે. કડક કોફીના કેફમાં કાવ્યનું વિચ્છેદન થાય. **કૃતિ નવો લીબાશ પહેરે. તરુ હરખાતું દીસે. એના પર્ણના સ્પર્શે ઉપસતી ઝણઝણાટી હૃદય માણે.**

'The Dew and the Grass'ને વિવેચકોએ વખાણ્યું છે. પ્રોફેસર દંપતી બધો યશ મને આપતા રહે છે. વદી ઊઠું છું. જરાક કાંકરીચાળા સિવાય કંઇ કર્યું નથી. સરવા કાને સાંભળતા વૃક્ષભાઇઓ મંદ મંદ મલકાટ કરતા રહે છે.

વરસાદ પહેલાં કાગડાભાઇએ વૃક્ષની ઘેઘૂર ઘટામાં બાંધેલ માળામાં કાગડીબાઇ સાથે કોયલબહેન પણ ઇંડા મૂકે. બેથી વધુ ન ગણી શકનાર કાગડાને બે કે ચાર સરખાં. ઇંડાં સેવે. બચરવાળ બને. એ બધું તો ઠીક. ક્યારેક વરસતા વરસાદે વાહન વ્યવહાર થંભાવ્યો. કાગભાઇ કામે ન જઇ શક્યા, માળામાં આડેપડખે આરામ કરતા હોય, ત્યારે કાગડીબહેન સામે બેસી ઘરસંસારની વાત ઉપાડે. એમનું સંભાષણ ગેલેરીમાં ઊભાં રહેતાં સંભળાય. આશ્ચર્યમાં ડૂબી જવાય. કર્કશ કા કા અવાજને ઠેકાણે મૃદુ માદક ને મીઠી કાગડીબહેનના કેકારવ સાથે સહજ ધીર ગંભીર દુનિયાદારીસભર કાગભાઇની વાણી માણી અવાક થઇ જવાય.

*૫૦/૪ રામસદન, પહેલો માળ*
*બ્રાહ્મણવાડા ક્રોસ રોડ,*
*માટુંગા, મુંબઇ-૧૯.*

*બીજાઓનાં દુઃખથી દુઃખી થવું એ સેવાનું મૂળ છે.*

# આસ્તિક નાસ્તિક કરતાં માસ્તિક બનવું જરૂરી છે

• દિનેશ પાંચાલ •

'તમે શું માનો છો - માણસે આસ્તિક હોવું જોઇએ કે નાસ્તિક?' અરવિંદભાઇએ પ્રશ્ન કર્યો. મેં કહ્યું, આનો સાચો જવાબ કોઇ સંત યા વિદ્વાન પુરુષ આપી શકે. મારી અલ્પમતિથી મને એટલું સમજાય છે, આસ્તિક કે નાસ્તિક હોવા કરતાં માણસનું માસ્તિક હોવું વધુ જરૂરી છે. માસ્તિકની વ્યાખ્યા સમજી લઇએ. આસ્તિક એટલે ઇશ્વરમાં માનનાર. નાસ્તિક એટલે ઇશ્વરમાં ન માનનાર... અને માસ્તિક એટલે માનવતામાં માનનાર. સત્ય એ છે કે વિશાળ જનસમુદાયના વાસ્તવિક અને સહજ લાગણી પ્રવાહોથી અલગ પાડી દે એવું કડક, અવ્યવહારુ અને દુરાગ્રહભર્યું રેશનાલિઝમ પણ ઉપયોગી નથી. અને જૂઠી, અતાર્કિક વાતો સાચી માનવાની ફરજ પાડે એવી શ્રદ્ધા પણ કામની નથી. સમગ્ર માનવજાતનું કલ્યાણ થઇ શકે એવી વાત શ્રદ્ધાથી નીપજી શકતી હોય તો તેમાં વિશ્વાસ રાખવો જોઇએ. અને માનવીને નુકસાન પહોંચાડે એવી શ્રદ્ધા ખુદ ઇશ્વર પ્રત્યેની હોય તો તેનો પણ સ્વીકાર ન કરવો જોઇએ. (બાબરી મસ્જિદના ધ્વંશ પછી સર્જાયેલી પ્રચંડ જાનહાનિ અને તારાજી એ પ્રકારની **હિંસાત્મક શ્રદ્ધા હતી**)

ઇશ્વરમાં માનવું કે ન માનવું એ વૈચારિક સ્વાતંત્ર્યનો પ્રશ્ન છે. દુનિયાના સેંકડો વિજ્ઞાનીઓ આજે પણ ઇશ્વરમાં માને છે. અમેરિકાની ૯૦ ટકા પ્રજા ઇશ્વરમાં માને છે. વિજ્ઞાનીઓ પૈકી ૪૦ ટકા વિજ્ઞાનીઓ ઇશ્વરવાદી છે. દુનિયાના લાખો ધૂરંધર પંડિતો, વિદ્વાનો, ચિંતકો, સાહિત્યકારો અને કરોડો બુદ્ધિવાદીઓ પણ એક યા બીજી રીતે ઇશ્વરના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. સદીઓથી ઇશ્વરનું અસ્તિત્વ હંમેશાં વિવાદાસ્પદ રહ્યું છે. વિવેકબુદ્ધિની વાત એટલી જ કે વિજ્ઞાનની એરણ પર ટીપાઇને પ્રગટેલું સત્ય સૌએ સ્વીકારવું રહ્યું. પરંતુ તે માટે ઝનૂની કક્ષાના વિવાદમાં ઊતરી પડવું એ શાંતિ માટે યુદ્ધ કરવા જેવો અબૌદ્ધિક વ્યાયામ છે. માણસ ઇશ્વરમાં માને કે ન માને, માનવતામાં માનતો હોય અને સમગ્ર માનવજાતના કલ્યાણમાં શ્રદ્ધા ધરાવતો હોય તો તે વધુ આવકારદાયક સ્થિતિ છે. સાચું રેશનાલિઝમ કદી વ્યક્તિના એવા સ્વરૂપને અવગણી શકતું નથી.

બીજી એક વાત ન ગમે તો પણ સ્વીકારવી પડે એવી છે. માણસ શ્રદ્ધાળુ હોય કે બુદ્ધિવાદી, પરંતુ તે તમામ માનવસહજ કમજોરીઓથી ભરેલો હોય છે. એથી રેશનાલિસ્ટો પણ ક્યારેક શ્રદ્ધાળુઓ જેવી જ ભૂલો કરતા હોય છે. બે ઘટના પરથી એ બાબત સમજવાની કોશિશ કરીએ. એક ધાર્મિક પંથના બે વડાઓમાં મતભેદ પડ્યા. એકને વિચાર આવ્યો, હું પણ ધર્મજ્ઞાનમાં એનાથી જરાય ઊતરતો નથી. અનુયાયીઓ એના ચરણસ્પર્શ કરે છે તો મારા કેમ નહીં? અને આ રીતે બે વડાઓ વચ્ચે વ્યાસપીઠ માટે વૈમનસ્ય ઉદ્‌ભવ્યું. ચડસાચડસી થઇ. અંતે એ વડાએ પોતાના થોડા અનુયાયીઓ લઇને જુદો પંથ સ્થાપ્યો. ધર્મ એક જ રહ્યો પણ એના બે ફાંટા પડી ગયા. ચરણસ્પર્શ કરનારાઓ પણ બે ભાગમાં વહેંચાઇ ગયાં. પ્રશ્ન થાય છે આવો અહમ્ રેશનાલિસ્ટોમાં ન સંભવી શકે? બીજી સત્યઘટના જોઇએ. એક શહેરમાં રેશનાલિસ્ટોને પ્રોત્સાહન મળે એ હેતુથી તેમને પ્રતિવર્ષ સુવર્ણચંદ્રક આપવાનું આયોજન થયું. આવા આયોજનથી રેશનાલિઝમનો સમાજમાં પ્રચાર થાય અને એ નિમિત્તે રેશનાલિઝમ જેવી ઉપયોગી વિચારધારા વિશે લોકોની સમજ વિકસે એ સારી વાત હતી. પરંતુ એકાદ બે ચંદ્રકો અપાયા પછી દાવેદારો વચ્ચે ઝઘડા શરૂ થયા. એકે કહ્યું - 'આ વખતે ચંદ્રક માટેનો સાચો હક્કદાર હું છું!' બીજાએ કહ્યું, 'ના, મેં એટલું કામ કર્યું છે કે એ ચંદ્રક આ વખતે મને જ મળવો જોઇએ!' (વિચારો, પેલા ધર્મગુરુની સાઠમારીથી આ ઝઘડો કઇ રીતે જુદો છે?)

હમણાં એક શ્રદ્ધાળુ વડીલે કહ્યું, 'માણસને માથે કુદરતી આફત આવી પડે ત્યારે અમારા ધર્મના અનુયાયીઓ તેમની મદદે દોડી જાય છે. આમ બિહાર, આંધ્રપ્રદેશ, સૌરાષ્ટ્ર, સુરત વગેરે સ્થળોએ જળસંકટ, કે કચ્છ ભૂકંપ જેવી આફતો આવી ત્યારે દોડી ગયા છીએ. અમારા માણસો ત્યાં ગયા છે. રેશનાલિસ્ટો ભગવાનમાં ભલે ન માને પણ તેમણે આવા માનવતાના કામોમાં જરૂર ભાગ લેવો જોઇએ. મને કહો જોઉં આજ સુધીમાં કેટલા રેશનાલિસ્ટો આવી આપત્તિવેળા પીડિતોની મદદે દોડ્યા છે? રેશનાલિસ્ટોના પણ સંગઠનો હોય છે. પણ તે સૌ ભેગા મળીને - 'ઇશ્વર નથી'ની જૂની પિપૂડી વગાડ્યે રાખે છે. રેશનાલિસ્ટોનું કોઇ મંડળ દુઃખીઓની વહારે ધાયું હોય એવું સાંભળ્યું નથી. **ખરેખર તો આવી આફતો વેળા તેમણે વર્તન દ્વારા સાબિત કરી આપવું જોઇએ કે માણસના દુઃખો દૂર કરવા ઉપરથી ઇશ્વર આવવાનો નથી. માટે ચાલો, આપણે જ સૌ ભેગા**

*સો માંથી નવ્વાણું ટકા લોકો પોતાના અજ્ઞાનથી દુઃખી થાય છે.*

**મળીને આ દુઃખનો સામનો કરીએ.'** એથી જ અમે માનીએ છીએ કે શ્રદ્ધા હોય ત્યાં આત્મિયતા હોય છે. મદદની ભાવના હોય છે. બુદ્ધિમાં તો વાદવિવાદ અને દલીલવેડા જ વધુ હોય છે. ચાલો માન્યું કે ઇશ્વર નથી પણ ઇશ્વરે સર્જેલા માનવજીવનમાં દુઃખ તો છેને? એક પણ વાર એવું સાંભળવા મળ્યું નથી કે રેશનાલિસ્ટો ભૂકંપ કે જળસંકટમાં પીડિતોની વહારે ધાયા હોય? શું ઇશ્વરનું અસ્તિત્વ છે કે નહીં તે ચર્ચા કરવા જ મનુષ્યનો અવતાર મળ્યો છે?'

અમારા બચુભાઇ એથી જ કહે છે- 'માણસ રેશનાલિસ્ટ હોવાથી આપોઆપ સજ્જન બની જતો નથી અને શ્રદ્ધાળુ હોવાથી દુષ્ટ બની જતો નથી. રામ અને કૃષ્ણ શ્રદ્ધાળુ હતા. ખુદ બ્રહ્મા પણ પરમ શ્રદ્ધાળુ હતા. બીજી તરફ બુદ્ધ અને મહાવીર નિરીશ્વરવાદી હતા. છતાં આદરને પાત્ર હતા. શ્રદ્ધા ખોટી નથી. તેનો અતિરેક બૂરો છે. માણસ ઘરના એકાદ ખૂણે ભગવાનનો ફોટો કે મૂર્તિ રાખે અને તેને દિવસમાં એકાદવાર નમન કરી લે એટલું પૂરતું છે. એટલું કર્યા પછી જીવન વ્યવહારમાં તે પૂરી પ્રામાણિકતા અને માનવતાથી જીવે તે જરૂરી છે. બલકે માણસ સંપૂર્ણ ઇમાનદારી અને માનવતાથી જીવતો હોય તો તેને માટે મંદિરમાં જવાનું ફરજિયાત નથી. ઠીક છે ઇશ્વરભક્તિ કરવી હોય તો કોઇ અટકાવતું નથી. ઇશ્વરમાં ન માનવું હોય તો તેનો ય કોઇ વાંધો નથી. કેમકે ઇશ્વર ભક્તિથી કેવળ માનસિક શાંતિ મળે છે, નસીબ બદલાઇ જતાં નથી. પરંતુ **આપણા બહુધા શ્રદ્ધાળુઓ ભક્તિના અતિરેકમાં અંધશ્રદ્ધાળુઓ બની જતા હોય છે.'**

એવા એક માણસે શબ્દ ઉચ્ચાર્યા હતા- 'બધું કરીને થાકી ગયો તોય મારી દશા સુધરતી નથી. ઘણાએ વાસ્તુપૂજા કરવા કહ્યું. તે પણ કરાવી. પણ દીકરો નાપાસ થાય છે. બૈરી માંદી રહે છે. ને ધંધા તો ચાર બદલ્યા તો પણ શુક્કરવાર વળતો નથી. કાશીનું એક સરનામું મળ્યું છે. કહે છે ત્યાં ગુરુ આવ્યા છે. તેનો ચાર્જ થોડો વધારે છે પણ કહે છે બે જ મહિનામાં માણસનો દહાડો ફરી જાય છે. એ માદળિયું આપે છે. ઘણા લોકો જઇ આવ્યા. હવે ત્યાં જવાનો વિચાર છે!'

આવા અંધશ્રદ્ધાળુઓને ગ્રહોના નહીં, કુબુદ્ધિના નડતર નડે છે. યાદ રહે કોઇ ગુરુ કે સંત (જો તે સાચો હોય તો તેના) પ્રત્યે આદર રાખવામાં કોઇ પાપ નથી. પરંતુ તે માદળિયાં આપતો હોય તો તે ભગત-ભૂવો કહેવાય, સંત નહીં. છેલ્લા સમાચાર મુજબ એ માણસ કાશીએ જઇને પેલા ગુરુને મળી આવ્યો. ગુરુએ ખાસ્સા પૈસા પડાવ્યા. બદલામાં ઘરના બધા સભ્યો માટે માદળિયાં કરી આપ્યા અને કહ્યું કે, 'છ મહિનામાં તારું ઘર લક્ષ્મીથી છલકાઇ જશે. પણ તારે શિવજીનું મંદિર બંધાવવું પડશે!' ટૂંકમાં ગધેડાની આગળ ગાજર બાંધી આપ્યું. એ માણસ હવે મંદિર બંધાવવા માટે ખાઇ પીને ઉઘરાણું કરવા પડ્યો છે. **માણસની અંધશ્રદ્ધા સિનેમાસ્કોપ બને છે ત્યારે તેને ઘર ખૂણેથી એકાદ નાની મૂર્તિથી સંતોષ થતો નથી. તે લાખો રૂપિયા મંદિર બાંધવામાં વેડફી મારે છે.**

સત્ય એ છે કે સૃષ્ટિના કોઇ પણ ભગવાન માટે માણસના દિલથી ચડિયાતું કોઇ મંદિર નથી અને શ્રદ્ધાથી ચડિયાતી કોઇ પૂજા નથી. ઇશ્વરને હૃદિયામાંથી રોડ પર ખેંચી લાવવામાં આવે છે તેમાંથી અનેક અનર્થો સર્જાય છે. ઇશ્વર પ્રત્યેની આસ્થા નિરુપદ્રવી હોવી જોઇએ. માનવીની આસ્થામાં અબૌદ્ધિકતા ભળે છે ત્યારે લોહિયાળ દંગલો ખેલાય છે. નારિયેળની જેમ માથા ફૂટે છે. ધર્મશ્રદ્ધા કે ઇશ્વરભક્તિને નામે દુનિયામાં આજપર્યંત એટલા બધાં યુદ્ધો થયા છે કે ઇશ્વર જેવું કંઇક હશે તો તેનો રાજીપો તો માણસ ક્યારનો ગુમાવી ચૂક્યો છે. યાદ રહે ઇશ્વર શ્રદ્ધાનો વિષય છે. તેમાં માનવું ન માનવું એ વ્યક્તિ સ્વાતંત્ર્યનો મુદ્દો છે. પરંતુ સમગ્ર માનવજાતે કદી માનવધર્મને તિલાંજલિ આપવી જોઇએ નહીં.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫.*
*ફોન : (૦૨૬૩૭) ૨૪૨૦૯૮,*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## મોતની હાર

**(અનુસંધાન : પાના નં.-૨૩ ઉપરથી ચાલુ)**

અમારા આનંદનો પાર ન રહ્યો. વોર્ડ અને આખા યુનિટમાં હલચલ મચી ગઇ. બધા મારો અને પરિમલનો ખભો થાબડીને શાબાશી આપતા હતા. મેડમ પણ ગર્વથી અમારી સામે જોઇ રહ્યાં હતાં. એ જ વખતે રમણભાઇ પણ આનંદ સાથે બોલ્યા કે, **'સાહેબ! ખરું કહેવાય હો! મડદાને પણ જીવતું કર્યું!'** અને વાત પણ સાચી જ હતી. અલ્પા મોતને હરાવીને જ પાછી આવી હતી!

એ પછી અલ્પા ધીમે ધીમે સારી થતી ગઇ. એનો શ્વાસ બરાબર શરૂ થયો પછી એના ગળામાંથી નળી કાઢી નાખવામાં આવી. ત્યારબાદ ગળા પર પાડેલું કાણું પૂરી દેવામાં આવ્યું. ચૌદમા દિવસે એ છોકરી અમને બધાને આવજો કહીને ઘરે ગઇ. હા! જીવતી, પોતાના પગ પર ચાલતી ઘરે ગઇ!

૧૯૮૯નો માર્ચ મહિનો. ભાવનગર ખાતે શ્રદ્ધા હોસ્પિટલ નામની મારી પોલિક્લિનિકની ચેમ્બરમાં હું બેઠો હતો. વડોદરા છોડ્યાંને બે વરસ વીતી ગયાં હતાં. એ સમયે મારી ચેમ્બરનો દરવાજો ખૂલ્યો. ૧૨ વરસની એક છોકરી અને એની માતા અંદર દાખલ થયાં.

'સાહેબ! મને ઓળખી?!' તરુણાવસ્થામાં ડગ માંડી રહેલી એ દીકરીએ પૂછ્યું.

'ના! તું કોણ બેટા?' એને ઓળખવામાં મને તકલીફ પડી.

'હું અલ્પા! સાપવાળી!' ગળા પરનું નિશાન બતાવતાં એ બોલી, 'તમે મને બચાવેલીને? તમને મળવા આવી છું! એટલું કહીને એ આંસુભરી આંખે મારો હાથ પકડીને મારી બાજુમાં બેસી ગઇ. મારી આંખ પણ જરૂર ભીની થઇ હશે, કારણ કે મને એનો ચહેરો સ્પષ્ટ નહોતો દેખાતો...'

*(આ સંપૂર્ણ પ્રસંગમાં ડૉ. મેહુલ ઠાકર, ડૉ. વીરેન્દ્રભાઇ તેમજ અન્ય રેસિડન્ટ ડોક્ટર્સનો સહકાર પણ અમૂલ્ય રહેલો.)*

***સૌજન્ય : લેખકના પુસ્તક "સાઇલન્સ પ્લીઝ"માંથી સાભાર***

*તમને જે કંઇ જોઇએ છે તે બધું જ મળશે, સ્મિત વેરીને મેળવો, બળના જોરે કે તલવારના ઘા થી નહિ.*

# સન્માન.... આપો તો પામો

• ગુલાબચંદ ધારશી રાંભિયા •

સન્માનની ઈચ્છા લગભગ બધાને હોય છે. દીવો લઈને શોધવા છતાં એવી કોઈક જ વ્યક્તિ મળે જે અપમાનને સહન કરવા તૈયાર થાય.

પ્રાચીન સમયના રાજકુટુંબોથી માંડીને અર્વાચીન સમય સુધી પદ - પ્રતિષ્ઠા સન્માન મેળવવા માટે કોણ જાણે કેટલાય ષડયંત્રો રચાયા છે અને રચાઈ રહ્યા છે. કોઈપણ ભોગે પોતાને ભાગે વધારે ને વધારે સન્માન આવે એવી જ મોટાભાગના લોકોની ઈચ્છા હોય છે. પણ બને આનાથી ઊંધું જ. ઇતિહાસ પણ સાક્ષી છે કે જેમણે એની સહેજ પણ અપેક્ષા ન રાખી, કર્તવ્ય કર્મમાં રત રહ્યા, તેઓ ઇતિહાસ પુરુષ કહેવાયા. મરીને પણ સન્માન પામ્યા.

આમ જ સન્માન મેળવવાની લાલચથી વિરક્ત એક સજ્જન નિરંતર સેવા કાર્યમાં જોડાયેલા રહેતા. જન સામાન્યને વધુને વધુ સ્વાસ્થ્ય વિષયક જાગૃત કરવામાં આવે, બગડેલાને સારું કરવામાં આવે અને સારા થયેલાને બગડવા ન દેવામાં આવે. આ હેતુ પૂર્ણ કરવા માટે તેઓએ એક દવાખાનું પણ ખોલ્યું હતું. મદદ માટે કમ્પાઉન્ડર પણ નિયુક્ત કર્યો હતો.

સેવાની સાથે સહૃદયતા જોડાઈ જવાથી દવાખાનાનું વાતાવરણ એવું ચુંબકીય બની ગયું કે લોકો ખેંચાઈ આવતા. આવા વાતાવરણમાં ભીડ થવી પણ સ્વાભાવિક હતી. એક દિવસ આવી જ ભીડમાં કંપાઉન્ડર એક રોગીના ઘા સાફ કરી મલમપટ્ટી કરી રહ્યો હતો. ડૉક્ટર બીજાઓને સલાહ આપી રહ્યા હતા. એક એકને રોગનો ઈલાજ બતાવતા અને દવા આપતા હતા.

આ દરમ્યાન ડોક્ટરના દીકરાને આંગળીમાં દવાખાનાની બહાર ઈજા થઈ. ઈજા સામાન્ય હતી. તે દોડતો દોડતો આવ્યો અને કમ્પાઉન્ડરને પાટો બાંધવા કહ્યું. કંપાઉન્ડરે તેને બેસવાનો ઈશારો કર્યો કારણકે તે એક રોગીના ઊંડા ઘા પર મલમપટ્ટી કરવામાં વ્યસ્ત હતો અને તેની વ્યસ્તતા યોગ્ય પણ હતી.

પરંતુ ડોક્ટરનો દીકરો હુકમની અવગણના સહી ન શક્યો. તેણે ગુસ્સામાં આવી કમ્પાઉન્ડરને બે લાફા ચોડી દીધા અને બોલ્યો, 'દવાખાનું અમારું છે અને તને મારો હુકમ અવગણીને બીજાનો ઈલાજ કરતાં શરમ નથી આવતી?' ત્યાં સુધીમાં કમ્પાઉન્ડરનું કામ પૂરું થયું. તેણે વિનમ્રતાથી ક્ષમા માંગી અને દીકરાની આંગળીમાં પાટો બાંધી આપ્યો.

સાંજે આ વાતની ડૉક્ટરને ખબર પડી. તેમણે દીકરાને કાંઈ ન કહ્યું પરંતુ કમ્પાઉન્ડર પાસે ક્ષમાયાચના કરી અને પ્રાયશ્ચિત સ્વરુપે પેઈન્ટરને બોલાવી આદેશ આપ્યો કે દવાખાનાના સાઈન બોર્ડમાંથી માલિકનાં સ્થાનેથી પોતાનું નામ રદ કરી કમ્પાઉન્ડરનું નામ લખી નાંખવામાં આવે. પેઈન્ટરે આ પ્રમાણે કર્યું. પોતાના પિતાનું આ કાર્ય જોઈને દીકરાના અભિમાનનો હિમાલય ઓગળી ગયો અને આંસુરૂપે વહેવા લાગ્યો. તેણે ક્ષમાયાચના કરી. પિતાએ કહ્યું કે ક્ષમા માંગવી હોય તો તેં જેનો અપરાધ કર્યો છે તેની માંગ. ભૂલ સ્વીકારી માફી માંગી લેવાથી પિતાએ સમજાવતા કહ્યું કે સન્માન મેળવવાની તેં અપનાવેલી રીત યોગ્ય નથી. વાસ્તવિક્તા તો એ છે કે સન્માનની મૂડી આપવાથી મળે છે, વહેંચવાથી વધે છે પણ ભેગી કરવાથી સમાપ્ત થઈ જાય છે.

સન્માનના આ સૂત્રનું પ્રતિપાદન કરનાર અને એ અનુસાર જીવન જીવનાર તે સજ્જનનું નામ હતું લાલા લજપતરામ. આખો દેશ જાણે છે કે આ સૂત્રનું પાલન કરવાથી તેમને કેટલું સન્માન મળ્યું અને આજે પણ યુગપુરુષના રૂપમાં તેમની પ્રશંસા અને પૂજા કરવામાં આવે છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*ફોન : ૨૫૪૬૮૧૬૦*

## ખુદાનું તેજ

*ખુદાનું તેજ વાતાવરણના અણુએ અણુમાં છુપાયેલું છે, પણ એનો અનુભવ તો ત્યારે જ થાય કે એને ઝીલવા માટે તન અને મન તૈયાર હોય. હવાનાં મોજાં ઉપર સંગીતના સૂર ગતિ ધારણ કરે છે અને આખો રેડિયો જો બરાબર હોય તો સંગીતને ઝીલી શકાય છે. એવી જ રીતે હૃદયના રેડિયોમાં પણ શુભ ભાવનાની ચાવી ફેરવવાથી ખુદાનું દિવ્ય સંગીત જરૂર સાંભળી શકાય છે.*

*આધુનિક યુગમાં તામસિક મનુષ્યોની ક્યાંય કમી નથી.*

વિચાર વિમર્શ

# મોતની હાર!

• ડૉ. આઈ.કે. વીજળીવાલા •

'હેલ્લો! વીજળીવાળા! હું CMO બોલું છું. તું હમણાં ત્યાં જ રહેજે. એક સ્નેકબાઇટ (સર્પદંશ)નો કેસ મોકલું છું. આઠ વરસની એક છોકરીને સાપ કરડી ગયો છે. આમ તો ડેડ (મૃત્યુ પામેલી) જ લાગે છે. પણ છતાં તું જોઇ લે તો સારું! આટલું કહીને CMO એટલે કે, કેઝ્યુઅલ્ટી મેડિકલ ઓફિસર ઉર્ફે તાત્કાલિક સારવાર વિભાગમાં ફરજ પરના ડોક્ટરે ફોન મૂકી દીધો.

એ વરસે હું એમ.ડી.ના બીજા વરસમાં અભ્યાસ કરતો હતો. ફોન આવ્યો એ અમારા યુનિટની ઇમર્જન્સીનો દિવસ હતો. હું અને મારો જુનિયર ડોક્ટર પરિમલ જે આજે વડોદરામાં ખૂબ જ નામના ધરાવતો બાળરોગ નિષ્ણાત છે તે દિવસે ડ્યૂટી પર હતા. અમે બંને સાંજનો રાઉન્ડ પૂરો કરીને જમવા જવાની તૈયારી કરી રહ્યા હતા. રાતના આઠ વાગવા આવ્યા હતા. સારું થયું કે ફોન થોડોક વહેલો આવ્યો, નહિતર અમે બન્ને નીકળી ગયા હોત. અમે એકબીજાની સામે જોયું. ઇમર્જન્સી માટે તૈયાર થવાનો સંકેત અમે બંને સમજી ગયા હતા. આમ પણ મને સર્પદંશના કેસની સારવાર કરવાની એક તાલાવેલી કાયમ રહેતી.

સર્પદંશના બાળકોમાં મને પ્રથમથી જ ખૂબ રસ પડતો. ગામડાંમાં મોટા થયેલા એટલે સાપના કરડવા અંગેની તરહ તરહની લોકવાયકાઓ સાંભળેલી. ગામના ચોકમાં મદારીઓ પણ અવારનવાર આવતા. એ લોકોની વાતોએ (જે ઘણી બધી ખોટી હતી) પણ સાપ અંગે અમારા મનમાં એક રોમાંચક કલ્પના જગત ઊભું કરી દીધેલું. સાપનું ઝેર ઉતારવાની વાતો પણ ઘણી બધી સાંભળેલી. મોટા ભાગની આવી વાતો મરીમસાલા ચડાવેલ ધતિંગ સિવાય બીજું કંઇ પણ નહોતું. પણ એ બધી વાતોમાંથી સાપ કરડેલી વ્યક્તિ આપણે ધારીએ છીએ તેટલી જલદી મરતી નથી એ એક વાત મારા મનમાં ખૂબ જ ઊંડી અસર છોડી ગયેલી. હું પણ દૃઢપણે એવું માનતો થઇ ગયેલો કે સાપ કરડેલ વ્યક્તિ તરત મૃત્યુ પામતી જ નથી. **સર્પદંશ થયેલી વ્યક્તિને જો ઝડપથી યોગ્ય દવાખાને પહોંચાડી દેવામાં આવે તો એ અવશ્ય મૃત્યુમાંથી બચી જઇ શકે છે.** અને આ માન્યતાને કારણે જ સર્પદંશના દર્દીમાં મને અનહદ રસ પડતો. એને બચાવવા માટે બધું જ કરી છૂટવાની તૈયારી રહેતી. આજે પણ આવું જ એક પેશન્ટ આવી રહ્યું હતું એટલે સ્વાભાવિક છે કે મને હવે જમવા કરતાં પણ એની સારવારમાં વધારે રસ પડવાનો હતો. પણ CMOએ કહ્યું હતું કે એ છોકરી આમ તો મરેલી જ લાગે છે - એ વાત થોડુંક ટેન્શન ઊભું કરતી હતી. કોબ્રા તેમજ કાળોતરા પ્રકારના સાપના ઝેરમાં રહેલ ડી-ટ્યૂબબોક્યુરારીન પ્રકારના તત્ત્વની અસરનો ભોગ બનેલ વ્યક્તિનું શરીર પેરેલિસિસની અસર નીચે આવી જતું હોય છે. આવા દર્દીઓ હલી-ચલી બોલી કે આંખ નથી ખોલી શકતા પરંતુ મૃત્યુની ઘડી સુધી એ લોકો પૂરેપૂરા ભાનમાં હોય છે. ઘણી બધી વાર તો આવી જીવંત વ્યક્તિની ગણતરી મરેલામાં થઇ જતી હોય છે. આજુબાજુની બધી જ વાતો તેમજ રોક્કળ આ દર્દીઓ સાંભળી શકતા હોય છે. પણ બહારથી જોતાં એ લોકો સંપૂર્ણપણે મૃત્યુ પામેલાં જ લાગે છે. અત્યારે આ ફોનથી સર્પદંશ અંગેની ઘણી વાતો મારા મગજમાં ચકરાવા લાગી. ખેર! જે હોય તે. અમે બંને બધું તૈયાર કરીને બેઠા.

'પરિમલ! તું એક કામ કર! તું જમતો આવ. ત્યાં સુધીમાં પેલી છોકરી આવી જશે. હું બેઠો છું. આમેય તે CMOએ એ મરી જ ગઇ છે તેવું તો કહેલું જ છે. છતાં હું પ્રારંભિક બધું પતાવું ત્યાં સુધીમાં તું પાછો પણ આવી જઇ શકશે. હું એને સેટલ કરું એટલી વારમાં તું આવીને પછી મદદમાં જોડાઇ જજે. પછી હું જમવા જઇ આવીશ.'

'અરે ના યાર! સવાલ જ નથી પેદા થતો! હવે જમવા આપણે સાથે જ જઇશું. થોડી વારમાં શો ફેર પડી જાય છે?' પરિમલ જરા પણ કામચોર નહોતો. ઉપરાંત એનો સિનિયર ભૂખ્યો બેઠો હોય અને એ જમી આવે એવું પણ એને ગમ્યું નહીં હોય. એણે પણ જમવા જવાની ના પાડી દીધી.

અમારી વચ્ચે આ વાત હજુ ચાલતી જ હતી ત્યાં જ નીચેના દાદરા પાસેથી રોક્કળ સંભળાઇ. ત્રણચાર પુરુષો અને બેચાર મહિલાઓ લગભગ દોડતાં-દોડતાં ઓફિસમાં દાખલ થયાં. સૌથી આગળ દોડતા પુરુષના હાથમાં આઠેક વરસની લાગતી એક શામળી છોકરી હતી. એના હાથપગ તેમજ માથું લબડી ગયાં હતાં. મોંમાંથી ફીણ નીકળી ગયું હતું. જોતાંવેંત એ મરેલી હશે એવું અનુમાન થઇ જ જાય તેવું દૃશ્ય હતું.

મેં અને પરિમલે આવા જ દૃશ્યની તૈયારી રાખેલી. અમે એ છોકરીને ઇમર્જન્સી બેડ પર સૂવડાવી. એના મોઢામાંથી ફીણ સાફ કર્યું. પછી એના ગળામાંથી રબ્બરની એક નળી જેને અમારી ભાષામાં એન્ડોટ્રોકિયલ ટ્યૂબ કહે છે તે ઊતારી. એ નળીને એક કાળા રંગની રબ્બરની કોથળી જેને અમ્બુ બેગ કહેવાય છે તેની સાથે જોડી દીધી. ત્યારબાદ અમ્બુબેગ દ્વારા એને શ્વાસ આપવાનું શરૂ કર્યું. એ છોકરીના ધબકારા બંધ હતા. એટલે એની

*જેને ખબર છે કે તેનાથી ભૂલ થઇ ગઇ છે અને તે જાણ્યા છતાં સુધારવાની કોશિશ નથી કરતાં તે જીવનની મોટામાં મોટી ભૂલ કરી રહ્યા હોય છે.*

છાતી પર જોરથી હાર્ટ મસાજ આપવાનું શરૂ કર્યું. હું હૃદય તેમજ ફેફસાનું કામ શરૂ કરવામાં પડ્યો હતો તે દરમિયાન પરિમલે એના હાથની નસ પકડીને બાટલો શરૂ કરી દીધો. સાપના ઝેરનું મારણ તેમજ અન્ય ઈંજેક્શન્સ પણ ધડાધડ અપાઇ ગયાં. પાંચેક મિનિટ્સ હાર્ટ મસાજ કર્યા પછી તેમજ ઇન્જેક્શન્સ આપ્યા પછી પણ એનું હૃદય બરાબર ચાલુ નહોતું થતું. એટલે છેલ્લા ઉપાય તરીકે હૃદયના ધબકારા શરૂ કરવા માટેનું ઈંજેક્શન સીધું જ એના હૃદયમાં મારી દીધું. થોડી વાર પછી આ ઈંજેક્શનની અસર આવતી જણાવા માંડી. એના હૃદયે બરાબર ઝડપે ધબકવાનું શરૂ કરી દીધું. પણ એનો શ્વાસ એની મેળે શરૂ નહોતો થતો. એના બીજા કોઇ પણ અંગમાં પણ જીવ હોય તેવું નહોતું લાગતું. અમ્બુબેગના સહારે જ એના શ્વાસ ચાલતા હતા. પણ એનું હૃદય શરૂ થઇ શક્યું એ પણ અમારા માટે મોટી રાહતની વાત હતી. સ્ટિરોઇડ્સ સહિતના વધારાના ઈંજેક્શન્સ આપી દીધા પછી અમે આપેલી સારવારની સંપૂર્ણ વિગત લખવા બેઠા.

એ છોકરીનું નામ અલ્પા. વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં ક્યાંક રહેતી હતી. ભાદરવા મહિનાની બફારાભરી સાંજના સમયે એ બિચારી પોતાના પાણિયારેથી પાણી ભરવા માટે ગયેલી. પણ માટલાની પાછળ ગૂંચળું વળીને બેઠેલ કાળોતરા સાપે એના હાથમાં પાણીના પ્યાલાની જગ્યાએ મોતની ટિકિટ આપી દીધી. પાંચ મિનિટમાં તો આ ડંખમાં ઠલવાયેલ ઝેરથી એ છોકરી હાલતી ચાલતી બંધ થઇ ગઇ. સાપ ઉતારવાનાં ધતિંગોમાં પડવાને બદલે એનાં સગાંવહાલાં એને દોડતાં હોસ્પિટલ લઇ આવેલાં. પણ ઝેર ખૂબ જ ઝડપથી પ્રસરી ગયું હતું. તાત્કાલિક સારવાર વિભાગ સુધી પહોંચતામાં તો અલ્પા મૃતપ્રાય બની ગયેલી. અને આમ જોઇએ તો અમે જ્યાં સુધી એનું હૃદય નહોતું શરૂ કર્યું ત્યાં સુધી મેડિકલના ત્યારના નિયમો પ્રમાણે એ મૃત્યુ પામેલી જ હતી.

અમ્બુબેગથી એને શ્વાસ આપવાનું એક મિનિટમાં ૨૦ વખત કરવું પડતું. દર મિનિટે ૨૦ વખત એ બેગ દબાવીને છોડવી પડતી. આ કામ એવું હતું જે અવિરત શરૂ જ રાખવાનું હતું. મનમાં વન, ટુ, થ્રી એમ ગણવાનું અને ફોર આવે તેના જરાક પહેલાં બેગ દબાવવાની. આમ કરવાથી એક મિનિટમાં સરેરાશ ૧૫થી ૨૦ વખત આ પ્રક્રિયા થઇ શકતી. આને મેડિકલની ભાષામાં આર્ટીફિશિયલ રેસ્પિરેશન કહે છે. મેં આ જવાબદારી સંભાળીને સૌપ્રથમ પરિમલને સમજાવીને જમવા મોકલી દીધો. હું શાંતિથી આ કામ કર્યે જતો હતો. વચ્ચે વચ્ચે સ્ટાફ સિસ્ટરને બોલાવીને જરૂરી ઈંજેક્શન્સ પણ અપાવી દેતો. આ એક કલાકથી દર્દીનાં સગાંઓ ચૂપચાપ ઊભાં હતાં. મને કે પરિમલને દોડાદોડી દરમિયાન એમને બોલાવીને વાત કરવાનો સમય જ નહોતો રહ્યો. અલ્પાની સારવારની ધમાલ હવે થોડીક ઓછી થયેલી જોઇને એનાં બે સગાં મારી પાસે આવ્યાં.

'શું સાહેબ! કેમ લાગે છે? બચી જાશે?'

'જુઓ ભાઇ! અત્યારે કંઇ ન કહી શકાય.' અમ્બુબેગના સંકોચન-વિસ્તરણની પ્રક્રિયા શરૂ રાખીને મેં જવાબ વાળ્યો, 'અમે અત્યારે તો મહેનત જ કરી રહ્યા છીએ. હજુ સુધી એનો શ્વાસ શરૂ થઇ શક્યો નથી. પણ ઈંજેક્શન વડે એના ધબકારા શરૂ થઇ ગયા છે.' આ છેલ્લા શબ્દો પર મેં વધારે ભાર મૂક્યો. અને મારી ધારણા મુજબ જ 'શ્વાસ હજુ શરૂ નથી થઇ શક્યો' એ શબ્દો કરતાં પણ 'ધબકારા શરૂ થઇ ગયા છે!' એ શબ્દોએ જાદુ કર્યો. એ શબ્દો એમને સૌને આશા બંધાવનારા નીવડ્યા. અને એના કારણે મરેલી લાગતી અલ્પાની સારવાર શરૂ રાખવાની અમને મંજૂરી મળી ગઇ! થોડી વાર ઊભા રહી એનાં સગાંવહાલાં વોર્ડની બહાર ગયાં.

અર્ધાએક કલાકમાં પરિમલ જમીને આવી ગયો. મારી સામે જોઇને એણે પૂછ્યું, 'શું લાગે છે?' જવાબ આપવાને બદલે મેં ઊંચે આકાશ તરફ ઇશારો કર્યો. એ સમજી ગયો કે- ઉપરવાળો કરે તે ખરું!

મારા હાથમાંથી અમ્બુબેગ લઇને પરિમલ મારી જગ્યાએ ગોઠવાઇ ગયો. અલ્પાને દર ૩૦ મિનિટે આપવાના એટ્રોપિન તેમજ નિઓસ્ટિગ્મીન ઈંજેક્શન્સનો ઓર્ડર સમજાવીને હું જમવા ગયો.

એ દિવસે જમતાં જમતાં મને એક જ વિચાર આવતો હતો કે, 'આ મડદાને ક્યાં સુધી સારવાર આપી શકાય? ઈંજેક્શન્સની અસર નીચે ધબકી રહેલું અલ્પાનું હૃદય જો હવે બંધ પડ્યું તો પછી નહીં શરૂ થઇ શકે તે વાત પણ હું બરાબર જાણતો હતો. તો પછી આવા દર્દીઓ પાછળ આમ સમય વેડફવો યોગ્ય ગણાય? આવા દર્દીઓ જીવતા થાય ખરા? અને ધારો કે આ છોકરી કદાચ જીવતી થાય તો પણ આટલો બધો વખત તેનું હૃદય તેમજ શ્વાસ બંધ રહ્યા એનાથી મગજને થયેલ નુકસાનનું શું? મગજને થયેલ એવું નુકસાન આ દીકરીને પછી નોર્મલ જિંદગી જીવવા દે ખરું? અને બ્રેન ડેમેજ સાથે એ જીવતી લાશની જેમ બાકીની જિંદગી વિતાવે એ કરતાં તો અત્યારે જ એને જવા દેવી એ વધારે સારું ન ગણાય?' આવા બધા વિચારોની વચ્ચે અમે લોકો જે મહેનત કરી રહ્યા હતા તેનું હું મનોમન મૂલ્યાંકન કરી રહ્યો હતો. ચેપી રોગો કે ઇજાથી મગજને નુકસાન થયું હોય તેવાં બાળકો મને યાદ આવી ગયાં. આવાં બાળકોને પછી ખાટલામાં જ સંપૂર્ણ પરવશતા સાથે બાકીની જિંદગી વિતાવવી પડતી હોય છે. એટલે અલ્પા માટે કેટલી મહેનત કરવી એ અંગે વારંવાર સવાલ થઇ આવતો હતો.

પરંતુ એ સાથે સાથે જ મારા મનમાં એક એવો વિચાર ઊઠતો હતો કે જેનું હૃદય ફરીથી ધબકતું થયું હોય પછી ભલે એ દવાની અસરથી જ કેમ ન હોય તો પણ એવાં દર્દીની સારવાર બંધ કરી શકાય ખરી? કે કચાશ રાખી શકાય ખરી? મન કહેતું હતું કે જરા પણ કચાશ ન રાખી શકાય. પણ એનો શ્વાસ શરૂ ન થયો તો?... અનેક વિચારોની આવી ગડમથલમાં મેં જમવાનું પૂરું કર્યું. હાથ-મોં ધોતી વખતે વિચાર્યું કે આપણે આમ જ બધું શરૂ રાખવું અને બાકીનો નિર્ણય બીજે દિવસે મારા સિનિયર્સ તેમજ પ્રોફેસર્સ લે તે પ્રમાણે જ આગળ વધવું. બીજાના ખભે જવાબદારી નાખી દેવાથી આપણે હળવાશ અનુભવતા હોઇએ છીએ. સિનિયર્સ તેમજ પ્રોફેસર્સનો

*અભિમાની માણસ પોતાનાં સારાં કામ તથા અન્યનાં ખરાબ કામ ગણાવ્યા કરે છે.*

વિચાર આવતાં જ હું હળવો થઇ ગયો. શાંત ચિત્તે વોર્ડમાં ગયો.

હું વોર્ડમાં પહોંચ્યો ત્યારે રાતના લગભગ અગિયાર વાગવા આવ્યા હતા. પરિમલ અમ્બુબેગના સંકોચન-વિસ્તરણ વડે અલ્પાને શ્વાસ આપી રહ્યો હતો. અલ્પાનું શરીર નિશ્ચેતન પડ્યું હતું. એની આંખોની કીકીઓ પહોળી થઇ ગઇ હતી. પ્રકાશ ફેંકવાથી નોર્મલ બાળકોમાં જેમ કીકીઓ સંકોચાય તે રીતે અલ્પાની કીકીઓ સંકોચાતી નહોતી. ત્રણ-ત્રણ કલાકથી અમે એને શ્વાસ આપતા હતા તો પણ એનો પોતાનો શ્વાસ શરૂ નહોતો થયો તે અમારા માટે ચિંતાનો વિષય હતો. તેમ છતાં ન જાણે કેમ મને આ કેસમાં ગમે તે ભોગે અને ગમે તેટલા સમય માટે લડી લેવાની એક અદમ્ય ઇચ્છા થતી હતી. બાળપણમાં સર્પદંશ અંગે સાંભળેલી વિવિધ વાતોને સાબિતીની એરણ પર ચડાવવાનો સમય જાણે હવે આવ્યો હોય તેવું લાગતું હતું.

'પરિમલ! તું જઇને સૂઇ જા', મેં પરિમલના હાથમાંથી અમ્બુબેગ લેતાં કહ્યું, 'તું હવે ત્રણ વાગ્યા પછી ઊઠજે. ત્યાર બાદ હું સૂઇશ. પણ આપણે આ કેસમાં મહેનત તો પૂરી કરવી છે.'

'હોવે!' કહીને પરિમલ ગયો. એનો હોંકારો, એ પણ મહેનત કરવા પૂરો તૈયાર છે એવો રણકો ધરાવતો હતો.

હું અલ્પાના નિર્જીવ શરીરને અમ્બુબેગથી ઓક્સિજન પહોંચાડતો બેઠો. એ છોકરીના શરીરમાં બે જ વસ્તુઓ ચાલતી હતી. એક તો બેગના લીધે ફૂલતાં એનાં ફેફસાંને કારણે ચાલતો એનો શ્વાસ - કે જે કૃત્રિમ હતો, અને બીજું દવાઓના ડોઝ પછી કુદરતી રીતે ધબકતું એનું હૃદય! ઘણી વાર કૃત્રિમ શ્વાસોચ્છ્વાસના કારણે પણ હૃદય ધબક્યા કરતું હોય છે. ખેર! જેના કારણે હોય તેના કારણે પણ એ અમારા માટે પણ ચાલકબળનું કામ કરતું હતું.

રાત્રે સાડા ત્રણ વાગ્યે પરિમલ આવ્યો પછી હું સુવા માટે ગયો. સવારો સવાર એણે શ્વાસ આપ્યો.

સવારે સિનિયર ડોક્ટર્સ પણ આ સારવાર શરૂ રાખવી કે બંધ કરવી તે નક્કી ન કરી શક્યા. બધો જ આધાર હવે અમારા પ્રોફેસર મોદી મેડમ પર હતો. એમના રાઉન્ડમાં આનો નિર્ણય લેવો એવું નક્કી થયું. મેડમ સવારે રાઉન્ડમાં આવ્યાં. સંપૂર્ણ વિગતો જોયા પછી એમણે મારી સામે જોયું. મારી આંખોમાં અદ્ભુત વિશ્વાસ જોયો હશે કે ગમે તેમ પણ એ બોલ્યાં કે, 'ડૉ. વીજળીવાળા, આમ તો આ છોકરી મરી ગયેલી ગણાય. But, do you want to continue? (તમારે સારવાર ચાલુ રાખવાની ઇચ્છા છે ખરી?)'

મેડમનો મારા પરનો વિશ્વાસ જોઇને મને ખૂબ આનંદ થયો. હું તરત બોલી ઊઠ્યો, 'યસ મેડમ, આઇ વોન્ટ ટુ! મને આ પેશન્ટમાં મારી રીતે સારવાર કરવાની છુટ્ટી આપો. જરૂર પડશે ત્યારે તમારું માર્ગદર્શન હું લેતો જ રહીશ.'

'OK! તમે ટ્રાય કરી જુઓ!' કહી મને તથા પરિમલને જવાબદારી સોંપીને મેડમ ગયાં. અમે ખુશ થઇ ગયા.

પણ બનેલું એવું કે આ આખી ચર્ચા અમારી પાછળ ઊભેલ અલ્પાના એક સગાએ સાંભળી લીધી હતી. એમને વધારે કંઇ નહીં પણ 'તમે ટ્રાય કરી જુઓ!'એ વાક્ય એમને બરાબર સમજાયું પણ હતું.

રાઉન્ડ પૂરો થયો. હું અને પરિમલ હવે અમારું બધું જ ધ્યાન ફક્ત અલ્પાના કેસ પર જ કેન્દ્રિત કરવા માગતા હતા. **પણ અમારા મનમાં પણ એક પ્રશ્ન તો હતો જ કે આવું સાવ મૃત્યુ પામેલ લાગતું બાળક જીવતું થાય ખરું?** મારી માન્યતાને આધારે ક્યાં સુધી એની ટ્રીટમેન્ટ કર્યા કરવી?

મારા વિચારોની આ ઘટમાળ ચાલતી હતી ત્યાં જ અલ્પાના પપ્પા (આપણે એમને રમણભાઇ કહીશું) આવ્યા. એમની સાથે બીજા ૩થી ૪ જણ આવીને ઊભા. થોડીક વાર એમ જ ઊભા રહ્યા પછી રમણભાઇએ પૂછ્યું, 'સાહેબ! આને સારું થશે ખરું?'

'થઇ પણ શકે!' મેં કહ્યું.

'જો સાહેબ! સારું ન થાય તેમ હોય તો પણ તમે હોય તેવું કહી દેજો. આમેય અમે એને ખોટો રૂપિયો જ માની લીધેલ છે. તમે ઘરે લઇ જવાની રજા આપી દેશો તો પણ અમને કંઇ વાંધો નથી.'

હું વાતનો મર્મ પામી ગયો. પરંતુ મેં નક્કી કર્યું હતું કે એક પણ ધબકારો ચાલુ હોય ત્યાં સુધી આ છોકરીની પાછળ મહેનત કરવી. મેં કહ્યું 'રમણભાઇ! તમે ચિંતા ન કરો. એવું કંઇ પણ લાગશે તો અમે તમને કહી દઇશું.'

અવઢવમાં અટવાતા એ લોકો ગયા. હું ને પરિમલ અમારા કામે વળગ્યા. અલ્પાને દર ૩૦ મિનિટે એક ઇંજેક્શન આપવાનું અને ત્યાર બાદ થોડી વાર પછી એની આડઅસર વાળવા માટે એનું મારણ આપવાનું, એને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ ચાલુ રાખવાનો, પેશાબની નળીમાં ગોઠવેલ કેથેટરનો ખ્યાલ રાખવાનો, નાકની નળી વડે તેને દૂધ પીવડાવવાનું, સ્પંજ કરવાનું, પીઠ પર પાઉડર છાંટવાનો, એની આંખ ન સૂકાઇ જાય તે માટે દવાનાં ટીપાં નાખતાં રહેવાનાં, નસમાં જતી દવા તેમજ બાટલાના પ્રવાહીના માપનો હિસાબ રાખવાનો, અરે!... એક બેભાન બાળક પાછળ આવી તો કંઇકેટલીયે બાબતોની કાળજી લેવી પડતી હતી.

આમ ને આમ ચોથા દિવસની સવાર પડી. અલ્પાના ધબકારા દવાઓની અસરથી ચાલતા હતા બસ એટલું જ. બાકી એ તો હજુ પણ લાકડાના નિર્જીવ ટુકડાની માફક જ પડી હતી. અમે જો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ બંધ કરી દઇએ તો એની જિંદગી ફક્ત પાંચ જ મિનિટની હતી. પરંતુ એ પાંચ મિનિટની જિંદગીને અમે સેંકડો કલાકો અને હજારો દિવસોમાં રૂપાંતરિત થતી જોવા માગતા હતા. અને એટલા માટે જ છેલ્લા ૮૬ કલાકથી એકધારા મથતા હતા. પણ ચોથો દિવસ એક કઠણાઇ લઇને ઊગ્યો હતો. અલ્પાને અત્યાર સુધી અમે નાકમાંથી શ્વાસનળીમાં ઉતારેલ નળી વડે શ્વાસ આપતા હતા. એ નળીની ખામી એક જ કે એને ૭૨ કલાકથી વધારે રાખીએ તો બાળકની સ્વરપેટીને નુકસાન થાય. એટલે જે દર્દીને આ સમય કરતાં વધારે લાંબો સમય કૃત્રિમ શ્વાસની જરૂર પડે તેને ગળામાં કાણું પાડવું પડે. મેડિકલની ભાષામાં આને ટ્રેકિયોસ્ટોમી કહે છે. આ પ્રક્રિયામાં શસ્ત્રક્રિયા

*ઈશ્વર એકવાર એકજ ક્ષણ આપે છે અને બીજી ક્ષણ આપતાં પહેલાં તે ક્ષણ લઈ લે છે.*

કરવાની હોવાથી રમણભાઇની સહી વગર તો કરી ન જ શકાય. એટલે અમે રમણભાઇને બોલાવીને બધી વાત સમજાવી. પણ આ વખતે રમણભાઇ રંગ બદલીને જ આવ્યા હતા. અથવા તો એમણે મનોમન પોતાની દીકરીને ઘરે લઇ જવાનું નક્કી કરી લીધું હશે. ધડ દઇને ના પાડતાં એ બોલ્યા, 'નહીં સાહેબ! એના ધબકારા કાલે બંધ થઇ જતા હોય તો છો આજે થઇ જતા, પણ હવે એ મડદાને હું વધારે ચૂંથાવા નહીં દઉં. તમે ચાર દિવસથી આટલી બધી નળીઓ નાખીને એના શરીરને હેરાન કરો છો એ પણ હું નથી જોઇ શકતો. પણ હવે મારી સહનશક્તિની હદ આવી ગઇ છે. બસ, ખૂબ સારવાર તમે કરી. હવે અમને રજા આપી દો!'

હું અને પરિમલ સ્તબ્ધ થઇ ગયા. અમારા આટલા દિવસોની મહેનતનું આ પરિણામ અને આવો શિરપાવ? અમે બંને કંઇ બોલી ન શક્યા.

એટલી વારમાં અલ્પાનાં બેત્રણ અન્ય સગાંઓ પણ આવી લાગ્યાં. એમાંના એકે કહ્યું, 'હા સાહેબ! હવે પડતું મેલો. હું એક ભૂવાને મળી આવ્યો છું. એણે તો દાણા જોઇને સાફ કીધું છે કે છોકરીનો જીવ તો સાપ કરડ્યો તે દિવસે સાંજે જ જતો રહેલ છે. ડોક્ટરો તો ખાલી એનું મડદું જ ચૂંથે છે. એમને કહી દો કે મડદાં જીવતાં ન થાય. એટલે હવે રજા આપી દે.' આ ભૂવાવાળી વાત પણ અમને કઠે એ સ્વાભાવિક હતું.

મેં એમને સમજાવવા ખૂબ પ્રયાસ કર્યો. પણ આજે તો જાણે સત્યવાનનો જીવ લઇ જવા અડીખમ ઊભેલ યમરાજાની માફક એ લોકો અલ્પાને લીધા વિના જવું જ નહીં એમ મક્કમ ઊભા હતા. અલ્પાના ગળા પર કાણું પાડવા માટે બોલાવેલ નાક, કાન, ગળાના સર્જન પણ ખોટી થતા હતા. મેં એમને રોકાઇ જવાનો ઇશારો કર્યો. પછી અમારું છેલ્લું શસ્ત્ર અજમાવ્યું. અલ્પાના સગાને બધાને બોલાવીને કહ્યું, 'કંઇ વાંધો નહીં. તમે અલ્પાને લઇ જઇ શકો છો. પરંતુ એનો કેસ મેડિકોલીગલ કેસ બને છે. એટલે એનો શ્વાસ બંધ થયા પછી એના શરીરને પોસ્ટમાર્ટમ માટે મોકલવું પડશે. એટલે આપણે એક કામ કરીએ. બધી સારવાર બંધ કરી દઇએ. એ માટે તમે સહી કરી આપો. ત્યારબાદ પથી ૧૦ મિનિટ્સમાં એના ધબકારા બંધ થઇ જાય પછી હું એને પોસ્ટમાર્ટમ માટે મોકલી દઇશ. તમે ત્યાંથી સવારે એનું ડેડબોડી લઇ લેજો. અને હા, એ પહેલાં જો તમે એને ઘરે લઇ જશો તો તમે ઘરે પહોંચશો એ પહેલાં ત્યાં પોલીસ આવી પહોંચશે. બોલો, શું કરવું છે. જલદી બોલો, નાક, કાન, ગળાના ડોક્ટરને મોડું થાય છે.'

મારી ધારણા પ્રમાણે જ થયું. તીર બરાબર એના નિશાન પર વાગ્યું હતું. કાયદા તેમજ પોલીસ અને પોસ્ટમાર્ટમની વાત આવતાં જ રાજાપાઠમાં આવીને રજા માગી રહેલાં બધાં સગાંવહાલાં જાણે સાપ સૂંઘી ગયો હોય તેમ ચૂપ થઇ ગયાં. હવે કડક થઇને વાત કરવાનો વારો મારો હતો. મેં એમને વિચારોમાંથી બહાર કાઢતાં પૂછ્યું, 'બોલો! શું નક્કી કરો છો? જો સારવાર શરૂ રાખવી હશે તો એનું હૃદય ચાલે છે ત્યાં સુધી હવે એના ગળામાં કાણું પાડીને શ્વાસ આપવો પડશે. અને એના માટેની મંજૂરી રમણભાઇ, તમારે આપવી પડશે. જો તૈયાર હો તો સહી કરો નહીંતર મેં કહ્યું તેમ!' સોગઠી બરાબર દાવ પર વાગી હતી. રમણભાઇએ મંજૂરીપત્ર પર ચૂપચાપ સહી કરી દીધી. અલ્પાના ગળા પર કાણું પાડી તેમાં નળી ઉતારીને કાન, નાક, ગળાના સર્જને વિદાય લીધી. મેં અને પરિમલે ફરીથી અમારા ધ્યેય તરફ પ્રયાણ શરૂ કર્યું - અલ્પાની સારવાર શરૂ કરી.

ચોથો, પાંચમો, છઠ્ઠો અને સાતમો દિવસ પણ એમ જ પસાર થયો. હવે મને ને પરિમલને પણ આ છોકરી જીવતી થશે કે કેમ એવો સવાલ થવા માંડ્યો હતો. અમારો વિશ્વાસ પણ ઘટતો જતો હતો. વોર્ડમાં પણ આ કેસમાં કોઇ કરતાં કોઇને રસ નહોતો રહ્યો. અલ્પાનાં સગાંની સંખ્યા પણ દિવસો વધતા ગયા તેમ તેમ ઘટતી ગઇ. વધારે સમય તો અલ્પાની બા જ હવે જોવા મળતી. રમણભાઇ પણ વચ્ચે વચ્ચે ઘરે જતા રહેતા. સાતમે દિવસે રાત્રે અલ્પાને થોડીક ખેંચ આવી હતી. અમને ધ્રાસકો પડ્યો હતો કે કદાચ એના મગજને વધારે પડતું નુકસાન તો નહીં થઇ ગયું હોય ને? અમે એને કામ્પોઝનું ઇંજેક્શન આપ્યું પછી એ શાંત થઇ ગઇ હતી. મારી ડ્યુટી રાત્રે બારથી સવારના છ વાગ્યા સુધીની હતી. પણ મનમાં એક વિષાદ ભરાઇ આવ્યો હતો. મને પણ લાગતું હતું કે આ છોકરી કદાચ હવે જતી રહેશે. નહીં બચે. અને એ વિચાર જ ગમગીની પ્રેરતો હતો. મારી ડ્યુટીના કલાકો પસાર થતા જતા હતા. સાંજે એક વાર આવ્યા પછી અલ્પાને બીજી વખત ખેંચ નહોતી આવી. એને તો આ સાતમી રાત્રિ પણ આગળની છ રાત્રિની માફક નિશ્ચેતન અવસ્થામાં જ જાણે પડ્યા રહેવાનું હતું એમ એ પડી હતી.

સવારે છ વાગ્યા સુધી એનું મોનિટરિંગ કર્યા પછી હું રૂમ પર ગયો. આજે આઠમો દિવસ હતો. એક પ્રકારની ઉદાસીનતાથી હું ઘેરાઇ ગયો હતો. હરખભેર ગીઝાના પિરામિડમાં ખોદકામ કરીને થાકીને લોથ થયા પછી પણ ફક્ત રેતી જ હાથ લાગે તેવું જ કંઇક મારી જોડે બની રહ્યું હતું. આટલા દિવસની મહેનત પછી પણ અલ્પાની જિંદગી જેમાં છૂપાયેલી હતી એ ચરૂ હાથ નહોતો લાગતો. સાપ કરડેલ વ્યક્તિઓનો જીવ બ્રહ્મરંધ્રમાં રહી જતો હોય છે અને એમને બચાવી શકાય છે એવી મારી માન્યતા પોકળ સાબિત થઇ રહી હતી. ભૂવો સાચો પડી રહ્યો હતો. પૂરમાં તણાઇ જતા સર્વસ્વની માફક અમારા પ્રયત્નોને તણાઇ જતા હું અનુભવી રહ્યો હતો.

પડખાં ઘસતાં ઘસતાં એકાદ કલાક માંડ ઊંઘ આવી. સવારે આઠ વાગ્યે તૈયાર થઇને ફરીથી વોર્ડમાં ગયો. અલ્પા પાસે પરિમલ બેઠો હતો. આટલા દિવસોમાં મારા અને પરિમલ માટે અલ્પા જાણે એક જ દર્દી બની ગઇ હતી. આજે મેં બીજા દર્દીઓનો રાઉન્ડ પણ લીધો. પરિમલ પાસે બેસવાને બદલે હું સીધો ઓફિસમાં જઇને બેઠો. ત્યાં જ પરિમલ દોડતો આવ્યો. કંઇ પણ બોલ્યા વિના મને ઇશારો કરી જોડે આવવાનું કહ્યું. **મને ધ્રાસકો પડ્યો કે અલ્પા ગઇ. હું લગભગ દોડતો જ એની પાછળ પહોંચ્યો. જઇને જોયું તો બંને આંખો ખોલીને અલ્પા ટગર ટગર બધું જોઇ રહી હતી!**

(અનુસંધાન : જુઓ પાના નં.-૧૮ ઉપર)

*હંમેશાં બીજાને પ્રસન્ન રાખવાની વાત વિચાર્યા કરો. આ નુસખાથી તમે ૧૪ દિવસમાં સાજા થઇ જશો.*

# સુખની શોધ

• મુરજી ગડા •

લાંબા સમયથી ચાલી આવતી કહેવત, ''પહેલું સુખ તે જાતે નર્યા'' અવારનવાર વાંચવા મળે છે. નાનપણમાં આવા દસ સુખની યાદી ક્યાંક વાંચી હતી. એમાંથી જે યાદ છે તે આ પ્રમાણે હતું.

પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે કોઠીમાં જાર, ત્રીજું સુખ તે સુશીલ નાર, ચોથું સુખ તે કુળનો તારનાર...... ત્યારપછી સાચો મિત્ર, સારા પડોશી, ન્યાયી રાજા જેવું કંઈક હતું બરાબર યાદ નથી.

આવી કહેવતો તત્કાલિન જનસમુદાયના અનુભવનો નિચોડ હોય છે. સુખની અગત્યતાનો એમનો ક્રમ પણ ત્યારની વાસ્તવિકતા પર આધારિત હોય છે. એનું મહત્ત્વ કોઈપણ શાસ્ત્રના ઉપદેશ કરતાં જરાપણ ઓછું નથી, બલકે વધારે હોઈ શકે છે. શાસ્ત્રોમાં ''શું હોવું જોઈએ'' એ કહેવામાં આવે છે, જ્યારે આવી કહેવતો જે હકીકત છે તે વર્ણવે છે. આદર્શ ભલે ધ્યેય હોય, વાસ્તવિકતાનું પોતાનું આગવું મહત્ત્વ છે.

બધાનું અંતિમ ધ્યેય સુખી થવાનું હોય છે. જો કે દરેકની સુખની વ્યાખ્યા તેમજ સુખી થવા માટેની જરૂરિયાતો જુદી હોઈ શકે છે. ઉંમર પ્રમાણે એમાં ફેરફાર પણ થાય છે. **યુવાનીમાં આનંદનો અભાવ એ દુઃખ છે. વૃદ્ધાવસ્થામાં દુઃખનો અભાવ આનંદ બની જાય છે.**

સમય સાથે દરેક વાતની યથાર્થતા બદલાતી હોવા છતાં આગલી કહેવતનો મોટો ભાગ આજે પણ એટલું જ વજૂદ ધરાવે છે. સુખના પહેલા ચાર ક્ષેત્રો આજના સંદર્ભમાં સારું સ્વાસ્થ્ય, પાયાની જરૂરિયાત પુરતી સંપત્તિ, સમજદાર પતિ કે પત્ની, વંશવેલો વગેરે વાજબી છે. એનો ક્રમ પણ મોટાભાગના લોકો માટે સાચો છે.

ધ્યાન દોરવા યોગ્ય બાબત એ છે કે આ બધા સુખની યાદી રોજબરોજની જિંદગી સાથે વણાયેલી આ પૃથ્વી લોકની જરૂરિયાતો છે. આત્મકલ્યાણ, સ્વર્ગ મોક્ષ જેવી પરલોકની વાતોની ગેરહાજરી સ્પષ્ટપણે બતાવે છે કે જનસામાન્ય માટે શું અગત્યનું હતું. એમને અહીં જીવી અહીં જ સુખી થવામાં વધારે રસ છે, જે આજે પણ છે.

અધ્યાત્મની વાતો કરતા અને એને લગતી પ્રવૃત્તિ કરતા લોકો પણ જ્યારે પોતાના ધર્મગુરુને ખાનગીમાં મળે છે ત્યારે એમના વાર્તાલાપનો વિષય આ લોકની પ્રવૃત્તિ અંગે હોય છે. એની ફળશ્રુતિ માટે (ધનલાભ માટે) તેઓ ગુરુના આશીર્વાદ મેળવવા ઈચ્છતા હોય છે. ગુરુજી એવા આશીર્વાદ આપે પણ છે. અહીં આવા બધાની આધ્યાત્મિક પોકળતા છતી થાય છે.

મૂળ કહેવતમાં નહોતી છતાંયે સુખની યાદીમાં સમાવવા લાયક, દરેક સમયકાળમાં અગત્યની એવી બે બાબતો વિશે લખવું જરૂરી લાગે છે. એક છે વ્યક્તિગત સ્વતંત્રતા અને બીજી છે મનગમતી પ્રવૃત્તિ.

જૂની યાદીમાં સ્વતંત્રતાને સ્થાન નહોતું મળ્યું તે સમજી શકાય એમ છે. એ રાજાશાહીનો જમાનો હતો. ઉપરાંત, સમાજ અને ધર્મની પણ લોકો પર જોરદાર પકડ હતી. ગ્રામ્ય સમાજમાં રહેનાર માટે સ્વતંત્રતાની વાતો કરવી શક્ય નહોતી. આ વાત હડતાળો પાડવાની કે વાતવાતમાં વિરોધ કરવાની સ્વતંત્રતાની નથી. આ સ્વતંત્રતા છે વિચારોની તેમજ સામાજિક મર્યાદા ઉલ્લંઘ્યા વગર સ્વતંત્રપણે વર્તવાની.

પહેલાં જેમને વ્યક્તિગત સ્વતંત્રતા જોઈતી હતી તેઓ સંસાર છોડી, સાધુ બની જતા અથવા તો ડાકુ કે બહારવટિયા બનતા હતા. સ્વતંત્રતા માટે ચુકવવી પડતી આ ખૂબ આકરી કિંમત હતી. હવે જ્યારે વ્યક્તિ પરની સમાજ અને ધર્મની પકડ ઢીલી પડી છે, રાજાશાહીને બદલે લોકશાહી આવી છે ત્યારે સ્વતંત્રતા ભોગવવી સહેલી થઈ છે. છતાં લોકોને વ્યક્તિગત સ્વતંત્રતાનું ખાસ મહત્ત્વ નથી હોતું. જેમને છે તે આ તક અને અધિકારની યોગ્ય કદર કરે છે. મોટાભાગના લોકોને બીજાના દોરવ્યા દોરાવાનું વધુ માફક આવે છે. ટોળામાં સમાવવું વધુ ફાવે છે.

મનગમતી પ્રવૃત્તિ કરવી પણ એક પ્રકારની સ્વતંત્રતા છે. બધાને પોતાના ધંધા વ્યવસાયમાં ક્યારેક તો કંટાળો આવતો જ હોય છે. આ કંટાળો જ્યારે નિયમિત બને છે ત્યારે એમની પ્રવૃત્તિ એક મજબૂરી બને છે.

વર્ણ આધારિત સમાજ વ્યવસ્થામાં બધાને બાપદાદાના વારસાગત ધંધા-વ્યવસાયમાં જોડાવું પડતું. એજ ગામમાં અને સમાજમાં રહેવું પડતું. એમનું ભાવિ જન્મ સાથે જ નક્કી થઈ જતું. ભાગ્ય, કર્મ વગેરેના ખ્યાલ આવી સમાજ રચનાને લીધે આવે અને પાંગરે એ સ્વાભાવિક છે.

આજે શિક્ષણ અને ઉદ્યોગિકીકરણને લીધે વ્યવસાયના કેટલાયે નવાં ક્ષેત્રો ખૂલ્યાં છે. લાયકાત કે આવડત હોય તો મનગમતા ક્ષેત્રમાં જઈ શકાય છે. **હવે જન્મ સાથે વ્યવસાય નક્કી નથી થઈ જતો એટલે મનગમતી પ્રવૃત્તિની તક મળે છે.** માણસ જ્યારે ગમતું

*પાંચ સેકન્ડ હસવાથી તમારો ફોટો સારો આવે છે. જો કાયમ હસતા રહો તો જિંદગી સારી જશે.*

કામ કરે છે ત્યારે એને કામનો ઉત્સાહ હોય છે. પરિણામે કામ વધુ સારું થાય છે અને થાક ઓછો લાગે છે. એનાથી સંતોષ, સફળતા અને સાર્થકતા અનુભવાય છે.

આજની નવી સમાજ વ્યવસ્થામાં નિવૃત્તિની વ્યાખ્યા બદલાઇ ગયેલ છે. નિવૃત્તિ સાથે ફાજલ સમય અને સ્વતંત્રતા મળે છે. નિવૃત્ત ઉંમરે ઘણાનું સ્વાસ્થ્ય પણ સારું હોય છે. સ્ત્રીઓ માટે આ ખાસ લાગુ પડે છે. આવા સંજોગોમાં મનગમતી સકારાત્મક પ્રવૃત્તિ માટે અવકાશ સાંપડે છે.

વર્તમાનમાં ઘણા લોકોની સુખની યાદીમાં ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, હરવું-ફરવું, પાર્ટી-મેળાવડા-ઉજવણી વગેરે આનંદની પ્રવૃત્તિઓનું આગવું સ્થાન હોય છે. એમના માટે મોજમજામાં સુખ છે. તે સિવાય કોઇને ધનસંચયમાં તો કોઇને માહિતી સંચયમાં સુખ દેખાય છે. કોઇ સંબંધો વધારવામાં સુખ જુએ છે તો કોઇ પરનિંદામાં. બધા પોતપોતાની રીતે સુખની શોધમાં પડ્યા છે.

સુખની આટલી લાંબી યાદી તપાસ્યા પછી પણ મૂળ સવાલ તો હજી ઊભો જ છે. બધાને લાગુ પડે એવું સુખ કોને કહેવાય? શબ્દકોશમાં સુખના ઘણા અર્થ આપેલા છે : આનંદ, ચેન, શાંતિ, આરામ, સંતોષ, તૃપ્તિ વગેરેમાંનો કોઇ અર્થ બંધબેસતો નથી લાગતો. સંતોષકારક નથી જણાતો.

માણસ બીમાર થાય, ધંધામાં ખોટ ગઇ હોય કે કોઇ સ્વજનને ગુમાવ્યું હોય ત્યારે જરૂર દુઃખ થાય છે. એને નિવારી નથી શકાતું પણ એને કેટલું મહત્ત્વ આપવું તે અવશ્ય કેળવી શકાય છે. આ પ્રકારના દુઃખના અભાવને પણ સુખ ગણી શકાય. **દુઃખનો અભાવ એ સુખની શરૂઆત ખરી પણ એનો પડાવ નથી. દુઃખના અભાવથી માણસ આપોઆપ સુખી નથી થઇ જતો.** ખાવાનું મળે એટલે ભૂખનું દુઃખ જતું રહે, તૃપ્તિ થાય પણ એ સ્થિતિ કાયમ ટકતી નથી.

"સંતોષી નર સદા સુખી"ની જૂની ને જાણીતી કહેવત સંતોષને સુખનો મુકામ ગણે છે. અસંતોષ એ દુઃખનું કારણ જરૂર છે પણ સંતોષને સુખનો આખરી મુકામ ગણવું જોખમી છે. સંતોષથી થોડા સમય માટે સુખ મળતું હોય તો પણ સંતોષી નર "સદા" સુખી ન ગણાય. આપણી જરૂરિયાતો, દૃષ્ટિકોણ વગેરે સમય પ્રમાણે બદલાતા રહે છે. સંસારની જવાબદારીવાળા માણસ માટે સંતોષ પ્રગતિનો બાધક બને છે. એટલે સંતોષને સુખનો છેલ્લો મુકામ ગણવાને બદલે સુખની યાદીમાં ક્યાંક સ્થાન આપી શકાય.

ધર્મના રખેવાળો પાસેથી "સાચા" સુખ વિશેની ઘણી વાતો સાંભળી છે પણ તે ગળે ઉતરતી નથી. બુદ્ધિ એને સ્વીકારતી નથી. શાશ્વત સુખની વાતો મૃગજળ ભાસે છે, પલાયનવાદી જણાય છે.

સુખ અને દુઃખ વચ્ચેની એક સ્થિતિ છે અલિપ્તતા - ઇનડિફરન્સ. મોટા ભાગના લોકો માત્ર એક-બે ટકા સમય માટે ખુશ (સુખી) હોય છે. એનાથી થોડા વધુ સમય માટે નાખુશ (દુઃખી) હોય છે. બાકીના મહદ્ સમય માટે અલિપ્ત હોય છે. અઘરી ગણાતી સ્થિતપ્રજ્ઞતા આ અનાયાસે મળતી અલિપ્તતાથી બહુ દૂર નથી લાગતી.

**સુખ જ્યાં પણ હોય, એના સુધી પહોંચવાનો એક માર્ગ છે સફળતા.** આવી પડેલી જવાબદારીઓ ઉત્સાહથી નભાવવી એ સફળતાની સાદી-સીધી વ્યાખ્યા છે. પોતાના વ્યવસાયમાં નિપુણતા અને પ્રામાણિકતા કેળવવી એ પણ સફળતા છે. કમનસીબે વ્યવહારમાં સફળતાનો માપદંડ પૈસો અને સત્તા મનાય છે. પૈસો ઘણા અભાવોને પૂરો કરી શકે છે તેમજ પૈસાનો અભાવ અન્ય સફળતાને ગૌણ પણ બનાવે છે. આ વાસ્તવિકતા સ્વીકારીએ તો પણ આવી સફળતા લાંબો સમય ન પણ ટકે.

**સુખના મુકામ સુધી પહોંચવાનો સફળતા કરતાં વધારે સચોટ માર્ગ છે સાર્થકતા.** સાર્થકતા કોને કહેવાય?

ભારત જેવા અતિ ધાર્મિક દેશમાં સાચા ખોટા બધા સાધુ મહાત્મા પોતપોતાની રીતે સમાજને સુખ, શાંતિ, સફળતા, સાર્થકતાનો કીમિયો બતાવતા આવ્યા છે. આ બધા પલાયનવાદી માર્ગો કરતાં આ લેખકને અંગ્રેજીમાં વાંચેલું એક વિધાન વધારે વાજબી લાગે છે. IS THE WORLD ANY BETTER PLACE BECAUSE OF YOU? તમારા લીધે દુનિયામાં કંઇ સુધાર આવ્યો છે? જો જવાબ "હા" હોય તો જીવન સાર્થક થયું કહેવાય. ભલેને આખી જિંદગીમાં ક્યારે પણ પૂજાપાઠ, વ્રત, તપ, જાત્રાઓ વગેરે કંઇ કર્યું ન હોય.

સાર્થકતાની માત્રાને સુધારાની માત્રા સાથે સીધો સંબંધ છે. જે વધારે સુધાર લાવે તે વધારે સાર્થક ગણાય. આ ધોરણે જોઇએ તો વૈજ્ઞાનિકો, સમાજ સુધારકો, સર્જકો, સમાજ સેવકો, કાયદો-વ્યવસ્થા જાળવનારા વગેરે બધા પોતાની રીતે સાર્થક થયા ગણાય. સંપત્તિ અને સત્તા હાંસલ કરનારા સફળતાની સાથે આપોઆપ સાર્થક નથી થઇ જતા. એમની સંપત્તિ/સત્તાનો અન્ય માટે કરેલ સદુપયોગ એમને સાર્થક બનાવે છે. એની બીજી બાજુએ પ્રામાણિકપણે પોતાની ફરજ બજાવનાર સફાઇ કામદાર કે બાગવાનને કોઇ સફળ ન ગણે છતાં તેઓ પોતાની મર્યાદામાં સાર્થક ગણાય. એમને લીધે દુનિયાનો એક નાનકડો ભાગ સ્વચ્છ રહે છે, સુંદર બને છે.

આટલી લાંબી યાદી તપાસ્યા પછી એટલું કહી શકાય કે કોઇ એક બાબતમાં સુખ સમાયેલું નથી. **સફળ થવાની સાથે મહત્તમ સાર્થક બનવાની કોશિશ કરશું તો સુખ આપોઆપ આપણને ગોતતું આવશે.** એની પાછળ દોડવાની જરૂર નહીં રહે. યાદી બનાવવાની પણ જરૂર નહીં રહે.

***૧, શ્યામવાટિકા સોસાયટી,***
***વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.***

# 'વીજળી બચાવો - પાણી બચાવો'

● ચૌલા કુરુવા ●

પાણી અને વીજળી માનવજાત માટે અનિવાર્ય આવશ્યકતા છે. માનવતા અને માનવીના અસ્તિત્વ - વિકાસ માટે પણ પાણી-વીજળીના વપરાશમાં બચત અને કરકસર જરૂરી છે. આ રાષ્ટ્રીય સંપત્તિ છે. પાણી અને વીજળી આપણા વિકાસની શરત છે તેમજ જરૂરિયાત પણ છે. **સામાજિક જવાબદારી છે કે તમે વીજળી અને પાણીની બચત કરો. બિનજરૂરી પાણીનો બગાડ અટકાવો.** ઘરમાં કે બહાર, તમે જ્યાં જાવ ત્યાં, પછી તે યાત્રા-પ્રવાસનું સ્થળ હોય કે જાહેર સ્થળ હોય, પાણીની બચત કરવી જોઇએ અને બિનજરૂરી નળ ખુલ્લા મુકવા જોઇએ નહિ. આપણું શું જાય છે? ક્યાં પૈસા આપવા પડે છે? આપણે શું? વગેરે સામાન્ય ઉપેક્ષાઓ લોકોમાં પ્રચલિત છે. પરંતુ એ રીતે વિચારો કે શું તમે રસ્તે ચાલતાં જતાં કોઇ પશુ-પંખી અથવા તો જંતુને મારતા જશો? કે હાનિ પહોંચાડશો? ના. મોટાભાગના લોકો આમ નહીં જ કરે! તો રસ્તામાં કે જ્યાં તમારી નજર પડે અને તમારાથી બની શકે - ત્યાં ત્યાં પાણીનો બગાડ અટકાવી શકો તો અટકાવો અને બચત કરી શકો તો અવશ્ય કરો.

કારણ, પાણી, માનવમાત્ર માટે આવશ્યક સંપત્તિ આ પૃથ્વી પર છે અને તેનું જતન કરવું, તેની બચત કરવી અને તેનો ઉચિત ઉપયોગ કરવો તે મારા-તમારા, આમ જનતા અને સૌ માટે, સમાજ માટે અને રાષ્ટ્ર માટે જરૂરી છે.

નર્મદાના જળ દરિયામાં વરસો સુધી વહી ગયા. પૂરથી લાખો-કરોડો લોકોને નુકસાન થાય, જાનહાનિ થાય કે માલ સંપત્તિની હાનિ થાય પરંતુ નર્મદામાં બંધ જ ન બંધાવવો જોઇએ? પર્યાવરણના નામે વિકાસને વિનાશમાં ફેરવવામાં આવે છે. વરસો સુધી આમ જ ચાલ્યું. આવી તો અનેક નદીઓની સમસ્યા આ દેશમાં છે. દક્ષિણ ભારતમાં પણ કાવેરી-ગોદાવરી, ઉત્તરમાં ગંગા-બ્રહ્મપુત્રા વગેરે દેશની નદીઓ રાજ્યોના ઝઘડામાં વહેંચાઇ ગઇ છે. રાજ્યોની સરકારો અલગ અલગ પક્ષની આવી અને આ રાજકીય ઝઘડાઓ દાયકાઓ સુધી ચાલુ રહ્યા છે. હજારો લોકો પૂરમાં બરબાદ થયા. પાણી વગર ગામડાંના લોકોને અને બહેનોને માઇલો સુધી ચાલવું પડે છે. પાણી વગર લોકો હેરાન થાય પણ બીજી તરફ પબ્લિસિટી અને સત્તા, પાર્ટીના ઝઘડા અને અહમ વચ્ચે દેશમાં પાણીની નદીઓની પૂરતી સુવિધા આપી હોવા છતાં આ કુદરતી સંપત્તિની આપણે કૃત્રિમ માનવીય અછત ઊભી કરી છે. જેનું નુકસાન પણ આપણે જ ભોગવવું પડે છે. વ્યક્તિગત મહત્વાકાંક્ષા અને મેધા પાટકર જેવાના પબ્લિસિટી સ્ટંટના કારણે નર્મદા બંધનું કામ વરસો સુધી અટવાયું. જેથી આજે એનો ખર્ચો પણ અનેકગણો વધી ગયો છે. આમ, વિકાસ અને માનવીની પાણીની જરૂરિયાત આડે અનેક વિઘ્નો સતત ઊભા થતા રહે છે. પ્રતિ વર્ષ આ નદીના પાણીનો મોટો બગાડ થતો રહ્યો છે. દરિયામાં વહી જતા આ પાણીને અગાઉ પણ બંધ બાંધીને ઉપયોગમાં લઇ શકાયો હોત. વર્ષો વર્ષ આવતા પૂરને લીધે પર્યાવરણને પણ ગંભીર નુકસાન થાય છે.

દક્ષિણ ભારતના રાજ્યોની પ્રજાની પણ આવી જ દશા છે. રાજ્યોના નદીઓના આંતરિક ઝઘડામાં અનેક ગામોને અઠવાડિયે એકવાર ટેન્કરથી પાણી મળે છે. કલ્પના કરો કે એક તરફ આપણે પ્રગતિની વાત કરીએ, વિકાસની વાત કરીએ અને બીજી તરફ પાણી માટે આપણી પ્રજાને આપણી નદીઓ પાસે પૂરતો જથ્થો હોવા છતાં વલખાં મારવા પડે. પાણી અને વીજળીના અભાવે ઉદ્યોગોનો વિકાસ અટકી પડે. ગ્રામીણ પ્રજાને ૧૭મી સદીમાં જીવતા હોય તેમ જીવવું પડે. આદિવાસીઓ અને ગરીબો માટે સરકારે કરોડો રૂપિયા ફાળવ્યા હોવા છતાં પાણી અને વીજળી ગામડાઓમાં પહોંચી ન શકી. વીજળીના ભાવો અનેકગણા વધારે આપવા પડે અને બીજી તરફ પાણી અને વીજળીનો બગાડ થતો રહે.

આધુનિક ટોઇલેટની ફ્લશ પદ્ધતિમાં પણ પાણીનો ઘણો મોટો બગાડ થાય છે. આ સિસ્ટમ પણ સુધારવી જરૂરી છે. પાણી અને વીજળીનો યોગ્ય ઉપયોગ અને બચત માનવીના જીવન માટે અને વિકાસ માટે જરૂરી છે.

સ્ટ્રીટ લાઇટો મોડે સુધી ચાલુ રાખવી, જાહેર ઈમારતો અને સંસ્થાઓમાં, ઓફિસોમાં એ.સી., પંખા ચાલુ રાખવા અને રાખીને જતા રહેવું તે સહજ છે. આ વીજળીનો બગાડ છે. **વીજળી અને પાણીનો બચાવ અને યોગ્ય ઉપયોગ એ નાગરિકની પ્રાથમિક ફરજ અને જવાબદારી છે.** સંસ્થા અને રાષ્ટ્રના વ્યક્તિનો વિકાસ અને સુખી જીવન માટે એ જરૂરી છે કે, આની ટેવ આપણે પાડવી પડે. આજથી વિચારીએ, આપણે વીજળી અને પાણીના બચાવની ટેવ પાડવી જ રહી.

ગુજરાતમાં બીજા રાજ્યો કરતાં વીજળી મોંઘી છે તેમ કહેવાય છે. પરંતુ બીજા ઘણાં રાજ્યો છે કે જ્યાં વીજળીનો ત્રાસ છે. ગમે

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૮ ઉપર)

*જે કંઈ આકર્ષક ને સુંદર લાગે છે તે સદાય શ્રેષ્ઠ નથી હોતું, પરંતુ જે શ્રેષ્ઠ હોય છે તે હંમેશાં સુંદર દેખાય છે.*

પર્યાવરણ

# વાંગારી મથાઇ અને શ્રી એલ.ડી. શાહ

• હેમચંદ્ર કે. ગડા •

વિશ્વમાં આજે સૌ કોઇ પર્યાવરણ બાબતે ખૂબ ચિંતિત છે. વધી રહેલા ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણને કારણે પર્યાવરણની પરિસ્થિતિ દિવસે દિવસે બગડતી ચાલી છે. ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ જ્યાં સદાય બરફ છવાયેલો રહેતો હતો ત્યાં પણ બરફ પીગળવા માંડ્યું છે અને બરફ પીગળીને પાણીના તળાવો બનવાની શરૂઆત થઇ ગઇ છે. કહેવાય છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે જો આ ધ્રુવ પ્રદેશનું બરફ ઓગળતું રહેશે તો પૃથ્વી પર પાણીની સપાટી એટલી બધી વધી જશે કે શહેરમાં મકાનના લગભગ ત્રણ માળ પાણીમાં ડૂબી જશે. તો વિચાર કરો કે પૃથ્વી ઉપર કેટલા મકાનો બચશે અને કેટલા માણસો, પશુ, પક્ષી જીવજંતુઓને અસર થશે.

વૈજ્ઞાનિકો કહે છે કે આ પરિસ્થિતિનો જો કોઇ પર્યાય હોય તો પૃથ્વી પર વધુને વધુ વૃક્ષોનું વાવેતર થવું જોઇએ. **ગ્લોબલ વોર્મિંગની અસર વૃક્ષો જ ઓછી કરી શકશે. દર વર્ષે લાખો નહીં પણ કરોડો વૃક્ષો પૃથ્વી પર વાવવા પડશે.** વૃક્ષોના લીધે જ પૃથ્વી પરના વાતાવરણમાં એટલે કે ઉષ્ણાતામાન, ભેજ, ઓક્સિજન, કાર્બન ડાયોક્સાઇડ, પવન વરસાદનું સમતોલપણું જળવાશે.

કેન્યા દેશને હરિયાળું બનાવનારી 'ગ્રીન બેલ્ટ મુવમેન્ટના' સ્થાપક શ્રીમતી વાંગારી મથાઇનો અહીં ઉલ્લેખ કરવો રહ્યો. મહિલાઓનું ક્ષમતા વર્ધન અને પર્યાવરણીય સમતુલા અંગેના તેમના કાર્યને ૨૦૦૪ના વર્ષમાં નોબેલ પીસ પ્રાઇઝ દ્વારા નવાજવામાં આવ્યા હતા. કોઇ પર્યાવરણવિદને નોબેલ ઇનામ મળ્યું હોય તેવો આ પ્રથમ બનાવ હતો.

**તેમના મતે પર્યાવરણ અને મહિલાઓ વચ્ચેનો નાતો ઘણો નજીકનો અને અતૂટ છે.** પર્યાવરણને થતા નુકસાનની અસર મહિલાઓની કાર્યપ્રણાલી અને જીવન સ્તર પર પડતી હોય છે. કેન્યાના ગ્રામીણ વિસ્તારોમાં પોતાના ઘરના વાડામાં મહિલાઓને વૃક્ષો ઉછેરવા માટે પ્રોત્સાહન આપવાની શરૂઆત ઇ.સ. ૧૯૭૭માં વાંગારી મથાઇએ કરી. કેન્યાના ઓછા થતા જંગલો અને તેને કારણે થતી અસરોને નાથવાના પ્રયાસરૂપે શરૂ કરાયેલ ગ્રીન બેલ્ટ મૂવમેન્ટનો એક હેતુ મહિલાઓના જીવનધોરણમાં સુધાર લાવવાનો પણ હતો. આ ચળવળ હેઠળ આશરે ૩૦ મિલિયન (૩ કરોડ) વૃક્ષો વાવવામાં આવ્યા હતા. શ્રીમતી વાંગારી મથાઇ આ ચળવળના પ્રણેતા હતા, જેઓએ સંયુક્ત રાષ્ટ્રસંઘના પર્યાવરણ કાર્યક્રમ UNEPના બિલિયન ટ્રી કેમ્પેઇન સાથે જોડાઇને ૨૦૦૬ સુધીમાં આફ્રિકા ખંડમાં ૧૧ બિલિયન વૃક્ષો વાવવા માટે સબળ નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

શ્રીમતી મથાઇ વર્ષ ૨૦૦૨માં કેન્યાની સંસદમાં ચૂંટાઇને પર્યાવરણ અને કુદરતી સંસાધનો અંગેના મંત્રી તરીકે નિયુક્ત થયા હતા. પોતાના જીવનકાળ દરમ્યાન અનેક ખિતાબો મેળવી ચૂકેલા વાંગારી મથાઇનું હાલમાં જ નિધન થયું. તેમના નિધનથી વિશ્વભરના પર્યાવરણ પ્રેમીઓને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

પર્યાવરણ અને વૃક્ષો વાવવાની જ્યારે વાત આવે ત્યારે આપણામાં જ એક અને જે વર્ષોથી વૃક્ષારોપણની પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે તેમને કેમ ભૂલાય? હું વાત કરું છું કચ્છમાં કોટી વૃક્ષ અભિયાનના પ્રણેતા શ્રી એલ.ડી. શાહની. જેઓ છેલ્લા પંદર વર્ષથી કચ્છ ઇકોલોજી ફાઉન્ડેશનના નેજા હેઠળ વૃક્ષારોપણની પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

એલ.આઇ.સી.માં ડેવલપમેન્ટ ઓફિસર તરીકે કાર્યરત શ્રી એલ.ડી. શાહ નિવૃત્તિ બાદ પોતાનો પ્લાયવુડનો ધીકતો ધંધો પોતાના પુત્રને સોંપી નિવૃત્તિ સમય વૃક્ષારોપણની પ્રવૃત્તિમાં પસાર કરી રહ્યા છે. 'Charity begins at home'ની જેમ વૃક્ષારોપણની શરૂઆત તેમણે પોતાના ગામ ડુમરાથી જ પોતાના ખર્ચે કરી. ત્યારબાદ આજુબાજુના ગામો મંજલ રેલડિયા, હાલાપુર, કરોડિયા જેવા ગામોમાં આ પ્રવૃત્તિ વિસ્તારતા ગયા. પ્રવૃત્તિ જો કોઇ સંસ્થાના નેજા હેઠળ થાય તો તેને વેગ અને માન્યતા મળે એ લક્ષમાં રાખી તેમણે **'કચ્છ ઇકોલોજી ફાઉન્ડેશન'**ની સ્થાપના કરી. **જેના પ્રથમ પ્રમુખ શ્રી દામજી લાલજી એંકરવાલા હતા.** સમયાંતરે પ્રમુખ અને ટ્રસ્ટીઓ બદલાતા રહ્યા પણ પ્રવૃત્તિના પ્રણેતા એલ.ડી. આજે પણ આ કાર્યમાં એટલા જ ઉત્સાહ અને જોશથી પ્રવૃત્ત છે.

શરૂઆતમાં આ પ્રવૃત્તિને વિવેકાનંદ ઇન્સ્ટિટ્યૂટ ફોર રિસર્ચ અને ટ્રેનિંગ (VRTI) માંડવીનો સાથ મળ્યો. તેમના કાર્યકરોના સહકારથી અનેક વૃક્ષોનું વાવેતર થયું. આ પ્રવૃત્તિમાં તેમણે સ્થાનિક લોકોનો સાથ મેળવવાનો પ્રયત્ન કર્યો પણ અનુભવે જણાયું કે કચ્છના નકારાત્મક વિચારો ધરાવતા માણસો સાથે આ પ્રવૃત્તિનો વિકાસ કરવો ખૂબ અઘરો છે. તેથી તેમણે વૃક્ષારોપણની પ્રવૃત્તિ માટે લોક જાગૃતિ ઊભી કરવાનું વિચાર્યું. લોક દાયરા જેવી લોકોમાં પ્રચલિત પ્રવૃત્તિનો વિચાર કર્યો. જે માટે તેમને શ્રી લાલ રાંભિયાનો સહકાર સાંપડ્યો અને લગભગ ૪૦૦ કાર્યક્રમો કરી વૃક્ષારોપણનો ફક્ત પ્રચાર ન કર્યો પણ

*બધાને પ્રેમ કરો, થોડાક પર વિશ્વાસ કરો, અન્યાય કોઇને ન કરો.*

કચ્છના ગ્રામજનોના મનમાં પણ વૃક્ષારોપણ માટે બીજ વાવ્યા. લોકોના મનમાં વાવેલા બીજ આજે ગામે ગામમાં ઊગી નીકળ્યા છે. આર્થિક દૃષ્ટિએ આ પ્રવૃત્તિને પગભર કરવા કોઇ મોટું અનુદાન મેળવવા કરતાં લોકો પોતાના અનુદાનથી પોતાના તથા આજુબાજુના ગામમાં આ પ્રવૃત્તિ કરે એવું આયોજન કર્યું. આ માટે તેમણે વૃક્ષ દત્તક યોજના અને સ્મૃતિવન યોજના દાખલ કરી. આ પ્રવૃત્તિમાં ભાગ લેવાથી તેમજ તે માટે અનુદાન આપવાથી પોતાના આપ્તજનોની સ્મૃતિ વર્ષો સુધી જળવાઇ રહે છે અને માદરે વતનની સેવા થાય છે એ લક્ષમાં રાખી અનેક વ્યક્તિઓએ એમાં પોતાનો ફાળો આપ્યો. ગામના મહાજનો, સંઘો, સંસ્થાઓ, માતાજીના ભાવિકો વિવિધ સમાજના ધર્મગુરુ અને ભાઇઓએ આ પ્રવૃત્તિને સાથ આપ્યો. સમયાંતરે શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ, રોટરી ક્લબ, રતનવીર નેચર ક્યોર - બિદડા જેવી સંસ્થાઓનો સાથ મળતો રહ્યો. હાલમાં માનવ જ્યોત - ભુજ અને મુંબઇના સાથથી આ પ્રવૃત્તિને વેગ મળ્યો છે.

વૃક્ષારોપણ બાદ વૃક્ષોની સંભાળ તથા તેના ઉછેર માટે કચ્છની શાળાઓમાં 'ઇકો ક્લબ'ની સ્થાપના કરી. શાળાના વિદ્યાર્થીઓ અને બાળકોને જીવનમાં વૃક્ષનું મહત્ત્વ સમજાવી તેમને વૃક્ષ જાળવણી માટે પ્રોત્સાહિત કર્યા. આ કાર્ય માટે તેમણે કચ્છના જિલ્લાના શિક્ષણ ખાતાનો સહકાર મેળવ્યો. વૃક્ષના રોપા સારા અને વ્યવસ્થિત મળે તે માટે વન વિભાગ/જંગલ ખાતાનો સહકાર મેળવ્યો. રોટરી ક્લબના સહકારથી માંડવીના પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં ૨૦૦૦ વૃક્ષોનું વાવેતર થયું અને કચ્છના અન્ય નવ તાલુકાના પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં પણ મોટા પાયે વૃક્ષારોપણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

આમ કોઇ પણ જાતનો સરકારી હોદ્દો ભોગવ્યા વિના એલ.ડી. અનેક સરકારી ખાતાઓનો સહકાર મેળવવામાં સફળ રહ્યા. રાજકીય સ્તરે કોઇપણ જાતના આર્થિક સહકારની અપેક્ષા રાખ્યા વગર એકલે હાથે લોકોને આ પ્રવૃત્તિમાં પોતાનો આર્થિક ફાળો આપવા પ્રેરિત કર્યા. આ એક કઠિન કાર્ય હતું પણ નિરાશ થયા વગર ધીરજ અને હિંમતથી લોકોને પ્રવૃત્તિની મહત્તા સમજાવતા ગયા, પ્રવૃત્તિને વધારતા ગયા. આજે આ અભિયાન હેઠળ કચ્છ વાગડથી લખપત અને નખત્રાણા સુધી લાખો વૃક્ષો વાવવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક વર્ષથી કચ્છમાં વરસાદની જે સ્થિતિ સુધરી રહી છે તેનું એક કારણ કચ્છમાં મોટાપાયે થયેલ વૃક્ષારોપણ પણ છે.

એલ.ડી. વિશે ડો. ગુલાબ દેઢિયા દ્વારા લખાયેલ પુસ્તકનું એક વાક્ય નોંધવા જેવું છે : "એલ.ડી. તો એમ કહેવાના, વૃક્ષ મારા જાતભાઇ છે. ખરી મજા તો એ છે, વૃક્ષોને પૂછીએ તો એ પણ એમ જ કહેવાના, એલ.ડી. અમારા જાતભાઇ છે!"

વૃક્ષારોપણની પ્રવૃત્તિ કરતાં કરતાં એલ.ડી.ને અન્ય પ્રવૃત્તિઓની પણ અગત્યતા સમજાઇ અને તે પણ તેઓ કરતા ગયા. ચેકડેમ, કૂવા રિચાર્જિંગ, વોટર કન્ઝરવેશન, ખેત તલાવડી, આંગણામાં શાકભાજીનું વાવેતર, આંગણામાં વોટર ટેંક બાંધવી, પક્ષીઓ માટે કૂંડાઓનું વિતરણ, અન્નક્ષેત્ર વગેરે. ભુજ ઉપરાંત ગુજરાતમાં અન્ય જગ્યાએ તેમના જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ હેઠળ અન્નક્ષેત્ર ચાલી રહ્યા છે. આમાંની અનેક પ્રવૃત્તિઓના તેઓ પ્રણેતા રહ્યા છે અને બિદડા ખાતેના તેમના પોતાના ફાર્મ જલારામ બાગમાં તેના અનેક પ્રયોગો કર્યા છે.

તેમણે ક્યારેય પોતાની પ્રવૃત્તિને રાજ્ય, રાષ્ટ્રીય કે પછી UNEP જેવી આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય એવી સંસ્થાઓ સાથે જોડવાનો પ્રયત્ન નથી કર્યો. કાર્યમાં માનતા એલ.ડી. પ્રસિદ્ધિથી હંમેશાં દૂર જ રહ્યા છે અને તેથી જ કદાચ સરકારી સ્તરે તેમના આવા સુંદર કાર્યની નોંધ નથી લેવાઇ.

મારા મતે શ્રી એલ.ડી.નું કાર્ય કેન્યાના વાંગારી મથાઇની ગ્રીન બેલ્ટ મુવમેન્ટથી જરા પણ ઓછું નથી. **કોઇ પણ જાતનો સરકારી હોદ્દો ભોગવ્યા વગર કે કોઇ પણ જાતની સરકારી આર્થિક સહાય મેળવ્યા વગર એકલે હાથે કાર્ય કરનાર શ્રી એલ.ડી. શાહ નોબેલ પ્રાઇઝને પાત્ર છે.** એલ.ડી. આ માટે પોતે કદાચ પ્રયત્ન ન કરે, આપણે આ પ્રયત્ન કરવો રહ્યો.

વાંગારી મથાઇ વિશેની માહિતી અમદાવાદથી પ્રસિદ્ધ થતાં 'પર્યાવરણ મિત્ર' મેગેઝિનમાંથી લીધેલ છે.

***એ-૭૦૪, સતગુરુ શરણ-૨, ચાફેકર બંધુ રોડ, મુલુંડ (ઇસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૧.***
***મો. ૯૮૧૯૮ ૨૩૭૨૩***

*નોંધ : અનેક સંસ્થા દ્વારા અનેક સ્થળે વૃક્ષોના વાવેતર થયા બાબતે આપણે અવારનવાર વર્તમાનપત્રોમાં સમાચાર વાંચતા રહીએ છીએ પરંતુ તેમાંથી કેટલા વૃક્ષોનો ઉછેર થઇને મોટા થયા, તેની વિગત મળતી નથી. સાથે સાથે જો આ વિગત મળે તો ઉત્તમ કામગીરીનું વધુ સારી રીતે મૂલ્યાંકન થઇ શકે.*

*– મુખ્ય તંત્રી*

## વીજળી બચાવો - પાણી બચાવો

**(અનુસંધાન : પાના નં.-૨૬ ઉપરથી ચાલુ)**

ત્યારે લાઇટ જતી રહે, એ.સી. ટી.વી. અને ફ્રિજ બંધ થઇ જાય. મુંબઇ જેવા શહેરની પ્રજા પણ હાલ વીજળીના કાપથી ત્રાસી ગઇ છે. ગમે ત્યારે લિફ્ટો બંધ થઇ જાય, ફ્રિજ બંધ કરી દેવા પડે અને ભેજવાળી હવા અને બાફ તો ખરો જ. વીજળી દરિયા અને નદી કે બંધમાંથી મેળવવામાં આવે છે. આ પ્રક્રિયા મોંઘી અને ખર્ચાળ છે. આપણી વસતિને જોતાં પણ આપણા માટે સુખી જીવન અને વિકાસની શરત એ છે કે, વીજળી અને પાણીનો બિનજરૂરી ઉપયોગ ટાળવો અને બગાડ અટકાવવો. આ રાષ્ટ્રીય સંપત્તિ માત્ર નથી, માનવ જીવનની આવશ્યક્તા અને અનિવાર્યતા છે. વીજળી કે પાણી વગર તમને કોઇ દિવસ કાઢવાનું કહે તો શું થાય? **આમ વિચારીને જ આપણે આપણી જવાબદારી સમજવી પડશે. યુવાનો, બાળકો કે અભણ લોકો દ્વારા થતો વીજળી અને પાણીનો બગાડ અટકાવવો જરૂરી છે.**

***મો. ૯૯૧૩૦ ૧૨૧૨૦***
***ઈ-મેઈલ :chaulakuruwa@gmail.com***

*કષ્ટથી કદી હારે જ નહિ તેનું નામ જિનિયસ.*

તંદુરસ્તી

# કમરનો દુખાવો અને પેઈન મેનેજમેન્ટ

• ડૉ. હેમાક્ષી અંબાણી •

કમરનો દુખાવો એ સૌથી વધુ પ્રમાણમાં જોવા મળતો દુખાવો છે. ૮૦ ટકા લોકોને જિંદગીમાં ક્યારેક તો આ દુખાવો સહન કરવો જ પડતો હોય છે. સ્ત્રીઓમાં આ દુખાવો વધારે જોવા મળે છે.

### તેનાં ચિહ્નો :

કમરમાં દુખાવો, ઊઠવા - બેસવામાં તકલીફ, પડખું ફેરવવામાં દુખાવો, ઊભા રહેવાથી અથવા ચાલવામાં દુખાવો વધી જવો, પગની નસો ખેંચાવી, પગમાં કળતર થવી, ખાલી ચઢવી જેવી તકલીફો જોવા મળે છે.

કમરના દુઃખાવા સાથે જો નીચેનાં લક્ષણો પણ હોય તો એ ગંભીર બાબત છે.

- ✦ પેશાબ - સંડાસનો કંટ્રોલ ન રહેવો.
- ✦ પગમાં તાકાત ઓછી થવી.
- ✦ પગમાં ખાલી ચઢવી (ઝણઝણાટી થવી.)
- ✦ તાવ આવવો, ભૂખ ન લાગવી, વજન ઘટી જવું.
- ✦ કેન્સર સાથે કમરનો દુખાવો થવો.
- ✦ ઈજા થયા પછી અસહ્ય દુખાવો થવો.

### આ દુખાવો શાથી થાય છે?

આપણી કરોડરજ્જુ નસોનાં જાળાં સાંધાઓ, સ્નાયુઓ, લીગામેન્ટ, મણકાઓથી બનેલી છે. તેમજ બે મણકાની વચ્ચે ગાદી આવેલી હોય છે. તેનાં પર કોઈપણ પ્રકારે અસર થવાથી દુખાવો ઉત્પન્ન થાય છે.

મોટાભાગના દુઃખાવા ઊઠવા બેસવાની અયોગ્ય ટેવ, કસરતનો અભાવ, મેદસ્વીપણું, બેઠાડું જીવન, વધુ પડતું વજન ઊંચકવાના કારણે થતાં હોય છે. આપણી જીવનશૈલીમાં થોડાં ફેરફાર કરવાથી આ દુઃખાવાને નિવારી શકાય છે.

*આ દુઃખાવાના મુખ્ય કારણો નીચે મુજબ છે :*

- ✦ સ્નાયુનું ખેંચાણ
- ✦ ગાદીનું ખસી જવું
- ✦ કમરના સાંધામાં ઘસારો થવો.
- ✦ લંબર કેનાલ સ્ટીનોસીસ.
- ✦ સ્પોન્ડાયલોસીસ / સ્પોન્ડાયલોલાયસીસ.
- ✦ કેલ્શિયમની ઊણપ.
- ✦ ચેપ, ગાંઠ કે ઈજા થવાથી.

### <u>નિદાન માટે</u> :

- ✦ **કમરનો એક્સ-રે** : જેનાંથી મણકા તેની તકલીફો, કેલ્શિયમની ઊણપ વગેરેનો ખ્યાલ આવે છે.
- ✦ **લોહીનાં પરીક્ષણો** : ચેપ કે ગંભીર બીમારીનો ખ્યાલ આવે છે.
- ✦ **એમ.આર.આઈ.** : જેમાં સ્નાયુ, ગાદી, લીગામેન્ટ, મણકા બધું જ જોઈ શકાય છે અને તેનાથી ચેપ, ગાંઠ, ગાદીનું ખસી જવું, મણકાની તકલીફ, નસ પરનું દબાણ વગેરે તકલીફોનો ખ્યાલ આવે છે.
- ✦ **ઈ.એમ.જી.** : નસ પર થયેલી ઈજા માટે આ ટેસ્ટ કરવામાં આવે છે.

### • સારવાર :

**(૧) કન્ઝર્વેટિવ :**

આરામ, ફિઝિયોથેરાપી તથા દવાઓ. દુઃખાવાની દવા, મસલ રિલેક્શન્ટ, નસો પર અસર કરતી દવાઓ, ઈન્ફેક્શન કે ચેપ માટેની દવાઓ.

**(૨) ઈન્ટરવેન્શનલ :**

આ સારવાર આઈ.આઈ.ટી.વી. અથવા નર્વ લોકેટર દ્વારા કરવામાં આવે છે.

**(૩) એપિડ્યુરલ ઈન્જેક્શન :**

કમરમાંથી બહાર નીકળતાં ચેતાનું નેટવર્ક જ્યાં આવેલું છે એ જગ્યાને એપિડ્યુરલ સ્પેસ કહેવાય છે. આઈ.આઈ.ટી.વી. દ્વારા આ જગ્યા નક્કી કરીને અહીં દવા આપવાથી દુઃખાવામાં રાહત થાય છે.

**ટ્રાન્સફોરામિનલ ઈન્જેક્શન :**

ચેતાનાં બહાર નીકળવાનાં માર્ગ પાસે ઘણું દબાણ હોય ત્યારે આ પ્રકારનું ઈંજેક્શન આપવામાં આવે છે. અહીં આઈ.આઈ.ટી.વી. ગાઈડેડ ચેતાની જગ્યા નક્કી કરી ડાઈ (Dye) નાંખીને ચેતાને જોવામાં આવે છે અને ત્યારબાદ ત્યાં દવાઓ આપીને દુખાવો નિવારવામાં આવે છે.

**ફેસેટ જોઈન્ટ ઈન્જેક્શન :**

કમરના સાંધામાં ઘસારો થવાથી થતી તકલીફો માટે આઈ.આઈ.ટી.વી. દ્વારા સાંધાના અંદરનાં ભાગમાં ઈન્જેક્શન આપી દુઃખાવામાં રાહત આપવામાં આવે છે.

**પરક્યુટેનિયસ ડિસ્કેક્ટોમી :**

અહીં એક ખાસ પ્રકારની સિસ્ટમ દ્વારા ગાદીનાં અંદરનાં ભાગમાં સોય મૂકીને ગાદીની અંદરનું દ્રવ્ય બહાર કાઢી લેવામાં આવે છે. આથી ચેતા પરનું દબાણ ઓછું થતાં દુખાવો દૂર થાય છે. આ પ્રોસિજર આઈ.આઈ.ટી.વી.ની મદદથી તથા ચેપ ન લાગે તેની પૂરી તકેદારી સાથે ઑપરેશન થિયેટરમાં કરવામાં આવે છે.

*દુઃખમાં વાળ પીંખવાનો કંઈ અર્થ નથી, ટાલથી દુઃખ ઓછું થવાનું નથી.*

**રેડિયો ફ્રિક્વન્સી એબ્લેશન :**

અહીં કમરનાં સાંધાનાં દર્દ વહન કરતી ચેતાને રેડિયો ફ્રિક્વન્સી મશીન દ્વારા બાળી નાખવામાં આવે છે.

**એપિડ્યુરલ એધહેસિનોલાયસીસ :**

ઓપરેશન થયા પછી ફરી ચાલુ થતાં દુઃખાવા માટે આઈ.આઈ.ટી.વી. દ્વારા એક પાતળું મેટાલીક કેથેટર એપિડ્યુરલ સ્પેસમાં નાંખવામાં આવે છે. જેનાથી અધેસિયર્સ તોડી નાખવામાં આવે છે. આથી ચેતાઓ પરનું દબાણ દૂર થાય છે અને દુઃખાવામાં રાહત થાય છે.

અમુક દર્દીઓને આ પ્રોસિજર કર્યા પછી પણ એડવાન્સ્ડ પેઈન પ્રોસિજર કરવાની જરૂર પડે છે. જેમાં (૧) સ્પાઈનલ કોર્ડ સ્ટીમ્યુલેશન અને (૨) ઈન્ટ્રાથીકલ પંપ ઈમ્પ્લાન્ટેશનનો સમાવેશ થાય છે.

**(૧) સ્પાઈનલ કોર્ડ સ્ટીમ્યુલેશન :**

એટલે કમરમાં આવેલી એપિડ્યુરલ સ્પેસ કે જ્યાં નસોનું નેટવર્ક આવેલું છે ત્યાં એક પાતળું કેથેટર મૂકી તેને બેટરી સાથે જોડી સ્ટીમ્યુલેશન આપવામાં આવે છે. આનાથી દુઃખાવાનાં બદલે જુદી જ લાગણી થાય છે અને દુખાવો દૂર થાય છે.

**(૨) ઈન્ટ્રાથીકલ પંપ ઇમ્પ્લાન્ટેશન :**

અહીં કમરના અંદરના ભાગમાં એક પાતળું કેથેટર મૂકવામાં આવે છે. તેને પેટની નીચે મૂકેલા રીઝર્વોયર જોડે જોડવામાં આવે છે. રીઝર્વોયરમાં ભરેલી દવાઓ નક્કી કર્યા મુજબના રેટ કરી સતત આ કેથેટર દ્વારા ઈન્ટ્રાથીકલ સ્પેસમાં જાય છે. દવાનો વધારો કે ઘટાડો બહારથી રીમોટ કન્ટ્રોલથી નિયંત્રિત કરી શકાય છે. આ પ્રકારની સારવાર સ્પાસ્ટીસિટી તથા કેન્સરનાં દુઃખાવા માટે ઘણો ઉપયોગી છે.

● **સર્જરી :**

ઑપરેશન (લેમીનેક્ટોમી / ડિસ્કેક્ટોમી) દ્વારા ખસી ગયેલી ગાદીને કાઢી નાખવામાં આવે છે. જેથી ચેતા પરનું દબાણ દૂર થાય છે અને દુઃખાવામાં રાહત થાય છે.

કોઈપણ પ્રકારની સારવાર લીધા પછી દર્દીએ નીચેની બાબતોનું ધ્યાન જિંદગીભર રાખવું જરૂરી છે.

- ✦ બેસતી વખતે કમરને પૂરો ટેકો મળે એ રીતે બેસવું.
- ✦ સૂઈને ઊઠ્યા પછી પડખું એક બાજુ ફરીને પછી જ બેઠા થવું.
- ✦ વાંકા વળવું કે વજન ઊંચકવાનું બંધ કરી દેવું.
- ✦ એકદમ પોચી પથારી પર ન સૂવું.
- ✦ ડોક્ટરની સલાહ મુજબ નિયમિત કસરત કરવી.
- ✦ ખાડાવાળા રસ્તા પર આંચકો ન લાગે તેનું ધ્યાન રાખી મુસાફરી કરવી.

*ઈન્ટરવેન્શનલ પેઈન થેરાપિસ્ટ*
*મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન,*
*પાલડી, અમદાવાદ.*

ઇતિહાસ

# "શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ"નો ઇતિહાસ

## પ્રકરણ-૨

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

## માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવાભવન એસ.ટી. સ્ટેન્ડ પાસે (ગીતા મંદિર)નું સર્જન

**'મંગલ મંદિર'**નું પ્રકાશન પણ રાબેતા મુજબ દર મહિને થતું. તેનો સપ્ટેમ્બર-ઓક્ટોબર, ૧૯૮૧નો અંક વિશેષાંક તરીકે પાના-૫૦નું પ્રકાશિત કરવામાં આવ્યું. એ રીતે 'મંગલ મંદિરે' પણ સમાજની પ્રવૃત્તિઓને વેગ આપવામાં તેનાં પ્રકાશનના પ્રારંભથી સારો ભાગ ભજવેલ છે.

જે રીતે **'મંગલ મંદિર'**માં સમાજનાં **'આધાર સ્તંભો'**નો મણકો ચાલેલો, તેજ રીતે તે સમયનાં **'મંગલ મંદિર'**નાં સંપાદિકા શ્રીમતી પ્રમીલાબહેન કુરુવાએ, શ્રી માવજી ધારશી ફુરિયા, શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી બાબુભાઈ વીરમ શાહ અને શ્રી ખીમજી આણંદજી લોડાયા વગેરે મહાનુભાવોનો વ્યક્તિ વિશેષ તરીકે પરિચય કરાવેલ હતો.

મે-૧૯૮૨માં **શ્રી કચ્છી જૈન સમાજે** શ્રી હીરજી પાસુભાઈ શાહનાં નેજા હેઠળ એક લગ્ન બ્યુરો શરૂ કરેલ. તે ઉપરાંત ડિસેમ્બર-૧૯૮૨માં પત્ર મૈત્રી વિભાગ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

તા. ૧૮-૯-૧૯૮૩નાં વાર્ષિક મિલન સમારંભમાં સમાજનાં સભ્યોની એક સરનામા ડાયરીનું વિમોચન કરવામાં આવ્યું હતું. તથા એજ મેળાવડામાં એક રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના ૪૪ સભ્યોએ રક્તદાન કરેલું.

વર્ષ ૧૯૮૩ની આખરમાં તે સમયનાં સમાજનાં પ્રમુખ શ્રી માવજી ધારશી ફુરિયાએ માણેકબાગથી ધરણીધરના વિસ્તાર વચ્ચે એક ૧૨૦૦ વારનો પ્લોટ જોયો હતો. લગભગ ૧૯૮૪ની શરૂઆતમાં તેઓએ પોતાનાં વડીલ શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડાનાં નામે સમાજને અર્પણ કરવાની ગણતરીએ રૂા. ૧૪.૦૦ લાખમાં મજકૂર પ્લોટનો સોદો કરી બનાની રકમ પણ ચૂકવી આપી હતી. પણ કોઈ કારણસર એ પ્લોટ પછી મેળવી શકાયો ન હતો.

૧૯-૬-૧૯૮૪ના **'મંગલ મંદિર'**ના સંપાદિકા શ્રીમતી પ્રેમીલાબહેન કુરુવાનું અચાનક દેહાંત થતાં, **'મંગલ મંદિર'**નું સુકાન શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયાએ સંભાળ્યું. તા. ૨-૧૦-૧૯૮૪નાં રોજ મુંબઈથી ગાંધીધામની પ્રથમ સુપર ફાસ્ટ ટ્રેઈન શરૂ કરવામાં આવી. જેનું સ્વાગત આપણા સમાજના સભ્યોએ રાત્રે ૧૧.૦૦ વાગે સ્ટેશન ઉપર ઢોલ અને શરણાઈ વાદનથી કર્યું. અને ટ્રેઈનમાં મુસાફરી કરતા બધા જ મુસાફરોને એક એક ગુલાબનું ફૂલ તથા પેંડો આપી મોઢું મીઠું કરાવ્યું. માસ ફેબ્રુઆરી ૧૯૮૪માં મંગલ મંદિરનો ૧૦૦મો અંક વિશેષાંક તરીકે દળદાર ૧૦૦ પાનાનો બહાર પાડવામાં આવ્યો.

ઉપરોક્ત ૬ વર્ષના ગાળામાં નીચે મુજબના હોદ્દેદારોએ સુકાન સંભાળેલું.

| વર્ષ | પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી |
|---|---|---|---|
| ૧૯૮૧ | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૧૯૮૨ | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી પ્રતાપ નારાણજી દંડ | શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૧૯૮૩ | શ્રી હીરજી પાસુભાઈ શાહ | શ્રી વીરેન્દ્ર આસારિયા શાહ | શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૧૯૮૪ | શ્રી માવજી ધારશી ફુરિયા | શ્રી મૂળજી નરશી લોડાયા (શાહ) | શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૧૯૮૫ | શ્રી હીરજી પાસુભાઈ શાહ | — | — |
| ૧૯૮૬ | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | શ્રી ખીમજી આણંદજી લોડાયા | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા |

તા. ૧૯-૪-૧૯૮૬ના રોજ આપણા સમાજનાં યુવાનોનાં સંગઠનની રચના કરવામાં આવી અને તેની પ્રથમ બેઠક શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય, મણિનગરનાં હોલમાં યોજવામાં આવી. જેમાં યુવા સંગઠનનું નામ **"સંકલ્પ"** રાખવું તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

ઉપરોક્ત બધી પ્રવૃત્તિઓ રાબેતા મુજબ ચાલતી હતી તે દરમ્યાન પણ સમાજના કાર્યકર્તાઓનાં મનમાં પોતાનું મકાન હોવાની ભાવના

*ઓછામાં ઓછા વિષયો પર જે વધારેમાં વધારે જાણે તે નિષ્ણાત કહેવાય.*

સતત જાગૃત હતી. સમાજનાં તે વખતનાં મંત્રી શ્રી અશોકભાઈ મહેતાને વિચાર આવ્યો કે અત્યારે આપણે કદાચ મોટું સાહસ ન કરી શકીએ, પણ ક્યાંક પગ મૂકવા માટેની નાની જગ્યાથી શરૂઆત કરવી. જ્યાં આપણને મળવા માટે, વાતચીત કરવા માટે કે આપણી સંસ્થાની પ્રવૃત્તિઓનાં સંચાલન માટે એકાદ નાનકડી જગ્યાની ખરીદી કરી લેવી જોઈએ. અને આ વિચારને આગળ ધપાવતાં રૂગનાથપુરા - ગીતા મંદિરની એક નાનકડી જગ્યા માટે ચર્ચા વિચારણા ચાલુ કરવામાં આવી. જ્યાં હાલનાં ગીતામંદિર નજીક સેવા ભવન છે તે જગ્યા આપણી સંસ્થા માટે ૧૯૮૬ની શરૂઆતમાં વાટાઘાટો દ્વારા ખરીદી લેવામાં આવી. આપણી સંસ્થા પાસે કોઈ બેંક બેલેન્સ ન હતું. તેથી આપણા સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પાસેથી વગર વ્યાજે લોન મેળવવામાં આવી અને તે રકમ મકાન માલિકને ચૂકવી, મકાનનો કબજો લેવામાં આવ્યો. **એ રીતે આપણાં સમાજનું પ્રથમ સોપાન સાકાર થયું.**

મકાન મેળવી લીધા પછી તેનો ઉપયોગ કેવી રીતે કરવો અને લોન ચૂકવવા ફંડ કેવી રીતે મેળવવું - તે વિશે ચર્ચા વિચારણા શરૂ થઈ. મકાનના ઉપયોગ વિશે એક બાબત તો નક્કી હતી કે આ મકાનમાં અતિથિ ગૃહ ચાલુ કરવું તેમજ મકાનની ઉપર મુખ્ય નામ માટે, જુદા જુદા રૂમો માટે, ઉપર નીચેની બે વિંગો માટે અને ફર્નિચર માટેનાં નકરા વગેરે બાબત નક્કી કરી એક સ્કીમ જાહેર કરવામાં આવી. આ સંસ્થાના સદ્‌નસીબે મોટાભાગનાં નકરાના દાતાઓ મળી ગયા. સમાજના તે વખતના પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા તથા તેમના લઘુબંધુ શ્રી બિપિન કાનજી જૈન તથા પરિવારે અતિથિ ગૃહ ઉપરનાં મુખ્ય નામ માટે માતબર રકમ જાહેર કરી. અને એ રીતે **"માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાળા) સેવા ભવન"** અસ્તિત્વમાં આવ્યું. તા. ૧-૬-૧૯૮૬નાં સાદા સમારંભથી એ અતિથિ ગૃહ અતિથિઓ માટે ખુલ્લું મૂકાયું.

ઉપરોક્ત અતિથિ ગૃહ શરૂ થઈ ગયા બાદ સંસ્થાનો ૨૩મો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ તા. ૧૪-૯-૧૯૮૬નાં રોજ યોજવાનું નક્કી કરવામાં આવ્યું અને તે દિવસથી અત્યાર સુધી મળેલ નોંધપાત્ર દાનનાં દાતાઓનું તેમાં સન્માન કરવું તથા દાતાઓની તક્તીઓની અનાવરણ વિધિ કરવી તેવું નક્કી થતાં આ સમારંભ ભવ્ય રીતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું. સમારંભની ઉજવણી માટે મુંબઈ તથા અન્યત્ર સ્થિત મહાનુભાવોને અતિથિ વિશેષ તરીકે પધારવાના નિમંત્રણ મોકલવામાં આવ્યા. આખરે અમદાવાદ શ્રી કચ્છી જૈન સમાજ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં આંગણે એક રૂડો અનેરો અવસર આવી ઊભો.

તા. ૧૪-૯-૧૯૮૬નાં સવારનાં પ્રથમ ભાગમાં **"માતુશ્રી કંકુબહેન કાનજી રવજી (નાની ખાખરવાળા) શ્રી કચ્છી જૈન સેવા ભવન"**માં દાતાઓની તક્તીઓની અનાવરણ વિધિથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. મુખ્ય નામની તક્તીની અનાવરણ વિધિ સમારંભનાં પ્રમુખ તથા અતિથિ વિશેષ શ્રી લીલાધર પાસુભાઈ શાહનાં હસ્તે કરવામાં આવી. ત્યારબાદ **"ગં.સ્વ. પાનબાઇ ધારશી કુરિયા (મેરાઉ)"** ગ્રાઉન્ડ ફ્લોરના વિંગના દાતાનાં નામની તક્તીની અનાવરણ વિધિ અતિથિ વિશેષ શ્રી બિપિનભાઈ કાનજી જૈનનાં હસ્તે કરવામાં આવી હતી.

આ પ્રસંગે અન્ય અતિથિ વિશેષ તરીકે શ્રી કલ્યાણજી નરશી છેડા, શ્રી કલ્યાણજી ગંગાજર ભગત, શ્રી ભવાનજી કાનજી શાહ, શ્રી મુરજી ચાંપશી સાવલા, શ્રી મોરારજી હીરજી દેઢિયા, શ્રી શાંતિલાલ ગડા તથા શ્રી હીરાલાલ પદમશી માલાણી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારબાદ મણિનગર સ્થિત શ્રી સ્વામિનારાયણ હોલ ખાતે ૨૩મા વાર્ષિક દિન નિમિત્તે સ્ટેજ કાર્યક્રમની શરૂઆત સામૂહિક ક્ષમાપનાથી કરવામાં આવી હતી. પધારેલા સર્વે અતિથિ વિશેષશ્રીઓનો પરિચય સમાજના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી હીરજી પાસુભાઈ શાહે આપ્યો હતો અને પુષ્પગુચ્છથી સર્વે મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમાજનાં પ્રમુખ ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયાએ ૨૩ વર્ષથી ચાલતી સમાજની પ્રવૃત્તિઓનું સુંદર આલેખન કર્યા બાદ પધારેલા સૌ મહાનુભાવોએ પોતાનાં પ્રવચન કર્યા હતા. દરેક વક્તાઓએ સંસ્થાની સામાજિક પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

સમારંભમાં સંસ્થાને રૂા. ૫,૦૦૦/-થી વધારેનાં દાનો આપનાર, વ્યાજ વગરની લોન આપનાર સર્વ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સમાજે મનોરંજન કાર્યક્રમની રજૂઆત દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન તથા



**સેવા ભવન, એસ.ટી. સ્ટેન્ડ પાસે – પ્રારંભની તસવીર**

*કેટલાક પુસ્તકો રાખવાનાં હોય છે, કેટલાક ગળી જવાનાં અને બહુજ થોડાં ચાવીને પચાવવાનાં હોય છે.*

તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું અને તે પછી સમારંભનું સમાપન કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં સંસ્થાને કુલ રૂા. ૨.૦૦ લાખનાં દાનો મળ્યા હતા.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**ના સેવા ભવનનાં (અતિથિ ભવન), સૂચિત વિવિધલક્ષી સંકુલનાં બાકી રહેતા નકરા અને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ માટે નીચે મુજબનાં દાતાઓએ દાનની સરવાણી વહેતી કરી.

| | |
|---|---|
| માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી પરિવાર (નાની ખાખર) | સેવા ભવનનાં મુખ્ય નામ માટે |
| શ્રી માવજીભાઈ ધારશી ફુરિયા (મેરાઉ) | ગ્રાઉન્ડ ફ્લોરની વિંગ માટે |
| શ્રી કલ્યાણજી ગંગાજર ભગત (રતાડિયા) | પહેલા માળની વિંગ માટે |

*જ્યારે નીચે મુજબના દાતાશ્રીઓ દ્વારા પ્રત્યેક રૂમ ઉપરની તક્તીઓ માટે દાન જાહેર થયા હતા.*

| | |
|---|---|
| શ્રી રતનશી રામજી ગાલા (આસંબિયા) | શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા) |
| શ્રી સાકરચંદ દેવશી મહેતા (ભુજપુર) | શ્રી દામજી રાયશી શાહ (ગુંદાલા) |
| શ્રી મોરારજી હીરજી દેઢિયા (ગઢશીશા) | શ્રી ચકેશ્વરી ટ્રાન્સપોર્ટ (સાંધવ) |
| શ્રી કાંતિલાલ વેલજી સાવલા (તુંબડી) | શ્રી વિજય ટ્રાન્સપોર્ટ (પત્રી) |

*તે ઉપરાંત નીચે મુજબનાં દાતાઓએ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટે દાનો જાહેર કર્યા હતા.*

| | |
|---|---|
| શ્રી કાનજીભાઈ રવજી પરિવાર (નાની ખાખર) | કેળવણી સહાય ફંડ |
| શ્રી શાંતિલાલ છગનલાલ શાહ (તુંબડી) | તબીબી સહાય ફંડ |
| શ્રી માવજીભાઈ ધારશી ફુરિયા (મેરાઉ) | સાધર્મિક સહાય ફંડ |
| શ્રી માવજીભાઈ ધારશી ફુરિયા (મેરાઉ) | વૈયાવૃત્તીય ફંડ |
| શ્રી નવીનભાઈ વેરશી હરિયા (બાડા) | મહિલા વિકાસ પ્રવૃત્તિ |
| શ્રી હરખચંદ કુંવરજી સાવલા (તલવાણા) | યુવા વિકાસ પ્રવૃત્તિ |

૧૯૮૫ સુધી **"શ્રી કચ્છી જૈન સેવા સમાજ"** ટ્રસ્ટ કોઈપણ જાતનાં રજિસ્ટ્રેશન વગર ચાલતું હતું. પણ જ્યારે સમાજે મિલકત ખરીદ કરી ત્યારે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી બન્યું. અમુક કાયદાકીય કારણોસર તા. ૨૫-૯-૧૯૮૫નાં **"શ્રી કચ્છી જૈન સમાજ"**નું નામ **"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"** કરવામાં આવ્યું અને તેનું બંધારણ નક્કી કરવામાં આવ્યું. તા. ૪-૧-૧૯૮૬નાં રોજ તેનું પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટના કાયદા હેઠળ રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું જેનો રજિસ્ટ્રેશન નંબર એ-૨૮૯૧, તા. ૪-૧-૧૯૮૬ છે. સાથે સાથે તેને આવકવેરાની કલમ-૮૦જી હેઠળ આવકવેરામાં રાહતપાત્ર સર્ટિફિકેટ પણ મેળવ્યું.

**"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"**નાં પ્રથમ સોપાન માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાળા) સેવા ભવનમાં બે માળ છે. ગ્રાઉન્ડ ફ્લોરમાં પ્રથમ ઓફિસ પછી કેન્ટીનનાં રૂમ ઉપરાંત બે રૂમો તથા એક હોલ છે જેમાં ૩૦ પથારીની એક ડોરમેટરી છે તથા પ્રથમ માળે ૨/૩ બેડનાં ૪ રૂમો છે. એ રીતે ૬ રૂમ તથા એક ડોરમેટરીની સગવડ યાત્રિકો માટે ઉપલબ્ધ છે.

**"શ્રી કચ્છી જૈન સેવા સમાજ"** સાથે અમદાવાદ શબ્દ ક્યારે જોડાઈ ગયો તે યાદ નથી પણ હવે અમે બધા સંસ્થાનાં સભ્યો તથા કાર્યકર્તાઓ સંસ્થાને **"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"**ના નામે જ ઓળખીએ છીએ તથા ઓળખાવીએ છીએ. આ સેવા ભવન - બહારગામથી ધંધાર્થે તથા યાત્રાએ આવતા અતિથિઓ માટે ખૂબજ ઉપયોગી નીવડેલ છે. રેલવે સ્ટેશનેથી નજીકનાં તેમજ અમદાવાદના સેન્ટ્રલ એસ.ટી. સ્ટેન્ડની તદ્દન પાછળ તથા જૂના અમદાવાદની વેપારી માર્કેટોથી નજીક એવા આ સેવા ભવન - અમદાવાદમાં આવનાર વ્યક્તિઓ માટે તે ભવન અતિ આશીર્વાદરૂપ છે. દર વર્ષે સરેરાશ ૧૨,૦૦૦/૧૫,૦૦૦ વ્યક્તિઓ ત્યાં ઉતરવા માટેનો લાભ લે છે.

**"શ્રી કચ્છી જૈન ભવન"** પાલડીનું નિર્માણ ૧૯૯૬ સુધી થયું ન હતું. તે દરમ્યાન સમાજનાં સભ્યો પોતાનાં નાના-મોટા, સારા-નરસા પ્રસંગો તે સેવા ભવનની ડોરમેટરીનાં હોલમાં ઉજવેલ હતા. બેસણા, પ્રાર્થના સભા તથા લગ્ન જેવા નવા પ્રસંગો નાના હોલમાં ઉજવાતા. એટલું જ નહીં, પરંતુ તે સમયે યાત્રાર્થે જતા અથવા આવતાં નાના-મોટાં સંઘના યાત્રાળુ માટે સ્નાન, ચા-પાણી-નાસ્તા, ભોજન વગેરેની વ્યવસ્થા પણ તે હોલમાં કરવામાં આવતી હતી. સમાજનું કાર્યાલય અહીં ચાલુ કરાતાં, સમાજની બેઠકો ત્યાં કને થતી હતી તેમજ સમાજોપયોગી યોજનાઓનો અમલ પણ આજ સ્થળેથી કરવામાં આવતો.

*અચાનક કોઈ આફત આવે તો ગભરાઈ જવાને બદલે વિવેકબુદ્ધિથી કામ લેવું જોઈએ.*

જૂન ૧૯૮૬થી ડિસેમ્બર ૧૯૮૬ સુધીમાં સેવા ભવનનો લાભ ૨૫૦૦ વ્યક્તિઓએ લીધેલ હતો. જ્યારે જૂન ૧૯૮૬થી ૩૧મી મે, ૧૯૮૭ના રોજ અતિથિ ભવને એક વર્ષ પૂર્ણ કરી બીજા વર્ષમાં પદાર્પણ કરેલ. આ દરમ્યાન ૫૫૧૯ વ્યક્તિઓએ સેવા ભવનનો લાભ લીધો.

પણ સમાજનાં વાર્ષિક સ્નેહ મિલન - સ્વામિવાત્સલ્યનું જમણ તથા સામૂહિક ક્ષમાપના વગેરે કાર્યક્રમ માટે શ્રી સ્વામિનારાયણ હોલ મણિનગરમાં જ જવું પડતું અને એ વાત સમાજનાં કાર્યકર્તાઓને ખટકતી કે આપણો પોતાનો પણ આવો જ એક હોલ હોય તો સારું. તા. ૨-૧૧-૧૯૮૬નાં સમાજના સભ્યોમાંથી ૪૫ ભાઈ-બહેનોએ સ્પેશિયલ બસમાં શેરીસા - પાનસર - ભોંયણી - મહેસાણા પંચતિર્થીનું આયોજન કર્યું. જેની વ્યવસ્થા શ્રી બંસીલાલ મગનલાલ ગડાએ સફળતાપૂર્વક કરી. આપણી યુવાપાંખ સંકલ્પે કચ્છથી અમદાવાદ અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને મદદરૂપ થવા તેઓ સાથે તા. ૨૨-૧૨-૧૯૮૬ના એક મિટિંગ મહેંદીનવાઝ જંગ હોલમાં ગોઠવી અને તેમાં સારી એવી સમજદારી ઊભી કરવામાં આવી.

શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન **"સંકલ્પ"** આયોજિત એક રમત-ગમત હરીફાઈ સી.એન. વિદ્યાલયનાં ગ્રાઉન્ડ ઉપર ગોઠવવામાં આવી. જેમાં સમાજનાં ૩ વર્ષથી ઉપરનાં સર્વે સભ્યો માટે દોડ, લાંબો કૂદકો, લીંબુ ચમચો, દડા ફેંક, માટલી ફોડ અને મ્યુઝિકલ ચેર વગેરે હરીફાઈઓ યોજવામાં આવી અને ટ્રસ્ટી મંડળનાં સભ્યોએ પણ ખેલદિલીપૂર્વક ભાગ લીધેલ.

તા. ૮-૩-૧૯૮૭માં માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાળા) સેવા ભવન ખાતે એક નાનકડી લાઈબ્રેરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટન સમારંભનાં અતિથિ વિશેષ પદે શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ, સમારંભના પ્રમુખ પદે શ્રી સુરેન્દ્ર લક્ષ્મીચંદ શાહ હતા જ્યારે લાઈબ્રેરીનાં ઉદ્‌ઘાટક તરીકે શ્રી હસમુખ બાબુભાઈ શાહ હતા. લાઈબ્રેરીનાં ઉદ્‌ઘાટન બાદ **"દિલ ઘવાય છે ત્યારે"** નામનાં હૃદયરોગ અંગે એક પરિસંવાદ તે વખતનાં અમદાવાદનાં કાર્ડિયોલોજિસ્ટ ડૉ. તુષાર શાહનાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

તા. ૧૯-૭-૧૯૮૭નાં **"સંકલ્પે"** એક રંગારંગ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ જયશંકર સુંદરી હોલમાં યોજ્યો. જેમાં અતિથિ વિશેષપદે કચ્છનાં લોકગાયક શ્રી વેલજીભાઈ ગજ્જર બિરાજમાન હતા.

તા. ૧૬-૧૦-૧૯૮૮ તથા તા. ૧૭-૧૦-૧૯૮૮નાં રોજ નવરાત્રિમાં સંકલ્પે બે દિવસનો એક રાસ ગરબાનો પ્રોગ્રામ લૉ ગાર્ડન સ્થિત સ્વપ્નલોક બિલ્ડિંગના કમ્પાઉન્ડમાં યોજ્યો. આ પ્રોગ્રામ ગોઠવવા તથા સફળ બનાવવા સ્વપ્નલોકમાં રહેતા આપણા સમાજનાં સભ્ય શ્રી લક્ષ્મીચંદ શામજી છેડાનો ફાળો મહત્ત્વનો હતો. આ ગરબાનું ઉદ્‌ઘાટન જાણીતા બિલિયર્ડ ચેમ્પિયન શ્રી ગીત શેઠીનાં હાથે દીપ પ્રગટાવી કરાવવામાં આવ્યું હતું.

***(ક્રમશઃ)***

સાહિત્ય આચમન

# ભાષા વિજ્ઞાન

• મહેન્દ્ર સાકરચંદ દોશી •

## એક અદ્વિતીય દસ્તાવેજી ગ્રંથ : "ભારતીય ભાષાના સર્વેક્ષણ"ના ગ્રંથનું લોકાર્પણ

*ભારતીય ભાષાના સર્વેક્ષણના ગ્રંથનું લોકાર્પણ તા. ૭-૧-૨૦૧૨ના "ભાષા સંશોધન કેન્દ્ર - વડોદરા" દ્વારા વડોદરા ખાતે યોજાઈ ગયેલ કે જેનો અહેવાલ શ્રી મહેન્દ્રભાઈ દોશીએ પ્રસ્તુત કરેલ છે.*

*શ્રી મહેન્દ્રભાઈ દોશી પોતે ભાષાશાસ્ત્રના સ્ટ્રક્ચરના તજજ્ઞ છે અને તેમની નામના આ ક્ષેત્રે સારી એવી પ્રસ્થાપિત થયેલ છે. ભારતભરમાં આ ક્ષેત્રના તજજ્ઞો ખૂબજ જૂજ પ્રમાણમાં જોવા મળે છે.*

*પંદર રાજ્યમાં પંચાવન વર્કશોપનું આયોજન કરી, ભાષા સર્વેક્ષણની કામગીરી પૂર્ણ કરી તેને ગ્રંથ સ્વરૂપે આ સંમેલનમાં લોકાર્પણ કરવામાં આવ્યું.*

*ગુજરાત રાજ્યની ૪૭ જેટલી ભાષા - ઉપભાષા - બોલીનો આ ગ્રંથમાં પરિચય કરાવવામાં આવેલ છે. કચ્છ પ્રદેશની કચ્છી બોલી, તેની નજીકની બોલી 'વાઘેરી કચ્છી' અને 'હાલારી કચ્છી'નો પરિચય શ્રી મહેન્દ્રભાઈ દોશીએ આપેલ છે.*

*આ બાબતની વિગતવાર માહિતી કોઈને જોઈતી હોય તો શ્રી મહેન્દ્રભાઈ દોશી ૯૪૨૮૦ ૨૦૫૦૧ / ૦૭૯-૨૭૪૫૨૧૮૦ નંબર પર સંપર્ક સાધવાથી મળી શકશે.*

*– મુખ્યતંત્રી*

નવા વર્ષના આરંભે ભારતીય ભાષાના સર્વેક્ષણના ગ્રંથનું લોકાર્પણ (તા. ૭-૧-૨૦૧૨) ભાષા સંશોધન કેન્દ્ર - વડોદરા દ્વારા આયોજિત વડોદરામાં ઉજવાઈ ગયો. આ ગ્રંથના લોકાર્પણને ખરા અર્થમાં મૂલ્યાંકન કરીએ તો ભારતીય ભાષાનો પરિચય અને લુપ્ત થતી ભાષાઓનું સંરક્ષણ કરવું અને આવી પ્રાદેશિક ભાષાઓના દસ્તાવેજી પુરાવા એકઠા કરી તેને લાંબા સમય સુધી સંગ્રહિત કરવાનો આશય મુખ્યત્વે ગણાવી શકાય.

આ ભારતીય ભાષાના સર્વેક્ષણનું બીજું મહત્ત્વનું ઘટક એ પણ ગણાવી શકાય કે આ સર્વેક્ષણ પહેલાં ભારતીય ભાષાનું સર્વે ૧૯૨૬માં સર ગ્રિયર્સને કરેલ હતું, પણ આ સર્વેનો ઉદ્દેશ્ય માત્ર ભાષાનો પરિચય આપવા પૂરતો મર્યાદિત હતો અને આ સિવાય પણ આ સર્વેમાં ઘણી ભાષાઓની ઉપભાષાઓની નોંધ લેવાની રહી ગયેલ છે. આ ક્ષતિને નિવારવા માટે ભાષા સંશોધન કેન્દ્રના ટ્રસ્ટી સ્થાપક અને સલાહકાર ડૉ. ગણેશ દેવીએ માત્ર ભાષાનો પરિચય આપવાનો અભિગમ સંપૂર્ણ ન ગણતા ભાષાએ લોકોની આગવી પોતીકી ઓળખ હોવાથી સામાજિક - સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કરી ભારતીય ભાષાઓનું સર્વેક્ષણ કરવાનું નિર્ધારિત કર્યું. અને આથી સર્વેક્ષણનો ગર્ભિત અર્થને અભિપ્રેત કરતું તેની ઓળખ આપતું આ સર્વેક્ષણનું નામ Peoples Linguistic Survey of Indiaના અર્થમાં ભાષાકીય સર્વેક્ષણને આવરી લેવા માટેનું આયોજન કર્યું.

શીર્ષકના અર્થને સાક્ષાત્કાર કરવા માટે ભારતના દરેક રાજ્યની વિવિધ અને વિભિન્ન ભાષાઓ ઉપરાંત જેમાંની ઘણી ભાષાઓને લિપિ નથી પણ મૌખિક બોલચાલની ભાષાઓ છે, ખાસ કરીને અસ્થાયી વિહરતી નબળી કોમ / જાતિ / જૂથ, coasts, island અને જંગલ - રણ જેવા વિસ્તારમાં સમૂહમાં રહેતી જાતિ - કોમ - જૂથના સમૂહમાં બોલાતી ભાષાને સમજવા, જાણવા ઉપરાંત જીવંત ભાષાઓનું નિરીક્ષણ કરી અને તે ભાષાઓનું સમીક્ષાત્મક અવલોકન કરીને ઐતિહાસિક દસ્તાવેજી પુરાવાઓની સાથે સંગ્રહ કરવાનો હેતુ / લક્ષ્ય આ સર્વેક્ષણમાં આવરી લેવામાં આવેલ છે. આ કામગીરી માટે દેશના દરેક ભાષાનાં ભાષાવિદ્ - ભાષા વૈજ્ઞાનિકોને સાંકળી અને તેમના સહકારથી આ સર્વેક્ષણનું આયોજન કરવામાં આવેલ છે.

ત્રીજી ખાસ બાબત પણ નોંધનીય ગણાવી શકાય. ભારતની ૧૯૬૧ની વસતિ ગણતરીમાં કુલ ૧૬૫૨ માતૃભાષાઓ જીવંત હોવાનું નોંધવામાં આવેલ છે. આ ભાષાઓની સંખ્યા ૨૦મી સદીના પ્રથમ ભાગમાં આવતા સુધીમાં આમાંની લગભગ પચાસ ટકા પૈકી ભાષાઓ લુપ્ત થયેલ જણાય છે. જ્યારે ૨૦મી સદીના ઉત્તરાર્ધ સુધી પહોંચતા આ પૈકીની બાકી રહેલ ભાષાઓમાંથી પણ ૧/૩ ભાષાઓ લુપ્ત થયેલ હોવાનું જણાય છે. જોકે આ ભાષાઓના લુપ્ત થવાના કારણ ભાષા વૈજ્ઞાનિકોએ આપવાના રહે છે, પણ આ ઘટતી ઘટનાને ભાષાઓના લુપ્ત થવાના ક્રમના

*તમારા ધંધાનો વિકાસ તમારી ક્ષમતા પર આધારિત છે.*

રેસિયાને ગંભીરપણે વિચારીએ તો બાકી જીવંત રહેલી ભાષાઓનો લુપ્ત થવાનો ક્રમ આજ ગતિએ ચાલુ રહે, તો હવે પછીના આવનાર સમયના ૫૦ વર્ષના ગાળામાં બાકી રહેલ ભાષાના દસ્તાવેજી ઐતિહાસિક પુરાવાના મૂકસાક્ષી તરીકે પ્રેક્ષક જ બની રહેવાનો સમય આવે એ સંભાવનાની કલ્પનાને નિવારી શકાય નહીં.

આવા કારણોને ભાષા સંશોધન કેન્દ્રે મહત્ત્વના ગણીને ભાષાઓનું સર્વેક્ષણ કરવા માટે 'ભાષાના સંપ્રવાહ'નું આયોજન કરી દરેક ભાષાના ભાષાવિદ્ અને ભાષા વિજ્ઞાનીઓ સાથે વિચાર વિમર્શ કરવા માટે કુલ પંચાવન વર્કશોપનું આયોજન કરી સર્વેક્ષણની કામગીરી હાથ ધરી. આ કામગીરીની ફળશ્રુતિરૂપે પ્રથમ તબક્કામાં કુલ પંદર રાજ્યો (છત્તીસગઢ, હરિયાણા, જમ્મુ અને કાશ્મીર, કેરાલા, મહારાષ્ટ્ર, પંજાબ, તામિલનાડુ, વેસ્ટ બેંગાલ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, મધ્ય પ્રદેશ, ઓરિસ્સા, રાજસ્થાન અને ઉત્તરાખંડ રાજ્ય)માં ભાષા સર્વેક્ષણની કામગીરી પૂર્ણ કરી તેને 'ગ્રંથ' સ્વરૂપે 'લોકાર્પણ' કરવા માટેનું આયોજન કરવામાં આવ્યું.

આ ગ્રંથના વિમોચન પ્રસંગે વિશ્વના કુલ ૩૮ દેશોના ભાષા વિજ્ઞાનીઓ તેમજ ભારતના દરેક રાજ્યોમાંથી ભાષાવિદ્ અને ભાષા વૈજ્ઞાનિકો પણ ઉપસ્થિત રહ્યા હોય તેવી આ પ્રથમ ઘટના છે. આ પ્રસંગમાં ભાષા સંશોધન કેન્દ્રના ચેર પર્સન ડૉ. કે.કે. ચક્રવર્તી, પ્રો. વેદપ્રકાશ ચેરપર્સન યુ.જી.સી. કેન્દ્રીય સાહિત્ય અકાદમી (દિલ્હી) ડાયરેક્ટર ડૉ. કૃષ્ણમૂર્તિ ભાષા સંશોધન (સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયન લેંગ્વેજીસ)ના ડાયરેક્ટર ડૉ. એસ.એન. બર્મન (મૈસુર), રવિ પ્રતાપસિંહ પણ હોદ્દાની રુએ ઉપયોગી રહ્યા હતા.

ગુજરાત રાજ્યની ભાષાઓના સર્વેક્ષણ ગ્રંથનું સંપાદન પ્રો. કાનજીભાઈ પટેલે સંભાળેલ હતું અને શ્રીમતી મહાશ્વેતાદેવી, ડૉ. મૂરે, એની મેરી સાના માર્ગારેટ ફ્લો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. યોગેન્દ્ર વ્યાસ, ડૉ. હસુભાઈ યાજ્ઞિક, ડૉ. ભગવાનભાઈ પટેલ તથા અન્ય ભાષાવિદ્ વિજ્ઞાનીઓનો સલાહકાર તરીકેનો સહકાર સાંપડેલ છે. આ ગ્રંથમાં ગુજરાત રાજ્યમાં બોલાતી આશરે સુડતાલીસ જેટલી ભાષા - ઉપભાષાઓ પરનું કામ આશરે એકાવન જેટલા ભાષા વિદ્દોએ અલગ અલગ ભાષા પર કરેલ છે.

આમ, ગુજરાત રાજ્યની આશરે ૪૭ જેટલી ભાષા - ઉપભાષા - બોલીના ગ્રંથમાં રાજ્યની મુખ્ય ભાષા ગુજરાતી અને તેમની ઉપબોલી અને અન્ય પ્રાદેશિક બોલીઓ પૈકી 'કચ્છ પ્રદેશ'ની 'કચ્છી બોલી' અને તેની નજીકની બોલી 'વાઘેરી કચ્છી' અને 'હાલારી કચ્છી'નો પરિચય શ્રી મહેન્દ્ર દોશીએ કરાવવાનો પ્રયત્ન કરેલ છે. બન્ની વિસ્તારની બોલીનો પરિચય શ્રી મુતવાએ કરાવેલ છે, જ્યારે 'સિંધી' ભાષાનો પરિચય ડૉ. લાલો જેઠાએ આપેલ છે. સર ગ્રિયર્સને તેમનાં સર્વેમાં 'કચ્છી'ને 'સિંધી'ની ઉપબોલી તરીકે ઓળખ આપેલ છે. 'વાઘેરી કચ્છી' - હાલારી કચ્છીનો ઉલ્લેખ કરવાની ચૂકી ગયા છે. આ સર્વેક્ષણમાં કચ્છી પણ ઐતિહાસિક અને ભાષાના બંધારણના આધારે પૃથક્કરણ કરી તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો 'કચ્છી' એ સ્વતંત્ર બોલી - ભાષા તરીકે પ્રસ્થાપિત કરી શકાય એટલા ભાષાકીય પરિબળો તે બોલીની અંદર સમાયેલા જ છે. આથી ઐતિહાસિક ઘટનામાં અને ભાષાના બંધારણની દૃષ્ટિએ ઉપલબ્ધ પુરાવાઓ અને નોંધાયેલ ઘટનાઓ પરથી 'કચ્છી'ને એક સ્વતંત્ર ધીંગી ભાષામાં સ્થાન આપી શકાય તેટલું સામર્થ્ય ધરાવે છે.

વાઘેરી બોલી (ઓખામંડળ વિસ્તાર)ની બોલીની ગણતરી અગાઉના સર્વેમાં કરવામાં આવેલ નથી. પ્રથમવાર આ સર્વેક્ષણમાં તે સ્થાન પામેલ છે. ભાષા વિજ્ઞાનના મીટરથી 'કચ્છી' અને 'વાઘેરી'ની તુલનાના આધારે કચ્છી - વાઘેરી બોલી માટે પૂરતા ભાષાકીય પુરાવાને આધારે 'કચ્છી'ની ઉપબોલી તરીકે સ્વીકારી શકાય તેવી શક્યતાઓ તેમાં સમાયેલી છે.

કચ્છી બોલીની ભગિની બોલી તરીકે 'હાલારી કચ્છી'ને કચ્છી બોલીની સાથે તુલનાત્મક પૃથક્કરણ માટે લગભગ સત્તર જેટલા ભાષાકીય કારણોને આધારે ભગિની બોલી તરીકે પ્રસ્થાપિત કરી શકવા જેટલું સામર્થ્ય ધરાવે છે.

આ ગ્રંથનું સર્વેક્ષણ સાચા અર્થમાં લોકો-ભાષી, લોકો માટે અને લોકોના સમૂહની વાચા આપતો સર્વેક્ષણ ગ્રંથ ભારતીય ભાષાઓનો ઐતિહાસિક ગ્રંથ બની રહેશે.

*એફ-૧, સન પાવર ફ્લેટ, ગુરુકુળ રોડ,*
*અમદાવાદ-૩૮૦ ૦૫૨. ફોન : ૦૭૯-૨૭૪૫૨૧૮૦*

*તમારો દરેક શબ્દ પ્રાર્થના બને અને તમારું પ્રત્યેક કર્મ યજ્ઞ બને એવી પ્રાર્થના કરો.*

માહિતી

# આપણો સમાજ કેટલો ડિસેબલ્ડ ફ્રેન્ડલી છે?

• ડૉ. માણેક એમ. સંગોઈ •

કચ્છી જૈન સમાજ એટલે ઘણી જ્ઞાતિઓ કરતાં ઘણી બાબતોમાં પ્રગતિશીલ સમાજ. આપણું સદ્‌ભાગ્ય છે કે આપણા સમાજને ઘણી પ્રતિભાશાળી અને કર્મયોગી વ્યક્તિઓનું માર્ગદર્શન અને સેવા મળ્યા છે. **આપણી નવી પેઢીએ ધાર્મિક સાત્ત્વિકતાના જીવંત સિંચનથી સારા આચાર-વિચાર જાળવી વર્તમાનકાળના અનેક દૂષણોને દૂર રાખ્યા છે.** આ એક ગર્વની હકીકત છે કે કચ્છના લગભગ અનેક ગામોમાં આપણા મહાજનો, અતિથિ ગૃહો, ભોજનાલયો, દવાખાના, ગૌશાળા, આયંબીલ વ્યવસ્થા, પાઠશાળા-સ્કૂલો, ગુરુજનો માટે સ્થાનકો-ઉપાશ્રય, દેરાસર, ગ્રામવાસી-વૃદ્ધજનોની વિશેષ કાળજી વગેરે લોકોપયોગી ઘણી પ્રવૃત્તિઓ વ્યવસ્થાપૂર્વક ચલાવી રહ્યા છે, સંસ્થાઓનો વિકાસ કરી રહ્યા છે. નાના મોટા શહેરોમાં પણ જ્ઞાતિજનોના હિતમાં અનેક કાર્યો ચાલી રહ્યા છે. આવાસ યોજનાઓ, કૉલેજો - શિક્ષણ સંસ્થાઓ, મેડિકલ સેન્ટર-હોસ્પિટલો, લઘુ ગૃહ ઉદ્યોગો, સેનેટોરિયમ વગેરે અમુક દાખલાઓ છે. જ્યાં જ્યાં જરૂરત પડે ત્યાં જરૂરતમંદોને આર્થિક તેમજ અન્ય મદદ મળતી રહે છે. જ્ઞાતિજનોના સામાજિક, વ્યવહારિક, આર્થિક, આવાસીય, શૈક્ષણિક, કૌટુંબિક, વ્યવસાયિક વગેરે અનેક પ્રશ્નોનો ઉકેલ લાવવા આપણા સમાજનું નેતૃત્વ સજાગ છે.

પરંતુ એક ક્ષેત્રમાં હજી આપણી થોડી નહિ પણ મહદ્ અંશે ઊણપ છે. **એ છે ડિસેબલ્ડ - અપંગ જેને હવે સભ્ય સમાજ ડિફરન્ટલી એબલ્ડ એટલે કે 'કૈંક શક્તિશાળી' કહે છે એમના પ્રત્યેનું આપણું વલણ નિરાશાજનક છે. જે પુરવાર કરે છે કે આપણે ડિસેબલ્ડ-ફ્રેન્ડલી નથી.** માત્ર આપણી જ નહિ પણ સમસ્ત ભારતની આ એક મોટી ખામી છે. જેમ આપણો દેશ ભલે ને 'ઇન્ડિયા શાઇનિંગ', 'ઇન્ક્રેડિબલ ઇન્ડિયા' કે 'અતિથિ દેવો ભવ'ની બાંગ પુકારે પણ બીજા પ્રગતિશીલ દેશોના લોકો જેવા આપણે ટૂરિસ્ટ ફ્રેંડલી નથી. દેશી-વિદેશી પ્રવાસીઓને અનેક મુસીબતોનો સામનો કરવો પડે છે. **આપણી ફ્રેંડલી થવાની સામાન્ય વ્યાખ્યા એ છે કે કોઇના ઉપર મહેરબાની કરવાની.** એક મિત્ર તરીકે બીજી વ્યક્તિને માનવીય દરજ્જો આપી એનું આત્મસન્માન કરતાં મદદ કરીએ એને સાચી ફ્રેન્ડલીનેસ કહી શકાય જેમાં ઉપકાર કરવાનો દંભ ન હોય. બીજાની સગવડોનો ખ્યાલ રાખી આપણું નકારાત્મક વલણ બદલાવીને ઉપયોગી થઇ સદ્‌ભાવના ફેલાવવાનું વલણ હોય. કર્મવાદના ઓથે અને પૂર્વ જન્મની આસ્થાના બહાને અપંગજનો સાથે આપણે ઠીક અન્યાય કરી રહ્યા છીએ. એમની તકલીફો પ્રત્યે આંખ આડા કાન કરી આપણા સામર્થ્યનું અને એમના સામર્થ્યનું અપમાન કરી રહ્યા છીએ. 'પૂર્વજન્મમાં કરેલાં કર્મ ભોગવે છે તે ભોગવવાના જ હોય એમાં આપણે શું કરી શકીએ?' એવો દંભી દેખાવ કરી આત્મસંતોષ લઇ, થોડી દયા દાખવી, ભાગેડુ વૃત્તિ પોષીએ છીએ. દયાનાં નામે આપણે એમને મદદ કરતાં રહીએ ને એમનું સામર્થ્ય ન વધે - એમની આત્મનિર્ભરતાની ભાવના પ્રબળ ન થાય તો એ મદદ હંમેશ ભારરૂપ રહેવાની. આપણા પ્રયત્નો હકારાત્મક અને રચનાત્મક રહેશે તો જ એમના જીવનમાં ગતિશીલતા આવશે. એ વિશેષ બોજારૂપ નહિ બને.

આપણને ચાલતાં કે દોડતાં ઠોકર વાગે ને પડી જઇએ ને જો થોડું સાયન્સ ભણ્યા હોઇએ તો ન્યુટનને યાદ કરીએ કે જેણે ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતની શોધ કરી. પડ્યા તો નીચે જ પડ્યા, ને પડ્યા પછી આપણે પડ્યા નથી રહેતા. ઊભા થઇને ન્યુટનના સિદ્ધાંત વિરુદ્ધ ચાલવાનો પ્રયત્ન કરીએ છીએ કે નહીં? જો ઊભા ન થઇ શકતા હોઇએ તો આપણે આશા રાખીએ કે કોઇ આપણને મદદ કરે. ત્યારે આપણને આપણી કર્મની થીયરી યાદ નથી આવતી.

આપણી ફરજ બની રહે છે કે જેઓ ચાલી શકતા એમને હરતાંફરતાં કરતા સક્ષમ બનાવીએ. જે જોઇ શકતાં એમને પોતાની દૃષ્ટિ વગર પણ તેઓ સ્વાવલંબી બને એવી આપણી દૂર-દૃષ્ટિ આપીએ. જેઓ સાંભળી કે બોલી નથી શકતા એમની જરૂરતો સમજીને સ્વમાનભર્યું જીવન જીવવા માટે સાથ આપીએ. જેઓ મંદબુદ્ધિ ધરાવે છે એમને એમની ક્ષમતા વિકસાવી તેઓ સુખરૂપ જીવન જીવી શકે એવા વાતાવરણ સાથે એમને ઉપયોગી થઇએ. સૌને આધુનિક રિહેબિલિટેશન અને શિક્ષણની તકો એમને સાંપડે ને શક્ય હોય તેટલા સ્વાવલંબી બને.

આપણા સમાજની જાહેર સંસ્થાઓની બિલ્ડિંગ : શાળાઓ, કોલેજ, હોસ્પિટલ-મેડિકલ સેન્ટર, સેનેટોરિયમ, ભોજનાલય, અતિથિગૃહ, ધર્મશાળા, સ્થાનક, દેવાલયો, બાલ મંદિર-પાઠશાળા, રમત-ગમતના મેદાનો, સભાગૃહો, આવાસ યોજનાઓને ડિસેબિલિટી એક્ટ ઓફ ઇન્ડિયા, **૧૯૯૫ના કાયદા પ્રમાણે અપંગજનોને સરળતા પડે એવી રચના અને સગવડતા આપવી જરૂરી છે.** એના માટે યોગ્ય રેમ્પ-ઢળાવ, લપસાણ વગરના મોટા અને વ્હીલચેર ચલાવી શકાય તેવા રસ્તા, રેઇલિંગ, પહોળા દરવાજા, યુરોપિયન

*ઘણી ભૂલો, સુધરવાની તક આપતી નથી.*

સંડાશની સીટ, ધોવા માટે પાણી સહેલાઈથી વાપરી શકાય તેવી પદ્ધતિ વગેરે સગવડો મેળવી તેઓ આત્મનિર્ભર બની શકશે. સમાજના એઓ અંગ છે. **એમના પ્રત્યેની આપણી નૈતિક ફરજ સમજી આટલી સુવિધાઓ તો આપવી જ જોઇએ.** પગથિયાં ચડી શકતી વ્યક્તિઓને દેવાલયમાં પ્રભુની પ્રતિમાના દર્શન કે પૂજા કરવાનો લાભ મળી શકતો હોય, તો જેમના પગ નથી કે પગ વાપરી નથી શકતાં અને કાખઘોડી, વૉકર કે વ્હીલચેર વાપરવી પડતી હોય એમને પ્રભુના દર્શન કરવાનો કોઇ અધિકાર નહીં? સમાજના બે માળના અતિથિગૃહમાં જો ભોંયતળિયે રૂમ રહેવા ન મળે ને દાદરા ચડી ન શકાતાં હોય તો હવાફેર માટે સ્વર્ગની સુંદરતા સમા દેવલાલી કે લોનાવાલામાં રહેવાના એમના લાભને વંચિત કરવાના? રેલવેવાળા પણ સિનિયર સિટીઝનને નીચેની બર્થ સૂવા માટે આપે છે, તો સમાજની સંસ્થાઓમાં અપંગોની જરૂરત પ્રમાણે વિશેષ ધ્યાન કેમ ન આપી શકાય? આ સિવાય બીજા અનેક ક્ષેત્રો છે જેમાં આપણા સમાજની અપંગ વ્યક્તિઓને સક્ષમ કરવામાં મદદ કરી શકાય.

સ્વમાનપૂર્વક જીવવા માટે, સામાન્ય જીવન નિર્વાહ માટે બીજી વ્યક્તિઓ કરતાં અપંગને વિશેષ ખર્ચ કરવો પડે છે. એમના સાધનોઃ કેલીપર, કાખઘોડી, વ્હીલચેર, વૉકર, હિયરિંગ એઇડને ખરીદવામાં, સાર સંભાળ રાખવામાં ને ઉપયોગ કરવામાં ઠીક આર્થિક ભાર ઉપાડવો પડે છે. મુક્ત હરવા-ફરવા માટે વાહન કે માણસની મદદ પણ મોંઘી થઇ પડે છે. અંધ કે સેલીબ્રલ પાલ્સીવાળા વિદ્યાર્થીઓને કમ્પ્યુટર જેવાં સાધનોની વિશેષ જરૂર પડે. એમના માટે આર્થિક મદદ કે લોનની અન્ય કરતાં વધારે જોગવાઇ જરૂરી છે. એમના વ્યવસાય કે ઉદ્યોગ-ધંધા માટે વિશેષ સગવડો આપી શકાય તો એમના માટે વરદાન રૂપ થશે. **જોકે સામાન્ય સંજોગોમાં સમાજ પાસે વ્યવસ્થા છે પણ અપંગજનો માટે વ્યવસ્થિત ખાસ કોટા સિસ્ટમ જેવું હોય એ મારા ધ્યાનમાં નથી.** આપણા ઉદ્યોગપતિઓ, વેપારી ભાઇ-બહેનો અને આપણી સંસ્થાઓમાં નક્કી કરે કે એમના સ્ટાફમાં બે કે ત્રણ ટકા અપંગ વ્યક્તિઓને યોગ્ય વળતર સાથે સ્થાન આપશે. સમાજના સેનેટોરિયમ, અતિથિગૃહો તેમજ ભોંયતળિયામાં પણ એક રૂમ (ફ્લેટ) એવો બનાવે જે વ્હીલચેરવાળા પણ વાપરી શકે. આપણા દેવાલયોમાં પણ એવી વ્યવસ્થા હોય કે દાદરા ચડ્યા વિના પ્રભુના દર્શન થઇ શકે. લોકોની આવરદા વધતી જાય છે ને ઉંમર વધતા હાલવા-ચાલવા-દાદર ચડવાની તકલીફો પણ વધતી જાય છે. આ પ્રકારની સગવડ થાય તો ઘણાને લાભ થશે.

ડિસેબલ્ડ - અપંગ વ્યક્તિઓની અને એમના કુટુંબીજનોની જરૂરતો અને તકલીફો સમજવાની સંવેદનશીલતા સમાજની સંસ્થાઓના ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ અને પગારદાર વ્યક્તિઓ દાખવશે અને વગર વિલંબે પગલાં લેવા તૈયાર થશે **તો અપંગ લોકોના એમને ઘણા આશીર્વાદ મળશે. આપણો સમાજ એક અવ્વલ નંબરનો ડિસેબલ્ડ ફ્રેંડલી બનશે એમાં કોઇ શંકા નથી.**

*૧૮, સાગર પ્રભા, પ્રભા નગર,*
*બી.બાલુ રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૫.*
*મો. ૯૧૬૭૪૬૫૨૪૨*

# ગુલામીનો વ્યાપાર : ૧૮૦૦-૧૯૦૦

• શાંતિલાલ સંઘવી •

ગુલામીનો વેપાર એક પ્રથા તરીકે લગભગ ૨૦૦૦ વર્ષોથી અસ્તિત્વમાં છે. રોમ, મિસર, અરબસ્તાન, તુર્કી, ઇરાન તથા હિન્દમાં ગુલામોની લે-વેચ થતી. રોમન સામ્રાજ્યમાં હારેલા દેશના લોકોનો ગુલામ તરીકે ઉપયોગ કરાતો. ખાસ કરીને આફ્રિકાના હબસીઓનો ગુલામ તરીકે વિશેષ ઉપયોગ થતો. તુર્કી, ઇજિપ્ત અને સિરિયા જેવા દેશોમાં પણ ગુલામોની મોટી માંગ રહેતી. હબસીઓ ઉપરાંત રશિયામાં અમુક ભાગમાંથી ગોરા બાળકોની તસ્કરી કરવામાં આવતી. આ વેપારમાં ઇજિપ્તના 'મામેલુક' લોકો વધારે સક્રિય હતા અને આવા ગોરા ગુલામોમાંથી 'સારાસેન' વંશની ઉત્પત્તિ થઇ, જેમાંના કેટલાક ગુલામો ઇજિપ્ત અને તુર્કીના સિંહાસન સુધી પહોંચેલા. દેખાવમાં કંઇક સોહામણા હોવાના કારણે ત્યાંના જનાનખાનાઓની ખટપટમાં તેઓ વધારે સક્રિય રહેતા. હિન્દમાં પણ ગુલામ વંશના સુલતાનોનો રાજ્યકાળ કેટલાક વખત સુધી રહેલો. જેમાં સુલતાના રઝિયા બેગમનું તેણીના ગુલામ યાકુત સાથેનું પ્રેમ પ્રકરણ ઉપરાંત કુતુબ મિનારનું બાંધકામ અને છેવટે સુલતાન કુતુબુદ્દીન ઐબકનું પોલો રમતાં થયેલ મૃત્યુની ઘટનાઓ બનેલી. ગુજરાતમાં પણ મહંમદ બેગડાના ઉચ્ચ અધિકારીઓમાં મલિક અયાઝની ગણતરી પ્રથમ હરોળના અધિકારી તરીકે થતી. તેણે પોર્ટુગીઝોને સૌરાષ્ટ્રના કાંઠે પગદંડો જમાવતાં અટકાવ્યા હતા. આ મલિક અયાઝ મૂળે રશિયામાંથી વાયા ઇજિપ્ત તથા સિરિયા થઇ હિન્દ પહોંચેલો ગુલામ હતો.

ગુલામીના વેપારનું કેન્દ્ર સ્થાન આફ્રિકાનો પૂર્વ કાંઠો હતો. તેમાં પ્રમુખ કેન્દ્ર ઝાંઝીબાર હતું. દુનિયામાં ખેતીની પેદાશ કપાસ, શેરડી, મીઠા બીટ, તમાકુ, નાળિયેર, વિવિધ અનાજ વગેરેની ખેતી માટે સસ્તા મજૂરોની ઘણી માંગ રહેતી. અમેરિકામાં પણ કપાસના ખેતરોમાં કામ કરવા લાખોના હિસાબે હબસી ગુલામોને પકડી લાવવામાં આવતા. આ વેપારમાં ઘણો જ નફો રહેવાથી ઘણા દેશો એમાં જોડાયેલા રહેતા. ઇ.સ. ૧૮૩૯માં ઝાંઝીબારમાં અમેરિકન કોન્સ્યુલેટની સ્થાપના કરવામાં આવી. તે પછી બ્રિટન, ફ્રાંસ તથા જર્મનીના વેપારીઓ હાથીદાંત, પશુઓનાં ચામડાં, કોડી (કવરી) લવિંગ વગેરે લઇને તેની અવેજીમાં અમેરિકામાં બનતું જાડું બરછટ કાપડ 'મેરિકાની' આપતા. આ કાપડ સમસ્ત ઇસ્ટ આફ્રિકામાં બાર્ટર વેપાર માટે એક માધ્યમ તરીકે વપરાતું અને તેની ઘણી ઊંચી માંગ પણ રહેતી. ધીરે ધીરે ગુલામો મેળવવામાં કઠિનાઇ પડવા લાગી. કારણકે આફ્રિકામાં તેમની વસતી ઘટવા લાગી. ઉપરાંત દુનિયામાં ગુલામીના વેપાર પ્રત્યે નારાજગી ફેલાવા લાગી. પરિણામે પ્રથમ બ્રિટિશ હકૂમત તળે આવતા પ્રદેશોમાં ગુલામીની પ્રથા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. અમેરિકામાં પણ આ પ્રથા સામે વિરોધ વધવા લાગ્યો પરંતુ અમેરિકાના દક્ષિણના રાજ્યો તેમના કપાસના ખેતરોમાં મજૂરી અર્થે લાવવામાં આવતા ગુલામો અટકે એ માટે તૈયાર ન હતા. ઉત્તર અમેરિકામાં આ પ્રથા સામે પ્રતિબંધ લાદવામાં આવ્યો પણ દક્ષિણના રાજ્યોએ પ્રતિબંધનો વિરોધ કર્યો. પરિણામે ત્યાં સિવિલ વૉરના મંડાણ થયા. અમેરિકાના આંતર યુદ્ધના કારણે કપાસનું ઉત્પાદન અટકી પડતાં હિન્દમાંથી કાપડની નિકાસ થવા લાગી. તેના કારણે કપાસના વેપારીઓ અને દલાલોએ ખૂબ કમાણી કરી. મુંબઇના શેરબજારમાં જબરી તેજી આવી. કાપડ તથા રૂ ના શેરોના ભાવ આસમાને પહોંચ્યા અને સટ્ટાખોરી અસ્તિત્વમાં આવી. પરંતુ અમેરિકાના ગૃહયુદ્ધનો અંત આવતાં આ સટ્ટાખોરીનો પરપોટો ફૂટી ગયો અને અનેક ગુજરાતી વેપારીઓની પેઢીઓ ફડચામાં ગઇ, તો કેટલાક લોકોએ આપઘાત કર્યા.

દરમ્યાન કપાસની મોટાપાયે હેરફેર માટે રેલવેની જરૂરત ઊભી થઇ. કેટલીક કંપનીઓએ હિન્દમાં રેલવે બાંધવા માટે 'બૉન્ડ' બહાર પાડ્યા જે બધા જ ખપી ગયા. પરિણામે મોટા અંતર માટે રેલવે બાંધવાનું શક્ય બન્યું.

ઝાંઝીબારમાં આરબોની પણ ઠીક ઠીક વસતી હતી. તેમાંના ઘણા લવિંગ અને નાળિયેરના વિશાળ બગીચાના માલિક હતા. આ બગીચાઓમાં હજારો ગુલામોની જરૂર પડતી. ઝાંઝીબારના સુલતાન પર યુરોપના દેશોએ ઘણું દબાણ કર્યું પણ સુલતાન એ બંધ કરાવી શક્યા નહીં કારણકે તેમ કરવાથી આર્થિક પાયમાલી થવાની શક્યતા હતી. પરિણામે આફ્રિકાના અંદરના ભાગમાંથી ગુલામોને પકડીને તેનો વેપાર સાવ બંધ ન થતાં ચાલુ રહ્યો. આરબો ઉપરાંત હિન્દના ખાસ કરીને કચ્છી વેપારીઓ ગુલામોના વેપારમાં વ્યસ્ત હતા. દર વર્ષે લગભગ ૨૫૦૦૦ થી ૩૦૦૦૦ જેટલા ગુલામોની ખપત રહેતી અને વેપાર ચાલુ રહ્યો. ગુલામની કિંમત તેના શરીર અને શક્તિના આધારે રૂા. ૩૦૦/- થી ૫૦૦/- જેટલી રહેતી. સ્ત્રી ગુલામની કિંમત થોડી વધારે રહેતી. ઇરાનમાં સારા ગુલામની કિંમત ૫૦૦૦/- રૂા. સુધી રહેતી. આથી સમજમાં આવશે કે ગુલામીના વેપારમાં કેટલો ફાયદો-નફો રહેતો. આ ગુલામોને માત્ર ખેતરોમાં જ નહીં પણ આરબ

*નીતિ ચોખ્ખી હોય તો જ સુવ્યવસ્થા સ્થાપી શકાય.*

ઉમરાવોના ઘરકામ માટે તથા અંગત સેવાઓમાં પણ રાખવામાં આવતા. 'ધી વ્હાઇટ નાઇલ'માં સર રિચર્ડ બર્ટન લખે છે "હબસી ગુલામોની કતાર જાનવરોની માફક રસ્તા પર ઊભી રહેતી. તેમનો દલાલ બરાડા પાડીને ભાવતાલ કરતો. મોટાભાગના ગુલામો દુબળા હતા. કેટલાક તો બરાબર ઊભી પણ શકે નહીં તેવા હતા. કેટલાક આરબો તો ગુલામ બાળકો સાથે હીન પ્રકારની વર્તણૂક કરતા. મોટી ઉંમરના ગુલામોને ખરીદનારા ઓછા હતા." ખરીદાયેલો ગુલામ એનો માલિક એને સ્વેચ્છાએ મુક્ત ન કરે તો આખી જિંદગી તેનો ગુલામ રહેતો. તેની સ્ત્રી કે બાળક પણ વ્યવહારમાં તેના માલિકના ગુલામ જ રહેતા. ઉમદા વૃત્તિના કેટલાક આરબ અને અમેરિકન માલિકો સિવાયના માલિકોનો ગુલામો પ્રત્યેનો વ્યવહાર અત્યંત ક્રૂરતાપૂર્વકનો રહેતો. 'અંકલ ટોમ્સ કેબિન'માં ગુલામોની સ્થિતિ અને યાતનાઓનું હૃદયદ્રાવક હકીકતલક્ષી વર્ણન કરેલું છે.

ગુલામીના વેપાર પર અંકુશ આવતાં તેમને પકડવા તેમજ છૂપાવી રાખવા અવનવી તરકીબો અજમાવાતી. આરબ વહાણમાં નીચેના ભંડકિયામાં સાંકડી જગામાં છૂપાવવામાં આવતા. **રોજ એક ગુલામને એક લિટર પાણી આપવામાં આવતું. જ્યાં બે જણ માંડ બેસી શકે એવી જગામાં પાંચ જણને પૂરવામાં આવતા.** જ્યાં સુધી તેમને બહાર લઇ જવાની અનુકૂળતા ન મળે ત્યાં સુધી તેમને ભંડકિયામાં જ ગોંધી રાખવામાં આવતા. આરબ વેપારીઓમાં એક એહમદબિન ઇબ્રાહિમ હતો. બીજો એક મહોમદ બિન સૈયદ હતો. આ બન્ને ગુલામોના પ્રમુખ વેપારી હતા અને ગુલામોના વેપારમાં ખૂબ કમાતા. ઝાંઝીબારમાં તેમના મહેલ જેવા વિશાળ રહેઠાણ હતા. યુરોપિયનો સહિત દરેક દેશના વેપારીઓ તેમને મળવા આવતા. આ બન્ને લેક ટાંગાનિકા તથા લુઆલાબા નદી વિસ્તારમાંથી ગુલામો પકડવા બેફામ રીતે વર્તતા. લૂંટારાની જેમ લોકોને પકડીને ગુલામ તરીકે વેપાર કરતા. આ બન્નેને કચ્છના વેપારીઓ સાથે પણ વ્યાપાર સંબંધો હતા.

ગુલામીનો આ વેપાર બંધ કરવા બ્રિટિશ સરકાર ઇચ્છતી હતી. તેથી તેમણે સર બટલર ફેરીને વડા તરીકે ઝાંઝીબારના સુલતાન બરગશને સમજાવીને આ વેપાર બંધ કરવા સમજાવવા મોકલ્યા. પણ સુલતાન બરગશે સહી ન કરી. બ્રિટને ઝાંઝીબાર ફરતે ઘેરાબંધી કરવાની ધમકી આપી તો પણ બરગશ ન માન્યો. છેલ્લે બ્રિટિશ કોન્સલ જોન કર્કે સુલતાનને ફરજ પાડી અને સુલતાને આંખમાં આંસુ સાથે ગુલામી બંધ કરવાના દસ્તાવેજ પર સહી કરી આપી.

કચ્છના કેટલાક વેપારીઓ પણ ગુલામીના વેપારમાં સામેલ હતા. એમાં એક નામ શિવજી શેઠનું પ્રખ્યાત હતું (અહીં એક અંગત નોંધ : આ શિવજી શેઠની મુંદરા (કચ્છ) ખાતેની પેઢીની હેડ ઓફિસમાં મારા દાદા તેમની યુવાનીમાં નોકરી કરતા હતા) પરંતુ કચ્છના મહારાવના ગુલામી વિરુદ્ધના જાહેરનામા પછી શિવજી શેઠે ગુલામીના વેપારમાં પડવાનું બંધ કરેલું. બટલર ફેરી જ્યારે ઝાંઝીબાર આવેલ ત્યારે કચ્છના મહારાવ પ્રાગમલજીએ તેમના દીવાન શાહબુદ્દીન કાઝીને બટલર સાથે ચર્ચા કરવા મોકલેલા. બરગશ જોડેની મંત્રણા તૂટી પડતાં દિવાને કચ્છી વેપારીઓની સભા બોલાવેલી. હૃદયસ્પર્શી ભાષણ કરીને તેમને આ વેપાર બંધ કરવા સમજાવ્યા. કચ્છ સરકારે જાહેરનામું બહાર પાડ્યું "તમોને આ હુકમ દ્વારા જણાવવામાં આવે છે કે સદરહુ ધંધો તમો હરગિજ કરશો નહીં. જો કરતા હો તો આ હુકમથી તત્કાળ બંધ કરજો. જે પકડાશે તેની કચ્છ ખાતેની મિલકત જપ્ત કરવામાં આવશે." પરિણામે તમામ કચ્છી વેપારીઓએ ગુલામોને મુક્ત કરી દીધા. એક વેપારી પાસે તો ૭૦૦૦ ગુલામો હતા. તેના પરથી ખ્યાલ આવશે કે આ વેપાર કેટલો વ્યાપક હતો. ઇ.સ. ૧૮૭૩ માસ જૂનથી ઝાંઝીબારનું ગુલામ બજાર બંધ થયું.

આ ગુલામ બજાર બંધ થવા પાછળના મહત્ત્વના કારણોમાં એક જોન કર્કની સમજાવટ અને ધમકી ઉપરાંત કચ્છના વેપારીઓએ બંધ કરેલો આ વ્યવસાય.

છતાં જોકે છૂપી રીતે કેટલાક આરબ અને અમેરિકન વેપારીઓ દ્વારા આ વેપાર ૧૯૦૭ સુધી ચાલુ રહેલો.

*શ્રી વાય.એમ. ચીતલવાલાના*
*કેટલાક લેખના આધારે*

*આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : ૨૬૩૦૧૭૨૯*

વાર્તા

# મુનિરા

• પૃથ્વી શાહ •

'સાંભળ્યું?'

'શું?'

'મુનિરાએ લગ્ન કરી લીધાં.'

'મુનિરાનો તો દીકરોય મેડિકલમાં ભણે છે તે એ વળી શા માટે આ ઉંમરે લગ્ન કરે? મને તો આ વાત માનવા જેવી લાગતી નથી.' મેં કહ્યું.

એટલે પુષ્પાએ કહ્યું, 'તમને મારી વાત પણ માનવા જેવી લાગતી નથી. લ્યો, આ અરવિંદાને ફોનથી પૂછી જુઓ.'

ઘરની બહાર ગુસપુસ વાતોનો અવાજ આવતા બહાર ઓટલા પર આવી તો નીલા, રેખા, મુક્તિ, વંદના, દ્યુતિ બધાં ભેગાં થઇ કંઇક વાતો કરી રહેલાં જોવા મળ્યાં. મુનિરાના નામનો ઉલ્લેખ થતાં હું અને પુષ્પા પણ ત્યાં ગયાં તો વિવિધ જાતના ઉદ્ગારો સાંભળવા મળ્યા :

'એને મેં કાળા ચાંદલા સાથેની જોઇ ત્યારથી જ હું તો ઘણુંબધું સમજી ગઇ હતી.'

'છોકરો મેડિકલમાં ભણતો હોય અને ચુમ્માલીસ વરસની ઉંમર થયા પછી લગ્ન કરે તે આપણનેય શરમાવા જેવું કર્યું છે.'

'મોટી ઉંમરે રંડાઇ, છતાં તેના મનના ભાવ તો જુઓ! મને તો આ શેરીનું શું થવા બેઠું છે એ જ સમજાતું નથી.'

હજુ ગયા વરસે જ મુનિરાના પતિ અનુપનું કેન્સરની માંદગીમાં અવસાન થયું હતું. મુનિરા અને વીસ વરસના ધનેશને અટૂલાં મૂકી અનુપ સ્વર્ગે સીધાવ્યા હતા.

કેન્સરની સારવાર માટે અનુપને કેટલોક સમય હોસ્પિટલમાં રહેવું પડ્યું હતું. પાંચ-પાંચ કિલોમીટર દૂરથી મુનિરા ટિફિન લઇ હોસ્પિટલ આવતી હતી. અનુપ ભાંગી પડે ત્યારે આશ્વાસન આપતી.

'તમને કોઇ રોગ થયો છે એવો વિચાર જ મનમાંથી કાઢી નાખો. ડોક્ટર પર ભરોસો રાખો. પેલા મગનકાકાને પણ તમારા જેવો રોગ હતો તે ફાયદો થતાં ગઇકાલે જ તો ઘેર જવાની રજા મળી. મંગુકાકાને શેક લેવાથી આરામ થયો છે. આપણો ધનેશ તો મેડિકલનું ભણે છે, તેથી ડોક્ટરો પણ બાપડા કેટલું બધું ધ્યાન રાખે છે? આપણે હવે ચિંતા કરી શરીર ચિંતામાં ને ચિંતામાં ઓછું કરવાની કંઇ જરૂર નથી.'

આમ કહી મુનિરા પોતાની સાથે લાવેલ ફ્રુટનો રસ કાઢી અનુપને આગ્રહપૂર્વક પીવડાવતી.

અનુપની તબિયત લથડતી ગઇ. તેમને લોહીની ઊલટીઓ થવા લાગી. શરૂઆતમાં તો પડોશીઓએ છએક બોટલ લોહી આપ્યું. એટલી લોહીની બોટલો તો અપૂરતી હતી. તેમાંય અનુપનું લોહી 'બી' નેગેટિવ પ્રકારનું હતું. આ ગ્રૂપનું લોહી પણ જવલ્લે જ પ્રાપ્ય બને એમ હતું. આ બાબતની બ્લડગ્રીડના ડોક્ટર દિલીપ શાહને જાણ થતાં યોગ્ય સહાનુભૂતિ દાખવી હોસ્પિટલ ખાતેથી જ જરૂરિયાત પ્રમાણે 'બી' નેગેટિવ પ્રકારનું લોહી મળી રહે એવી વ્યવસ્થા કરાવી આપી. ચોવીસેક બોટલ લોહી ચઢાવવા છતાં અનુપ કેન્સર સામે ઝઝૂમવામાં નિષ્ફળ રહ્યા.

એ દિવસે મુનિરાનું આક્રંદ કોઇનેય રડાવી દે એવું હતું. તે તો સતી બનવા તૈયાર થઇ ચૂકી હતી. મુનિરાએ ઘણી વખત વાંચ્યું હતું કે ભારતમાં ભૂતકાળમાં સ્ત્રીઓને સાચો પતિપ્રેમ હોય તો હાથમાં સિંદૂર લઇ હસતે મુખે પતિની જલતી ચિંતા પર ચઢી હતી. પતિને સ્વર્ગમાં મળવા આ જ રસ્તો હોઇ શકે એમ તે માનવા લાગી હતી. એથી તો તે પતિ પાછળ ચિતા પર ચઢવા ધમપછાડા કરતી હતી. ત્યારે અડોશ-પડોશની બહેનોએ તેને મહાપરાણે સમજાવી લીધી હતી.

'મુનિરા, થવાકાળ થઇ ગયું. આમ આક્રંદ કર્યે કંઇ અનુપ પાછા આવવાના નથી. ધનેશના ભવિષ્યનો વિચાર કર. આવી રૂપાળી કાયાને આગમાં જલાવી સતી થવાનો વિચાર હરગિજ ન થાય. કંઇ પણ મુશ્કેલી હોય તો અમે લોકો બેઠા છીએ. અંધારું થોડું કાયમ રહે છે? રાતમાંય ચાંદ ઊગે છે, અને પછી પ્રભાતનું અજવાળું ક્યાં દૂર હોય છે? મુનિરા, દિવસો જશે અને તારો ધનેશ ડોક્ટર થઇ જશે, માટે શાંત થા.' આવા તો કેટલાય શબ્દો મુનિરાને આશ્વાસન રૂપે કહેવાયા હતા.

અનુપ હતા ત્યારે તો ઘરમાં તહેવારોની ખૂબ શાનદાર ઉજવણી થતી હતી. દિવાળીમાં તો અનુપ અને મુનિરા સાથે મળી ઘરના ઓટલે રંગોળી બનાવતાં. આંગણામાં વૃક્ષો પર નાના બલ્બોની વણજાર ગોઠવીને રોશની કરતા. રાત્રે આતશબાજીનો એવો તો ભવ્ય કાર્યક્રમ રહેતો કે બે કલાક ક્યાં પસાર થઇ જતા તેની કોઇનેય ખબર પડતી નહીં. સાયરન, પેરાશૂટ, આર્યભટ્ટ, ગારલેન્ડ એવા વિવિધ જાતના ફટાકડાઓથી વાતાવરણમાં ઉમંગ-ઉલ્લાસ પ્રસરી રહેતો. આ સિવાય રામનવમી અને જન્માષ્ટમીના

*નિયમપૂર્વકની દિનચર્યા જીવનને સાચી દિશા આપે છે.*

દિવસે પણ કથા-વાંચન, ફરાળી વાનગી વગેરેનો કાર્યક્રમ રહેતો.

નાટકો જોવાનાં તો અનુપ અને મુનિરા બન્ને ભારે રસિયાં. આઇ.એન.ટી.નાં નાટકોની જાહેરાત આવે અને બુકિંગ શરૂ થાય ત્યારે પહેલા જ દિવસે કોઇને મોકલી અનુપ પ્રથમ હરોળની સીઝન ટિકિટો મંગાવી લેતા. નાટકોમાં અડોશપડોશમાંથી પણ કોઇને કોઇ વ્યક્તિને તેઓ પોતાની સાથે અવશ્ય લઇ જતાં. નાટકની મૌસમમાં ધનેશને ભારે મજા પડતી.

હજુ બે વરસ પહેલાં તો તેઓ બન્ને હરદ્વાર તરફ ફરવા ગયાં હતાં. હરદ્વારમાં રોપ-વેમાં બેસી મંસા દેવીના મંદિરે દર્શન કરવા ગયાં હતાં. ગાયત્રી દેવીના આશ્રમમાં પણ ગયાં હતાં. હરકી પૈડી ખાતે તો સાંજે લગભગ બે કલાક બેસી રહ્યાં હતાં. હરકી પૈડી ખાતે જ તેઓએ ગંગાસ્નાન કર્યું હતું. નદી કિનારે બેસી પાણીમાં છબછબિયાં કર્યાં હતાં. અને એકમેક પર પાણીનો છંટકાવ કર્યો હતો. કેટલીય વાર સુધી પાણીમાં પગ ઝબોળી રાખ્યા હતા. એ વખતે તો અનુપ-મુનિરા પોતાની ઉંમર ભૂલીને પોતાની બાવીસી-ત્રેવીસીમાં ખોવાઇ ગયાં હતાં.

આ જ સ્થળે તેઓએ આરતીમાં ભાગ લીધો હતો. છાબડીમાં ફૂલોની વચ્ચે દીવડો સળગાવી તેને ગંગામાં વહેતો મૂક્યો હતો. દૂર સુધી એ જલતા દીવડાને જતો જોઇ તેઓ ખૂબ ખુશ થયાં હતાં.

અનુપના જવાથી મુનિરાનું જીવન ખંડિયેર થઇ ચૂક્યું હતું. તેની બંગડીઓ ભાંગી ચૂકી હતી. રંગીન કપડાંઓ પેટીમાં એક ખૂણામાં ધકેલાઇ ગયાં હતાં. દિવાળીની રોશની અને તહેવારોની ઉજવણી બંધ થયાં હતાં. મુનિરાના જીવનમાં ધનેશ એકમાત્ર આશાનો તંતુ રહ્યો હતો.

ધનેશ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતો, તેથી મુનિરાએ તેનો એક ફોટો મઢાવી ટેબલ પર મૂક્યો હતો. ક્યારેક મુનિરા તે ફોટા પ્રત્યે જોઇ જ રહેતી અને સ્વગત બબડતી :

'અદ્દલ તમારા જેવી જ આંખો ધનેશને મળી છે. વાળ ઓળવાની સ્ટાઇલ પણ તમારા જેવી જ છે. એના આ હોઠમાંથી સરતી ઉચ્ચારની લઢણ તો ભુલાવામાં નાખે એવી છે.' અને મુનિરાની આંખમાં આંસુ આવી જતાં. તેને લૂછતાં તેને થતુંય ખરું કે ધનેશને ઘડનારા, મને સ્વપ્નની દુનિયા આપનારા આમ મને એકલી મેલીને કેમ જતા રહ્યા? કોઇ તો મારો વાંકગુનો બતાવો.

ધનેશના પત્રો અવારનવાર આવતા. એક વખત તેણે લખ્યું હતું : 'મમ્મી, કોઇ વાતે ચિંતા કરતી નહીં. ત્રણ વરસ તો રમતાં રમતાં પસાર થઇ જશે. પછી તો હું ડોક્ટર હોઇશ. તારા બધાં દુઃખ દૂર કરીશ. એક ખાસ વાત કે તારું કોરું કપાળ જોઇ મને ખૂબ દુઃખ થયું. તેથી તારા માટે કાળા ચાંદલા મોકલ્યા છે. હું તારો છોકરો હોઉં તો આ ચાંદલો જરૂરથી કરજે. અહીં શહેરમાં પણ કાળા ચાંદલાનો રિવાજ છે. તેથી દુનિયાનાની ફિકર કર્યા વિના મારું આટલું માન જાળવજે. **એક વાત યાદ રાખજે કે તારી જિંદગી તારે જ વિતાવવાની છે.'**

અનુપની માંદગીમાં મુનિરા આર્થિક રીતે ઘસાતી ગઇ હતી. દવા, ઇંજેક્શન, ફ્રુટ વગેરે અંગે અકલ્પ્ય ખર્ચ થયો હતો. ઘરમાં જે રોકડ હતી તે ખતમ થઇ ચૂકી હતી. મુનિરાએ પતિના સ્વાસ્થ્ય માટે પોતાનાં કેટલાંક ઘરેણાં પણ વેચી નાખ્યાં હતાં. અનુપના ગયા પછી તો આવક પણ બંધ થઇ ગઇ હતી. ધનેશના ભણતરને લીધે ખર્ચ વધતો જતો હતો. હોસ્ટેલ, ભોજન, ટ્યૂશન ફી, કપડાં, પુસ્તકો વગેરે પાછળ વરસે બારેક હજારનો ખર્ચ તો જાણે કંઇ વિસાતમાં જ ન હતો. આ ખર્ચને પહોંચી વળવા ઘરમાં હતા એટલાં સઘળાં ઘરેણાં પણ વેચી નખાયાં હતાં.

અનુપના મૃત્યુ વખતે આશ્વાસન આપનારા પાસે મુનિરા મદદની આશાએ ગઇ હતી. પણ ઠાલા વચનો સાંભળવા મળ્યાં. 'મુનિરા, તમને મદદ કરવાની તો ઘણીય ઇચ્છા છે, પણ હમણાં જ ફિક્સ ડિપોઝિટમાં રકમનું રોકાણ કર્યું છે. મુનિરા, એક વરસ ખમી જાઓ. આવતા વરસે એમના શેર વેચીને પણ તમને મદદરૂપ થવા જરૂરથી વિચારશું. તમારા માટે તો અમારા હૈયામાં સંપૂર્ણ સહાનુભૂતિ છે.'

આવા કપરા દિવસોમાં સરયૂએ મુનિરાને કહ્યું હતું : 'મુનિરા, તું ક્યાં સુધી આમ એકલી અટૂલી તરફડ્યા કરીશ? જિંદગીમાં દરેકનાં કંઇક તો સ્વપ્ન હોય છે. પોતા માટે નહીં તો કુટુંબ માટેય સહારાની જરૂર પડે છે. કોઇક તો સુખદુઃખની વાત સાંભળનાર, મુશ્કેલીમાં સહારો આપનાર જોઇએ. તારી તૈયારી હોય તો કસ્તુરચંદ શેઠનો પરિચય કરાવું. તેઓ નિઃસંતાન વિધુર છે. ઉંમરમાંય તારાથી દસ વરસ મોટા છે. તેમનું ખાનદાન જાણીતું છે. તારા દીકરાને ડોક્ટર થતો જોવો હોય તો આ દરખાસ્ત વિચારવા જેવી છે.'

નાણાકીય મુશ્કેલીમાં ભવિષ્યનાં બિહામણાં સ્વપ્નો ખુલ્લી નજરે નિહાળી, દીકરાના સુખી ભવિષ્યના સ્વપ્નને પૂરું થતું જોવાના ખ્યાલથી મુનિરા કસ્તુરચંદ શેઠ સાથે મંદિરમાં આશીર્વાદ મેળવવા ગઇ હતી. ધનેશે મંદિરના પગથિયાં ચઢતી વખતે પણ મુનિરાને કસ્તુરચંદ શેઠની સાથે રહી સહાય કરી હતી.

***પ્લોટ ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦,***
***ગાંધીનગર-૩૮૨ ૦૩૦.***

વાર્તા

# પળનાં પલાખાં

• ચંદ્રહાસ ત્રિવેદી •

'પપ્પા, હવે હું મોટી થઇ ગઇ છું અને મારું હિત સમજી શકું તેમ છું. બી.એ. થઇ ગઇ અને હવે કાલે સવારે તો એલ.એલ.બી. પણ થઇ જઇશ. પહેલાંનો એ જમાનો ગયો કે તમે વડીલો જ્યાં પરણાવો ત્યાં છોકરીને મૂંગે મોંએ પરણી જવું પડે.'

'તું મોટી થઇ ગઇ કે મેં તને મોટી કરી? તે વાતનો તફાવત તું કેમ વીસરી જાય છે? વળી હું તને ગમે તેમ વળાવી દેવાની વાત કરતો નથી. સારું જોઇને, તારી સંમતિ લઇને જ આપણે પાકું કરીશું.'

'પણ મેં પાકું કરી દીધું છે એટલે પપ્પા, હવે તમારે બીજે કંઇ પાકું કરવાનું બાકી રહેતું નથી.'

'ચાલ, તારી જાતે પાકું કરજે. મારે એટલી ઓછી ચિંતા. પણ તું જે વાત લઇને આવી છે તે છોકરો તો નહિ જ ચાલે.'

'આ તો પપ્પા, તમે તમારી ઓફિસમાં ટેબલ ઉપર પેલું રમૂજી સૂત્ર રાખ્યું છે તેના જેવી વાત થઇ : **"તમે જ્યાં સુધી મારી સાથે સંમત છો ત્યાં સુધી તમે સ્વતંત્ર છો."** મેં પસંદ કરેલ છોકરાને તમે માન્ય નથી રાખતા અને વળી મને કહો છો કે હું પસંદગી કરવા સ્વતંત્ર છું. આ તે કેવી વાત?'

'મને તો એમાં ક્યાંય વિરોધી વાત નથી લાગતી. તારા માટે છોકરો પસંદ કરવાની મારી બધી સત્તા હું છોડી દઉં છું અને તને તારી ઇચ્છા મુજબ છોકરો પસંદ કરવાની છૂટ આપું છું, પરંતુ છેલ્લે તારી પસંદગી ઉપર મારી કેવળ સંમતિ લેવાની વાત રાખું છું - એ કંઇ વધારે કહેવાય?'

'જો મારી પસંદગી અને તમારી સંમતિ ટકરાય તો? જે સત્તા ઉપર વીટો વાપરવાની અન્ય કોઇને સત્તા હોય તે સત્તા ક્યારેય સ્વતંત્ર ન જ કહેવાય.'

'વીટો હું કંઇ વારે વારે વાપરવાનો નથી. ક્યાંક તારી ભૂલ થતી હોય તો હું તને વેળાસર ચેતવી શકું કે રોકી શકું માટે એટલી સત્તા મારી પાસે રાખું છું. બાકી બધી સત્તા તારી પાસે જ છે એમ સમજી લે.'

'મારી પસંદગી ઉપર તમારી સંમતિ ન હોય તો પછી મારે શું કરવાનું?'

'તે વાત પડતી મૂકીને તારે બીજી પસંદગી કરવાની.'

'અને તે પણ તમને મંજૂર ન રહે તો મારે વળી ત્રીજી પસંદગી કરવાની, એવો જ અર્થ થયોને? એમાં મારી સ્વતંત્રતા ક્યાં રહી? એમ કરીએ તો આડકતરી રીતે બધી સત્તા તમારા હાથમાં જ રહે - એ વાત નિર્વિવાદ છે.'

'ના રે બેટા, એવું ઓછું બને! મારે તારો સુખી સંસાર જોવો છે. તારી મા નથી એટલે એ ફરજ મારે બજાવવાની છે.'

'જુઓ પપ્પા, તમારી લાગણી માટે આભાર. પણ હવે તમારે મારી જવાબદારીનો આટલો બધો ભાર ઉઠાવવાની જરૂર નથી. મને એકવીસ વર્ષ થઇ ગયાં. હું પુખ્ત ઉંમરની છું. મેં મારી પસંદગી કરી લીધી છે - જે મેં તમને કહી દીધી છે. હવે તેના ઉપર તમારી પસંદગીની મહોર મારો એટલે હું દુષ્યંતને લગ્નની તૈયારી કરવાનું કહી દઉં.'

'દીપ્તિ, તું એ વાત સમજી લે કે દુષ્યંત બિલકુલ નહિ ચાલે.'

'કેમ નહિ ચાલે?'

'કોઇ રીતે તે તને માફક આવે તેમ નથી. ક્યાં તારો દેખાવ, તારી હોશિયારી, તારું કુટુંબ, તારી સ્થિતિ અને ક્યાં તે? કોઇ વાતે તે તારી સાથે ઊભો રહી શકે તેમ નથી.'

'પપ્પા, તમે બધી બહારની બાબતો લક્ષમાં રાખીને તેને મૂલવો છો, પણ તેના દિલની તમને ક્યાં ખબર છે? તેના જેવો પ્રેમાળ છોકરો, બીજો કોઇ મેં આજ સુધી જોયો નથી. તે મારે માટે પ્રાણ પાથરે છે.'

'પણ તેનો અર્થ એ નહિ કે તને તેવો કે તેનાથી સવાયો બીજો કોઇ છોકરો નહિ મળે.'

'પણ પપ્પા તમે કેમ નથી સમજતા કે હું કોઇ વસ્તુ વસાવવા નથી નીકળી કે બધે હરીફરીને સારી વસ્તુ જોઇને પસંદ કરું. મેં તેને દિલ આપી દીધું છે અને તેણે મને. જ્યાં દિલ મળી જાય પછી બીજો કોઇ મેળ મેળવવાનો હોય જ નહિ.'

**'બેટા, તારું દિલ દુખાય તે મને ન ગમે. તારી આંખમાંથી આંસુ પડે તે મારાથી ન ખમાય.** મારી આટઆટલી મિલકત અને એક ભિખારી જેવા છોકરા સાથે હું તને વરાવું - એ વાત તું સ્વપ્નમાં પણ ન વિચારીશ.'

'બસ, વાત પતી ગઇ. મારે હવે તમારી સંમતિ લેવાની રહી જ નહિ.'

'એટલે?'

'એટલે કે હવે અમે જાતે લગ્ન કરી લઇશું.'

'તો પછી સાંભળી લે. મારે તને ન છૂટકે તેમ કરતાં રોકવી પડશે.'

*બુરાઇ રહિત રહેવાથી વિશ્વમાત્રની સેવા થાય છે.*

'તમે નહિ રોકી શકો. હું તેની સાથે લગ્ન કર્યા વિના નથી રહેવાની.'

'જોઉં તો ખરો કે મારા વિના બીજો કોણ તારું કન્યાદાન કરે છે?'

'પપ્પા, કન્યાદાનની વાત જ તમે ભૂલી જાવ તો સારું. કન્યા કંઇ દાનમાં આપવાની ચીજ નથી કે તેને પૂછ્યા-ગાછ્યા વિના તમે તેને મન ફાવે તેને દાનમાં આપી દો. કન્યા વરે તે જ તેનો વર. મૂળ વાત કન્યાના મનની છે.'

'જો, હું આમાં મારા સ્વમાનનો કોઇ પ્રશ્ન વચ્ચે નથી લાવતો. પણ મને સ્પષ્ટ દેખાય છે કે તારું લગ્ન બે વર્ષથી વધારે નહિ નભે અને પછી તું રડતી મારે ઘેર પાછી આવવાની.'

'નહિ આવું. અને આજે એ પણ જાણી લીધું કે આ ઘર મારું નથી અને તમારું છે.'

**'બેટા, માફ કરજે. ઉતાવળમાં મારાથી બોલાઇ ગયું. બાકી આ ઘર ઉપર તારો સદાય હક છે અને રહેશે.** કેટકેટલી મુશ્કેલીઓ વચ્ચે તારાં મમ્મી અને મેં તને ઉછેરી હતી! તું આ છોકરા સાથેના લગ્નની વાત જતી કર અને એ સિવાય તું બીજું જે કંઇ માગે તે મને મંજૂર છે. મને ખાતરી છે કે આ છોકરા સાથે તને નહિ ફાવે અને છેવટે તું દુઃખી દુઃખી થઇ જઇશ.'

'પપ્પા, એ નહિ બને. મેં તેને મારું દિલ દઇ દઇ દીધું છે. વચન આપ્યું છે. હું તેમાંથી પાછી હઠવા તૈયાર નથી. હું તેની સાથે લગ્ન કરીને જ રહેવાની. હવે તમે પ્રેમથી હા કહી દો એટલે વાત પતી જાય.'

'તો બેટા સાંભળી લે... એ છોકરા માટે મારી 'હા' નથી. તારાં લગ્ન તેની સાથે નહિ થઇ શકે.'

'એટલે તમે જોર-જુલમ કરીને રોકશો?' અને દીપ્તિ રડતી રડતી ડ્રોઇંગ રૂમ છોડીને ચાલી ગઇ. દીપ્તિના પપ્પા જગદીપ શેઠ ખૂબ વેદનાથી તેમની વહાલસોયી પુત્રી તરફ જોઇ રહ્યા, પણ તેને મનાવવા પાછળ ન ગયા કે પાછી બોલાવવા માટે એક શબ્દ પણ બોલી ન શક્યા.

'મેં તને ના જ કહ્યું હતું કે તારા પપ્પા તને મારી સાથે લગ્ન કરવાની પરવાનગી નહિ જ આપે.'

'તું પપ્પાને ઓળખતો નથી. તે ક્યારે શું કરે અને શું વિચારે તે કહેવાય નહિ.'

'પણ આ બાબત તેઓ શું વિચારે તે હું કહી શકું છું.'

'કેમ તું જોશી છે?'

'જોશી નહિ, પણ વાસ્તવદર્શી - વ્યવહારુ.'

'એટલે તું શું કહેવા માગે છે?'

'એટલે કે તેઓ તને મારી સાથે લગ્ન કરવા ન દે.'

'કારણ?'

'કારણ કે ક્યાં તારી સમૃદ્ધિ અને ક્યાં મારી સ્થિતિ?'

'સમૃદ્ધિ તો આપણે ઊભી કરીશું.'

'તે તો હું અને તું જાણીએ કે વિચારીએ, પણ તારા પપ્પાની નજર તો આજે હું શું છું - તેના ઉપર જ રહેવાની. વળી, આપણાં બંનેનાં રૂપ-રંગમાં પણ ભારે તફાવત છે. હું તો હજુય કહું છું કે તું પાછી વળી જા. હું માની લઇશ કે એક સોહામણું "સ્વપ્નું" દેખ્યું હતું અને આંખ ઊઘડી ત્યાં ઊડી ગયું.'

'હું સ્વપ્નાં સાકાર કરવામાં માનું છું. મને શ્રદ્ધા છે કે...'

'તું ક્યારેય આશા રાખતી નહિ કે તારા પપ્પા આપણાં લગ્ન માટે પરવાનગી આપે. તેઓ આપણાં લગ્નને રોકવા બધી રીતે પ્રયાસો કરશે અને હવે વાત છેડાઇ છે એટલે મારા ઉપર તો ચારેય બાજુથી દબાણ આવવાનું. મારી જોબ, મારું મકાન, બધા ઉપર હવે જોખમ આવી ગયું જ સમજ.'

'દુષ્યંત, મારા પપ્પાને તું ઓળખતો જ નથી. તે મને રોકે ખરા, પણ તને હેરાન કરવા સુધી ક્યારેય ન જાય.'

'મને લાગે છે કે તું તારા પપ્પાને હજુ ઓળખતી નથી. મને એમ થાય છે કે હવે આપણે ભગ્ન પ્રેમનાં બે-ચાર ગીતો ગાઇને અહીંથી જ અટકી જઇએ અને એક-બીજાને સુખી જીવનની શુભેચ્છાઓ પાઠવી દઇએ.'

'કેમ તારામાં મને લઇ જવાની હિંમત નથી?'

'અરે, હું તો હિંમત કરીશ પણ તું જો અધવચ ફસકી પડે તો પછી હું ક્યાંયનોય નહિ રહેવાનો.'

'મને લાગે છે કે તો પછી તું સવેળા પ્લેનની ટિકિટ કઢાવી લે. ટ્રેનમાં નહિ જવાય. સ્ટેશન ઉપર ઘણા બધા પપ્પાને ઓળખે છે. જો તેમણે ત્યાં કહેવડાવ્યું હશે તો તેમને આપણા નીકળવાની વાતની તુરત જ ખબર પડી જશે અને તે આવીને મને રોકી લેશે.'

'જો તું મક્કમ હોય તો તેની શું કરવા ચિંતા કરવી? તું પુખ્ત ઉંમરની છે. તારે પાછા નહિ વળવાનું.'

'ના, પપ્પાનું એમ બધાના દેખતાં અપમાન ન થાય. તેમનો આટલો મોટો મોભો અને હું તેમના કહે પાછી ના વળું તો ત્યાં તમાશો થઇ જાય - જે મને ન ગમે. પ્લેન વહેલી સવારે નીકળે છે. તે વખતે પપ્પા ઊંઘતા હશે. તે જાગશે ત્યારે તો આપણે મુંબઇ પહોંચવાની તૈયારીમાં હોઇશું. પછી મુંબઇની સાગર જેવી વસતિમાં ખોવાઇ જઇશું અને ચાર દહાડા ગયા પછી પપ્પા મને પાછી મેળવવા પ્રયાસ જ ન કરે. એક વખત તેમનું ઘર છોડ્યું એટલે કાયમનું તે ઘર છોડ્યું એમ સમજવાનું.'

'સારું. હવે હું બધી તૈયારી કરું છું. ત્યાં સુધી વાત ટાઢી પડી જવા દઇએ. તું એવો દેખાવ કર કે જાણે તું પપ્પાની વાત ઉપર વિચાર કરી રહી છે અને ત્યાં સુધીમાં...'

'ના, હું એવો ખોટો દેખાવ નહિ કરી શકું. અને તે મને ગમે પણ નહિ. ભલે આપણે વખતો-વખત ન મળીએ અને પપ્પા પોતે જે માનવું હોય તે માની લે પણ આ બાબત મારે પપ્પાને કંઇ સાચું-ખોટું કહેવું નથી.'

અને દુષ્યંત દીપ્તિને લઇને નાનકડા તે

*કામના રહિત થવાથી પોતાની સેવા થાય છે.*

શહેરમાંથી ઊડીને મુંબઇ પહોંચવાની વેતરણ કરતો રહ્યો. દરમ્યાન દીપ્તિ અને તેના પપ્પા જાણે કંઇ જ ન બન્યું હોય તેમ ઘરમાં પરસ્પર વ્યવહાર રાખતાં રહ્યાં.

એક દિવસ જગદીપ શેઠે પૂછ્યું, 'દીપ્તિ, પછી તે શો વિચાર કર્યો?'

'બસ એ જ ... જવાનો.'

'ક્યારે?'

'એ કંઇ તમને કહેવાય? તમને ખબર પડે તો તમે રોકી જ લોને.'

'તને ખાતરી છે?'

'પાકી. વળી તમારા હાથ બહુ લાંબા છે અને બિચારા દુષ્યંતના હાથ ટૂંકા.'

અને પપ્પા તેમજ દીપ્તિ બંને હસી પડ્યાં.

યુદ્ધમાં દાવ ખેલી લેવા માટે મેદાનમાં ઊતરેલા બે પ્રતિસ્પર્ધીઓ એકબીજા સાથે પહેલાં હાથ મિલાવે તેવો પિતા-પુત્રી વચ્ચેનો વ્યવહાર હતો. ઘરમાં બંનેનાં એકબીજા સાથેનાં વાણી-વર્તન પહેલાંની જેમ યથાવત્ હતાં. ક્યાંય કટુતા કે અણગમો વર્તાય નહિ, પણ બંનેમાંથી કોઇનું મન કળી શકાય નહિ. ઘરે આવતાં-જતાં કોઇ સગાં-સંબંધીને તો તે ખ્યાલ જ ન આવે કે આ પિતા-પુત્રી યુદ્ધે ચડેલ છે અને પુત્રી ઘર છોડીને ગમે તે ક્ષણે જતી રહીને આ પ્રેમાળ સમૃદ્ધ પિતાને જબ્બર આંચકો આપવાની છે અને તેમની બધી આબરૂને ધૂળમાં મેળવી નાખવાની છે.

અને એ ઘડી આવી પહોંચી. દુષ્યંતે પ્લેનની ટિકિટો કઢાવી દીધી. મૂળ વાતને બે-ચાર મહિના થઇ ગયેલા એટલે દીપ્તિને એમ કે હવે વાત પપ્પાના ખ્યાલ બહાર ગઇ હશે. પરંતુ સદાયના સાવધ પપ્પા ચારેય બાજુ ચાંપતી નજર રાખતા હતા. શહેરમાં તેમણે એવો પાકો બંદોબસ્ત ગોઠવી દીધેલો કે દુષ્યંતની દરેક હિલચાલની વિગતો તેમને મળી જતી હતી. દુષ્યંત પ્લેનની ટિકિટો કઢાવી તે વાતની દીપ્તિને ખબર પડે તે પહેલાં દીપ્તિના પપ્પાને તેની ખબર પહોંચી ગયેલી.

દીપ્તિ જવાના દિવસે ચૂપકીથી વહેલી સવારે ઊઠી અને પોતાના બંગલેથી નીકળીને નક્કી કરેલ સ્થળે પહોંચી ગઇ. દુષ્યંત પણ સમયસર આવી ગયો હતો. વિમાનીમથકે વહેલા પહોંચી જાય તો કોઇ કદાચ પપ્પાને ખબર આપી દે તેવી ભીતી હોવાથી તેમણે છેલ્લી ઘડીએ જ વિમાનીમથકે પહોંચવાનું નક્કી કર્યું હતું અને તે પ્રમાણે તેઓ પહોંચ્યાં, તો રિસેપ્શન લોન્જમાં તેમણે જગદીપ શેઠને જોયા. જાણે દીપ્તિના આવવાની જ રાહ ન જોતા હોય! પૂર્ણ સ્વસ્થતાથી તે બોલ્યા,

'આવી ગઇ બેટા? ચાલ તારી જ રાહ જોતો હતો. વહેલી સવારે ફરવા નીકળ્યો હતો અને ખબર તો હતી જ કે તું અહીં આવવાની છે એટલે રોકાઇ ગયો.'

ઉત્તરમાં એટલી જ સ્વસ્થતાથી દીપ્તિ પણ બોલી, 'સારું થયું પપ્પા, તમે મળી ગયા. તમને મળ્યા વિના નીકળી હતી એટલે મન જરા મોળું થઇ ગયું હતું. જોકે તમારા બેડરૂમના ઉંબરા ઉપર સ્પર્શ કરીને આશીર્વાદ લીધેલા પણ મનમાં અજંપો રહી ગયેલો.'

'કંઇ વાંધો નહિ. બેટા, તારા મનમાં અજંપો હોય અને મને ખબર ન પડે એવું કંઇ બને? આવી ગયોને? સીધા જ ઘરે જઇશું કે અહીંની કેન્ટીનમાં ચા-નાસ્તો કરીને જઇશું?'

'પપ્પા, તમારે નાસ્તાનો સમય થઇ ગયો છે અને વળી તમે રહ્યા પંક્ચ્યુઅલ એટલે અહીં જ નાસ્તો કરીને જઇએ. વળી આટલે સુધી સવારના પહોરમાં આપણે બંને આવી જ ગયાં છીએ તો ફેરો તદ્દન ફોગટ ન જાય.' અને બંનેએ કેન્ટીનમાં બેસીને મઝાનો નાસ્તો કર્યો. કોફી પીધી.

દરમ્યાન દુષ્યંત તો જગદીપ શેઠને લોન્જમાં જોઇને જ પોબારા ગણી ગયો હતો. ચા-નાસ્તો કરતાં પહેલાં જગદીપ શેઠે વિમાનીમથકના અધિકારીને બોલાવીને દીપ્તિ અને દુષ્યંતની ટિકિટો કેન્સલ કરવા સૂચના આપી દીધી. થોડીક વારમાં વિમાની ઓફિસનો એક કર્મચારી કેન્સલ કરેલી ટિકિટોના પૈસા લઇને આપવા આવ્યો. દીપ્તિએ પપ્પા સામે જોઇને તે પૈસા ગણી લીધા અને પોતાના પર્સમાં મૂકી દીધા એટલે જગદીપ શેઠે મજાક કરતાં કહ્યું, 'દીપ્તિ, મને તારી આ વાત ગમી. હિસાબ ચોખ્ખો જ રાખવો.'

દીપ્તિએ જરા રોષમાં કહ્યું, 'પપ્પા, આ પૈસા મારા નથી, દુષ્યંતના છે.'

'હા બેટા, મને ખબર છે. એમાંથી કંઇ કપાયા હોય તો આપણા ઉમેરીને તેને આપજે...'

'હવે મારે માટે આપણા જેવું કશું રહ્યું છે ખરું? જે મારું બને તે જ સાચું, બાકી તો બધું તમારું.' અને દીપ્તિની આંખો આંસુઓથી ભીંજાઇ ગઇ.

જગદીપ શેઠે પ્રેમથી દીપ્તિના માથા ઉપર હાથ મૂકતાં કહ્યું, 'એ તો ચાલ્યા કરે બેટા. એમ હિંમત ન હારીએ.'

જગદીપ શેઠે માથા ઉપર મૂકેલો હાથ પકડી લેતાં દીપ્તિ ભાવપૂર્ણ અવાજમાં બોલી,

'ચાલો તમારા આશીર્વાદ તો મળી ગયા એટલે અહીં સુધીનો ફેરો સફળ થઇ ગયો.' અને પછી જરા મક્કમ અવાજમાં બોલી, 'પપ્પા એમ તો તમારી જ દીકરી છુંને! ધાર્યું કરીને જ રહીશ. આજે નહિ તો કાલે.'

ઉત્તરમાં જગદીપ શેઠ બોલ્યા, 'બેટા....' અને તેમની આંખો ભીની થઇ ગઇ. પછી બંને બાપ-બેટી જાણે કંઇ જ બન્યું ન હોય તેમ ગાડીમાં બેસીને બંગલે આવી ગયાં.

છેવટે દીપ્તિ પપ્પાને કહ્યા વિના એક દિવસ ચાલી ગઇ અને દુષ્યંત સાથે લગ્ન કરી લીધાં. પપ્પા તેની પાછળ ન પડ્યા અને જીવનનો એક કડવો ઘૂંટડો ગળે ઉતારી દીધો, પણ તેની કડવાશ તેમના હૈયામાંથી ન ગઇ. તેથી તેમણે દીપ્તિને ક્યારેય પાછી ન બોલાવી અને દીકરીય એવી કે તેણે ક્યારેય પપ્પાના બંગલા સામે પાછા વળીને જોયું નહિ.

વાતને વર્ષો વીતી ગયાં. દીપ્તિ અને દુષ્યંતે દૂરના એક શહેરમાં નોકરી લઇ લીધી હતી. બંને જણાંએ તેમનો નાનકડો સુખી સંસાર વસાવી લીધો પણ દીપ્તિની કૂખ ભરાઇ નહિ. છતાંય બંને જણે કિલ્લોલ કરતાં વર્ષોનાં

*લોકોના અભિપ્રાયથી જમી શકાય, પણ જીવી ન શકાય.*

વર્ષો પસાર કરી દીધાં. ત્યાં દુષ્યંતને મેનિન્જાઇટીસ કે બ્રેઇન ટી.બી. જેવો જીવલેણ રોગ થયો. તેની નોકરી છૂટી ગઇ.

દીપ્તિએ એકલે હાથે નોકરી-ઘર અને દવા-ડોક્ટરો કરી દુષ્યંતને સાચવવામાં કમી રાખી નહિ. પણ છેવટે પરિસ્થિતિ હાથ બહાર જતાં બંને જણ પોતાને ઘેર ગામ પાછાં આવી ગયાં. આટઆટલી મુશ્કેલીઓ છતાંય દીપ્તિએ પપ્પાની પાસે મદદ માટે હાથ ન લંબાવ્યો તે ન જ લંબાવ્યો. તેણે પપ્પાને દુષ્યંતની માંદગી વિશે પણ કંઇ જાણ કરી નહિ અને એકલે હાથે ઝઝુમતી રહી.

જગદીપ શેઠને દુષ્યંત અને દીપ્તિની બધી ખબર મળી હતી છતાંય તેમણે પણ દીપ્તિને ન તો કાગળ લખ્યો કે ન દુષ્યંતની ખબર પૂછાવી. પરંતુ દીપ્તિ-દુષ્યંત ગામમાં આવી ગયાં પછી જગદીપ શેઠનું મન ઝાલ્યું ન રહ્યું. કદાચ વૃદ્ધાવસ્થાએ તેમની હઠ તોડી નાખી હશે કે દીપ્તિની માની સ્મૃતિએ તમને વિવશ કરી દીધા હશે કે પછી દીપ્તિના દુઃખે તેઓ કૂણા પડી ગયા હશે અને તે એક દિવસ દીપ્તિને કંઇ ખબર આપ્યા વિના જ તેના નાનકડા ઘરે પહોંચી ગયા. જાણે કંઇ જ ન બન્યું હોય અને વર્ષોથી તેઓ મળતાં જ હોય તેમ તેમણે નીચેથી દીપ્તિને બૂમ પાડી,

'દીપ્તિ બેટા, કેમ છે? શું કરે છે? આ બાજુ નીકળ્યો હતો - મને થયું કે તને મળતો જાઉં. દુષ્યંતને કેમ છે?'

દીપ્તિ દોડતી મેડા ઉપરથી નીચે આવી અને પપ્પાનો હાથ પ્રેમથી પકડીને તેમને પોતાના નાનકડા ઘરમાં દોરી ગઇ. ખુરશી ઉપર બેસતાં જ જગદીપ શેઠે પૂછ્યું, 'દુષ્યંત ક્યાં છે?'

'ઉપર સૂતા જ છે.'

'તો પછી ઉપર જઇને એની ખબર પૂછી લઉં.' અને એમ કહીને જગદીપ શેઠ દીપ્તિના એ જૂના પુરાણા ઘરની સાંકડી નિસરણી ચઢીને ઉપર ગયા. દુષ્યંતની પથારી પાસેની ખુરશી ઉપર બેસીને તેઓ દુષ્યંતની માંદગીની બધી વિગતો મેળવતા રહ્યા. પછી જવા માટે ઊભા થતાં બોલ્યા,

'બેટા, ડોક્ટર આવતા જ હશે. મેં તેમને કહેવડાવી દીધું છે. તેઓ દવા-ઇંજેક્શન બધું આપશે અને જરૂર લાગશે તો દુષ્યંતને હોસ્પિટલમાં દાખલ કરી દેશે.'

દીપ્તિએ પપ્પા તરફ ભીની આંખે જોતાં જોતાં કહ્યું, 'એટલી બધી તકલીફ ન લીધી હોત તો પણ ચાલત પપ્પા. હું મારી રીતે પહોંચી વળત.'

પપ્પાએ ભાવથી દીપ્તિના માથા ઉપર હાથ મૂક્યો ત્યાં દીપ્તિની આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં. દીપ્તિની હડપચી પકડીને ઊંચી કરતાં પપ્પા બોલ્યા,

'બેટા, મારી દીકરી થઇને રડે છે?'

'ના પપ્પા' એમ કહીને આંસુ લૂછી નાખતાં દીપ્તિ બોલી, 'મને ખબર નહિ કે તમે આમ આવશો.'

'હા બેટા, વર્ષો પહેલાં મનેય ખબર ન હતી કે તું આમ ચાલી જશે.' અને પિતા-પુત્રી કંઇ બોલ્યા વિના લાગણીસભર બનીને પરસ્પરને જોઇ રહ્યાં.

*૬૪, જૈન નગર, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*ફોન : ૨૬૬૨૦૬૧૦*

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટ જી સામે જુકો બેંક આય અનમેં નટુકાકા કે ધક્કો મારે ને નટુકાકા છણધે છણધે રે વ્યા સે સ્ટાફજી બાઈ નટુકાકા કે કુલા ધક્કો મારે સે જરા તપાસ કરતા?

બચુડો : (તપાસ કે ને ચેં) નટુકાકા બાઈકે પેંઢજો (પંઢજે ખાતે જો) બેલેન્સ ચેક કરેલા ચ્યાં. તડેં સ્ટાફવાળી બાઈ નટુકાકા કે ધક્કો મારેને અનીંજો બેલેન્સ ચેક કેં.

## ખિલજા મ ભલા

શિક્ષક : મનમોહનસિંહની સરકાર અને ભારતીય ક્રિકેટ ટીમમાં સરખાપણું શું છે?

આદિત્ય : બંને પાસે વિદેશી કોચ - નિષ્ણાત છે.

☺ ☺ ☺ ☺ ☺

નટુભાઈ : હું તો કાયમ વિમાનની મુસાફરી જ પસંદ કરું. ટ્રેનની ઝંઝટમાં ના પડું.

ગટુભાઈ : એમ કેમ?

નટુભાઈ : કોઈ સાંકળ ખેંચીને વિમાનને રોકી તો ના શકે ને....

☺ ☺ ☺ ☺ ☺

જનકભાઈ : હું તો કાયમ બસ કરતાં ટ્રેન જ પસંદ કરું.

મનકભાઈ : કેમ, બસમાં ચક્કર આવે છે?

જનકભાઈ : ના... ના... પણ ટ્રેનમાં પંચર પડવાની બીક નહીં ને...

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : (મોટેથી) એ ચડી એ ફસી....

ચીન્ટુ : કઈ છોકરીની વાત કરે છે? એ ક્યાં ચડી છે, ને શેમાં ફસાઈ છે? જરા ચોખવટ તો કર.

મોન્ટુ : હું કોઈ છોકરીની વાત નથી કરતો પણ હું તો બેંકનું નામ વાંચી રહ્યો છું – 'એચ.ડી.એફ.સી.'

☺ ☺ ☺ ☺ ☺



## બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

સાસુજી : (જમવાના સમય પહેલાં) અરે જમાઈરાજ, તમારી મનગમતી ડીશ કઈ છે?

જમાઈ : મારી મનગમતી ડીશ છે ટાટા સ્કાય.

☺ ☺ ☺ ☺ ☺

ગટુ : કુરકુરે ખાવાથી શું થાય છે એની ખબર?

નટુ : (બહુ વિચાર્યા પછી) મને તો ખબર નથી તું જ કહે.

ગટુ : એટલું પણ નથી જાણતો? કુરકુરે ખાવાથી એ ખલાસ થઈ જાય છે.

☺ ☺ ☺ ☺ ☺

એક કવિ : રામચંદ્ર કહ ગયે સિયાસે, ઐસા કલજુગ આયેગા... હંસ ચુનેગા દાના ઔર કૌઆ મોતી ખાયેગા...

બીજો કવિ : રામચંદ્ર કહ ગયે સિયાસે, ઐસા કલયુગ આયેગા... અણ્ણા રહેગા ભૂખા પ્યાસા, કસાબ બિરીયાની ખાયેગા.

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : કોઈ પણ જાતની પીડા વગર તમે દાંત પાડી શકો છો?

દાંતના ડોક્ટર : દરેક વખતે એવું બનતું નથી... એકવાર એક દર્દીનો દાંત ખેંચવા જતા મારું કાંડું મચકોડાઈ ગયું હતું.

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડૉક્ટર સાહેબ, મને ઊંઘમાં બોલવાની ટેવ છે. મારે શું કરવું અને શું ન કરવું?

મનોચિકિત્સકઃ ન કરવાનું કાંઈ ન કરવું.

☺ ☺ ☺ ☺ ☺

નવો ડૉક્ટર : (અનુભવી ડૉક્ટરને) સાહેબ, તમે હંમેશાં દર્દીને તેણે શું ખાધું એ વિશે કેમ પૂછો છો?

અનુભવી ડૉક્ટર : દર્દીનું મેનુ સાંભળી હું તેનું બિલ તૈયાર કરું છું.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*આકાશમાં વાદળી છવાય છે ત્યારે આપણને એમ લાગે છે કે સૂર્ય ઢંકાઈ ગયો છે. પણ તેથી સૂર્ય કદી મુશ્કેલીમાં મુકાતો નથી. એનું તેજ અને એની શક્તિ એવાં ને એવાં જ રહે છે. મુશ્કેલીના આવરણથી જરા પણ શક્તિ ન ગુમાવવી એ જ સાચું જીવન છે.*

*વૃત્તિ ચોખ્ખી હોય તો જ બીજાનાં દુઃખ દૂર કરી શકાય.*

## પ્રામાણિકતા : શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - અમદાવાદ

આપની સંસ્થા સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદમાં સંજોગોવશાત્ અમે અવારનવાર રોકાણ કરીએ છીએ. તે મુજબ તાજેતરમાં ત્યાં રોકાણ કરવાની આવશ્યક્તા ઊભી થતાં અમને પૂરા સાથ-સહકાર સહિત રૂમ નં.-૩૦૧, ૩૨૦માં સગવડ કરી આપવામાં આવી હતી.


ઉપરોક્ત રોકાણ દરમ્યાન અમારી કિંમતી વસ્તુઓ / લેપટોપ ત્યાંના ઓફિસ કાઉન્ટર પર ભૂલાઈ ગયા હતા. જેની અમને ખબર પણ ન હતી. ચિંતા સાથે શોધખોળ ચાલુ હતી. તે દરમ્યાન ત્યાંના સ્ટાફ **શ્રી કૃષ્ણકાંત ડી. મોદી** એ અમને સામેથી જાણ કરીને કાઉન્ટર પર ભૂલાઈ ગયેલ સામાન પરત આપ્યો હતો. આ રીતે તેમણે પ્રામાણિકતા દાખવેલ છે અને આપની સંસ્થાનું નામ રોશન કર્યું છે. તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ.

અમે આપની સંસ્થા અને શ્રી મોદીભાઈનો ખાસ આભાર માનીએ છીએ.

***ચેતન જે. અંતાણી***
***૨૦૭, પ્રમુખ સ્વામી નગર - ભુજ, મો. ૯૪૨૯૨ ૯૫૦૫૪***

• • • • •

## બેન્કિંગ ક્ષેત્રે કચ્છીઓની કોઠાસૂઝ




આજે કચ્છીઓ ભારતમાં નહીં પણ વિશ્વભરમાં ફેલાઈ ગયા છે અને દરેક ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. એમના માટે તો સંપૂર્ણ વિશેષાંક બહાર પાડવો પડે.

હાલના સમયમાં કચ્છીઓની કોઠાસૂઝ વિશે જો વાત કરવી હોય તો બેન્કિંગ ક્ષેત્રે કચ્છ કો-ઓપરેટીવ બેંકના સ્થાપક **ડો. ઉદય કે. ગડા, શ્રી નેમજીભાઇ કે. ગંગર અને શ્રી હેમચંદ કે. ગડા**ના નામોનો ઉલ્લેખ જરૂર કરવો રહ્યો. શ્રી કચ્છી વીસા ઓસવાળ સેવા સમાજના ભૂતપૂર્વ પ્રમુખ ડો. ઉદય ગડાનું સ્વપ્નું હતું કે આપણા સમાજની એક બેંક હોવી જોઇએ. તેઓ અને શ્રી નેમજી ગંગર માનવ કલ્યાણ, દહીંસરમાં સહકાર્યકર્તા હોવાને કારણે શ્રી નેમજીભાઇને વાત કરી અને બંને જણે મળી બેંક સ્થાપવા માટે ચક્રો ગતિમાન કર્યા. ડો. ઉદય ગડાના લઘુબંધુ શ્રી હેમચંદ કે. ગડા જેઓ રિઝર્વ બેંકમાં અધિકારી હતા તેમની સાથે વાતચીત કરી અને તેમને આ કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા. શ્રી હેમચંદભાઇએ રિઝર્વ બેંકના કાયદા મુજબ બેન્ક સ્થાપવા સંપૂર્ણ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કર્યો. રિઝર્વ બેંકની ક્ષેત્રીય અને મધ્યવર્તી કાર્યાલયની મંજૂરી મેળવી અને શેરહોલ્ડિંગ ઊભું કરવામાં આવ્યું. ત્યારબાદ ફરી રિઝર્વ બેંક તથા મહારાષ્ટ્ર રાજ્ય સરકાર મુંબઇ, નવી મુંબઇ, પુના વગેરે કાર્યાલયોમાંથી મંજૂરી મેળવી બેંક શરૂ કરવા લાઈસન્સ મેળવ્યું. બેન્કિંગ માટે લાઇસન્સ મેળવવું એ અભિમન્યુના સાત કોઠા પસાર કરવા જેટલું કઠિન કાર્ય છે. પરંતુ આ ત્રણે જણે એકસાથે અથાગ પ્રયત્નોથી વિકટ કાર્ય પણ સફળતાપૂર્વક કરી બતાવ્યું. આજે આ બેંક બોરીવલી (વેસ્ટ)માં કાર્યરત છે અને નફો કરતી બેંક છે. જેણે ગયા વર્ષે ૬ ટકા અને આ વર્ષે ૯ ટકા ડિવિડંડ આપ્યું છે. આપણા ભાઇઓ દ્વારા ચાલતી આપણા સમાજની આ એકમાત્ર બેંક છે અને તેના માટે આ ત્રણે ભાઇઓ અભિનંદનને પાત્ર છે.

***ચીમનલાલ દામજી ગાલા - મુંબઇ (મો. : ૯૩૨૦૦ ૯૦૭૫૪)***

• • • • •

## પતંગ અને ફટાકડા

હાલમાં જ જાન્યુઆરી ૧૪ તારીખે ઉત્તરાયણનો ઉત્સવ ઊજવાયો. તે દરમ્યાન થોડાક લોકોએ જીવ ગુમાવ્યો અને અનેક નિર્દોષ પક્ષીઓ ઘાયલ થયા તથા અનેક પક્ષીઓ પતંગની દોરી થકી ઘાયલ થઇને મૃત્યુ પામ્યા. પતંગ ચગાવનારા લોકોમાં જરૂર જૈનો પણ હશે જ. ફક્ત મનોરંજન માટે નિર્દોષ પક્ષીઓની હત્યા કરવી કે તેમને ઘાયલ કરવા (પાંખ કપાઇ ગયા પછી તે પક્ષીઓ ઝાઝું જીવી શકતા નથી) એ ક્રિયા પોતાને જૈન કહેવડાવનારને શોભે?

પોતાની કુદરતી જીવન શૈલી થકી આ પક્ષીઓ આપણા પર કેટલો બધો ઉપકાર કરે છે તેની આપણને ખબર જ નથી.

પતંગ ઉપરાંત પ્રસંગે-પ્રસંગે જૈનો દ્વારા ફટાકડા ફોડવામાં પણ આવે છે. જોકે ઘણા સમજદાર જૈનો દ્વારા ક્યારેય ફટાકડા ન ફોડવાનું વ્રત લીધેલ હોય એવું પણ જાણવા મળેલ છે. ફટાકડા ફોડવા થકી પણ ઘણા અકસ્માત થાય છે - ઘણા દાઝી જાય છે - કેટલાક જીવ ગુમાવે છે. ક્રિકેટની કોઇ ટીમ જીતે કે કોઇ હારે ત્યારે પણ કેટલાક લોકો ફટાકડા ફોડે છે અને જૂનું વર્ષ વિદાય થાય અને નવા વર્ષનું આગમન ઊજવવા પણ ઘણા લોકો ફટાકડા ફોડે છે. હું આ પ્રકારના માનસને સમજી શકતો નથી. જો મનોરંજન સ-દોષ હોય કે પાપયુક્ત હોય એમાં કોઇપણ જૈન કેવી રીતે સહભાગી થઇ શકે?

મારી તમામ જૈનોને પ્રાર્થના છે કે તેઓ હવે ક્યારેય પતંગ ચગાવશે નહીં, બીજા ચગાવશે ત્યારે તેનું અનુમોદન કરશે નહીં અને આજ પ્રકારે પોતે કદી ફટાકડા ફોડશે નહીં - ફોડાવશે નહીં - ફોડનારાને કદી અનુમોદન પણ કરશે નહિ એવું વ્રત લે - બાધા લે.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

• • • • •

## એક સૂચન

આપનું મંગલ મંદિર માસિક સમાજના દર્પણ સમાન છે અને આપણા સમાજના ઘરે ઘરે વાંચવા મળે તે ખૂબજ આનંદની વાત

*બોલતા તો બધાને આવડે છે પણ વાતચીત કરતા તો કોઇકને જ.*

ગણાશે. એક સજેશન સ્વીકારશો અથવા વિચારશો.

સમાજની સંસ્થાઓ / લાઈબ્રેરીઓમાં આ અંક રાખવામાં આવે તો સમાજનો ઘણો વર્ગ લાભ લઈ શકે. આ માટે ક.વી.ઓ. સ્થા. મહાજનની દેવલાલી અને લોનાવલાની સેનેટોરિયમની લાઈબ્રેરી માટે કોમ્પ્લિમેન્ટરી કોપી મોકલવા વિનંતી છે.

*એન. જે. ગોસર - મુંબઈ*

• • • • •

## શ્રેષ્ઠ લેખ અને પત્રના પુરસ્કારો

થોડા મહિના પહેલા 'મંગલ મંદિર'માં વર્ષ દરમ્યાન આવેલ શ્રેષ્ઠ લેખો માટે પ્રથમ, દ્વિતીય અને તૃતીય એવા પુરસ્કારો જાહેર થયા. આજ પ્રમાણે શ્રેષ્ઠ પત્રોના પુરસ્કારો પણ જાહેર થયા.

વિદ્વાન નિર્ણાયકો દ્વારા થયેલી પસંદગી બાબત તો કંઈ કહેવાપણું હોય જ નહિ, પણ પદ્ધતિ બાબત વિચારવા જેવું ખરું.

પસંદગી પામેલા ત્રણેય લેખકો પોતપોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ છે જ, એમાં નંબર આપવાનું ઉચિત ખરું? (૧) આરોગ્ય વિષયક, (૨) બીજું ધર્મ સમાજ વિષય અને (૩) ચિંતનાત્મક — આવા ત્રણ ત્રણ અલગ વિષયોની સરખામણી નંબરની દૃષ્ટિએ ઉચિત ખરી?

એવી પદ્ધતિ ન વિચારી શકાય કે શ્રેષ્ઠ લેખકોને વિષયવાર નંબર આપીને નહીં પણ સમાન કક્ષાએ પુરસ્કૃત કરવામાં આવે? આજ પ્રમાણે પત્રો બાબત પણ વિચારી શકાય.

*વિષયોનું વર્ગીકરણ નીચે મુજબ થઈ શકે :*

૧. આરોગ્ય, યોગ, તંદુરસ્તી.
૨. ધર્મ, સમાજ, ચિંતન, કલા.
૩. સંશોધન, ઈતિહાસ, પુરાતત્ત્વ.

આમાં જરૂરી સુધારા-વધારા કરી શકાય.

આ ઉપરાંત નવોદિત લેખકોનું શું? સમાજના સભ્યોમાંથી અને વાચકોમાંથી નવોદિત લેખકો માટે પણ ૧ કે ૨ પુરસ્કાર રાખવા જોઈએ. જેથી યુવાવર્ગને લખવાની પ્રેરણા મળે. તંત્રીશ્રીઓ વિચારે.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

• • • • •

## જાન્યુઆરી-૨૦૧૨નો અંક

'મંગલ મંદિર' જાન્યુઆરી-૨૦૧૨નો અંક જોઈ, વાંચી, વિચારી ખૂબ આનંદ થયો. ટાઈટલ પરનું કચ્છના સફેદ રણનું ચિત્ર ખરે જ અતિ સુંદર અને મનભાવક લાગ્યું. ઘેર બેઠા કચ્છના રણમાં વિચરી રહ્યા હોઈએ તેવો ભાસ થયો. મુખ્ય તંત્રી અને તંત્રી મંડળના અન્ય સભ્યોને ખૂબ ખૂબ અભિનંદન. તંત્રી લેખ - નૂતન વર્ષે વિચાર વલોણું ખૂબ જ ધ્યાનાકર્ષક રહ્યો. સૌ કચ્છીઓના ઉત્કર્ષ માટેની આપની લાગણી પ્રશંસનીય છે. સર્વ કોઈ હકારાત્મક અભિગમ અપનાવી નિર્ણય લઈ પોતપોતાનું દાયિત્વ સૂપેરે પાર પાડે એ જ અંતરની અભ્યર્થના.

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

## નામ અનેક : આંખ, ચક્ષુ, નયન, લોચન, દૃષ્ટિ. કામ એક : સૃષ્ટિને જોવાનું.

## દૃષ્ટિહીન માટે સૃષ્ટિ કાયમ માટે અંધકારમય છે

- **ચક્ષુદાન જનજાગૃતિ :**

આજે ૨૧મી સદીમાં શિક્ષણનું પ્રમાણ વધવા છતાં ચક્ષુદાનની જરૂર છે તે કરતાં ૫૦ ટકા ઓછું ચક્ષુદાન થાય છે.

- **અંધકારથી પ્રકાશ તરફ :**

કોણ લઈ જશે તેમને અંધકારથી પ્રકાશ તરફ. સૃષ્ટિનો સર્જનકર્તા પણ તેને દૃષ્ટિ આપી શકતો નથી. પરંતુ આપણે બે અંધજનોને ચક્ષુદાન કરી પ્રકાશ તરફ લઈ જઈ શકીએ છીએ. (એક અંધ એક આંખથી જોઈ શકે છે.)

- **ચક્ષુદાન પ્રયત્નથી વધી શકે છે :**

૧. સૌપ્રથમ આપશ્રી ચક્ષુદાનનું મહત્ત્વ સમજી ચક્ષુદાનનો સંકલ્પ કરો.
૨. આવું કરતાં અંધશ્રદ્ધાળુ લોકોની વાતમાં ન આવવું. ચક્ષુદાન પરોપકારનું કામ હોવાથી ક્યારેય અધર્મ ના હોઈ શકે.
૩. હોસ્પિટલમાં થતા સામાન્ય કે અકસ્માતથી થતા મૃત્યુ વખતે ફરજ પરના ડૉક્ટર તેના સગાંને ચક્ષુદાનનું મહત્ત્વ સમજાવે અને તેના સગાં તેની સાથે સહમત થાય તો ચક્ષુદાન વધી શકે.
૪. કોઈ વ્યક્તિના સગાં પડોશી કે સમાજમાં થતાં મૃત્યુ વખતે હાજર સમાજસેવક ઘરના વડીલને ચક્ષુદાનનું મહત્ત્વ સમજાવે અને તેના સગાં તેની સાથે સહમત થાય તો ચક્ષુદાન વધી શકે.
ઉપરોક્ત ૩ અને ૪ સમયે વાતાવરણ ખૂબજ શોકમય હોય છે. માટે ચક્ષુદાનની વિનંતી સાદી ભાષામાં હળવાશથી હકારાત્મક રીતે કરવી અને આગ્રહ ના કરવો.
૫. ચક્ષુદાનનો સંકલ્પ ના કરેલ વ્યક્તિ ગમે તે સમયે પોતાની ઈચ્છા રજૂ કરી શકે છે.
૬. કોઈ વ્યક્તિના સ્વર્ગવાસ પછી તેના સગાં પણ ચક્ષુદાનનો નિર્ણય કરી શકે.

**સત્યને સમજો.** સમાજના કોઈ કુટુંબમાં દૃષ્ટિહીન વ્યક્તિને દૃષ્ટિદાનથી દૃષ્ટિ મળે તો તે વ્યક્તિને અને તેના કુટુંબને કેટલો આનંદ થાય. ચક્ષુદાનના સંકલ્પ માટે અથવા ચક્ષુદાતા બનવા માટે શું આટલું પૂરતું નથી?

અંધજનની વ્યથાને સમજવા અંધ સ્કૂલની મુલાકાત લો.

**"મૃત્યુ પછીનું મહાદાન એટલે ચક્ષુદાન"**

*સારો હોય કે ખરાબ સમય જરૂર બદલાય છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## નવભારત સાહિત્ય મંદિર - અમદાવાદના ઉપક્રમે ગ્રંથ પ્રાગટ્ય



*ગ્રંથ પ્રાગટ્ય વેળાએ લીધેલી તસવીરમાં ડાબી બાજુથી : નવભારત સાહિત્ય મંદિરના શ્રી જયેશભાઈ શાહ, હાસ્ય લેખક શ્રી વિનોદભાઈ ભટ્ટ, પરમ પૂજ્ય શ્રી મોરારિબાપુ, કવિશ્રી હર્ષ બ્રહ્મભટ્ટ, કવિશ્રી શોભિત દેસાઈ, કવિશ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન', કવિશ્રી અંકિત ત્રિવેદી.*

જાણીતા કવિ હર્ષ બ્રહ્મભટ્ટના ગુજરાતી ગઝલ **'ખુદનેય ક્યાં મળ્યો છું?'** તથા ઊર્દુ ગઝલ સંગ્રહ **'મેરા અપના આસમાઁ'** પ્રાગટ્ય વિધિ નવભારત સાહિત્ય મંદિર - અમદાવાદ દ્વારા તાજેતરમાં કર્ણાવતી ક્લબમાં મોરારિબાપુના શુભહસ્તે ગરિમાપૂર્ણ રીતે ઉજવાઈ ગયો. ગ્રંથ પ્રાગટ્ય વિધિ પછી મોરારિબાપુએ જણાવ્યું હતું કે, કવિના હૃદયમાંથી કવિતા આપોઆપ સ્ફુરતી હોય છે. ગમે તેટલા કામ વચ્ચે પણ કવિનું મન પંક્તિઓની રચના કરી લેતું હોય છે. કવિ બ્રહ્મભટ્ટનું પણ તેવું જ છે. આ પ્રસંગે હર્ષ બ્રહ્મભટ્ટ, શોભિત દેસાઈ, રાજેશ વ્યાસ 'મિસ્કીન', અંકિત ત્રિવેદી, કુણાલ શાહ વગેરેએ ઉપસ્થિત રહીને પ્રાસંગિક સંબોધન કર્યું હતું અને બંને સંગ્રહોની કવિતાઓની રસપ્રદ છણાવટ કરી હતી.

આ પ્રસંગે નવભારત સાહિત્ય મંદિર - અમદાવાદના **જયેશ પી. શાહ** અને **કૃણાલ શાહ**ની ખાસ ઉપસ્થિતિ હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કૃણાલ શાહે સૌનું સ્વાગત કરતાં કહ્યું હતું કે 'અમારા વડીલોએ સ્થાપેલી પરંપરા જાળવીને અમે નવભારત સાહિત્ય મંદિરને હજુ વધુ ઊંચાઈએ લઈ જઈશું.'

અંતમાં હર્ષભાઈએ પોતાની ગમતી રચનાઓનું પઠન કર્યું હતું. આ રીતે, બંને ગ્રંથોનો પ્રાગટ્ય અવસર સૌએ સાથે મળીને ગરિમાપૂર્ણ રીતે ઊજવ્યો હતો.

## ભાવનગર કચ્છ સમાજ

કચ્છની બેનમૂન કલા-કારીગરીને પ્રોત્સાહન આપવાના હેતુસર ભાવનગર કચ્છ સમાજ દ્વારા ગત ડિસેમ્બર માસ દરમ્યાન ૧૯મું કચ્છી કલા પ્રદર્શન સાથે વેચાણનું આયોજન ભાવનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કચ્છન ધારાસભ્યશ્રી, સ્થાનિક અધિકારી વર્ગ તથા સમાજના આગેવાનોની ખાસ ઉપસ્થિતિ રહી હતી. જેમાં ભાવનગરના એડિશનલ કલેક્ટરશ્રી, મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ સમિતિના ચેરમેન, મહુવા રેન્જ ફોરેસ્ટ ઓફિસર, વિભાગીય રેલવે મેનેજર તેમજ આદરણીય શ્રી પ્રદીપ આત્માનંદ સ્વામીજીની હાજરી ધ્યાનાકર્ષક હતી. આ પ્રદર્શનમાં વિક્રમસર્જક લગભગ રૂપિયા પચ્ચીસ લાખની કચ્છની ચીજવસ્તુઓની ખરીદી મુલાકાતીઓ દ્વારા થઈ હતી. નોંધનીય બાબત હતી કે સમગ્ર પ્રદર્શનનું આયોજન સમાજના પરિવારજનોએ સ્વયંભૂ રીતે કર્યું હતું, તેમ સમાજના માનદ્ મંત્રીની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## ગીતાબહેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ

ટ્રસ્ટના સંચાલક અને ગૌરક્ષક શ્રી બચુભાઈ પી. રાંભિયાની માનવસેવા અને અબોલ જીવો પ્રત્યેની ઉત્તમ વિવિધ સેવા પ્રવૃત્તિઓ બદલ તાજેતરમાં હૈદ્રાબાદની જાણીતી પ્રાણીમિત્ર સંસ્થા રમેશ જાગીરદાર મેમોરિયલ ફાઉન્ડેશનના હોદ્દેદારો દ્વારા તેમનું ઉચિત સન્માન કરીને એક ખાસ ઍવૉર્ડ પ્રદાન કર્યો હતો.

ઉપરોક્ત અહિંસા ટ્રસ્ટ દ્વારા શામળાજી પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાંથી અબોલ જીવ - ૫૬ને કતલખાને લઈ જતી એક ટ્રકને તાજેતરમાં પકડીને તમામ અબોલ જીવોને ઇડર પાંજરાપોળમાં સુપરત કર્યા હતા. તે રીતે ગત ઉત્તરાયણ પર્વમાં પતંગની દોરીથી ઘવાયેલા કુલ ૨૮૪ પક્ષીઓને સારવાર આપીને બચાવી લીધા હતા, તેમ ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું હતું.

★ ગીતાબહેન રાંભિયા, સ્મૃતિ અહિંસા ટ્રસ્ટના ગૌરક્ષક ગીતાબહેન રાંભિયાની જીવદયા વગેરે ક્ષેત્રની સેવાકીય પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઈને શ્રી રામાણિયા મુંબઈ મહાજન દ્વારા **"રામાણિયા ગૌરવ"**ના વિશિષ્ટ ઍવૉર્ડની જાહેરાત થતાં તે ઍવૉર્ડ તાજેતરમાં મુંબઈ મધ્યે આયોજિત એક કાર્યક્રમમાં રાંભિયા પરિવારના **ગૌરક્ષક શ્રી બચુભાઈ હીરજી રાંભિયા**એ સ્વીકૃત કર્યું હતું, તેમ ટ્રસ્ટની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## શ્રદ્ધાંજલિ : કાંતાબહેન દોશી



કચ્છ - માંડવી જૈન સમાજના અગ્રણી તેમજ માંડવી ચેમ્બર ઑફ કોમર્સના પ્રમુખ શ્રી વાડીલાલ બી. દોશીના ધર્મપત્ની કાંતાબહેનનું તા. ૮-૧૨-૨૦૧૧ના રોજ અચાનક દેહાંત થતાં સ્થાનિકે જૈન સમાજ સહિત અન્ય પરિવારજનોએ આંચકો અનુભવીને સદ્ગતને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

માંડવીમાં સદ્ગત કાંતાબહેને 'શ્રી મહાવીર જૈન મહિલા મંડળ'ની સ્થાપના કરી હતી અને સ્થાપનાના સમયથી તેના પ્રમુખપદે સતત કાર્યરત હતા. તે સિવાય ધાર્મિક, તબીબી અને સામાજિક ક્ષેત્રની અનેક પ્રવૃત્તિઓમાં હંમેશાં સક્રિય રહ્યા હતા.

સદ્ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના. ■

# મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ ડિસેમ્બર-૨૦૧૧ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. મેસર્સ એન્કર ગ્રૂપ, નવનીત પબ્લિકેશન્સ, ગાલા પ્રિસાઈઝન એન્જિનિયરીંગ, આરતી ઈન્ડસ્ટ્રિઝ અને અંતરા જ્વેલરી દ્વારા કરાઈ. (પાના : ૧૨)

૨. (૧) જંગલની જમીનો ખેતી માટે પરિવર્તન કરવી. (૨) ઈમારતી લાકડા માટે કપાણ. (૩) નબળું જમીન વ્યવસ્થાપન. (૪) જંગલમાં માનવ વસાહતો ઊભી કરવી. (પાના : ૨૬)

૩. એચ.જી. વેલ્સ. (પાના : ૩૨)

૪. વૃદ્ધાવસ્થા (પાના : ૪૦)

૫. ઘુડખર અભયારણ્ય (પાના : ૧૫)

૬. વિશ્વ વન દિવસ (પાના : ૨૫)

૭. ચહેરામાં હાવભાવ અને હૃદયમાં સદ્‌ભાવ (પાના : ૫૯)

*માસ ડિસેમ્બર-૨૦૧૧ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદી નીચે મુજબ છે.*

૧. શ્રીમતી વર્ષાબહેન ર. પારેખ - અમદાવાદ

૨. શ્રીમતી મીનાક્ષીબહેન ર. પારેખ - અમદાવાદ

૩. શ્રી અમરકુમાર ઉમરશી રાંભિયા - નડિયાદ

૪. શ્રી જિતેન્દ્ર ઠાકરશી શાહ - ભુજ, કચ્છ

**★ માસ જાન્યુઆરી-૨૦૧૨ના અંકના પ્રશ્નો :**

૧. માણસે રોગનો સામનો કરવા માટે એન્ટિબાયોટિકના ઉપયોગના બદલે શું કરવું જોઈએ?

૨. વાક્ય પૂરું કરો : ‘હું નરકમાં પણ સારા પુસ્તકોનું સ્વાગત કરીશ કારણકે.....’

૩. જિંદગી મનુષ્યને જીવન જીવાડે છે પોતાની રીતે. જીતી ગયા તો શું કરશો? હારી ગયા તો શું કરશો?

૪. ભારતની ન્યાય પ્રક્રિયા અને વહીવટીતંત્ર એટલા ઢીલા છે કે આપણે ત્યાં કોન્ટ્રેક્ટનો અમલ કરાવવામાં સરેરાશ કેટલા દિવસ લાગે? જ્યારે આજ કામ માટે ચીનમાં કેટલા દિવસ લાગે?

૫. પોતાના સવા સો જેટલાં પુસ્તકોના અનુવાદ, સંક્ષેપ, સંપાદન કે પુનઃ પ્રકાશન ઈત્યાદિ માટેના કોપી રાઈટ કયા લેખકે જતા કર્યા હતા? કઈ સાલમાં?

૬. કયા દેશે પોતાનું સૈન્ય કાઢીને એ પૈસા શામાં ખર્ચવાનું નક્કી કર્યું?

૭. પહેલા શાના માટે જેલો ભરાતી હતી? અત્યારે શાના માટે જેલો ભરાય છે? કઈ ભાવના લુપ્ત થઈ? કઈ ભાવનાએ ભરડો લીધો છે?

*બધા પ્રશ્નોના ખરા ઉત્તર આપનારના નામ મંગલ મંદિરના અંકમાં છપાશે. જવાબો તા. ૨૦-૨-૨૦૧૨ સુધી મળી જવા જરૂરી છે.*

*ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)*

# "મંગલ મંદિર" - પ્રાપ્ત થયેલાં લવાજમ

*જાન્યુઆરી – ૨૦૧૨ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- રાજેશકુમાર શાહ એન્ડ કું. — ચેન્નાઇ
- મણિલાલ કે. છેડા — ડોંબીવલી (ઇ), મુંબઇ

### ૩ વર્ષનું લવાજમ

- ચંદ્રકાંત એલ. ગાલા — દાદર, મુંબઇ
- ધનવંતી મધુકાંત શેઠિયા — અંધેરી (વે), મુંબઇ

### ૫ વર્ષનું લવાજમ

- જયંતીલાલ જેઠાભાઇ મૈશેરી — અમલનેર (મહારાષ્ટ્ર)
- કિશોર લાલજી નાગડા કે.કે. ઇન્ડસ્ટ્રીઝ — હુબલી (કર્ણાટક)

### આજીવન લવાજમ

- પ્રેમજી રાયશી ગાલા — ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- નવરંગ ઉચ્ચતર માધ્યમિક શાળા — નવજીવન, અમદાવાદ
- બાબુભાઇ ભીખાભાઇ મ્યાત્રા — ભીમાસર (અંજાર-કચ્છ)
- અશોક રામજી સાવલા — બોરીવલી (વે), મુંબઇ
- મનસુખલાલ દેવજી ગાંધી — માંડવી (કચ્છ)
- સંદીપ એસ. શાહ — કોઇમ્બતુર
- ડૉ. જયંતભાઇ વસા — ભુજ (કચ્છ)
- કૌશિક ભગવતીદાસ મહેતા — ભુજ (કચ્છ)
- વીર પ્લાસ્ટ — ઓઢવ, અમદાવાદ
- ગંગારામ હર્ષદ દિવાણી — નાની વિરાણી (કચ્છ)
- ડાયમંડ એન્ટરપ્રાઇઝ — નવરોજી રોડ, મુંબઇ
- શ્રીમતી મંજુલા હંસરાજ ગોસર — માંડવી (કચ્છ)
- જિગર કુલીન મહેશ્વરી — સેટેલાઇટ, અમદાવાદ
- વાડીલાલ ગાંધી — શિવાજી પાર્ક, મુંબઇ
- સુશીલા નવીનચંદ્ર ખોના — મુલુંડ (વે), મુંબઇ
- સુરેશ એમ. મહેતા — ભુજ (કચ્છ)
- મિતા મેહુલભાઇ ત્રિવેદી — મણિનગર, અમદાવાદ
- શાંતિલાલ ડી. મારૂ — હૈદરાબાદ

### ૩ વર્ષનું લવાજમ

- ભાવના કેલ્વીન અજાણી — કોચીન
- જેઠાલાલ નરશી દેઢિયા — ઘાટકોપર (ઇ), મુંબઇ
- સંજય દામજી સાવલા — મુલુંડ (વે), મુંબઇ
- કિરણભાઇ શાહ — કોલ્હાપુર (મહારાષ્ટ્ર)

### ૫ વર્ષનું લવાજમ

- કીર્તિ કાંતિલાલ દોશી — મુલુંડ (વે), મુંબઇ
- પ્રદીપ નાનજી ગાલા — માટુંગા, મુંબઇ
- જિતેશ સુંદરજી ગાલા — મુલુંડ (વે), મુંબઇ
- મહેન્દ્ર પી. શાહ — કલકત્તા
- નીતિન પદમશી શાહ — ડોંબીવલી (ઇ)
- નવીન એલ. રાંભિયા — વિલેપાર્લે (ઇ), મુંબઇ

### આજીવન

- ઉમરશી બાબુલાલ પિત્રોડા — મલાડ (વે), મુંબઇ

# 'મંગલ મંદિર'ના પૂરા થતાં લમવાજમની વિગત

### ડિસેમ્બર-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઇ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | મહેન્દ્ર સુધાકર શાહ | રાજકોટ |
| ૨. | દીપક રવિલાલ શાહ | ભુજ, કચ્છ |
| ૩. | જિતેન્દ્ર એન. અંતાણી | ભુજ, કચ્છ |
| ૪. | પ્રાણલાલ હેમચંદ વોરા | ભુજ, કચ્છ |
| ૫. | સુરેશ ચમનલાલ રામાણી | ભુજ, કચ્છ |
| ૬. | જયંતીલાલ પૂજાલાલ છેડા | મનફરા, ભચાઉ, કચ્છ |
| ૭. | પદમશી લખમશી લાલકા | ગાંધીધામ, કચ્છ |
| ૮. | જયેશ મહાદેવભાઈ મહેતા | ગાંધીધામ, કચ્છ |
| ૯. | મનસુખલાલ સાકરચંદ મહેતા | રાઉરકેલા, ઓરિસ્સા |
| ૧૦. | દોલતલાલ એમ. સંઘવી | રાઉરકેલા, ઓરિસ્સા |
| ૧૧. | વિઠ્ઠલ દેવશી વોરા | ચેન્નાઈ |
| ૧૨. | પરેશ શરદભાઈ શાહ | બેંગ્લુરૂ, કર્ણાટક |
| ૧૩. | એલ. કે. વીંછીવોરા | બેંગ્લુરૂ, કર્ણાટક |
| ૧૪. | અજય હંસરાજ પાસડ | સિકંદ્રાબાદ |
| ૧૫. | મહેન્દ્ર એચ. ગાલા | જબલપુર, મ.પ્ર. |

*ચિંતા કરવાનું છોડી દો. તેનાથી માનસિક શાંતિ હણાય છે.*

## જાન્યુઆરી-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | લીલાધર ઉમરશી સાવલા | ભુજ, કચ્છ |
| ૨. | નેણશી આર. મીઠિયા | ભુજ, કચ્છ |
| ૩. | ઠક્કર એન.પી.એન. હાઈસ્કૂલ | અંજાર, કચ્છ |
| ૪. | અર્પણ અશોકભાઈ મહેતા | ભચાઉ, કચ્છ |
| ૫. | હરિલાલ અમુલખ પૂજ | ગાંધીધામ, કચ્છ |
| ૬. | સોમચંદ ધારશી નાગડા | ગાંધીધામ, કચ્છ |
| ૭. | પ્રેમચંદ સી. મહેતા | ગાંધીધામ, કચ્છ |
| ૮. | હીરેન ખીમજી વીરા | આદિપુર, કચ્છ |
| ૯. | રોહિત હેમચંદ શાહ | રામાણિયા, મુંદ્રા, કચ્છ |
| ૧૦. | નરેન્દ્ર મગનલાલ શાહ | પાલડી, અમદાવાદ |
| ૧૧. | કાંતિલાલ ભારમલ સાવલા | સુરત |
| ૧૨. | ભીમજી કુંવરજી ગોસર | સાયન (ઈસ્ટ), મુંબઈ |
| ૧૩. | લીલાધર લખમશી વીસરિયા | સાયન (ઈસ્ટ), મુંબઈ |
| ૧૪. | રાયચંદ વશનજી ખોના | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૫. | ખુશાલ એલ. મહેશ્વરી | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |

## ફેબ્રુઆરી-૨૦૧૨ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | શૈલેષ મોહનલાલ શાહ | અંજાર, કચ્છ |
| ૨. | ભરતસિંહ ડી. જાડેજા | રાપર, કચ્છ |
| ૩. | ચંદ્રકાંત પ્રાણજીવન મહેતા | માંડવી, કચ્છ |
| ૪. | પંકજ ટ્રેડિંગ કું. | કપડવંજ (ખેડા) |
| ૫. | કેકીન ગોગરી | સુરત |
| ૬. | ભવાનજી મુરજી પોલડિયા | એમ.જી. રોડ, મુંબઈ |
| ૭. | શશીકાંત દેવચંદ દેઢિયા | એલ્ફીન્સ્ટન રેલવે, મુંબઈ |
| ૮. | તલકચંદ લીલાધર દેઢિયા | સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ |
| ૯. | શાંતિલાલ રતનશી પોલડિયા | સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ |
| ૧૦. | હિતેન હીરજી શેઠિયા | વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ |
| ૧૧. | હરખચંદ એલ. ગડા | મલાડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૨. | સુરેન્દ્ર હરશી દેઢિયા | મલાડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | રાયચંદ શિવજી શાહ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૪. | હીરજી ખીમજી ધરોડ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૫. | હીરાચંદ વેલજી છેડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૬. | હરિલાલ જેઠાલાલ પોલડિયા | નવા પાડા, થાણા (વેસ્ટ) |
| ૧૭. | વિશાલ હરખચંદ પાસડ | નાલાસોપારા (વેસ્ટ), થાણા |
| ૧૮. | મિલન એચ. ઠક્કર | નાલાસોપારા (વેસ્ટ), થાણા |
| ૧૯. | શાંતિલાલ ખીમજી સતરા | જલગામ (મહારાષ્ટ્ર) |
| ૨૦. | કુસુમબહેન દિલીપ મહેતા | જબલપુર (મ.પ્ર.) |
| ૨૧. | અનિલા દિનેશ ભેદા | ચેન્નાઈ |
| ૨૨. | હરિલાલ એન. શાહ | કલકત્તા |

# સાર સમાચાર

★ નંબર વન ગણાવવામાં આવતું ગુજરાત રાજ્ય ૨૦૧૧માં પ્રસિદ્ધ થયેલા માનવ વિકાસ સૂચકાંકમાં આવક આધારિત આંક પાંચમા સ્થાને, માનવ વિકાસ આંક સાતમા સ્થાને, શિક્ષણમાં નવમા સ્થાને અને આરોગ્યમાં દસમા સ્થાને છે.

★ આપણા રાષ્ટ્રસેવક (પ્રેસિડેન્ટ)નું રહેણાંકનું રાષ્ટ્રપતિ ભવન માટે ૧૯૧૧ના વર્ષમાં લઈ લેવામાં આવેલી ખેડૂતોની જમીનનું વળતર હજુ આજ સુધી તેમને કે તેમના વારસદારોને મળેલ નથી! આવા ૩૪૯ પરિવારો આજે પણ દિલ્હીના પતિયાળા હાઉસ કોર્ટમાં પોતાના કેસ લડી રહ્યા છે! તે વખતે અંગ્રેજોએ ખેડૂતોની ૩૭૯૨ એકર જમીન લઈ લીધી હતી.

★ ગુજરાત રાજયમાં વીજળીના જોડાણ માટેની ખેડૂતોની ૪,૫૫,૮૮૫ અરજીઓ પડતર છે. આ ખેડૂતોને હજુ સુધી વીજ જોડાણ મળેલ નથી.

★ ફ્રાન્સની મહિલા મેરી રોબિને મોન્સેન્ટો વિશે જાણવા કોમ્પ્યુટર પર 'મોન્સેન્ટો' ટાઈપ કર્યું તો ૭૦ લાખ સંદર્ભો મળ્યા! પછી 'પોલ્યુશન' શબ્દ જોડ્યો તો ૩૪૩૦૦૦ સંદર્ભ મળ્યા પછી ક્રિમીનલ શબ્દ જોડ્યો તો ૧,૬૫,૦૦૦ સંદર્ભ મળ્યા. અને 'કરપ્શન' શબ્દ જોડ્યો તો ૧,૨૯,૦૦૦ સંદર્ભ મળ્યા. પછી 'વૈજ્ઞાનિક બાબતોના જુઠ્ઠાણા' શબ્દ જોડ્યો તો ૧,૧૫,૦૦૦ જવાબ મળ્યા. અને મેરીએ એક અદભુત ચોપડી લખી 'The world Accroding to Monsanto' અને આ ચોપડીએ તેને અનેક પ્રાઈઝ અપાવ્યા. આખી દુનિયામાં આ ચોપડી વંચાઈ.

★ આજકાલ 'PPP' 'પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ'નો પ્રચાર ઘણો ચાલ્યો છે. જેમાં મૂડી પબ્લિકની હોય છે અને નફો કંપનીને મળે છે.

★ અત્યારે દુનિયાની માનવ વસતિ સાત અબજ છે. યુનાઈટેડ નેશન્સે હાલમાં એક દસ્તાવેજમાં જાહેર કર્યું છે કે વર્ષ ૨૦૫૦ સુધીમાં દુનિયાની વસતિ નવ અબજ ત્રીસ લાખ અને વર્ષ ૨૧૦૦ની સાલમાં વસતિ પંદર અબજ થવાની ધારણા છે.

★ ગુજરાતમાં ૨૦૦૫માં ૬૭ વૃદ્ધાશ્રમો હતા. હવે ૨૦૧૧માં તેની સંખ્યા ૨૨૫ થઈ છે. અમદાવાદ શહેરમાં ૨૦૦૫માં ૧૧ વૃદ્ધાશ્રમો હતા. તેની સંખ્યા હવે ૨૬ થઈ છે. મોટાભાગના સારા ગૃહો પૂરી સંખ્યામાં ભરાઈ ગયા છે અને અનેક વૃદ્ધો વેઈટિંગ લિસ્ટમાં છે.

★ આજે 'ફેસબુક' તરીકે ઓળખાતી સોશિયલ નેટવર્કિંગ સાઈટ જેના શોધક તરીકે માર્ક ઝુકરબર્ક નથી પણ દિવ્ય નરેન્દ્ર નામના એન.આર.આઈ. ભારતીયના આખા જ મૂળ પ્રોજેક્ટની ચોરી કરીને પોતાના નામે ચડાવેલ છે જે બદલ અમેરિકાની કોર્ટે દિવ્ય નરેન્દ્રને ૬૫૦ લાખ ડોલર આપવા ઝુકરબર્ગને હુકમ કરેલ છે.

★ વર્ષ ૨૦૧૧માં પોલીસ કસ્ટડીમાં થયેલ ટોર્ચરને કારણે મહારાષ્ટ્રમાં ૨૫૦, ગુજરાતમાં ૧૩૪, આંધ્રમાં ૧૦૯ અને બંગાળમાં ૯૮ જેટલાં મોત થયાં છે. છેલ્લા દશકામાં હિન્દુસ્તાન ભરમાં પોલીસ કસ્ટડીમાં સમગ્ર દેશમાં ૧૨૭૨૭ મૃત્યુ થયા છે.

★ વર્ષ ૨૦૧૦માં થયેલા એક સર્વે થકી જણાયું છે કે આપણા દેશમાં લગભગ બત્રીસ લાખ જેટલી (એનજીઓ) - સ્વૈચ્છિક સંસ્થાઓ છે.

★ આપણા દેશના લશ્કરી જવાનોને હલકી કક્ષાની ભોજન સામગ્રી આપવામાં આવે છે. ૨૬ મહિના પહેલાં જેની એક્સપાયરી ડેટ પૂરી થઈ ગઈ હોય એવો ખોરાક તેમને આપવામાં આવે છે એવું સંસદની જાહેર હિસાબ સમિતિએ જણાવ્યું છે.

★ બી.બી.સી. તરફથી થયેલા એક સર્વેમાં જણાવવામાં આવેલ છે કે ૯૭ ટકા હિન્દુસ્તાનના લોકો ભગવાનમાં માનનારા છે અને આ ટકાવારી દુનિયામાં સૌથી ઊંચી છે.

★ ૬ થી ૧૪ વર્ષના બાળકનું પ્રાથમિક શિક્ષણનું સ્તર જાણવા 'એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ" દ્વારા કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું કે હિન્દમાં જોકે ૯૬ ટકા બાળકો શાળામાં નોંધાય છે પરંતુ પાંચમા ધોરણના અર્ધા વિદ્યાર્થીઓ બીજા ધોરણના પાઠ વાંચી શકતા નથી. ઉપરાંત ૩૦ ટકા બાળકો બાદબાકી કરી શકતા નથી. અને ૬૦ ટકાથી વધારે બાળકો ભાગાકાર કરી શકતા નથી.

★ હિન્દુસ્તાનમાં દરરોજના ૬ લાખ કિલો લાકડાં મૃતદેહના અગ્નિદાહ પાછળ વપરાય છે. એનાથી પર્યાવરણને પારાવાર હાનિ પહોંચે છે.

***સંકલન : શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

*બાળકોના સર્વાંગી વિકાસ માટેનાં બે કેન્દ્રો છે : એક વિદ્યાલય અને બીજું ઘર. વિદ્યાલયમાં આચાર્ય એનું ધ્યાન રાખે છે અને ઘરમાં માતાપિતા. વિદ્યાલય અને ઘરની પ્રવૃત્તિઓ, વાતાવરણ, વ્યવહાર બધું જુદું હોય છે. કેટલીક બાબતો વિદ્યાલયમાં જ થઈ શકે છે અને ઘેર થઈ શકતી નથી. કેટલીક બાબતો ઘેર જ થઈ શકે છે અને વિદ્યાલયમાં થઈ શકતી નથી. દાખલા તરીકે નવા નવા વિષયો શીખવા, નવા નવા કાર્યક્રમોનું આયોજન કરવું, સામૂહિક શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરવી એ વિદ્યાલયમાં જ થઈ શકે, જ્યારે જમવું, સૂવું, રમવું, તહેવાર ઉજવવા વગેરે ઘરમાં જ થઈ શકે છે. તેથી સૌપ્રથમ આવશ્યકતા તો એ છે કે, માતાપિતાએ ઘરમાં થતાં કામો એકબીજાથી જુદાં કરીને સમજવાં અને* ***ઘરમાં થતાં કામોની જવાબદારી પોતે લેવી અને વિદ્યાલયમાં થતાં કામો આચાર્ય પર છોડી દેવાં.***

***("શિક્ષણ જ્ઞાનની પરબ"માંથી સાભાર)***

*ઈર્ષ્યા ન કરો. તેનાથી શક્તિ અને સમયનો અપવ્યય થાય છે.*

# જાણવા જેવું

***સંકલન : સૂરજલાલ મહેતા***

## વિશ્વના વિશાળકાય વૃક્ષ

**૧. હાયપેરિયન કોસ્ટ રેડવૂડ :**

હાયપેરિયન નામ ઉત્તર કેલિફોર્નિયામાં આવેલ કોસ્ટ રેડવૂડ વૃક્ષને આપવામાં આવ્યું છે. તે ૧૧૫.૬૧ (૩૭૯.૩ ફૂટ) ઊંચાઈ ધરાવતું વિશ્વનું પ્રથમ નંબરનું ઊંચામાં ઊંચું વૃક્ષ છે. ઓગસ્ટ-૨૦૦૬માં કિસ એટકિન્સ અને માઈકલ ટેલર નામના બે વનસ્પતિ શાસ્ત્રીઓએ આ વૃક્ષની શોધ કરી હતી. ૧૯૭૮માં આ વૃક્ષ રેડવૂડ નેશનલ અને સ્ટેટ પાર્કમાં જોવા મળ્યું હતું. આ વૃક્ષને જોવા માટે પર્યટકોનો ધસારો ન થાય તે કારણે તે ચોક્કસ સ્થળ તરીકે જાહેર કરાયું નથી. આ વૃક્ષ ૫૦૨ ઘનમીટર (૧૭,૭૦૦ ફૂટ) જેટલું લાકડું પોતાનામાં સમાવી શકે છે તેવો અંદાજ છે. હાયપેરિયન કોસ્ટ રેડવૂડ આશરે ૭૦૦થી ૮૦૦ વર્ષ જૂનું વૃક્ષ છે. તેની ઉંમર ૨૨૦૦ વર્ષ જેટલી હોય છે.

**૨. સ્ટ્રેટસ્ફિઅર જાયન્ટ :**

સ્ટ્રેટ સ્ફિઅર જાયન્ટ ઊંચાઈમાં વિશ્વમાં બીજા નંબરનું સ્થાન ધરાવે છે. આ વૃક્ષ એક સમયે વિશ્વમાં પહેલા સ્થાને હતું. આ વૃક્ષ જુલાઈ-૨૦૦૦માં હમ્બોલ્ટ રેડવૂડ નેશનલ પાર્કમાં તે જોવા મળ્યું હતું. તેની ઊંચાઈ ૧૧૨.૩૪ મીટર (૩૬૮.૬ મીટર) છે. આ વૃક્ષ સતત વધતું રહે છે. ૨૦૧૦માં તેની ઊંચાઈ ૧૧૩.૧૧ મીટર (૩૭૧.૧ ફૂટ) માપવામાં આવી છે.

**3. સેન્ચ્યુરિઅન માઉન્ટેઈન એશ :**

માઉન્ટેઈન એશને વિક્ટોરિયન એશ પણ કહે છે. દુનિયાના ઊંચા વૃક્ષોમાં તે ત્રીજા સ્થાને છે. તેને સેન્ચ્યુરિયન નામ અપાયું છે. હાલમાં તેની ઊંચાઈ ૯૯.૬ મીટર (૩૨૬.૮ ફૂટ) છે. દક્ષિણ, પૂર્વ ઑસ્ટ્રેલિયાના તાસ્માનિયા ટાપુ પર તેની સંખ્યા વધી રહી છે. આ વૃક્ષ ૪૦૦ વર્ષ સુધી જીવી શકે છે.

**૪. ડોરનેર ફીર**

આ વૃક્ષ ડગ્લાસ ફીર તરીકે પણ ઓળખાય છે. તે સેન્ચ્યુરિઅન માઉન્ટેઈન એશ કરતાં ૨૦ સે.મી. જ નાનું છે. તેની ઊંચાઈ ૯૯.૪ મીટર (૩૨૬.૧ ફૂટ) પશ્ચિમ કેન્દ્રીય બ્રિટિશ કોલમ્બિયા અને મધ્ય કોલમ્બિયાના દરિયાકાંઠે આ વૃક્ષ જોવા મળે છે. તે વધુમાં વધુ ૧૦૦થી ૧૨૦ મીટરની ઊંચાઈ સુધી ૫૦૦થી ૧૦૦૦ વર્ષની ઉંમર દરમ્યાન પહોંચે છે.

**૫. જાયન્ટ સિક્વોઈયા**

વૃક્ષોમાં સૌપ્રથમ ઉમેદવાર તરીકે જાયન્ટ સિક્વોઈયા ગણાય છે. કેલિફોર્નિયાના યોસેમાઈટ નેશનલ પાર્કમાં જોવા મળતું આ વૃક્ષ ૯૪.૮ મીટર (૩૧૧ ફૂટ) ઊંચાઈ ધરાવે છે. જાયન્ટ સિક્વોઈયા ૩૫૦૦ વર્ષ જૂનું વૃક્ષ છે. તે કેલિફોર્નિયામાં આવેલા કિંગ્સ કેનિઓન નેશનલ પાર્કમાં પણ મોટી સંખ્યામાં જોવા મળે છે.

૬. અત્યારે હયાત વૃક્ષોમાં સૌથી ઊંચું અમેરિકામાં કેલિફોર્નિયામાં હમ્બોલ્ટ સ્ટેટ નેશનલ પાર્કમાં આવેલું હાવર્ડલિલી નામનું રેડવૂડ વૃક્ષ છે. તેની ઊંચાઈ ૩૪૭ ફૂટ છે.

***અને છેલ્લે ગુજરાતની વાત.***

ગુજરાત રાજ્યના દક્ષિણ પૂર્વ ભાગમાં આવેલા જંગલોમાં તેમજ ગીરના જંગલમાં સાગના વૃક્ષ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ વૃક્ષ આખું વર્ષ લીલુંછમ રહે છે. લગભગ ૮૦થી ૧૦૦ ફૂટ જેટલી ઊંચાઈ ધરાવતા સાગના વૃક્ષનું ઈમારતી લાકડું વજનમાં હલકું, મજબૂત અને લાંબા સમય સુધી ચાલે તેવું ટકાઉ હોય છે. ■

## શબ્દ રમત-૬૬નો ઉકેલ


| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મી | ન | મે | ખ | | વ | હે | વા | ર | | પ્ર | | સ | વા |
| બ | રા | ક | | રા | | ઘા | ત | | ફે | ર | ફુ | દ | ર | ડી |
| દ | | શો | ર | બ | કો | ર | | ના | દ | | લ્લ | | સ | |
| | પ્રા | | ક્ષ | | પ | | અ | ડ | ફે | ટ | | એ | | ઉ |
| ર | ણ | | ક | મ | ર | તો | ડ | | | પા | લ | ક | પિ | તા |
| | પ્રિ | ન્સ | | | બ | ર | | | ક | લ | બ | લ | | વ |
| જ | ય | | સ | સ | રા | | અ | ક્ષ | ર | | | વ્ય | | ળ |
| | | વિ | | ર | સ | ક | સ | | ચ | ણો | ઠી | | ગ | |
| નૌ | | શા | ર | દા | | મ | હા | કા | લી | | ક | સ | ર | ત |
| કા | ગ | ળ | | ર | ત | | ય | | | | ઠા | | મા | દા |
| | ણ | | ગં | જી | ફો | | | અ | ચા | ન | ક | | ગ | |
| અ | પ | રા | ધ | | | મે | ન | કા | | પા | | મો | ર | સ |
| | તિ | | ક | | દા | વા | ન | ળ | | સ | ર | જ | મી | ન |
| વ | દા | ડ | | આ | વા | સ | | વૃ | થા | | ગ | મ | | સ્ટ્રો |
| સુ | દા | ન | | લ | ગ્નિ | | પુ | ષ્ટિ | પ | ત્ર | | જા | વ | ક |

**જાન્યુઆરી-૨૦૧૨ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૬૬ ના ઉકેલ મોકલાવનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | ચંદ્રા મહેન્દ્ર શાહ | ભદ્રા, અમદાવાદ | બધા સાચા |
| ૨. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | વલસાડ | બધા સાચા |
| ૩. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | ૨ ભૂલ |

## શબ્દ રમત-૬૭

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૨-૨૦૧૨*

### આડી ચાવીઓ

૧. પંજાબની એક નદી (૪)
૪. સજ્જડ, મક્કમ (૬)
૮. પ્રત્યક્ષ જ્ઞાન, અનુભવ (૩)
૧૦. જંગલ (૨)
૧૧. ફાલતુ, વધેલું (૩)
૧૩. લાડ લડાવવાં (૩)
૧૫. દુર્ભાગ્ય, ભાગ્યહીન (૫)
૧૭. કદીક, ક્યારેક (૪)
૧૮. પક્ષપાત, ઉપરાણું (૫)
૨૧. પિતા (૨)
૨૩. સાચવણી, સંભાળ (૩)
૨૪. લગ્ન, વેવિશાળ (૩)
૨૬. બી કાઢી લીધેલો કપાસ (૧)
૨૭. જખમ, ચોટ (૧)
૨૮. વ્યક્તિગત, પોતાનું (૨)
૩૦. વસંતઋતુનો પાક (૨)
૩૧. આખરણ, મેળવણ (૪)
૩૩. ચામડીનો એક રોગ, દાદર (૩)
૩૪. પવિત્ર, સાધુ (૨)
૩૬. સેવાચાકરી, સંભાળ (૫)
૩૮. પાણી પીવાની ઈચ્છા (૩)
૪૦. પ્રશ્ન, અરજ (૩)
૪૧. કિનાર, છેડો (૨)
૪૨. છાંયો, આશરો (૨)
૪૪. પડતર કિંમતે (૪)
૪૫. સંપૂર્ણ દોષરહિત (૪)
૪૬. એક કેફી પદાર્થ (૩)
૪૭. ડમરો, સુગંધી વનસ્પતિ (૩)
૪૮. હા-ના કરવી તે (૪)
૫૦. રોફ, ભપકો (૩)
૫૩. એક બંગાળી મીઠાઈ (૫)
૫૭. ભિન્ન મત (૪)
૫૯. મોળું, નરમ (૩)
૬૧. અવ્યવસ્થા, ગરબડ ગોટો (૪)
૬૨. ખાટકીને રહેવાનો લત્તો (૫)
૬૫. પ્રસંગ, તાકડો (૨)
૬૬. તંગ, ભિડાતું, કસેલું (૪)
૬૯. જપમાળા (૨)
૭૦. ઉદ્દેશ, ધ્યાન (૨)
૭૨. આનંદ ઉત્સવનો મેળાવડો (૩)
૭૩. પૂર્વ તરફનો એક દેશ (૩)
૭૪. કુમારિકાઓનું ગૌરી પૂજનનું વ્રત (૩)

### ઊભી ચાવીઓ

૧. વ્યવસ્થા, સવડ (૪)
૨. દેહ, દીકરો (૨)
૩. પીડા, જબરદસ્તી (૨)
૪. તેજ, ઉગ્ર (૩)
૫. મોટાઈ, પ્રૌઢતા, ભારેપણું (૪)
૬. રાતું, પુત્ર (૨)
૭. પતંગ (૪)
૮. અયોગ્ય, અઘટિત (૪)
૯. માહિતી, ભાન (૨)
૧૨. હિંમતવાળી, જોરાવર (૩)
૧૪. કાર્યાલય, વિદ્યાર્થીની થેલી (૪)
૧૬. જનકપુત્રીને હરી જવી (૫)
૧૯. જરાક, થોડું (૨)
૨૦. દાન કરવામાં શૂરો માણસ (૪)
૨૨. દોસ્ત, વહાલું (૩)
૨૪. ફતેહસૂચક ધ્વજ (૬)
૨૫. સારું, મજેનું (૨)
૨૮. હતાશ, આશાભંગ (૩)
૨૯. માઘ સુદિ પાંચમ (૬)
૩૨. અંત, છેડો (૨)
૩૩. સમુદ્ર (૩)
૩૫. તૃપ્ત, ધરાયેલું (૨)
૩૬. વિષ્ણુનો છઠ્ઠો અવતાર (૫)
૩૭. ચરબી, મેદ (૨)
૩૯. સભાનો સભ્ય, મેમ્બર (૪)
૪૦. પરિષદ, મંડળી (૨)
૪૧. ખભા નીચેનો હાથનો સાંધો (૨)
૪૩. ટોળું, ભીડ (૩)
૪૫. દિલગીરી, ચિંતા (૩)
૪૮. દાદી, મા, દેવી (૨)
૪૯. આજીજી, કરગરવું (૪)
૫૧. માલમત્તા, વિસાત (૪)
૫૨. અભિપ્રાય, હઠ (૨)
૫૪. રાચરચીલું (૫)
૫૫. એક મીઠાઈ, મોદક (૩)
૫૬. રીતભાત, હરફર (૪)
૫૮. બીક, દહેશત (૩)
૬૦. અંદાજથી, આશરે (૪)
૬૩. પૃથ્વી (૨)
૬૪. બટમોગરો, અમેરિકન ચલણ (૩)
૬૭. નેતરની લાકડી (૨)
૬૮. નસિયત, શિક્ષા (૨)
૭૧. માફી, ખામોશી (૨)

*સારાં પુસ્તકોનું અધ્યયન કરો. જેથી તમારી વિચારશક્તિ નિર્માણ પામશે.*

### જાન્યુઆરી-૨૦૧૨ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૨૩નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. જિતેન્દ્ર ચંદુલાલ શાહ - અમદાવાદ
૩. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૪. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૫. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૬. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૭. પ્રભા મહેન્દ્ર શાહ - વલસાડ
૮. હર્ષા પ્રવીણ મારૂ
૯. અરવિંદ રતનશી દેઢિયા - ભુજપુર

★ બાળકોની શાળાની પરીક્ષા અને તેના ગુણની જરા પણ ચિંતા ન કરવી. આ ઉંમરમાં પરીક્ષાનો કશો અર્થ જ હોતો નથી. બાળકોનો શારીરિક, માનસિક, બૌદ્ધિક વિકાસ એ નિરીક્ષણનો, અવલોકનનો અને અનુભવનો વિષય છે. એને અનૌપચારિક પરીક્ષા અથવા ગુણમાં માપી શકાય નહીં. તેથી જ ગુણનો આગ્રહ ન રાખવો. ગુણ ન હોય એટલે પહેલો, બીજો ક્રમાંક પણ ન આવે, તેથી તેનો પણ આગ્રહ છોડી દેવો. ખરેખર તો અત્યારે કોઈ જાતની સ્પર્ધા પણ ન હોય. બાળકો નિયમ જ બહુ સમજતાં ન હોય તો સ્પર્ધા તો સમજે જ કેવી રીતે? તેથી સ્પર્ધામાં જીતવું અને ઈનામો મેળવવાં એ પણ નિરર્થક છે. **અમુક બાબતે બાળકો પાછળ પડી જશે એવી બીક પણ ન રાખવી.** માતાપિતા બીજું કંઈ જ ન કરે અને પોતાની બીક, ચિંતા, આગ્રહ છોડી દે તો પણ બાળકનું ભણવાનું સહજ સરળ બની જાય.

*("શિક્ષણ જ્ઞાનની પરબ"માંથી સાભાર)*

# સુડોકુ

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૨૪ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૨-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારના નામ માર્ચ-૨૦૧૨ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

***શરતો :*** *૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.*
*૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

## ક્રમાંક - ૧૦૨૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૭ | ૯ | | ૫ | | | |
| ૮ | | ૧ | | | | | | |
| | | ૬ | | ૪ | | | ૩ | |
| ૭ | | | | | ૬ | | ૮ | |
| | | ૩ | | | | ૯ | | |
| | ૪ | | ૩ | | | | | ૫ |
| | ૫ | | | ૨ | | ૩ | | |
| | | | | | | ૧ | | ૮ |
| | | | ૪ | | ૯ | ૬ | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૩ | ૮ | | | | | ૨ |
| ૫ | | | | | | ૭ | ૮ | |
| | | ૪ | | | | | | ૯ |
| | | | ૬ | ૧ | | | | |
| | | ૨ | ૪ | | ૩ | ૮ | | |
| | | | | ૨ | ૯ | | | |
| ૧ | | | | | | ૨ | | |
| | ૮ | ૬ | | | | | | ૭ |
| ૩ | | | | | ૭ | ૪ | | ૮ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | | | | | ૩ | |
| | | | ૯ | | ૨ | ૬ | | ૪ |
| | ૪ | | | ૩ | | | | |
| | ૬ | | | ૧ | | ૯ | | |
| ૫ | | | ૪ | | ૮ | | | ૬ |
| | | ૯ | | ૨ | | | ૫ | |
| | | | | ૮ | | | ૯ | |
| ૭ | | ૩ | ૨ | | ૪ | | | |
| | ૫ | | | | | ૪ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૭ | | | | | | ૨ |
| ૫ | | ૨ | ૯ | | | ૮ | | |
| | | | | | ૩ | | | |
| | | | | ૪ | ૨ | ૯ | | |
| | | | | | | | | |
| | | ૮ | ૭ | ૯ | | | ૬ | |
| | | | ૬ | | | | | |
| | | ૩ | | | ૪ | ૧ | | ૮ |
| ૧ | | | | | | ૨ | ૭ | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૨૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૬ | ૨ | ૪ | ૮ | ૫ | ૩ | ૧ |
| ૮ | ૧ | ૫ | ૩ | ૭ | ૬ | ૨ | ૯ | ૪ |
| ૪ | ૨ | ૩ | ૫ | ૧ | ૯ | ૭ | ૮ | ૬ |
| ૬ | ૭ | ૮ | ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૨ |
| ૫ | ૩ | ૯ | ૧ | ૨ | ૭ | ૬ | ૪ | ૮ |
| ૧ | ૪ | ૨ | ૬ | ૮ | ૩ | ૯ | ૫ | ૭ |
| ૨ | ૬ | ૧ | ૯ | ૫ | ૪ | ૮ | ૭ | ૩ |
| ૩ | ૫ | ૭ | ૮ | ૬ | ૧ | ૪ | ૨ | ૯ |
| ૯ | ૮ | ૪ | ૭ | ૩ | ૨ | ૧ | ૬ | ૫ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૨ | ૯ | ૪ | ૧ | ૬ | ૭ | ૮ |
| ૮ | ૬ | ૧ | ૩ | ૫ | ૭ | ૪ | ૨ | ૯ |
| ૭ | ૯ | ૪ | ૮ | ૬ | ૨ | ૧ | ૩ | ૫ |
| ૯ | ૧ | ૮ | ૨ | ૩ | ૫ | ૭ | ૪ | ૬ |
| ૪ | ૩ | ૬ | ૭ | ૧ | ૮ | ૯ | ૫ | ૨ |
| ૫ | ૨ | ૭ | ૬ | ૯ | ૪ | ૩ | ૮ | ૧ |
| ૬ | ૭ | ૫ | ૧ | ૨ | ૩ | ૮ | ૯ | ૪ |
| ૨ | ૮ | ૯ | ૪ | ૭ | ૬ | ૫ | ૧ | ૩ |
| ૧ | ૪ | ૩ | ૫ | ૮ | ૯ | ૨ | ૬ | ૭ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૬ | ૫ | ૩ | ૧ | ૪ | ૯ | ૮ |
| ૧ | ૪ | ૯ | ૮ | ૨ | ૭ | ૩ | ૫ | ૬ |
| ૩ | ૫ | ૮ | ૬ | ૪ | ૯ | ૧ | ૭ | ૨ |
| ૭ | ૯ | ૨ | ૩ | ૫ | ૮ | ૬ | ૪ | ૧ |
| ૪ | ૩ | ૧ | ૨ | ૯ | ૬ | ૭ | ૮ | ૫ |
| ૮ | ૬ | ૫ | ૭ | ૧ | ૪ | ૨ | ૩ | ૯ |
| ૬ | ૨ | ૩ | ૪ | ૮ | ૫ | ૯ | ૧ | ૭ |
| ૯ | ૮ | ૪ | ૧ | ૭ | ૨ | ૫ | ૬ | ૩ |
| ૫ | ૧ | ૭ | ૯ | ૬ | ૩ | ૮ | ૨ | ૪ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૫ | ૩ | ૭ | ૧ | ૮ | ૨ | ૪ |
| ૧ | ૨ | ૩ | ૮ | ૯ | ૪ | ૬ | ૭ | ૫ |
| ૭ | ૪ | ૮ | ૫ | ૬ | ૨ | ૧ | ૩ | ૯ |
| ૮ | ૫ | ૧ | ૯ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ |
| ૪ | ૭ | ૯ | ૧ | ૫ | ૬ | ૩ | ૮ | ૨ |
| ૨ | ૩ | ૬ | ૪ | ૮ | ૭ | ૫ | ૯ | ૧ |
| ૫ | ૯ | ૪ | ૭ | ૩ | ૮ | ૨ | ૧ | ૬ |
| ૩ | ૧ | ૨ | ૬ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ |
| ૬ | ૮ | ૭ | ૨ | ૧ | ૫ | ૯ | ૪ | ૩ |

*આ વિશ્વમાં સમસ્યા સહિત કશું જ કાયમી નથી. આથી હંમેશાં ખુશ અને આશાવાદી રહેવું.*



સંકલન : રજનીકાંત ધરમશી પારેખ
દિનેશ આર. મહેતા

★ **ડો. કાંતિ ગોરનું પુસ્તક :** તાજેતરમાં ભુજ ખાતે જાણીતા કચ્છી સર્જક, કટાર લેખક અને કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડૉ. કાંતિ ગોર 'કારણ'ના પ્રકાશિત કચ્છી કવિઓની કંડિકાઓનો રસાસ્વાદ કરાવતા પુસ્તક 'ટીપે મેં મેરામણ'નું વિમોચન કરવામાં આવ્યું હતું.

★ **કુંદનભાઈનું તૈલચિત્ર :** ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ સ્વ. કુંદનભાઈ ધોળકિયાના તૈલચિત્રને વિધાનસભામાં સ્થાન અપાવવા ગાંધીધામ સિટીઝન્સ વેલફેર એસોસિએશને તાજેતરમાં વિધાનસભાના અધ્યક્ષ સમક્ષ માંગણી કરી છે.

★ **જમીનનો વિવાદ :** પ્રાપ્ત વિગતો અનુસાર ભુજ - ખાવડા રોડ પર વાયુદળ મથકની સામે આવેલી પશુપાલન ખાતાની કરોડો રૂપિયાની કિંમતની જમીન પર રાજકીય વગ સાથે દબાણ થતું હોવાની ઘેટાં અને ઊન ઉછેર વિકાસ નિગમના નાયબ નિયામકની અરજીને પગલે તાલુકા પોલીસે તાજેતરમાં તપાસ હાથ ધરતાં આ વિવાદી પ્રકરણ બહાર આવ્યું છે.

★ **કચ્છના રોડનાં કામો :** ગુજરાત રાજયના માર્ગ અને મકાન વિભાગ દ્વારા કચ્છ જિલ્લાના જુદા જુદા તાલુકાના ૭૨ રોડ કામો માટે રૂા. ૫૧.૮૧ કરોડની રકમની ફાળવણી સાથે તાજેતરમાં સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

★ **જીવાશ્મિઓ :** કચ્છ યુનિવર્સિટીમાં ભૂસ્તરશાસ્ત્રનાં વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકો દ્વારા ફીલ્ડ વર્ક કરીને અલભ્ય જીવાશ્મિઓ એકત્રિત કરીને યુનિ.ના ભવનમાં તાજેતરમાં નાનું સંગ્રહાલય ઊભું કર્યું છે. સંશોધનની વિપુલ તક આપતા અશ્મિઓ અને કચ્છમાંથી મળેલા ડાયનાસોર વગેરે યુગો પહેલાની હાજરીની સાક્ષીરૂપ પુરાવાઓ ત્યાં રાખવામાં આવ્યા છે.

★ **લાલ ચંદન :** મુંદ્રા અદાણી બંદરે તા. ૨૭-૧૨-૨૦૧૧ના આઠેક કરોડ રૂપિયાની કિંમતનું પંદરેક ટન રક્ત ચંદન ઝડપાતાં પ્રતિબંધિત કિંમતી કાષ્ઠનો મુદ્દો ફરી ગરમાગરમ બન્યો છે.

★ **ટિસ્યૂ કલ્ચર :** વિશ્વમાં વસતિ સતત વધતી રહી છે. તેથી ખાદ્ય કટોકટી વકરી રહી છે. તે સંજોગોમાં કૃષિ પેદાશમાં ટિસ્યૂ કલ્ચર પદ્ધતિનું મહત્ત્વ અનેકગણું વધી ગયું છે. કચ્છમાં ફ્લોરીકલ્ચર તેમજ હોર્ટિકલ્ચર ક્ષેત્રે વિશાળ તકો છે અને તેનું જ્ઞાન સૌએ ગળે ઉતારવું જોઈએ અને આ પદ્ધતિને વિકસાવવી જોઈએ એવો સૂર તાજેતરમાં ભુજમાં કચ્છ યુનિવર્સિટી ખાતે યોજાયેલા એક સેમિનારમાં નિષ્ણાતોએ વ્યક્ત કર્યો હતો.

★ **ભુજમાં કતલખાનું :** ભુજ શહેરમાં ભીડ નાકા બહાર મમણ ફળિયામાં ચાલતું મોટું અને અત્યંત વ્યવસ્થિત ઢબનું ગાય અને ગૌવંશના પશુઓનું ગેરકાયદે કતલખાનું તાજેતરમાં કચ્છ પોલીસે દિલધડક ઑપરેશન હાથ ધરીને પકડી પાડ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર આ સ્થળે પશુઓની કતલ બાદ તેમનું માંસ કોથળાઓમાં ભરીને વિવિધ જગ્યાએ વેચાણ માટે મોકલાતું હતું. પોલીસ દ્વારા લગભગ રૂપિયા ચાર લાખથી વધુની માલમતા કતલખાનામાંથી કબજે કરાઈ હતી અને છ ઈસમની ધરપકડ કરવામાં આવી હતી.

★ **લોકજાગૃતિ :** ડૉ. મહિપતરાય મહેતા અખિલ કચ્છ કન્યા કેળવણી પ્રોત્સાહન ટ્રસ્ટ દ્વારા દર વર્ષે યોજાતી કચ્છ જિલ્લાની વિવિધ કૉલેજો માટે ડિબેટ સ્પર્ધામાં ભ્રષ્ટાચારને નાથવા લોકપાલની સાથે સાથે સ્વયંશિસ્ત અને લોક જાગરુકતાને પણ જરૂરી ગણાવાઈ હતી.

★ **કચ્છી કલાકારની આંખે અશ્રુ :** ભારત સિવાય જર્મન, લંડન જેવા દેશોમાં પાવા વાદનની મોજ કરાવનાર લખપત તાલુકાના સાંગણગુના ગામના જાણીતા પાવાવાદક મુસા ગુલામ જતનાં રહેઠાણમાં તાજેતરમાં આગ લાગતાં પાસપોર્ટ, ઍવૉર્ડ, દરદાગીના સહિત તમામ ઘરવખરી બળીને ખાખ થઈ જતાં આ પ્રસિદ્ધ કલાકારે રીતસરની 'પોક' મૂકી હતી અને 'મૂંજો કીં ન રયો!' તેમ વાંરવાર કહ્યું હતું.

★ **માનવ જ્યોતનું પ્રશંસનીય કાર્ય :** માનસિક અસ્થિરતાવાળી નીમુ નામની ૨૧ વર્ષીય યુવતી ભુજ હોસ્પિટલ રોડ ઉપરથી મળતાં ભુજની સેવાભાવી સંસ્થા માનવ જ્યોતના કાર્યકરોએ માનસિક આરોગ્યની હોસ્પિટલમાં સારવાર કરાવીને મોટા આસંબિયા ગામે તેના ઘરે પહોંચાડી હતી. એક અન્ય કિસ્સામાં ભુજના આર.ટી.ઓ. રિલોકેશન વિસ્તારમાં ૨૨ વર્ષીય સોનલને કોમર્સ કૉલેજ રોડ નજીક કોઈકે દારૂ પીવડાવીને તેનો મોબાઈલ ઝુંટવી લીધો હતો. ત્યારબાદ યુવાન મહિલા રોડ વચ્ચે પડી હોવાની જાણ થતાં માનવ જ્યોતની સેવાભાવી ટીમ સ્થળ પર ગઈ હતી અને મહિલાના ઘરની શોધખોળ બાદ તેનાં પરિવારજનોને સુપરત કરી હતી.

★ **સોન ચકલી :** કચ્છમાં જોવા મળતી અને વિલુપ્ત થવાના આરે પહોંચેલી સોનચકલીના સંરક્ષણ માટે રાજ્ય સરકારે

*કપટથી મેળવેલો ફાયદો કદી સુખી કરતો નથી.*

તાજેતરમાં કચ્છના નલિયાથી બે કિલોમીટરના ક્ષેત્રમાં બનેલા ઘોરાડ પક્ષી અભયારણ્યની નજીક એક હજાર પાંચસો હેક્ટર જમીન સોન ચકલીના અભયારણ્ય માટે ફાળવી છે.

★ **લેન્ડ લાઈન ફોન :** ભુજ આવેલા ભારત સંચાર નિગમ રાજયના મુખ્ય જનરલ મેનેજરે ગ્રાહકોને સારી સેવા આપવાનો કોલ આપી ભુજ સહિત કચ્છમાં વરસોથી રાહ જોઈ બેઠેલા લેન્ડ લાઈનના ગ્રાહકોને અઢી હજાર જોડામો આગામી માર્ચ સુધી આપવાની જાહેરાત તાજેતરમાં કરી હતી.

★ **મહાસતી કસ્તુરબાઈ સ્વામી :** આઠકોટિ નાની પક્ષના મહાસતીજી કસ્તુરબાઈ સ્વામી (૨) ૪૮ વર્ષ સુધી પંચમહાવ્રતધારી દીક્ષા પાળી ૭ વર્ષની વયે તા. ૧૮મી ડિસેમ્બરે બિદડા કચ્છ મધ્યે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. મહાસંઘના પ્રમુખ દામજીભાઈ એન્કરવાલા, બિદડા સર્વોદય ટ્રસ્ટના ટ્રસ્ટી બચુભાઈ રાંભિયા સહિત મોટી સંખ્યામાં ભાવિકોએ મહાસતીને વંદન કર્યા હતા.

★ **પોલીસ લોક દરબાર :** પૂર્વ કચ્છ પોલીસ જિલ્લાને ખૂટતી કડીઓ પૂરી, જરૂરી સાધનો તથા સ્ટાફની આપૂર્તિ કરીને સુદ્રઢ પોલીસિંગ બનાવાશે તેવો કોલ તાજેતરમાં ગાંધીધામ ખાતે યોજાયેલા લોક દરબારમાં કચ્છ - બનાસકાંઠા બોર્ડર રેન્જના પોલીસ મહાનિર્દેશકે આપ્યો હતો.

★ **ક્ષાર - ભૂમિનું ધોવાણ :** પર્યાવરણીય બદલાવની અસર દેશ આખામાં વરતાઈ રહી છે પરંતુ કચ્છ જેવા સૂકા વિસ્તારની ભૂમિ તેનાથી સૌથી વધુ અસરગ્રસ્ત બનવાની છે અને જમીનના ધોવાણથી તેની ફળદ્રુપતા પર ગંભીર અસર શરૂ થઈ ચૂકી હોવાથી અત્યારથી જ જૈવિક નેનો ટેકનોલોજીના ઉપયોગથી સંયોજિત પગલાં લેવા 'કાઝરી' દ્વારા ભુજ ખાતે યોજિત એક રાષ્ટ્રીય પરિસંવાદમાં પાક અને સૂકી ભૂમિના વિશેષજ્ઞોએ હાકલ કરી હતી.

★ **વિમાની સેવા :** નવી દિલ્હી ખાતે તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયમાં ઉચ્ચ અધિકારીઓ, હાઉસ કમિટીના ચેરમેન અને સાંસદોની મહત્ત્વની બેઠક મળી હતી. જેમાં કચ્છના સાંસદે મુંબઈથી ભુજ અને ભુજથી મુંબઈ વચ્ચેની ખાનગી વિમાની સેવાનું ભાડું અસહ્ય રીતે લેવાય છે, ગમે ત્યારે સેવા રદ કરી નાંખવામાં આવે છે તેમજ ભુજથી દિલ્હી વચ્ચે વિમાની સેવા શરૂ કરવાની માંગણી કરી હતી. આ રજૂઆતના અનુસંધાને મંત્રાલયના ઉચ્ચ અધિકારીશ્રીએ જણાવ્યું હતુંકે ઊંચા ભાડાં લેતી ખાનગી કંપનીઓ સામે ચોક્કસ કાર્યવાહી કરવામાં આવશે અને નવા એરક્રાફ્ટ આવ્યેથી ભુજ દિલ્હી વાયા મુંબઈ વચ્ચેની સેવા શરૂ કરાશે.

★ **પ્રોપર્ટી લે-વેચમાં છેતરપિંડી :** મૂળ માલિકની જાણ બહાર તેની મિલકત અન્યોને વેચી નાખવા સહિતની અનેક છેતરપિંડીઓ કરનારા ભુજના એક ઇસમને તાજેતરમાં તાલુકા પોલીસે અદાલતના હુકમથી પકડી પાડ્યો હતો. આરોપી સામે બોગસ દસ્તાવેજના આધારે મકાનો વેચવા સહિતની અનેક ફરિયાદો હોવાનું સપાટી ઉપર આવ્યું છે.

★ **કચ્છમાં વરસાદી ચક્ર ખોરવાવાનો ભય :** ભવિષ્યમાં ગ્લોબલ વોર્મિંગના પ્રતાપે થનારા પર્યાવરણીય બદલાવમાં ખાસ તો કચ્છમાં લઘુત્તમ તાપમાન ઊંચું આવે અને તેને કારણે વરસાદનું પ્રમાણ વધવા છતાં ફાયદો ન લઈ શકાય એવી સ્થિતિ ઊભી થઈ શકે છે. એટલે આ દિશામાં સંયોજિત કદમ ઉઠાવવા સાથે વરસાદી વાદળોના સર્જનમાં રૂકાવટ પેદા કરતા તેજ પવનોને નાથવા જિલ્લાની ૧૬ ટકા જેટલી જમીનો કુદરતી તળપદાં વૃક્ષના વાવેતરથી આચ્છાદિત કરવી પડશે તેવી સ્પષ્ટ વાત કચ્છ જેવા સૂકા પ્રદેશમાં સંશાધનોનો બચાવ અને જૈવિક સંવર્ધનના વિષય સાથે ત્રણ દિવસ માટેના રાષ્ટ્રીય પરિસંવાદમાં ભૂસ્તરીય અને જૈવસંપદાના વિશેષજ્ઞો દ્વારા તાજેતરમાં ભુજ ખાતે કરવામાં આવી હતી. આ પરિસંવાદમાં કચ્છ જિલ્લાના કૃષિ વિકાસ માટે તજજ્ઞોએ વિચારવલોણું કર્યું હતું તેમજ પર્યાવરણીય બદલાવથી કચ્છમાં વરસાદનું ચક્ર ખોરવાઈ શકે છે તેમ વિવિધ તજજ્ઞોએ જણાવ્યું હતું.

★ **કેકટસ નાગફણિ વનસ્પતિ :** કચ્છમાં વ્યવસ્થિત ખેતી બાદ જો સંશોધનો સફળ થશે તો ખેતીની દૃષ્ટિએ એક વખતના સૂકા ગણાતા આ મુલકમાં અત્યાર સુધી 'ખેતરની વાડ' તરીકે વપરાતા કેકટસ અથવા તો થોરની વ્યવસ્થિત ખેતી અને તેનું વ્યવસાયિક ઉત્પાદન થતું હશે તેમ ખેતી તરફ કાર્યરત 'શુષ્ક વિસ્તાર અનુસંધાન કેન્દ્ર' (કાઝરી)ના નિર્દેશક ડૉ. એમ. એમ. રોયે તાજેતરમાં ભુજ ખાતે 'કચ્છમિત્ર' સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું હતું. ડૉ. રોયે કહ્યું હતું કે કચ્છમાં પશુપાલન વિકાસની શક્યતાને જોતાં ૧૨મી પંચવર્ષીય યોજનામાં આ જિલ્લાનો સમાવેશ ડેરી વિકાસની દૃષ્ટિએ કરવામાં આવ્યો છે.

★ **કચ્છમાં ગ્રામ પંચાયતની ચૂંટણી :** કચ્છ જિલ્લાની ૩૧૧ ગ્રામ પંચાયતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેના મતદાનનું આયોજન તા. ૨૯-૧૨-૨૦૧૧નાં રોજ કરવામાં આવ્યું હતું. આખા જિલ્લાના ૬૭૬ મતદાન મથકો માટે ૩૩૮૦ જણનો વહીવટી સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો હતો. આ ચૂંટણીમાં ભારે એવું ૭૫થી ૮૦ ટકા મતદાન થયું હતું.

★ **ભોજાય ખાતે મેડિકલ કેમ્પ :** ભોજાય સર્વોદય ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં આયોજિત ૨૧મા મેગા મેડિકલ કેમ્પનો ત્રણસો ગામડાંના ચાર હજાર દર્દીઓએ લાભ લીધો હતો. જે પૈકી ૩૮૨ જેટલા દર્દીઓની શસ્ત્રક્રિયા કરાઈ હતી. આગામી એપ્રિલ માસમાં રૂપિયા સાડા ત્રણ કરોડના ખર્ચે નિર્માણાધીન આંખની હોસ્પિટલનું લોકાર્પણ કરવાની જાહેરાત કેમ્પ દરમ્યાન કરાઈ હતી. ■

*જ્યારે તમને નિષ્ફળતા મળશે ત્યારે ખબર પડશે કે તમારે મિત્રો કોણ છે.*

# મા ક્યારેય હારતી નથી

જ્યોતિબહેન કેટલાય દિવસથી એમના પતિની કાગડોળે રાહ જોતાં હતાં. એ દિવસો હતા આઝાદીના આંદોલનના.... એમના પતિ હતા એક ક્રાંતિકારી સ્વાતંત્ર્યસેનાની... ભૂગર્ભમાં રહી ક્રાંતિ કરનારા સ્વાતંત્ર્ય સંગ્રામના યુવાન ખેલાડી! આને કારણે એમનું ઘેરથી જવું અને ઘેર આવવું એ ક્યારેય નિશ્ચિત ન હતું. પણ આ વખતે એક મહિનો થવા આવ્યો તોય એમના પતિએ ઘેર પગ મૂક્યો ન હતો.

જ્યોતિબહેનની તો હવે નીંદર વેરણ થઈ ગઈ હતી અને એ દિવસે એમના પતિ ઘરે તો આવ્યા... આવ્યા શું... એમના સાથીદારો એમને લઈ આવ્યા. એમની હાલત અત્યંત ગંભીર હતી. ક્રાંતિકારી પ્રવૃત્તિ દરમ્યાન એ તેજાબથી દાઝેલા... માત્ર કાયમને માટે આંખ મીંચવા જ જાણે ઘેર આવ્યા હતા. હજુ તો જ્યોતિબહેન એમના પતિ સાથે આંખ મિલાવે એ પહેલાં તો એમના પતિ આઝાદીના આંદોલનના પરોક્ષ શહીદ થઈ ગયા. જ્યોતિબહેનની ઉંમર એ વખતે માત્ર ૩૬ વર્ષની. ૧૩ વર્ષની કાચી ઉંમરે એ જમાનામાં એ પરણેલાં... અને ૩૬ વર્ષે વિધવા થયા.

જ્યોતિબહેનનું કલ્પાંત પથ્થરને પણ પીગળાવે તેવું હતું. એમના આક્રંદમાં લાચારીભરી ફરિયાદ હતી : 'તમે તો કાયમ માટે પછેડી ઓઢી લીધી પણ ચાર ચાર દીકરા અને એક દીકરીને હું કેવી રીતે મોટા કરીશ? તમે તો સ્વર્ગે ગયા પણ મને નર્કમાંથી કોણ છોડાવશે?' અને પતિની નનામી ઘરમાંથી નીકળી ત્યારે તેમણે અસહ્ય વેદના અને લાચારીની ચરમસીમા અનુભવી. એમણે જોરથી પથ્થર પર માથું અફળાવ્યું અને માથામાંથી જાણે લોહીનો ફુવારો છુટ્યો. જમીન પર બેભાન પડેલાં જ્યોતિબહેનને જોઈને ઘડીભર તો એમજ લાગ્યું કે એમણે પણ દેહ છોડી દીધો છે. જ્યોતિબહેનનાં સંતાનો તો સાવ અવાચક બની ગયેલાં! હજુ હમણાં તો સામેથી પસાર થયેલી પિતાની લાશ અને હવે આંખ સામે લાશ જેવી પડેલી મા!

ડૉક્ટરી સારવાર પછી ચાર કલાકે જ્યોતિબહેને આંખ ખોલી પણ જેવાં એ ભાનમાં આવ્યાં કે એમનો એક જ પોકાર હતો : 'મારે જીવવું નથી. મને મરવા દો.' સૌ સ્વજનોને વસી ગયું કે હવે જ્યોતિબહેન જીવશે નહિ. એમનાં સંતાનો નોંધારાં થઈ જશે અને જ્યોતિબહેન જીવી જશે તો પણ સાનભાન વિનાનાં કે અર્ધપાગલ જ હશે!

જ્યોતિબહેનના વૃદ્ધ પિતાની હાલત કફોડી હતી. દીકરીનું દુઃખ જીરવાતું નહોતું ને કાળજે પથ્થર મૂકીને પણ સ્વસ્થ રહેવાનું! પણ આખરે પેલી જાણીતી અંગ્રેજી કવિતા 'They brought her warrior dead'ની નાયિકા જેવું થયું. યુદ્ધમાં ખપી ગયેલા સૈનિકની સ્ત્રીને એક વૃદ્ધ સ્ત્રીનું ડહાપણ જીવાડી જાય છે!

જ્યોતિબહેનના શાખ પડોશી હતાં બાલુબા. એ હતાં બાળવિધવા. કારમા વૈધવ્યનાં ૬૦ વર્ષ એમણે વેઠ્યાં હતાં. એમણે જોયું કે હવે જ્યોતિના જીવનની બાજી બગડવા બેઠી છે અને જ્યોતિબહેનની જ્યોતિ બુઝાઈ જશે તો એના બાળકો રઝળી પડશે!

બાલુબા ઊભાં થયાં. જ્યોતિના સંતાનોને જ્યોતિની સામે લાવીને ઊભાં કરી દીધાં! મોતને પોકારી રહેલાં જ્યોતિબહેનને એમણે મોટેથી કહ્યું : 'જ્યોતિ તારે મરવું હોય તો મર! પણ આ બાળકોને પહેલાં માર! તું મરીશ એટલે તારાં આ દીકરા-દીકરીઓ કાં તો ભીખ માંગશે ને કાં તો જશે અનાથાશ્રમમાં! આ બિચારાં અભાગિયાં! એમનો તો બાપેય ગયો અને માને પણ મરવું છે!'

બાલુબાના શબ્દોએ ચમત્કાર સર્જી દીધો. જ્યોતિબહેને બાળકોને બાથ ભીડી દીધી. રડતા અવાજમાં એ કહી રહ્યાં હતાં : 'ના બેટા... હું જીવીશ. તમને નોંધારા નહિ થવા દઉં. બાપ ભલે ગયો... હું તો છું જ! રડો મા...' અને રડતાં બાળકો એમની ગોદમાં લપાઈ ગયાં.

આજની ઘડીને કાલનો દહાડો! ત્યાર પછી જ્યોતિબહેને કાળજે કાળમીંઢ પથ્થર મૂકી દીધો. એમનું હૈયું જીવનભર રડતું રહ્યું પણ આંખમાંથી આંસુ પાડવાનું બંધ! પછી તો જ્યોતિબહેને નથી રાત જોઈ, નથી જોયો દિવસ! ન ટાઢ જોઈ, ન તાપ! પારકા ઘરનાં થાય એટલા કામ કર્યા. પારકા ઘરના કપડાં ધોયા, કૂવેથી પાણીના ઘડે ઘડા ભરતાં રહ્યાં. દળણા દળ્યાં... વાસણ માંજ્યા... પણ છોકરાઓનું પેટ ભર્યું... સંતાનોને ભણાવ્યા. એમણે માની ફરજ બજાવી ને બાપની પણ!

ઓરત નામે જ્યોતિબહેન.... સાત મર્દની મર્દાનગીથી જીવ્યાં. દીકરા-દીકરી પરણાવ્યાં અને સૌને ડાળે-પાંખડે વળગાડ્યાં! જ્યોતિબહેનને હવે જીવ્યાનો સંતોષ હતો. હવે તો બધાં દીકરા-દીકરી ઠેકામે છે. હવે તો શાંતિ... જ્યોતિબહેને સંતોષનો ઓડકાર ખાધો પણ 'કર્મ કી ગતિ ન્યારી'... એમ એમણે અનુભવેલી શાંતિ છેતરામણી સાબિત થઈ. એમનો સંતાપ સાવ તકલાદી નીકળ્યો.

એમના દીકરાઓ વચ્ચે સંપ ન રહ્યો. એકમેકના દુશ્મન બનીને વારાફરથી અખંડ કુટુંબને કલંકિત કરતા ગયા અને છેવટે એક જ દીકરો એમની સાથે રહ્યો... કહો કે, એ, એ દીકરાની સાથે રહ્યાં.

જ્યોતિબહેનને સમજાતું ન હતું કે કયો શ્રાપ એમના પરિવારને ભરખી ગયો. એ બધા દીકરાને વિનવતાં.... 'સાથે ન રહો તો કાંઈ નહિ, મનમેળ તો રાખો!' પણ ઘરડી માને હવે સાંભળે કોણ? યુવાનીમાં એક સ્ત્રી જે સાત સાત મર્દની મર્દાનગી ધરાવતી સબળા હતી એ જીવનની સંધ્યાએ થાકેલી - હારેલી અબળા હતી. જ્યોતિબહેને સ્વીકારી લીધું કે વૃદ્ધાવસ્થા પોતે જ જીવનનો એક પરાજય છે. એ સમજી ગયાં કે માની મમતા સંતાનોને તારે છે પણ જ્યારે એ પરણે છે ત્યારે પત્ની પ્રત્યેનો મોહ કદાચ એમને ડૂબાડે છે.

જ્યોતિબહેને મન મનાવી લીધું. જીવનને ટકાવવા માટે કેટકેટલા માણસો 'રામ રાખે એમ રહીએ'નું વલણ કેળવતા હોય છે. જ્યોતિબહેને પણ એમ જ કર્યું. કોઈ કહેતું કે દરેક દીકરા પાસે ભરણપોષણની રકમ માંગો. કોઈ કહેતું વારાફરતી બધા દીકરાને ઘેર રહો.... હક્ક કરો... પણ જ્યોતિબહેન કહેતા કે, 'હવે મારે ઘેર ઘેર ભટકવું નથી. મેં જીવનભર અજાચક વ્રત પાળ્યું છે. ખુદ ભગવાન પાસે પણ ભીખ માંગી નથી.' કોઈ કહેતું : 'આ દીકરો જે તમને

*વેરની વસૂલી વિસરીને માફીનું માન મેળવો.*

રાખે છે પણ કોઈ દિવસ રાખવાની ના કહેશે તો?' અને જ્યોતિબા ખુમારીથી એક જ જવાબ આપતાં. 'હું દીક્ષા લઈને સાધ્વી થઈશ અને મને દીક્ષા નહીં મળે તો સંથારો કરીશ. (જૈન ધર્મની પરંપરા અનુસાર તપ-ઉપવાસની સતત સાધના દ્વારા મૃત્યુ પામવું.)

એક દિવસ એમના ગામના એક વડીલ આવ્યા. જે જ્યોતિબહેનની પૂરી હાલતથી વાકેફ હતા. એમનો વ્યવસાય હતો વકીલાતનો. સિનિયર ઍડવોકેટ તરીકે એમની નામના હતી. એમણે જ્યોતિબહેનને વ્યવહારિક સલાહ આપી : 'તમારે દીકરાઓને પાઠ ભણાવવો જોઈએ. તમે કહો તો ડાંડ છોકરાઓ સામે કેસ ઠોકી દઉં. તમે કહો તો બધાને કોર્ટના કઠેડામાં ઊભા કરી દઉં. સીધાસટ કરી નાખું! એ પોતાની ફરજ ચૂકે એ કેમ ચાલે! તમે જે વેઠ્યું એનો આ બદલો! તમારી ખબર સુદ્ધાં ન પૂછે?'

જ્યોતિબાનો જવાબ એમના માવતર - હૃદયની મમતાની પરાકાષ્ટા જેવો હતો. એમણે કહ્યું : 'ભાઈ, કોરટ કચેરીની વાત છોડો! માવતર થઈને હું જ દીકરાઓ સામે કોરટે ચડું? મારા દીકરાઓની હું જ ફજેતી કરું? મા થઈને મારા પરિવારને લજવું? ઈશ્વર સૌને સુખી રાખે. છોરું કછોરું થાય એ તો જમાનાથી ચાલતું આવે છે.... પણ માવતર કમાવતર થાય? જાનવરેય એનાં બચ્ચાનું રક્ષણ કરે છે. રાક્ષસને પણ એના સંતાન વહાલાં હોય... હું તો મીણ જેવી મા છું!'

વકીલ બિચારા છોભીલા પડી ગયા. એ કહે, 'હશે, તમે તો દીકરાઓને માફ કરો છો પણ કુદરત દરેક અપરાધની સજા કરે જ છે. તમારા નિઃસાસા તો તમારા દીકરાઓને લાગશે જ! જે બીજાંની આંતરડી કકળાવે, એની આંતરડી આજે નહિ તો કાલે પણ કકળવાની છે.'

જ્યોતિબા કહે, 'મારા તા દીકરાઓને આશીરિવાદ છે. સૌ સુખી થાય. એમનો પરિવાર ફાલે ફૂલે... સુખથી સૌ જીવે. મારી ઉપેક્ષા ભલે એમણે કરી પણ એમના દીકરા એમની ઉપેક્ષા ન કરે એવી મારી પ્રભુને પ્રાર્થના છે.'

દુનિયાભરની વકીલાત કરનારા વડીલ ઠંડા પડી ગયા. એમણે જીવનમાં અનેક ખેલ પાડ્યા હતા. પણ માવતરના આ મોટા ગજાના ખેલ સામે એમનું માથું ઝૂકી ગયું.

'પહેલું વંદન માત-પિતાને!' આ પંક્તિ વકીલે ક્યારેક સાંભળી હતી પણ એનું રહસ્ય એમને આજે સમજાયું.

***સાભાર : "સુવિચાર"***


---

*જે ચાલતી નથી છતાં પણ જેની ગતિ વેગવાળી છે એનું નામ જીભ! પ્રભુની સૌથી અજબ કરામત હોય તો તે જીભ છે. એ બધી જાતના સ્વાદ માણી શકે છે છતાં પણ તે અલિપ્ત છે. જીભ રસને માણી શકે છે. એટલે જ એની સપાટી ઉપરથી દરેક પ્રકારના રસઝરતા શબ્દો નીકળી શકે છે અને એ શબ્દોનો સ્વાદ હૃદય જાણી શકે છે. કડવાં કે મીઠાં વચનોની અસર હૃદય ઉપર થાય છે. દુનિયામાં સૌથી વધુ ઊથલપાથલ કરનાર કોઈ હોય તો તે આ નાનકડી જીભ છે. જીભમાં હાડકું નથી છતાં પણ તેણે અનેકનાં હાડકાં ભાંગી નાખ્યાં છે.*

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી


| | | | | |
|---|---|---|---|---|
| | |  |  |  |
| (૧) ઉમેદવારનું નામ | : | **વીરેન** | **મિતેષ** | **ધર્મેશ** |
| (૨) પિતાશ્રીનું નામ | : | વ્રજલાલ | મણિલાલ | સુરેન્દ્રભાઈ |
| (3) માતાશ્રીનું નામ | : | ગુણવંતીબહેન | મંજુલાબહેન | સરલાબહેન |
| (૪) અટક | : | શાહ | વીરા | વીરા |
| (૫) જ્ઞાતિ | : | | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) સંપ્રદાય | : | જૈન દેરાવાસી | સ્થાનકવાસી | સ્થાનકવાસી |
| (૭) મૂળ વતન | : | માંડવી | વડાલા | વડાલા |
| (૮) જન્મ તારીખ | : | ૦૩-૦૫-૧૯૭૬ | ૧૯-૦૭-૧૯૭૭ | ૨૪-૦૭-૧૯૮૩ |
| (૯) ઉંમર વર્ષ | : | ૩૫ | ૩૪ | ૨૮ |
| (૧૦) ઊંચાઈ | : | ૫'૬" | ૬'૦" | ૬'૨" |
| (૧૧) વજન | : | ૫૨ કિ.ગ્રા. | ૬૫ કિ.ગ્રા. | ૮૫ કિ.ગ્રા. |
| (૧૨) દેખાવ | : | ઘઉંવર્ણો | સામાન્ય | ઘઉંવર્ણ |
| (૧૩) અભ્યાસ | : | S.S.C. | H.S.C. | S.S.C. |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) | : | ટ્રાવેલિંગના સામાનનો | ટ્રાન્સપોર્ટ સર્વિસ | ટ્રાન્સપોર્ટ સર્વિસ |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક | : | રૂા. ૨૦,૦૦૦/- માસિક | | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) | : | ટ્રાવેલિંગના સામાનનો | | |
| (૧૭) સરનામું | : | વીરેન રેકઝીન વર્કસ ભીડવારા નાકા, જૂની પોસ્ટ ઓફિસ સામે, માંડવી. | ૭, વિદ્યાનગર ટ્વીન બંગ્લોઝ, નીલકંઠ મહાદેવ રોડ, નાગલપુર, મહેસાણા. | ૨૨, કલ્યાણપાર્ક સોસાયટી, હાઈવે રોડ, મહેસાણા. |
| (૧૮) ફોન નંબર | : | | | |
| (૧૯) મોબાઈલ નંબર | : | ૯૪૨૬૪ ૨૯૪૧૩ | ૯૯૨૫૧ ૯૫૧૧૭ | ૯૮૭૯૫ ૫૪૨૮૩ |
| (૨૦) ભાઈ – બહેન | : | | ૨ – ૨ | ૧ – ૧ |
| (૨૧) કુંડળીમાં માનો છો? | : | — | — | — |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | | |
|---|---|---|---|---|
| |  | |  |  |
| (૧) | **પરેશ** | **મનોજ** | **અલ્પા** | **રશ્મિ** |
| (૨) | શાંતિલાલ | દેવચંદ | બાબુલાલ | શામજી |
| (3) | નીરુબહેન | વિદ્યાગૌરી | લીલાબહેન | મધુબહેન |
| (૪) | શાહ | ભુલાણી | મહેતા | ગાલા |
| (૫) | શ્વેતાંબર | જૈન | કચ્છી જૈન | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) | મૂર્તિપૂજક | ગૂર્જર દેરાવાસી | ગૂર્જર | |
| (૭) | | માંડવી | અંજાર | મેરાઉ |
| (૮) | ૨૭-૦૧-૧૯૭૦ | ૨૮-૦૨-૧૯૭૨ | ૦૬-૦૬-૧૯૭૫ | ૨૮-૦૧-૧૯૮૧ |
| (૯) | ૪૧ | ૩૯ | ૩૬ | ૩૦ |
| (૧૦) | ૫'૭" | ૫'૯" | ૫'૪" | ૫'૩" |
| (૧૧) | ૬૫ કિ.ગ્રા. | ૮૦ કિ.ગ્રા. | | — |
| (૧૨) | ગોરો | ગોરો | ગોરો | ગોરો |
| (૧૩) | B.Com. | B.Com. | ડિપ્લોમા ઈન ફેશન ડિઝાઈનિંગ | H.S.C. |
| (૧૪) | સર્જિકલ ગુડ્ઝ સપ્લાયર્સ | ફાઈનાન્સિયલ ઈન્સ્ટી.માં નોકરી | અવીવા ગ્લોબલ સર્વિસમાં ટીમ લીડર | |
| (૧૫) | | | | |
| (૧૬) | | | | |
| (૧૭) | ૪૫, રત્નસાગર સોસાયટી,<br>સુપાર્શ્વનાથ દેરાસર પાસે,<br>નડિયાદ-પેટલાદ રોડ,<br>નડિયાદ. | ૩-એ/૪-જે, જવાન નગર,<br>૬૦' રોડ,<br>ઘાટકોપર (ઈસ્ટ),<br>મુંબઈ. | ૮૦૨, અક્ષય વિલા<br>૧૭ મેઈન, પાંચમો બ્લોક,<br>રાજાજીનગર,<br>બેંગ્લોર-૫૬૦ ૦૧૦. | |
| (૧૮) | | ૨૫૧૪ ૭૭૭૫ | ૨૩૧૪ ૯૭૮૭ | |
| (૧૯) | ૯૪૨૮૪ ૮૯૩૮૪ | | | |
| (૨૦) | — | ૧ – ૦ | | |
| (૨૧) | — | — | **ડાયવોર્સી છે** | |

# લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી

| | | | |
|---|---|---|---|
| |  | |  |
| (૧) ઉમેદવારનું નામ : | **સંજના** | **મયંક** | **વીરેશ** |
| (૨) પિતાશ્રીનું નામ : | લક્ષ્મણ | દિલીપભાઈ | લક્ષ્મીચંદ |
| (૩) માતાશ્રીનું નામ : | વૈજયંતીબહેન | હંસાબહેન | કુસુમબહેન |
| (૪) અટક : | સપુગડે | દેઢિયા | કેનિયા |
| (૫) જ્ઞાતિ : | હિંદુ (મરાઠી) | કચ્છી વીસા ઓસવાળ | કચ્છી વીસા ઓસવાળ |
| (૬) સંપ્રદાય : | | | |
| (૭) મૂળ વતન : | કુઠરે (મહારાષ્ટ્ર) | શેરડી | બારોઈ |
| (૮) જન્મ તારીખ : | ૫-૮-૧૯૭૮ | ૧૫-૩-૧૯૮૭ | ૧૪-૦૯-૧૯૮૭ |
| (૯) ઉંમર વર્ષ : | ૩૧ | ૩૪ | ૩૪ |
| (૧૦) ઊંચાઈ : | | ૫'૧૦" | ૫'૭" |
| (૧૧) વજન : | | ૮૨ કિ.ગ્રા. | |
| (૧૨) દેખાવ : | સામાન્ય | ઘઉંવર્ણ | ઘઉંવર્ણ |
| (૧૩) અભ્યાસ : | S.S.C. | ડિપ્લોમા ઈન મલ્ટીમીડિયા<br>ટ્રાન્સપોર્ટ સર્વિસના ફેમિલી બિઝનેસમાં | એમ.કોમ.<br>ટ્રાન્સપોર્ટ સર્વિસ |
| (૧૪) નોકરી ધંધો (પોતાનો) : | | | |
| (૧૫) ઉમેદવારની વાર્ષિક આવક : | | | |
| (૧૬) નોકરી ધંધો (પિતાજીનો) : | | | |
| (૧૭) સરનામું : | ૪૩, ન્યુ કોટન મિલ ચાલ,<br>અમરાઈવાડી,<br>અમદાવાદ-૮. | મહાવીર રોડલાઈન્સ,<br>૧૩૭૯, મહાવીર નગર,<br>વખારભાગ,<br>સાંગલી-૪૧૬ ૪૧૬. | ૫, શિવ ટેરેસ, જૈન નગર,<br>ઓમકારેશ્વર મંદિર નજીક,<br>જલગામ. |
| (૧૮) ફોન નંબર : | | ૦૨૩૩-૨૬૨૧૩૫૩ | ૦૨૫૭-૨૨૩૫૭૩૩ |
| (૧૯) મોબાઈલ નંબર : | ૯૯૭૪૯ ૭૨૬૦૪ | | |
| (૨૦) ભાઈ – બહેન : | ૨ – ૧ | ૦ – ૨ | |
| (૨૧) કુંડળીમાં માનો છો? : | — | — | |




## સરનામા ફેરફાર

- **રાજેશ રામજી લખમશી ગોગરી**
  ૧૩, અંબર સોસાયટી, કામેશ્વર સ્કૂલની સામે,
  જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. (રાજેશ) ૯૮૨૫૨ ૪૫૪૭૮, (જીજ્ઞા) ૮૯૮૦૨ ૧૬૪૩૨
- **નિકુંજ ધીરજલાલ મહેતા**
  એ/૨૦૩, ત્રીજા માળે, પાર્થ ડુપ્લેક્ષ,
  દીવા હોસ્પિટલની બાજુમાં, ડૉક્ટર હાઉસની સામે,
  પરિમલ ગાર્ડન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

## ટેલિફોન નંબરમાં ફેરફાર

- **લક્ષ્મીચંદ ચનાભાઈ શાહ (માલદે)**
  ફોન : (ઘર) ૦૭૯-૨૬૬૫૦૩૫૨

## શરણાઈ

- **રવિવાર, તા. ૨૫-૧૨-૨૦૧૧**
  **ધવલ કલ્યાણજીભાઈ રાંભિયા (રામાણિયા) અમદાવાદ**
  **વૃતિકા પંકજભાઈ દેઢિયા (ભુજપુર) મુંબઈ**

## અવસાન નોંધ

- **કિશોર વાલજી હીરજી છેડા** (જસાપુર - અબડાસા) અમદાવાદ (ઉં.વ.-૪૧) મંગળવાર, તા. ૧૦-૧-૨૦૧૨ના રોજ અરિહંત શરણ થયા છે.

*સદ્ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## અભિનંદન

### શ્રી કિશોર લાલકા : વિજયવંત

અમદાવાદ મોટર ટ્રાન્સપોર્ટ એસોસિએશનની તાજેતરની એક બેઠકમાં વર્ષ ૨૦૧૧થી ૨૦૧૩ માટે કારોબારીના કુલ ૩૨ સભ્યો માટેની ચૂંટણીમાં ૫૬ સદસ્યોએ પોતાની ઉમેદવારી નોંધાવેલ હતી.તે ગૌરવપૂર્ણ ચૂંટણીની એક પેનલમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારી સમિતિના સભ્ય શ્રી કિશોર મૂળજી લાલકા કુલ ૯૬૦ મતદારોના ૫૬૨ મત પ્રાપ્ત કરીને અગિયારમાં સ્થાને વિજયવંત જાહેર થતાં એસોસિએશનના તમામ સભ્યોએ તેમનું અભિવાદન કર્યું હતું.

## આવો! આપણી જિંદગીમાં નવો પ્રાણ પૂરીએ! — અદ્ભુત વર્કશોપ

જીવન ટકાવવાની ક્ષમતા, સજીવતા એટલે વાઈટૅલિટી — Vitality. જીવનના વિકાસ અર્થે એક અગત્યનું અંગ છે અને તેનાં વડે જીવન ધબકતું રહે છે. અન્ય રીતે વિચારીએ તો મનુષ્ય જીવનને જીવંત રાખવા માટે તેની ખાસ આવશ્યક્તા છે.

***આ વિષયની અગત્યતા સમજીને આવો! આપણે સૌ સાથે મળીને તેનાં વિશે કાંઇક ચર્ચા કરીએ... કાંઇક વિચાર કરીએ!!***

★ જીવનનું રહસ્ય શું છે? આપણા જીવનના કયા અંશ ખૂબ અગત્યના છે?
★ આપણા જીવનને કઈ રીતે ભરપૂર — Full of life કરી શકાય?
★ જીવનને હંમેશાં કાર્યરત રાખીને કેવી રીતે સુખના અને આનંદના રસ્તે ધબકતું કરી શકાય?
★ સંપૂર્ણમયના અર્થમાં આપણે કેવી રીતે વ્યક્ત થઈ શકીએ?
★ આ પ્રકારના અન્ય પ્રશ્નો પણ ઉદ્ભવી શકે છે....

ત્યારે તેના સંદર્ભમાં એક અનોખો અને અદ્ભુત કાર્યક્રમ એટલે જ્ઞાનસભર વર્કશોપ.

***એવી કેટલીક પ્રવૃત્તિ, રમત, વીડિયો ક્લિપ્સ અને કેટલાંક ગીતો છે જે જીવનના સૌથી અગત્યના વિષય-વસ્તુને આવરી લેશે અને જિંદગીને ચેતનવંત રાખવા નવો પ્રાણ પૂરશે.***

સમિતિ દ્વારા સમાજ પરિવારજનનાં ૧૫થી ઉપરની વયના સભ્યો માટે ***એક ખાસ વર્કશોપનું આયોજન તા. ૧૯-૨-૨૦૧૨ના બપોરે ૨.૩૦થી ૫.૩૦ કલાક દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કરવામાં આવ્યું છે.*** તેમાં ભાગ લેવા રજિસ્ટ્રેશન ચાર્જ સભ્યો માટે રૂા. ૨૦/- છે અને અન્ય જન (બહારની વ્યક્તિ) માટે રૂા. ૫૦/- છે. વર્કશોપમાં ભાગ લેવા માટે સમાજના કાર્યાલયમાં અથવા ફોન નંબર ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક કરવા વિનંતી છે.

***હીરેન શાહ - કન્વીનર, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ***

*સુખ આવ્યા પછી માણસ પોતાની પહેલાંની સ્થિતિ ભૂલી જાય છે, તેથી જ્યારે સુખ જાય છે ત્યારે તે બહુ દુઃખી થાય છે.*

# ભાવવિભોર સ્મરણાંજલિ

શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૮-૧-૨૦૧૨ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજનોમાંથી વર્ષ ૨૦૧૧ દરમ્યાન જે આપ્તજનોના અવસાન થયા હતા તેઓને સામૂહિક સ્તરે ભક્તિ સંગીત સહ શ્રદ્ધાંજલિ અર્પવાના એક વાર્ષિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સામૂહિક પ્રાર્થનાના અવસરે કુલ ૧૯ સદ્ગત આત્માઓના સંબંધીઓ સહિત લગભગ ૧૬૦ જેટલા સભ્યો ઉપસ્થિત હતા.



**વર્ષ દરમ્યાન સ્વર્ગવાસી થયેલાની યાદગાર તસવીરો**

ટી.વી. સમાચાર વિભાગના ઉદ્‌ઘોષક તથા કલા - સાંસ્કૃતિક ક્ષેત્રના અગ્રીમ કલાકાર શ્રીમતી ફાલ્ગુની શાહે સમગ્ર કાર્યક્રમનાં સંચાલનની શરૂઆતમાં કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. ત્યારબાદ અવસાન પામેલા દરેક આપ્તજનોના પરિવારજનોએ પોતાના સ્વર્ગસ્થજનોની યાદ સાથે તેમની તસવીર સમક્ષ દીપ પ્રાગટ્ય કરીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ ઉપસ્થિત સર્વે સમાજજનોએ ઊભા થઈને નત મસ્તકે સામૂહિક સ્મરણાંજલિ અર્પણ કરી હતી.

ભક્તિ સંગીત વાદ્યવૃંદના કલાકારોના પરિચય બાદ સદ્‌ભાવના કલા અકાદમીના મુખ્ય નિયોજક અને પ્રોફેશનલ આર્ટિસ્ટ ડૉ. શેફાલીબહેન શાહ અને સહગાયક હેમંતભાઈ ભોજકે સતત બે કલાક સુધી શ્રદ્ધાંજલિને અનુરૂપ લગભગ ૨૨ ગીતોની વાદ્ય સંગીતના સથવારે રજૂઆત કરી હતી. એક પછી એક ગીતો સાંભળતા આપ્તજનો સંપૂર્ણપણે ભાવમય થઈ જતાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

સમાજ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી આ પ્રકારના વાર્ષિક કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. ઉપરોક્ત કાર્યક્રમનું સૌજન્ય નીચે મુજબના મહાનુભાવો તરફથી સાંપડ્યું હતું.

- શ્રી ઉગરચંદ પોપટલાલ ગઢેચા પરિવાર રૂા. ૧૧,૦૦૦/-
- શ્રી મૂળજી ચાંપશી સાવલા પરિવાર રૂા. ૧૧,૦૦૦/-
- શ્રી રવિલાલ પ્રાગજી મહેતા પરિવાર રૂા. ૧૧,૦૦૦/-

***દિનેશ આર. મહેતા***

***નોંધ*** : ઉપરોક્ત કાર્યક્રમ દરમ્યાનના ભક્તિ ગીતોની સી.ડી. તૈયાર છે. જેમને જોઈતી હોય તે રૂા. ૧૫/- ભરીને શ્રી કચ્છી જૈન ભવન પરથી મેળવી શકશે.





**સમાજના પરિવારજનો દ્વારા સ્મરણાંજલિ**

## ઝંડા ઊંચા રહે હમારા

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદનનો એક શાનદાર કાર્યક્રમ તા. ૨૬-૧-૨૦૧૨ના શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે યોજવામાં આવેલ હતો. સમાજના ઉપપ્રમુખ અને ટ્રસ્ટી શ્રી કાંતિલાલ વેલજી સાવલાના વરદ્ હસ્તે ધ્વજવંદન થયું હતું. રાષ્ટ્રીય ત્રિરંગા ધ્વજને લહેરાવ્યા બાદ પોતાના પ્રવચનમાં શ્રી સાવલાએ જણાવ્યું હતું કે **રાષ્ટ્રીય સ્તરે ભ્રષ્ટાચારને નિયંત્રિત કરવા** દરેક પ્રજાજને જાગૃત રહીને સ્વયં તેવી કામગીરીથી દૂર રહેવું આવશ્યક છે. તે ઉપરાંત **સમાજની સુવર્ણ જયંતી નિમિત્તેના** મહોત્સવ કાર્યક્રમોનો ઉલ્લેખ કરતાં તેઓશ્રીએ સમાજના ભવ્ય પ્રસંગ અંતર્ગત યોજાનારા પ્રત્યેક કાર્યક્રમોમાં **સર્વે સમાજ પરિવારજનો સક્રિય અને ઉત્સાહપૂર્વક ભાગ લઈને પ્રસંગને શોભાવવા ખાસ અનુરોધ કર્યો હતો.**

આ પ્રસંગે સમાજના ટ્રસ્ટીમંડળ અને કારોબારીના સભ્યો સહિત સમાજ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## યુવા વિકાસ સમિતિ

### મનપસંદ ક્ષેત્રમાં તાલીમ મેળવો

સમાજ પરિવારજનો સમિતિ દ્વારા પ્રસંગોપાત આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતા હોય છે. તે પ્રણાલિકા જાળવી રાખવા સાથે સમિતિ હવે એક નવી વિચારધારા આપશ્રી સમક્ષ રજૂ કરે છે.

અત્યાર સુધી સમાજ કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન થાય છે તેનો વ્યાપ હવે વધારીને સમાજ પરિવારજનો સ્થાનિકે અથવા રાજ્ય કક્ષાના વિશાળ સ્તરે જુદા જુદા ક્ષેત્રમાં ભાગ લઈને પોતાનું તેમજ સમાજનું નામ રોશન કરે તે અર્થે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી એક ખાસ પ્રકારનું આયોજન વિચારણા હેઠળ છે. નિઃશંક વિશાળ મંચ માટે યોગ્ય તાલીમ જોઈએ. તે મુજબ સમાજ પરિવારના ૧૫થી ૫૫ની વયવાળા સભ્યો પોતાની શક્તિ, આવડત મુજબના ક્ષેત્રમાં સંપૂર્ણ રીતે નિપુણ થાય તે માટે તેઓને જરૂરી માર્ગદર્શન, કોચિંગ પ્રાપ્ત કરાવવાનું આયોજન થઈ રહ્યું છે.

સમાજના ૧૫થી ૫૫ની વયવાળા સભ્યોને ખાસ વિનંતી છે કે તેઓ પોતાનું મનપસંદ ક્ષેત્ર, વિષય અથવા જે કોઈ સ્પર્ધામાં આગળ વધવા ઈચ્છતા હોય તેને વિગત સાથે પોતાનું નામ, સરનામું, વય, ફોન નંબર, ઈ-મેઈલ એડ્રેસ સમાજના કાર્યાલયમાં રૂબરૂ અથવા ફોન નંબર ૨૬૫૮૧૫૦૧ ઉપર અચૂક જણાવે. જેથી તેમને યોગ્ય મંચ પૂરું પાડવાની જરૂરી વ્યવસ્થા કરી શકાય.

ખૂબજ ઉત્તમ પ્રકારના ઉપરોક્ત આયોજનમાં સમાજ પરિવારજનો ઉત્સાહપૂર્વક પોતાના નામ નોંધાવીને સહકાર આપશે તેવી અપેક્ષા છે.

***નવીન લાલકા - કન્વીનર***

## વયસ્ક સમિતિ

સમિતિ તરફથી અંતાક્ષરી અને સ્તવનની હાઉસીનો એક અનોખો અને રસપ્રદ કાર્યક્રમ તા. ૧૨-૧-૨૦૧૨ના રોજ યોજવામાં આવ્યો હતો.

સૌપ્રથમ કન્વીનર રજનીકાંત પારેખે સૌને આવકારીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સુવર્ણ જયંતી વરસ નિમિત્તે સમિતિ દ્વારા યોજવામાં આવનાર કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરી હતી. ત્યારબાદ અમેરિકાથી આવેલા શ્રી હિંમતલાલ દેસાઈ (કચ્છ - મુંદ્રા)એ અમેરિકાનું જીવન અને ત્યાંની સિનિયર સિટીઝન સંસ્થાઓની કાર્યવાહી તેમજ લોકો જૈન ધર્મ કેવી રીતે પાળે છે તેની વિસ્તૃત માહિતી આપી હતી.

ત્યારબાદ આવતા માસમાં આયોજિત બલસાણા યાત્રા પ્રવાસ અંગે જરૂરી માહિતીથી સભ્યોને વાકેફ કરવામાં આવ્યા હતા. આ સિવાય સૂચિત પ્રવાસના સૌજન્યરૂપે રૂા. ૧૧,૦૦૦/-ની જાહેરાત કરનાર શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ સાવલાનું શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું.



*સૌજન્યદાતા શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ સાવલાને શાલ ઓઢાડી બહુમાન કરતાં જમણેથી : શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ અને શ્રી રજનીકાંત પારેખ.*

ત્યારબાદ અંતાક્ષરી અને જૈન સ્તવનની ખૂબજ આકર્ષક હાઉસી રમાડવામાં આવતાં સૌ સભ્યોએ આનંદ વ્યક્ત કર્યો હતો.

અંતમાં ભોજન લઈને સૌ છૂટા પડ્યા હતા.

★ વયસ્ક સમિતિ આયોજિત બલસાણા યાત્રા પ્રવાસના કાર્યક્રમની વિગત તેમજ અન્ય જરૂરી સૂચનાઓ આપવાની હોવાથી પ્રવાસમાં જોડાનાર સર્વે યાત્રાળુઓએ **ગુરુવાર, તા. ૧૬-૨-૨૦૧૨**ના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી મધ્યે **બપોરના ૩ થી ૪ કલાક** દરમિયાન અચૂક હાજર રહેવા વિનંતી છે.

***કન્વીનર***

## સ્ત્રીરોગ અને બાળરોગ માટે તબીબી નિદાન કેમ્પ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરમાં તા. ૨૨-૧-૨૦૧૨ના બાળરોગ અને સ્ત્રીરોગ માટે નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નીચે પ્રમાણેની તબીબી કામગીરી થઈ હતી.

**સ્ત્રીરોગ :**

- લેબોરેટરી પરીક્ષણ, એક્સ-રે, સોનોગ્રાફી વગેરે તબીબી સંશોધન ૫૦ ટકાના રાહત દરે કરી આપવામાં આવ્યા હતા.
- ગર્ભાશય કેન્સર માટે સ્ક્રિનિંગ પરીક્ષણ - પેપ્સ સ્મીઅર તેમજ સ્ત્રીઓને રૂબેલા વેક્સિન પણ નિઃશુલ્ક આપવાનું આયોજન હતું.
- પાંચ દર્દીઓને પેપ્સ પરીક્ષણ નિઃશુલ્ક કરી આપવામાં આવ્યા હતા.
- સ્ત્રીરોગમાં કિશોરાવસ્થાની અને માસિકની તકલીફ, ગર્ભાશયનું ખસી જવું, પેશાબ વગેરે તકલીફવાળા દર્દીઓનું યોગ્ય નિદાન કરવામાં આવ્યું હતું.

**બાળ રોગ :**

- બાળ રોગ વિભાગમાં શરદી, ખાંસી, તાવ, ઓછું વજન, નબળાઈ, મંદ યાદશક્તિ, ઓછી ઊંચાઈ જેવી તકલીફવાળા બાળકોને સમગ્ર રીતે તપાસીને યોગ્ય નિદાન કરી આપવામાં આવ્યા હતા.
- બાળકોને જરૂરી રસી મૂકાવવા અંગેની વિસ્તૃત માહિતી વાલીઓને આપવામાં આવી હતી.

ઉપરોક્ત કેમ્પમાં સ્ત્રીરોગના ૨૧ અને બાળરોગ વિભાગમાં ૧૯ દર્દીઓએ તબીબી નિદાનનો લાભ લીધો હતો.

સ્ત્રીરોગ વિભાગમાં કેમ્પ દરમ્યાન ડૉ. પ્રિયન ગાંધી, ડૉ. મિલી શાહ, ડૉ. નીતા ઠાકરે જ્યારે બાળરોગ વિભાગમાં ડૉ. કાજલ શાહ, ડૉ. પરેશ શાહ, ડૉ. બિંજન ત્રિપાઠી અને ડૉ. નીતિન શાહે તમામ દર્દીઓને સંતોષકારક રીતે તપાસીને યોગ્ય નિદાન કર્યું હતું. મેડિકલ સેન્ટરના શ્રીમતી હાસ્યલતા મહેતા, શ્રીમતી દક્ષાબહેન તથા શ્રી પીન્ટુ પટેલે કેમ્પનું સંચાલન કરીને દર્દીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સમાજના ટ્રસ્ટીઓ અને તબીબી સેવા સમિતિના કન્વીનરશ્રીએ કેમ્પ દરમ્યાન ઉપસ્થિત રહીને કાર્યવાહીનું સમગ્ર રીતે નિરીક્ષણ કર્યું હતું.

*દિનેશ આર. મહેતા*

*બાળકોને ઘરમાં ભણાવવાની ચિંતા ન કરવી, ભણવા માટે પાછળ પડી ન જવું, ભણવા અંગે વઢ વઢ ન કરવું, મહેણાં ન મારવાં, પરંતુ ભણવા અંગે રસથી વાતો કરવી, જિજ્ઞાસા દર્શાવવી, આપણે જાણે ગમાડીને ભણવું, એમની ચોપડી વાંચવી, એને અંગે વાતો કરવી. ભણવા માટે પાનો ચઢાવવો. છેવટે તો ભણવાની ઈચ્છા જાગૃત કરવી એ જ મોટું કામ છે.* **બાળકો જાતે ભણે, હોંશથી ભણે એ જરૂરી છે, પરાણે ભણવા બેસાડવાથી કંઇ દહાડો ન વળે.**

*("શિક્ષણ જ્ઞાનની પરબ"માંથી સાભાર)*

## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

## 'સંકલ્પ'

**આગામી કાર્યક્રમો**

**૧. તા. ૫/૬-૩-૨૦૧૨ : પાલિતાણા છ ગાઉ યાત્રા** (નવકાર તીર્થ, તગડી, અયોધ્યાપુરમ, વલ્લભીપુર અને સોનગઢ થઈને)

બે દિવસ રહેવા, જમવા અને ટ્રાન્સપોર્ટેશન સહિત ચાર્જ : રૂા. ૨૫૦/- પ્રતિ વ્યક્તિ. (પાંચ વર્ષ સુધીના બાળક નિઃશુલ્ક)

વહેલા તે પહેલાના ધોરણે તા. ૨-૩-૨૦૧૨ સુધી નામ લખાવી શકાશે.

*પ્રયાણ :* તા. ૫-૩-૨૦૧૨ સવારે ૬ કલાકે શ્રી કચ્છી જૈન ભવન, પાલડીથી અને તા. ૬-૩-૨૦૧૨ રાત્રિના પરત.

યાત્રા પ્રવાસ દરમ્યાન કાર્યક્રમ અંગે જરૂરી ફેરફાર 'સંકલ્પ' દ્વારા થઈ શકશે.


*વધુ માહિતી માટે સંપર્ક :*

| | | |
|---|---|---|
| નીતિનભાઈ શાહ | : | ૯૯૭૯૮ ૮૨૪૦૧ |
| પીયૂષ પારેખ | : | ૯૮૨૫૦ ૨૯૬૯૮ |
| પીયૂષ સાવલા | : | ૯૮૭૯૪ ૯૬૧૩૯ |

**૨. ગુરુવાર, તા. ૮-૩-૨૦૧૨** સવારના ૧૦થી ૧ દરમ્યાન સમાજના દરેક સભ્યો માટે **ધૂળેટી કાર્યક્રમ** શ્રી કચ્છી જૈન ભવન, પાલડી મધ્યે. કાર્યક્રમના અંતે ભોજનની વ્યવસ્થા રાખેલ છે. તે સંબંધિત પાસ કાર્યક્રમના દિવસે સવારે ૧૧ વાગ્યા સુધી પ્રાપ્ત કરી શકાશે. ત્યારબાદ પાસ માટે આગ્રહ રાખશો નહીં.

*પ્રમુખ / મંત્રી – "સંકલ્પ"*

## અભિનંદન



### શ્રી કૈલાસદાન કરણીદાન ગઢવી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની તા. ૧-૧-૨૦૧૨ની સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે સમાજના હોદ્દેદારોની નવી વરણી અંતર્ગત વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એવા શ્રી કૈલાસદાન કરણીદાન ગઢવી (લાખોંદ - કચ્છ) નવા પ્રમુખ તરીકે સર્વાનુમતે નિયુક્ત થયા છે.

તેઓશ્રી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અને કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદના સભ્યપદે છે. તે સિવાય, ચારણ સંગઠન અને અન્ય સંસ્થાઓ સાથે પણ તેઓશ્રી સંકળાયેલા છે. *નવી વરણી બદલ તેમને હાર્દિક શુભેચ્છા.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૧)** | **શ્રી કિશોર મૂળજી લાલકા તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | |
| ૧. | બંધન તૂટ્યા રાજલક્ષ્મી | મોહનલાલ ધામી |
| ૨. | ઔષધ વિનાની ઉપકારક શોધકથા | પ્રો. બિપિન પટેલ |
| ૩. | હસો અને હસાવો | બીના શાહ |
| ૪. | ડૉક્ટર અને સમાજ | સ્વામી સચ્ચિદાનંદજી |
| ૫. | તમારે અમેરિકા જવું છે? | – |
| ૬. | લગ્નજીવન : પવિત્ર બંધન | મોહનભાઈ પંચાલ |
| ૭. | મૃત્યુ પછીની દુનિયા | આત્મારામ બી. પટેલ |
| ૮. | કોઈ ડાળી કોઈ ફૂલ | મુનિશ્રી વાત્સલ્યદીપ |
| ૯. | કસ્તુરી મૃગ આપણે સહુ | દોલતભાઈ દેસાઈ |
| ૧૦. | નેત્રરક્ષા | ડૉ. ધરા ગાલા |
| ૧૧. | પ્રભુમય જીવન | સાહિત્ય વર્ધક કાર્યાલય |
| ૧૨. | સાહેબ મને સાંભળો તો ખરા! | મોહનભાઈ પંચાલ |
| ૧૩. | તંદુરસ્તીની સાચી દિશા પ્રા.ચિકિત્સા | ડૉ. ધરા ગાલા |
| ૧૪. | સરવાળો નહીં પણ ગુણાકાર, બાદબાકી નહીં પણ ભાગાકાર | પ્રવીણકુમાર દોશી |
| ૧૫. | મટોડુ ને તુલસી અને બીજા નાટકો | સ્નેહરશ્મિ |
| ૧૬. | યાદગાર જીવન પ્રસંગો | લોકમિલાપ ટ્રસ્ટ |
| ૧૭. | માવતરને ચરણ | વિજયાબહેન શુક્લ |
| ૧૮. | આંખે આંસુ અનરાધાર | પ્રવીણ કુ. દોશી |
| ૧૯. | ઓ જીજીમૈયા જલદી શિવાજીના દર્શન દ્યો | ચંદ્રશેખર આઝાદજી |
| ૨૦. | પાંડુરંગ શાસ્ત્રી : એક મુલાકાત | સુરેશ દલાલ |
| ૨૧. | એક મુઠ્ઠી અક્ષર | અરુણા ચોક્સી |
| ૨૨. | સાજા થાઓ અને સાજા રહો | ડૉ. દેવચંદ અમરચંદ |
| ૨૩. | માતૃવંદના | મુનિશ્રી આનંદ |
| ૨૪. | રોગને તાબે થશો કે રોગને તાબે કરશો? | ડૉ. ધરા ગાલા |
| ૨૫. | કલ્પવૃક્ષ લીમડો | બળદેવપ્રસાદ |
| ૨૬. | વિચાર વર્ષા | મહાબલવિજયજી |
| ૨૭. | તપોવન ગીત ગંગા | પં.ચંદ્રશેખર |
| ૨૮. | પરીક્ષાની જિંદગી જિંદગીની પરીક્ષા | પ્રવીણ કુ. દોશી |
| ૨૯. | ક્યાંક અટકો, ક્યારેક અટકો | પ્રવીણ કુ. દોશી |
| ૩૦. | યાદગાર કાવ્યો | લોકમિલાપ |
| ૩૧. | ગાય, જ્ઞાન અને વિજ્ઞાન | શાંતિકુમાર ભટ્ટ |

## શું આપ આંખની કાળજી માટે સમય આપો છો?

**આંખ શરીરનું મહત્ત્વનું અંગ છે.**
**તેની કાળજીપૂર્વક સંભાળ લેવી જોઈએ.**

**બાળકો માટે સૂચના :**

★ બાળકને અણીદાર વસ્તુ રમવા ના આપો.

★ ટી.વી., મોબાઈલ ગેમ તથા વિડીયો ગેમ સતત ના રમવા દો.

★ સર્વે માટે બની શકે તો દસ ફૂટ દૂરથી ટી.વી. જોવું હિતાવહ છે.

★ હોળીમાં કેમિકલયુક્ત કલર વપરાય છે તેનાથી દૂર રાખો.

★ દિવાળીમાં ફટાકડા જાતે ફોડવા ના દો.

★ ૧ થી ૫ વર્ષના બાળકને આંખની તકલીફ હોય તો અથવા સ્કૂલમાં બોર્ડ પર ઝાંખું દેખાય તો ડોક્ટરનો સંપર્ક કરો.

★ વિદ્યાર્થીએ સૂતા સૂતા ના વાંચવું જોઈએ અને રાત્રે લાઈટ પાછળ આવે તે રીતે વાંચવું જોઈએ.

★ ધંધામાં તથા અભ્યાસમાં કોમ્પ્યુટર જરૂરી સાધન છે. સતત ઉપયોગ ના કરતા, ઉપયોગ દરમ્યાન થોડો સમય આંખોને આરામ આપવો.

★ નજીકના ચશ્માં હોય તો વાંચતી વખતે પહેરવા જરૂરી છે.

★ દૂરનાં નંબરના ચશ્માં હોય તો ટી.વી. સિનેમા જોતા, ડ્રાઈવિંગ કરતાં પહેરવા જરૂરી છે.

★ ૪૦ વર્ષ પછી એકવાર આંખની તપાસ કરાવવી હિતાવહ છે.

★ મોતિયો, ઝામરપાણી સામાન્ય રીતે ૫૦ વર્ષની આસપાસ આવે છે. તે પહેલાં કે પછી આંખે ઝાંખું દેખાય તો આંખના ડૉક્ટરનો સંપર્ક કરો.

★ ડાયાબિટીસના પેશન્ટને દર વર્ષે રેટીના (આંખનો પડદો) તથા ઝામરનું ચેક-અપ કરાવવું હિતાવહ છે.

★ બધા માટે સવાર-સાંજ ઠંડા પાણીથી ૧૦ વાર આંખ ખુલ્લી રાખી ધોવી.

★ વેલ્ડિંગ મશીન પર કામ કરતાં કારીગરે બ્લેક વેલ્ડિંગ ગ્લાસના ચશ્માં પહેરવા જરૂરી છે.

★ આંખમાં ઈન્ફેક્શન થાય તો માત્ર આંખના ડૉક્ટરની સૂચના મુજબ જ દવા લેવી.

*ઉપરના નિયમો સમાજહિત માટે સંકલન કરેલ છે. આપને યોગ્ય લાગે તો અથવા આપના ડૉક્ટરને પૂછીને જ ઉપયોગ કરશો.*

**"આંખ છે રતન, તેનું કરીએ જતન."**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જાન્યુઆરી - ૨૦૧૨

● **તા. ૨-૧-૨૦૧૨**

☆ સામાજિક સુરક્ષાની બેઠકમાં મેડિક્લેઈમ માટે આવેલ ફાઈલો તપાસીને યોગ્ય કરવામાં આવ્યું હતું તેમજ સ્ટાફના વીમા અંગે વિચારણા કરવામાં આવી હતી.

☆ એજ્યુકેશન સહાયની એક અન્ય બેઠકમાં આવતા વર્ષ માટે 'એજ્યુકેશન સહાય' અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

● **તા. ૫-૧-૨૦૧૨**

☆ શ્રી સૂરજલાલ મહેતા, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી પોપટલાલભાઈ ધરોડ, શ્રી દિનેશ મહેતા, શ્રી અશોકભાઈ મહેતા વગેરેએ સમાજના નવા વસતિપત્રક સંબંધી ચર્ચા કરી હતી અને ડિરેક્ટરીમાં વધુને વધુ વિગત કેમ આવરી લેવાય તે અંગે યોગ્ય આયોજન કરવા ચર્ચા વિચારણા કરી હતી.

● **તા. ૭-૧-૨૦૧૨**

☆ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કારોબારીની બેઠકમાં આગામી સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે યોજાનાર કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

● **તા. ૮-૧-૨૦૧૨**

☆ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના દિવંગત સભ્યોની યાદમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેનો અહેવાલ અલગથી આપવામાં આવેલ છે.

● **તા. ૯-૧-૨૦૧૨**

☆ શ્રી અશોક મહેતા, શ્રી સૂરજલાલ મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી દિનેશ મહેતા મળ્યા હતા. વસતિપત્રકના આવેલા અને બાકી રહેતા ફોર્મ અંગે કરવાની કાર્યવાહી માટે ચર્ચા કરી હતી. આ ઉપરાંત વસતિપત્રકમાં છાપવામાં આવનાર જાહેરાત અને તેના દર અંગે પણ ચર્ચા કરી હતી.

● **તા. ૧૨-૧-૨૦૧૨**

☆ 'મુંબઈ અતિથિ ભવન' અંગે ચર્ચા વિચારણા કરવા બાબત એક બેઠક થઈ હતી. જેમાં મુંબઈના શ્રી આસિતભાઈ દોશી, શ્રી રાજેશભાઈ સાતુર, શ્રી ગોપાલભાઈ તેમજ સમાજ વતી શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કાંતિભાઈ સાવલા ઉપસ્થિત રહ્યા હતા.

☆ વયસ્ક સમિતિનો એક કાર્યક્રમ ગોઠવવામાં આવેલ હતો. જેમાં ૯૦ જેટલા વડીલોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

● **તા. ૧૩-૧-૨૦૧૨**

☆ વસતિપત્રક સમિતિના સભ્યોએ સમાજના સભ્યો તરફથી આવેલા ફોર્મની ચકાસણી કરી, ખૂટતી વિગતો જે તે વ્યક્તિઓ પાસેથી મેળવી હતી.

● **તા. ૧૭-૧-૨૦૧૨**

☆ સામાજિક સુરક્ષાની બેઠકમાં વિવિધ વીમા કંપની તરફથી મળતા અકસ્માત અંગેના લાભ ઉપરાંત અકસ્માત વખતે હોસ્પિટલના ખર્ચ સંબંધિત ચર્ચા વિચારણા અર્થે વીમા કંપનીના એજન્ટ જોડે મુલાકાત ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

☆ 'મુંબઈ અતિથિ ભવન' અંગે ચર્ચા વિચારણા કરવા માટે પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાના પ્રમુખપદ હેઠળ ટ્રસ્ટ મંડળની એક બેઠક મળી હતી.

● **તા. ૧૮-૧-૨૦૧૨**

☆ બજાજ એલાયન્સ ઈન્સ્યુરન્સ કંપનીના એજન્ટ પાસેથી શ્રી રજનીભાઈ પારેખે એક્સિડન્ટ કમ હોસ્પિટલના વિવિધ પ્લાન વિશે માહિતી મેળવી હતી.

● **તા. ૨૨-૧-૨૦૧૨**

☆ મેડિકલ સમિતિ દ્વારા સ્ત્રીરોગ તથા બાળરોગ માટેનો એક તબીબી નિદાન કેમ્પ યોજવામાં આવેલ. જેમાં અનુક્રમે ૨૧ અને ૧૯ દર્દીઓએ લાભ લીધો હતો. વિસ્તૃત અહેવાલ અલગથી આપેલ છે.

☆ શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા એક પેરન્ટલ શિબિર યોજવામાં આવેલ. જેમાં ૪૨ બાળકોના વડીલોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

● **તા. ૨૩-૧-૨૦૧૨**

☆ સામાજિક સુરક્ષા સમિતિના શ્રી મગનભાઈ સંઘવી અને શ્રી રજનીભાઈ પારેખે વિવિધ કંપનીઓ તરફથી આવેલા વીમાના પ્લાનનો તુલનાત્મક અભ્યાસ કરી વધુ વિગત માટે બજાજ કંપનીના એજન્ટ સાથે આવતા અઠવાડિયે મુલાકાત ગોઠવવાનું નક્કી કર્યું હતું. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી મહોત્સવ – અમલીકરણ ચાર્ટ

| ક્રમ | વાર - તારીખ | કાર્યક્રમ | (૧) સંપૂર્ણ જવાબદારી (૨) સાથી કાર્યકર્તા |
|---|---|---|---|
| ૧. | શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ | સુવર્ણ જયંતી મહોત્સવ પ્રારંભિક સમારંભ<br>જમણવાર | (૧) શ્રી પ્રતાપ નારાણજી દંડ<br>(૨) શ્રી સંદીપ એ. મહેતા (જમણવાર) |
| | | મનોરંજન કાર્યક્રમ | શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ |
| ૨. | રવિવાર, તા. ૧૩-૫-૨૦૦૨ | કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીઓનું સંમેલન | (૧) શ્રી અશોક મહેતા |
| ૩. | ગુરુવાર, તા. ૨૧-૬-૨૦૧૨ | કચ્છી ડાયરો | (૧) શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ<br>(૨) શ્રી લાલ રાંભિયા |
| ૪. | રવિવાર, તા. ૨૨-૭-૨૦૧૨ | કચ્છી નાટક | (૧) શ્રી શાંતિલાલ મૂળજી સાવલા |
| ૫. | બુધવાર, તા. ૧૫-૮-૨૦૧૨ | ધ્વજ વંદન | (૧) શ્રી પ્રતાપ નારાણજી દંડ<br>(૨) શ્રી પરાશર વ્યાસ |
| | | સરસ્વતી સન્માન કાર્યક્રમ | (૧) શ્રી હીરેન કે. શાહ<br>(૨) શ્રી પંકજ ગોગરી |
| | | જમણવાર | (૧) શ્રી પ્રતાપ નારાણજી દંડ<br>(૨) શ્રી સંદીપ એ. મહેતા (જમણવાર) |
| ૬. | રવિવાર, તા. ૯-૯-૨૦૧૨ | જાથા આયોજિત કાર્યક્રમ "ચમત્કારોથી ચેતો" | (૧) શ્રી અશ્વિન સાવલા |
| ૭. | રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨ | વાર્ષિક સ્નેહ મિલન સમારંભ<br>જમણવાર | (૧) શ્રી પ્રતાપ નારાણજી દંડ<br>(૨) શ્રી સંદીપ એ. મહેતા (જમણવાર) |
| ૮. | રવિવાર, તા. ૨૧-૧૦-૨૦૧૨ | નવરાત્રિ કાર્યક્રમ | (૧) શ્રી સંદીપ એ. મહેતા<br>(૨) શ્રી નવીન લાલકા/શ્રી હીરેન કે. શાહ |
| ૯. | સોમવાર, તા. ૨૯-૧૦-૨૦૧૨ | શરદોત્સવ | (૧) શ્રી નવીન લાલકા |
| ૧૦. | બુધવાર, તા. ૧૪-૧૧-૨૦૧૨ | નૂતન વર્ષ મિલન સમારંભ | (૧) શ્રી પ્રતાપ નારાણજી દંડ<br>(૨) શ્રી સંદીપ એ. મહેતા (જમણવાર) |
| ૧૧. | રવિવાર, તા. ૨-૧૨-૨૦૧૨ | સમાજના બાળકો દ્વારા મનોરંજન કાર્યક્રમ | (૧) શ્રી રજનીકાંત ધરમશી પારેખ<br>(૨) શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ |
| ૧૨. | રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ | શ્રદ્ધાંજલિ કાર્યક્રમ | (૧) શ્રી પ્રતાપ નારાણજી દંડ<br>(૨) શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ |
| ૧૩. | શુક્રવાર, તા. ૧૮-૧-૨૦૧૩થી<br>રવિવાર, તા. ૨૦-૧-૨૦૧૩ | કચ્છી મેળો | (૧) શ્રી કે.આર. શાહ<br>(૨) શ્રી લાલ રાંભિયા |
| ૧૪. | શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૩ | આવાસ યોજના-૨૫૦ મકાન માટે ભૂમિપૂજન, ખાત મુહૂર્ત (ટોકન રકમથી જમીન સંપાદન આધારિત) (ધ્વજ વંદન કાર્યક્રમ બાદ) | (૧) શ્રી હસમુખભાઇ ખાંડવાલા |
| ૧૫. | રવિવાર, તા. ૧૭-૨-૨૦૧૩ | ગુજરાત સ્થિત કચ્છી જૈન યુવાઓનું સંમેલન | (૧) ડૉ. ચંદ્રકાંત દેઢિયા<br>(૨) શ્રી હીરેન કે. શાહ |
| ૧૬. | રવિવાર, તા. ૧૭-૩-૨૦૧૩ | કચ્છના વિકાસ પ્રશ્ને સેમિનાર | (૧) શ્રી અશોક મહેતા |
| ૧૭. | સોમવાર, તા. ૧૮-૩-૨૦૧૩થી<br>બુધવાર, તા. ૨૦-૩-૨૦૧૩ | કચ્છ દર્શન | (૧) શ્રી મણિલાલ કુંવરજી ગોસર |
| ૧૮. | શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ | સુવર્ણ જયંતી મહોત્સવ - પૂર્ણાહુતિ સમારંભ | (૧) શ્રી કાંતિલાલ વેલજી સાવલા |
| | | **અન્ય કાર્યક્રમ** | |
| ૧૯. | શનિવાર, તા. ૧૪-૪-૨૦૧૨ | વસતિ પત્રક વિમોચન | (૧) શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા |
| ૨૦. | શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ | બિઝનેસ ડિરેક્ટરી | (૧) શ્રી મનુભાઇ ગોવિંદલાલ શાહ |
| ૨૧. | શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩ | ક્રેડિટ સોસાયટી સ્થાપના | (૧) ડૉ. ચંદ્રકાંત દેઢિયા |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ : વસતિ પત્રક-૨૦૧૨

## ફોર્મ મોકલાવવા માટે આખરી તક

અગાઉ આપેલ માહિતી મુજબ સમાજ તેનાં સભ્ય પરિવારજનોની સુધારા-વધારા સહિતની વિગત સાથેના નવા વસતિ પત્રક-૨૦૧૨ના **છાપકામની પ્રાથમિક તૈયારી થઈ ગઈ છે.**

**સમાજના દરેક સભ્યોને પોતાની સંપૂર્ણ વિગત નક્કી કરેલા પત્રકમાં લખીને સમાજ કાર્યાલયમાં તા. ૨૦-૨-૨૦૧૨ સુધી મોકલાવી આપવા આગ્રહભરી વિનંતી કરવામાં આવે છે.**

વસતિ પત્રકના ફોર્મમાં **પરિવારજનોની માહિતી ઉપરાંત વ્યવસાય અથવા નોકરી અર્થેની માહિતી તેની સાથેના અલગ પત્રકમાં આપવાની રહે છે.** તે માટેની સૂચના વાંચીને જરૂરી વિગત દરેક કોલમમાં જણાવવી અતિ આવશ્યક છે, જે ધ્યાન પર લેવા ખાસ વિનંતી છે.

લગભગ ૮૦૦ પરિવારજનોમાંથી અત્યાર સુધી લગભગ ૭૫ ટકા પરિવારોની માહિતીવાળા પત્રકો મળી ગયા છે. આ બાબતે જાગૃતિ દર્શાવીને તાત્કાલિક પત્રકો મોકલાવવા બદલ તે સૌ પરિવારજનો પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ.

જ્યારે બાકી રહેનાર સૌ પરિવારજનોને ખાસ વિનંતી કે તેઓ પણ પોતાની વિગત ચાલુ સપ્તાહ દરમિયાન અચૂક મોકલાવી આપે.

વસતિ પત્રકમાં આપવાની જાહેરાતના દર નીચે મુજબ છે.

| જાહેરાતનાં પ્રકાર | ફુલ પેઈજ | ૧/૨ પેઈજ | ૧/૪ પેઈજ | ૧" સાઈઝ |
|---|---|---|---|---|
| ટાઈટલ કવર-૪ | રૂા. ૪૦,૦૦૦/- | રૂા. ૨૫,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- | |
| ટાઈટલ કવર-૨ | રૂા. ૩૦,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૧૨,૫૦૦/- | |
| ટાઈટલ કવર-૩ | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- | |
| અંદરનું પાનું – મલ્ટી કલર | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૬,૦૦૦/- | રૂા. ૩,૫૦૦/- | |
| અંદરનું પાનું - સીંગલ કલર | રૂા. ૭,૫૦૦/- | રૂા. ૪,૫૦૦/- | રૂા. ૨,૫૦૦/- | |
| અંદરનું પાનું - બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૩,૦૦૦/- | રૂા. ૧,૫૦૦/- | |
| બોટમ પટ્ટી – બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | રૂા. ૧,૦૦૦/- |

<u>નોંધ</u> *: જાહેરાતની અંદાજિત સાઈઝ*

(૧) ફુલ પેઈજ : ૨૪.૫ x ૧૮ સે.મી.
(૨) હાફ પેઈજ : ૧૨ x ૧૮ સે.મી.
(૩) ૧/૪ પેઈજ : ૧૨ x ૯ સે.મી.
(૪) બોટમ પટ્ટી : ૨૩ x ૧.૭૫ સે.મી.

વસતિ પત્રકમાં આપેલ જાહેરાત લાંબા સમય સુધી દરેકના વંચાણમાં રહેશે. તેથી સૂચિત વસતિપત્રકમાં જાહેરાત આપીને સહકાર આપવા દરેક સભ્યોને નમ્ર અપીલ છે.

**સૂરજલાલ મહેતા**
કન્વીનર વસતિપત્રક સમિતિ, શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદ

**પ્રતાપ નારાણજી દંડ**
માનદ્‌મંત્રી, શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદ